# Advanced Accounting-III

## S.Y. B.Com.

**Sardar Patel University**
**Vallabh Vidyanagar**

**NAAC ACCREDITED GRADE 'A' WITH 3.25 CGPA**
**(23-01-2017 to 22-01-2022)**

**First Edition : November 2020**

**Copies : 500**

**Price : Rs 110/-**

**© Sardar Patel University**
**Vallabh Vidyanagar - 388 120**

**ISBN : 978-93-81386-78-1**

The book is strictly written according to the new syllabus available at the time of printing.

Every possible efforts have been made to avoid errors and omissions in this publication by the authors and the Publisher. Inspite of this efforts, some typographical errors might have crept in. Any mistake, error or discrepancy noted may be brought to our notice which shall be taken care of in the forthcoming edition. It is hereby notified that neither the Authors nor the Printer or seller will be liable for any damage or loss to anyone, in any manner there from. It is suggested that to avoid any doubt the reader should cross-check all the facts, law and contents of the publication with original Government publication or notifications wherever applicable. The text of this publication, or any part thereof, may not be reproduced or transmitted in any form or by any means, electronic or mechanical, including photocopying, recording, storage in an information retrieval system, or reproduced on any disc, tape, perforated media or other information storage device, etc., otherwise, without the prior written permission of the University. No key to this book can be prepared without the prior written permission of the publiser. Any violation will invite prosecution legal action under the Indian Copyright Act.

This book is sold subject to the condition that it shall not by way of trade or otherwise. However it can be lent, resold, hired out or circulated in the wider interest of student community.

For binding mistakes, misprints or for missing pages, etc., the printer liability is limited to replacement within one month of purchase by similar edition. All expenses in this connection are to be borne by the purchaser.

All disputes are subject to jurisdiction of Anand only.

**Published by :** Registrar, Sardar Patel University,
Vallabh Vidyanagar - 388 120

**Available at :** Store Section - Room No. 108,
Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120

**Printed by :** University Press, Sardar Patel University,
Vallabh Vidyanagar-388 120

## પ્રસ્તાવના

એડવાન્સ એકાઉન્ટીંગ પેપર-૩ આ સાથે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા મુકી રહ્યા છીએ. જેમાં; ધંધાની ખરીદીનાં હિસાબો, નોંધણી પહેલાંનો નફો, મૂડી ઘટાડો, લિક્વિડેટરનાં હિસાબો, કરારનાં હિસાબો, સેવા પડતર પદ્ધતિ, પ્રક્રિયાનાં હિસાબો, સમાન પડતર અને સીમાંત પડતર જેવા પ્રકરણો એસ.વાય.બી.કોમ.ના અભ્યાસક્રમ મુજબ આવરી લીધેલા છે.

કોમર્સ વિષયનાં યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના અધ્યાપકો અને સંલગ્ન કોલેજોના અધ્યાપકો દ્વારા આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે.

આ પુસ્તક તૈયાર કરવામાં માનનીય વાઇસ-ચાન્સેલરશ્રી પ્રો. શીરીષભાઈ કુલકર્ણી, રજીસ્ટ્રારશ્રી સરદાર પટેલ યુનિવર્સિટી, યુનિવર્સિટી પ્રેસ, પુસ્તકનાં પ્રકરણમાં લેખકો, બી.કોમ. બાહ્ય અભ્યાસક્રમ વિભાગનાં માર્ગદર્શન-સૂચનો સંદર્ભે અંતઃકરણથી આભાર માનીએ છીએ.

તા.: ૧૫ જાન્યુઆરી ૨૦૨૦
વલ્લભ વિદ્યાનગર

**પ્રો. સંદિપ કે. ભટ્ટ**
હેડ એન્ડ ડીન
અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

# Advanced Accounting-III

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| **પ્રકરણ ૧** | **ધંધાની ખરીદી અંગેના હિસાબો**<br>- ડૉ. સમીર એમ. વ્હોરા, અધ્યાપક સહાયક, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | **01** |
| **પ્રકરણ ૨** | **કંપનીની નોંધણી (સ્થાપના) પહેલાંનો નફો**<br>- ડૉ. સમીર એમ. વ્હોરા, અધ્યાપક સહાયક, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | **37** |
| **પ્રકરણ ૩** | **મૂડી ઘટાડો**<br>- ડૉ. વાય. એમ. દલવાડી, પ્રોફેસર, અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | **76** |
| **પ્રકરણ ૪** | **લિક્વિડેટરના હિસાબો**<br>- ડૉ. વાય. એમ. દલવાડી, પ્રોફેસર, અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | **108** |
| **પ્રકરણ ૫** | **કરારના હિસાબો**<br>- ડૉ. એસ. કે. રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | **142** |
| **પ્રકરણ ૬** | **સેવા પડતર પધ્ધતિ**<br>- ડૉ. એસ. કે. રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | **167** |
| **પ્રકરણ ૭** | **પ્રક્રિયાના હિસાબો**<br>- ડૉ. એસ. કે. રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | **180** |
| **પ્રકરણ ૮** | **સમાન પડતર અને સીમાંત પડતર**<br>- ડૉ. કામિની શાહ, એસોસિયેટ પ્રોફેસર, અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | **201** |



સંપાદક : **પ્રો. સંદિપ કે. ભટ્ટ**
હેડ એન્ડ ડીન
અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

સમીક્ષકઃ **ડૉ. એચ. સી. સરદાર**
પ્રોફેસર
એસ.ડી. સ્કુલ ઑફ કોમર્સ
ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા, અમદાવાદ

## પ્રકરણઃ ૧

## ધંધાની ખરીદી અંગેના હિસાબો

૧.૧ પ્રાસ્તાવિક

૧.૨ ખરીદકિંમત

૧.૩ પાઘડી

૧.૪ મૂડી અનામત

૧.૫ ખરીદનાર કંપનીના ચોપડે નોંધ

૧.૬ ધંધાની ખરીદી અંગેના દાખલાની ગણતરી

૧.૭ ધંધો વેચનાર વતી દેવાદારો તથા લેણદારો લેવા

૧.૮ જ્યારે જુના ધંધાના ચોપડા ચાલુ રાખવામાં આવે ત્યારે

૧.૯ ઉદાહરણો

૧.૧૦ સ્વાધ્યાય

## ૧.૧ પ્રાસ્તાવિક

જયારે પણ કોઈ એક કંપની કોઈપણ ચાલુ ધંધો ખરીદી લે અથવા નવી કંપની નવો ધંધો શરૂ કરવાને બદલે કોઈ અન્ય ચાલુ ધંધો  કે કોઈ ભાગીદારી પેઢીનો  ધંધો ખરીદી લે છે ત્યારે જે મોટો પ્રશ્ન ઉભો થાય છે તે ખરીદકિંમત નક્કી કરવાનો છે.

નીચેના સંજોગોમાં ધંધાની ખરીદીના હિસાબોનો પ્રશ્ન ઉપસ્થિત થાય છેઃ

૧. નવી સ્થપાતી કંપની પોતાનો નવો ધંધો શરૂ કરવાને બદલે કોઈ ચાલુ પેઢીનો ધંધો ખરીદી લે.

૨. ભાગીદારો તેમની પેઢીનું કંપનીમાં રૂપાંતર કરે.

૩. ખાનગી કંપનીનું જાહેર કંપનીમાં રૂપાંતર થાય.

૪. હરિફાઇ ટાળવા એક કંપનીનો ધંધો બીજી કંપની ખરીદી લે.

## ૧.૨ ખરીદકિંમત

ધંધાની ખરીદી સમયે જે મોટો અને મહત્વનો પ્રશ્ન આવે તે ધંધાની ખરીદકિંમત નક્કી કરવાનો છે. ધંધાની ખરીદકિંમત નક્કી કરવા માટે બંને પક્ષકારો મિલકતની કિંમત અંગે સમજુતી કરે છે અને આ કિંમત નક્કી કરવામાં આવે છે.

સામાન્ય રીતે  ધંધાની ખરીદકિંમત ની ગણતરી નીચે દર્શાવેલ બે પદ્ધતિઓ મુજબ કરવામાં આવે છેઃ

(૧) અવેજ પદ્ધતિ

(૨) ચોખ્ખી મિલકત પદ્ધતિ

**(૧) અવેજ પદ્ધતિ**

અવેજ પદ્ધતિ પ્રમાણે ગણતરી કરતી વખતે નીચેની બાબતોને ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

(૧) ધંધાની ખરીદકિંમત પેટે કેટલી રકમ આપવાનું નક્કી કર્યું છે તે દાખલામાં આપવામાં આવે છે. આમ દાખલામાં કુલ રકમ આપવામાં આવે છે અથવા શેર, ડિબેન્ચર તેમજ રોકડ આપવામાં આવશે તેનો સરવાળો  કરવાથી ખરીદકિંમત આવશે.

(નોધ : જો દાખલામાં શેર, ડિબેન્ચર વગેરેની કિંમત આપી હોય અને બાકીની રોકડ આપી એમ જણાવ્યું હોય તો આ પદ્ધતિ ઉપયોગમાં નહિ આવે). આવા સંજોગોમાં 'ચોખ્ખી મિલ્કત પદ્ધતિ' થી ખરીદકિંમત શોધવી.

(૨) અવેજ પદ્ધતિથી ખરીદકિંમત શોધતા ખરીદનાર કંપની ગમે તે હેતુ માટે ગમે તે અવેજ આપે તે બધાનો સમાવેશ ખરીદકિંમતમાં થાય.

(૩) ખરીદનાર કંપની ખરીદકિંમત પેટે જે શેર આપે છે તે તેની ભરપાઈ થયેલી કિંમતે ગણાય છે. (જયારે દાખલામાં શેરની બજારકિંમત આપી હોય ત્યારે બજારકિંમતે જ અવેજ કિંમત ગણવી.

(૪) અવેજ પદ્ધતિના દાખલામાં પાઘડી કે મૂડી અનામત શોધવું પડશે. (ખરીદકિંમત અને ચોખ્ખી મિલકતના તફાવત પરથી પાઘડી કે મૂડી અનામત શોધવામાં આવશે).

**(૨) ચોખ્ખી મિલકત પદ્ધતિ**

ઘણી વખત દાખલામાં ખરીદકિંમતના બદલે , કઈ કિંમતે મિલકતો તેમજ દેવા લેવામાં આવ્યા છે તે જાણવામાં આવે છે તથા પાઘડીની કિંમત પણ  જાણવામાં આવે છે.

આ સંજોગોમાં ખરીદકિંમત નીચે મુજબ શોધવામાં આવે છેઃ

ખરીદકિંમત = (નક્કી કરેલ કિંમતે લિધેલ મિલકતો (+) પાઘડી ) (-) લિધેલ દેવા

દાખલામાં બાકીને રકમ રોકડામાં કે શેરમાં આપવી એવું જાણાવ્યું હોય ત્યારે ચોખ્ખી મિલ્કત પદ્ધતિથી ખરીદકિંમત ગણવી. ચોખ્ખી મિલ્કત પદ્ધતિ દ્વારા ખરીદકિંમત નક્કી કરવાની રીતઃ

૧. ખરીદકિંમત = લિધેલ મિલકતો  -   લિધેલ દેવા.

૨. તેજ મેલ્કાતો અને દેવા ધ્યાનમાં લેવા, જે મિલકતો અને દેવા કંપની સ્વીકારતી હોય.

૩. દાખલા માં પેઢીની મિલકતોની બજારકિંમત આપી હોય તો તે ધ્યાનમાં લેવી.(બજાર કિંમત ન આપી હોય તો ચોપડે કિંમત ધ્યાનમાં લેવી).

૪. અવાસ્તવિક મિલકતો જેવી કે પ્રાથમિક  ખર્ચ  અને નફા નુકશાન ખાતું (ઉધાર) ને કુલ મિલકતો ની ગણતરી માં ધ્યાનમાં લેવાતા નથી. (પાઘડીની નવી રકમ આપી હોય તો તે રકમ ધ્યાનમાં લેવી).

૫. નફાની બાકીઓ જેવી કે કામદાર અકસ્માત વળતર ફંડ, નફા નુકશાન ખાતું (જમા), સામાન્ય અનામત તે જવાબદારીઓ નથી અને તેને ચોખ્ખી મિલ્કત ની ગણતરી કરતી વખતે કુલ મિલકતો માં થી બાદ કરવી નહિ.

૬. પ્રોવિડન્ટ ફંડ, કારીગર નફાભાગ ફંડ, ગ્રેજયુઈટી ફંડ, પેન્શન ફંડ વગેરે કામદારો પ્રત્યેનું દેવું ગણાય અને તેને કુલ મિલકતોમાંથી બાદ કરવું.

૭. ભાગીદારની પત્નીની લોન હોય તો તે બહારનું દવું ગણાય, પણ જો તે રકમ પતિ પાસેથી મેળવેલી રકમમાંથી પત્નીએ પેઢીને લોન આપી હોય તો તે રકમ તેના પત્નીની લોન ગણાવી.

૮. ખરીદકિંમત નક્કી કર્યા બાદ, ખરીદકિંમતની ચૂકવણીનું પત્રક નીચેના નમુના મુજબ તૈયાર કરવુંઃ

**ખરીદકિંમતની ચૂકવણીનું પત્રક**

| ક્રમાંક | વિગત | રકમ  (રૂ.) |
|---|---|---|
| ૧. | ઈક્વિટી શેર સંખ્યા  (X)   ઈસ્યુ કિંમત | XXXXXX |
| ૨. | ડિબેન્ચર | XXXXXXX |
| ૩. | બાકીની રકમ રોકડમાં | XXXXXXX |
| | ખરીદ કિંમત | XXXXXXXXX |

**૧.૩ પાઘડી**

ધંધાની ખરીદી વખતે મહત્વનો પ્રશ્ન ધંધાને ખરીદ કિંમત નક્કી કરવાનો છે. દ્રશ્ય મિલકતો (જમીન, યંત્રો, સ્ટોક, મકાન, દેવાદારો) વગેરેની કિંમત નક્કી કરવાનું કાર્ય અઘરું નથી, પણ પાઘડી પેટે આપવાની રકમ નક્કી કરવાનું કાર્ય મુશ્કેલ છે.

(સામાન્ય રીતે પાઘડીની રકમ અધિક નફાની ત્રણ, ચાર કે પાંચ વખત આંકવામાં આવે છે.)

અધિક નફો એટલે કે ખરેખર નફો અને તે જ પ્રકારનો ધંધો કરતી અને તેટલી જ મૂડી રોકાણવાળી કંપનીઓના સામાન્ય નફાનો તફાવત.

ઉદાહરણ : જ્યારે દાખલામાં પાઘડીની કિંમત આપવામાં આવી ન હોય ત્યારે ખરીદકિંમતમાંથી ચોખ્ખી મિલકત બાદ કરવાથી પાઘડીની કિંમત મળી આવે છે.

એક પેઢીની મિલકતો તેમ જ દેવાં નીચે મુજબ છેઃ

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| જમીન અને મકાન | ૧૦૦,૦૦૦ | દેવાદારો | ૪૦,૦૦૦ |
| સાચાં અને યંત્રો | ૮૦,૦૦૦ | સ્ટોક | ૧૦૦,૦૦૦ |
| ફરનીચર | ૨૦,૦૦૦ | લેણદાર | ૩૦,૦૦૦ |

આ પેઢીના ધંધાની ખરીદકિંમત રૂા. ૪,૦૦,૦૦૦ આંકવામાં આવે તો પાઘડી નીચે મુજબ શોધવામાં આવશેઃ

| | | |
|---|---|---|
| **પરચુરણ મિલકતો :** | | |
| જમીન અને મકાન | ૧૦૦,૦૦૦ | |
| સાચાં અને યંત્રો | ૮૦,૦૦૦ | |
| ફરનીચર | ૨૦,૦૦૦ | |
| સ્ટોક | ૧૦૦,૦૦૦ | |
| દેવાદારો | ૪૦,૦૦૦ | |
| | | ૩,૪૦,૦૦૦ |
| **(બાદ) પરચુરણ દેવાઃ** | | |
| લેણદાર | | ૩૦,૦૦૦ |
| **ચોખ્ખી મિલકતો** | | ૩,૧૦,૦૦૦ |
| પાઘડી = ધંધાની ખરીદકિંમત ( - ) ચોખ્ખી મિલકતો | | |
| = રૂા. ૪,૦૦,૦૦૦ (-) ૩,૧૦,૦૦૦<br>= રૂા. ૯૦,૦૦૦ | | |

આમ, પાઘડી એટલે ચોખ્ખી મિલકતોની કીમત કરતાં ધંધાની ખરીદકિંમત પેટે વધારે ચૂકવાયેલ રકમ. ખરીદનાર કંપનીના પાકા સરવૈયામાં કાયમી મિલકતો'ના શીર્ષક હેઠળ દર્શાવાય છે.

### ૧.૪ મૂડી અનામત

જ્યારે પણ ચોખ્ખી મિલકત કરતાં ઓછી કિંમતે ધંધો ખરીદવામાં આવે છે ત્યારે ખરીદનાર કંપનીને ધંધો ખરીદવાથી જે નફો થાય છે તેને મૂડી નફો કેહવાય અને તેને 'મૂડી અનામત ખાતે' લઈ જવામાં આવે છે.

મૂડી અનામતનો ઉપયોગ ખરીદનાર કંપની પ્રાથમિક ખર્ચાઓ, ડિબેન્ચર કે શેર પર વટાવ વગેરે અવાસ્તવિક મિલકતો લખી વાળવામાં કરે છે.

દા.ત., જો ઉપર જાણવેલ ધંધો રૂા. ૨,૮૦,૦૦૦ માં ખરીદી લેવામાં આવે તો મૂડી અનામત નીચે મુજબ ગણાશે :

મૂડી અનામત = ચોખ્ખી મિલકતો ( - ) ખરીદ કિંમત

= ૩,૧૦,૦૦૦ ( - ) ૨,૮૦,૦૦૦

= રૂા. 30,000

મૂડી અનામતની રકમ પાકા સરવૈયામાં દેવા બાજુએ ,અનામત અને વધારો' ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

**૧.૫ ખરીદનાર કંપનીના ચોપડે નોંધઃ**

| | | |
|---|---|---|
| **૧.** | **ધંધાની ચુકવવાની ખરીદકિંમત અંગેઃ (ધંધાની ખરીદીનો કરાર થાય ત્યારે)** | |
| | ધંધાની ખરીદ ખાતે ઉ. | (ખરીદ કિંમત) |
| | તે ધંધો વેચનાર ખાતે | |
| **૨.** | **ખરીદેલી મિલકતો અને દેવાં ચોપડે લાવવા અંગેઃ** | |
| | પરચૂરણ મિલકતો ખાતે | (નક્કી કરેલ કિંમતે લિધેલ મિલકતો) |
| | તે પરચુરણ દેવાં ખાતે | (નક્કી કરેલ કિંમતે લિધેલ દેવાં) |
| | તે ધંધાની ખરીદ ખાતે | (ધંધાની ખરીદ કિંમત) |
| | **(૧ અને ૨ નોધોને બદલે) અથવા (એકજ નોંધ નીચે મુજબ થશે)** | |
| | પરચૂરણ મિલકતો ખાતે | (નક્કી કરેલ કિંમતે લિધેલ મિલકતો) |
| | તે પરચુરણ દેવાં ખાતે | (નક્કી કરેલ કિંમતે લિધેલ દેવાં) |
| | તે ધંધો વેચનાર ખાતે | |
| | **સામાન્ય રીતે આ એકજ નોંધ કરવામાં આવે છે. પરંતુ તો દાખલામાં ધંધાનું ખરીદ ખાતું માંગવામાં આવ્યું હોય તો ઉપર મુજબ બે નોંધ કરવી.** | |
| **નોંધઃ** | (૧) આમનોંધમાં ઉધાર બાજુ રકમ ખૂટતી હોય તો તે 'પાઘડી ખાતે' લખાશે અને જમા બાજુ રકમ ઓછી હશે તો તે 'મૂડી અનામત ખાતે' લખાશે. (આ રકમ ઉપર મુજબ શોધેલ પાઘડી કે મૂડી અનામત જેટલી જ હોય છે). | |
| | (૨) અહી મિલકતો અને દેવાં વેચનાર પેઢીના ચોપડે દર્શાવેલી કિંમતે નોધાશે નહિ, પરંતુ કંપનીએ જે કિંમતે ખરીદવાનું નક્કી કર્યું હોય તે કિંમતે નોધાશે. | |
| **૩.** | **ખરીદ કિંમત ચુકવવામાં આવે તે અંગેઃ** | |
| | ધંધો વેચનાર ખાતે | (ખરીદ કિંમત) |
| | તે શેરમૂડી ખાતે | (જો શેર આપવામાં આવ્યા હોય તો) |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | (જો શેર પ્રીમિયમથી આપવામાં આવે) |
| | તે ડિબેન્ચર ખાતે | (જો ડિબેન્ચર આપવામાં આવ્યા હોય તો) |
| | તે ડિબેન્ચર પ્રીમિયમ ખાતે | (જો ડિબેન્ચર પ્રીમિયમથી આપવામાં આવે) |
| | તે રોકડ કે બેંક ખાતે | (જો રોકડ આપવામાં આવી હોય તો ) |
| **નોંધઃ** | (૧) જયારે કંપની ખરીદ કિંમતે પેટે પોતાના શેર આપે ત્યારે રકમ 'શેર ખાતે' નહિ પરંતુ 'શેર મૂડી ખાતે' જમા કરે છે. (જો શેર પ્રીમિયમે આપવામાં આવ્યા હોય તો પ્રીમિયમની રકમ 'જામીનગીરી પ્રીમિયમ ખાતે' જમા થાય છે). | |
| | (૨) જયારે કંપનીનાશેરનો બજારભાવ તેની વસુલ આવેલી કિંમત કરતાં વધુ હોય, ત્યારે બજારભાવ અને વસુલ આવેલી કિંમતનો તફાવત 'જામીનગીરી પ્રીમિયમ ખાતે' જમા થાય છે. | |

**૧.૬ ધંધાની ખરીદી અંગેના દાખલાની ગણતરી માટે નીચે મુજબ બે ભાગમાં જવાબ આપવાનો હોય છેઃ**

(અ) કંપનીના ચોપડે આમનોંધો

(બ) કંપનીનું પાકું સરવૈયું બનાવવું

**(અ) કંપનીના ચોપડે આમનોંધો : (આમ નોંધ માટેના વ્યવહારો)**

૧. ધંધાની ખરીદીનો કરાર થાય એટલે ખરીદકિંમતની નોંધ.

૨. સ્વીકારાતી મિલકતો અને દેવા લઈ લેવાની નોંધ.

૩. અવેજની ચૂકવણીની નોંધ.

૪. પ્રાથમિક ખર્ચની ચૂકવણીની નોંધ.

૫. જાહેર જનતામાં શેર બહાર પાડવાની નોંધ.

૬. પેઢી વતી વસુલ કરવાના દેવાદારો અને ચુકવવાના લેંણદારો અંગેના વ્યવહારોની નોંધ .

**(બ) કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ બને છેઃ**

**કંપનીનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| શેર મૂડી :<br>૧. ખરીદકિંમત પેટે આપેલ શેર<br>૨. જાહેર પ્રજા માટે બહાર પાડેલા શેર | | પાઘડી (૧.૪ મુજબ ગણેલ) | |
| જામીનગીરી પ્રીમિયમ<br>(જો પ્રીમિયમે શેર આપ્યા હોય તો) | | જમીન, મકાન, યંત્રો વગેરે (નવી કિંમતે) | |
| મૂડી અનામત (જો ખરીદ કિંમત ઓછી હોય તો) | | લઈ લીધેલ ચાલુ મિલકતો<br>(દા. ત. સ્ટોક, દેવાદારો વગેરે) | |
| ડિબેન્ચર (જો ખરીદ કિંમત પેટે આપ્યા હોય તો) | | રોકડ અને બેંક સિલક જરૂરી ફેરફારોની અસર આપી છેવટની સિલક શોધવી | |
| પેઢી પાસેથી લીધેલ ચાલુ દેવા<br>(દા.ત. , લેણદારો , દેવી હુંડી, બેંક ઓવરડ્રાફ્ટ વગેરે) | | અવાસ્તવિક મિલકતો<br>(દા.ત., પ્રાથમિક ખર્ચ, ડિબેન્ચર વટાવ - જો ડિબેન્ચર વટાવથી બહાર પાડ્યા હોય તો) | |

**૧.૭ ધંધો વેચનાર વતી દેવાદારો તથા લેણદારો લેવાઃ**

ઘણી વખત ધંધો ખરીદનાર કંપની ધંધો વેચનાર દેવાદારો તથા લેણદારો લેતી નથી, પરંતુ ધંધો વેચનાર વતી એજન્ટ તરીકે લેંણાની રકમ ઉઘરાવવા તથા લેણદારો ચુકવવાનું કબુલ કરે છે. અહી દેવાદારોની રકમ ઉઘરાવતી વખતે તથા લેણદારોને રકમ ચુકવતી વખતે જે નફો કે નુકસાન થાય તે ધંધો વેચનારને ભોગવવાનો રહે છે. ધંધો ખરીદનારને આ કામ ના બદલે કમિશન આપવામાં આવે છે.

નીચે મુજબ આમનોંધો ખરીદનાર ના ચોપડામાં લખવામાં આવે છે.

| તારીખ | વિગત | ખા. પા. | |
|---|---|---|---|
| ૧. | ધંધો ખરીદતી વખતે પેઢી વતી દેવાદારો વસુલ કરવાનું અને લેણદારોને ચૂકવવાનું સ્વીકાર્યું. | | |
| | ધંધો વેચનારના દેવાદારો ખાતે | | (ચોપડે દર્શાવેલ કિંમત) |
| | તે ધંધો વેચનારના લેણદારો ખાતે | | (ચોપડે દર્શાવેલ કિંમત) |
| | તે ધંધો વેચનારના ઉપલક ખાતે | | (ચોપડે દર્શાવેલ તફાવતથી) |
| નોંધઃ | ધંધાની મિલકત તેમજ દેવાની ખરીદીની આમનોંધ કરતી વખતે દેવાદારો તથા લેણદારોનો સમાવેશ કરવામાં નહી આવે. | | |
| ૨. | જ્યારે દેવાદારો પાસેથી રકમ મળે ત્યારેઃ | | |
| | બેંક ખાતે | | |
| | તે ધંધો વેચનારના દેવાદારો ખાતે | | |
| ૩. | દેવાદારો પાસેથી રકમ મેળવતી વખતે થયેલ નુકસાન ધંધો વેચનારના ઉપલક ખાતે લઈ જવામાં આવશે. | | |
| | ધંધો વેચનારના ઉપલક ખાતે | | |
| | તે ધંધો વેચનારના દેવાદારો ખાતે | | |
| ૪. | જ્યારે લેણદારોને ચુકવવામાં આવે ત્યારેઃ | | |
| | ધંધો વેચનારના લેણદારો ખાતે | | |
| | તે બેંક ખાતે | | |
| ૫. | લેણદારોને રકમ ચુકવતી વખતે થયેલ નુફો ધંધો વેચનારના ઉપલક ખાતે જમા કરવામાં આવશે. | | |
| | ધંધો વેચનારના લેણદારો ખાતે | | |
| | તે ધંધો વેચનારના ઉપલક ખાતે | | |
| ૬. | જો કંપનીને તેના કાર્ય બદલ કમિશન લેવાનું હોય તોઃ | | |
| | ધંધો વેચનારના ઉપલક ખાતે | | |
| | તે કમિશન ખાતે | | |
| ૭. | દેવાદારો પાસેથી મળેલ રકમ લેણદારોને ચુકવ્યા બાદ તથા કમિશન બાદ (જો હોય તો)ચુકવવામાં આવે ત્યારેઃ | | |
| | ધંધો વેચનારના ઉપલક ખાતે | | |
| | તે રોકડ ખાતે અથવા | | |
| | તે ડિબેન્ચરરોકડ ખાતે અથવા | | |
| | તે શેરમૂડી ખાતે | | |
| | પેઢીને ચુકવવાની રકમ = દેવાદારો પાસેથી મળેલ રકમ (-) (લેણદારોને ચુકવેલ રકમ (+) કમિશન) | | |

નોંધઃ જો કંપનીને દેવાદારો પાસેથી રકમ મળવાની બાકી હશે કે લેણદારોને રકમ ચુકવવાની બાકી હશે તો ઉપલક ખાતું ખુલ્લું રેહશે, પરંતુ દેવાદારો પાસેથી રકમ મળી જાય અને લેણદારોને પણ રકમ ચૂકવાઈ જાય તથા કંપની હિસાબની પતાવટ કરી વેચનારને રકમ ચુકવી દેશે તો વેચનારનું ઉપલક ખાતું બંધ થઈ જશે.

## ૧.૮ જયારે જુના ધંધાના ચોપડા ચાલુ રાખવામાં આવે ત્યારેઃ

કેટલીક વાર ધંધો ખરીદનાર કંપની ધંધો વેચનાર પેઢીના હિસાબના ચોપડા ચાલુ રાખે છે. આ સંજોગોમાં નીચે મુજબ પગલાં લેવાં પડે છે.

(અ) ખરીદનાર કંપનીએ લઈ લીધેલ મિલકત અને દેવાનું પુનઃ મૂલ્યાંકન કરવાનું હોય તો નફો નુકસાન હવાલા ખાતું ખોલવું અને તેનો નફો કે ખોટ ભાગીદારી મૂડી ખાતે કે શેરહોલ્ડરો ખાતે લઈ જવા.

(બ) જો અમુક મિલકતોકે દેવા ખરીદના કંપની લઈ લેતી ન હોય તો તે ભાગીદારોના મુડી ખાતે તેમની મૂડીના પ્રમાણમાં લઈ જવી. પરંતુ જો કોઈ સરવૈયામાં દર્શાવેલ મિલકત (દા. ત. પાઘડી) કિંમત વગરની થાય તો તે ભાગીદારોનાંમૂડી ખાતે તેમના નફો નુકસાનના પ્રમાણમાં ઉધરાવી (કારણ કે તે ખોટ છે).

(ક) જે ખરીદકિંમત ચુકવવામાં આવે તે ભાગીદારોનાં મૂડી ખાતે ઉધરાવી અને શેરમૂડી ખાતે (શેર આપ્યા હોય તો), ડિબેન્ચર ખાતે (ડિબેન્ચર આપ્યા હોય તો) અને બેંક ખાતે (રોકડ આપી હોય તો) જમા કરવી.

(ઉપરના સંજોગોમાં વેચનારના ચોપડા બંધ કરવાની અને ખરીદી અંગેની ખાસ નોંધો કરવાની રહેતી નથી).

## ૧.૯ ઉદાહરણો

ઉ. ૧ મેસર્સ 'અ' અને 'બ' દ્વારા નીચે આપેલ પાકું સરવૈયું પ્રસ્તૃત કરવામાં આવ્યું છે, જેના આધારે તેમનો વ્યવસાય એબી લિમીટેડ દ્વારા ખરીદી લેવામાં આવશે.

મેસર્સ અ અને બ

પાકું સરવૈયું

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| મૂડી ખાતાઃ<br>'અ' ૧૬૦૦૦૦<br>'બ' ૧૨૦૦૦૦ | ૨૮૦૦૦૦ | પાઘડી | ૨૦૦૦૦ |
| 'અ' લોન | ૭૦૦૦૦ | પ્લાન્ટ અને યંત્રો | ૧૦૦૦૦૦ |
| લેંણદારો | ૫૦૦૦૦ | જમીન અને મકાન | ૮૦૦૦૦ |
| | | સ્ટોક | ૬૦૦૦૦ |
| | | દેવાદારો | ૮૦૦૦૦ |
| | | રોકડ અને બેંક | ૬૦૦૦૦ |
| | ૪૦૦૦૦૦ | | ૪૦૦૦૦૦ |

કંપની રૂા. ૪૫૦૦૦૦ ચુકવી ને આ ધંધો ખરીદી લે છે પરંતુ કંપની 'અ' ની લોન ની જવાબદારી લેતી નથી. ઉપર ની વિગતો પર થી પાઘડી અથવા મૂડી અનામત ની ગણતરી કરો. જો કંપની રૂા. ૩૦૦૦૦૦ ચુકવીને આ ધંધો ખરીદી લે તો તમારો જવાબ શું હશે ?

જવાબ : ૧

**૧. ચોખ્ખી મિલકતો**

| લિધેલ મિલકતો | રૂા. | લિધેલ દેવા | રૂા. |
|---|---|---|---|
| પ્લાન્ટ અને યંત્રો | ૧00000 | લેંણદારો | ૫0000 |
| જમીન અને મકાન | ૮0000 | | |
| સ્ટોક | ૬0000 | | |
| દેવાદારો | ૮0000 | | |
| રોકડ અને બેંક | ૬0000 | | |
| **કુલ મિલકતો** | **૩૮0000** | **કુલ દેવાઓ** | **૫0000** |
| **ચોખ્ખી મિલકતો** | કુલ મિલકતો (-)કુલ દેવાઓ<br>**રૂા. ૩૮0000 (-) રૂા. ૫0000** | | **૩૩0000** |

૨. પાઘડી = ખરીદકિંમત (-) ચોખ્ખી મિલકતો

= રૂા. ૪૫0000 (-) રૂા. ૩૩0000

= રૂા. ૧૨0000 (જૂની પાઘડી ધ્યાનમાં લેવાની નથી).

૩. જો કંપની રૂા. ૩00000 ચુકવી ને આ ધંધો ખરીદી લે તોઃ

મૂડી અનામત = ચોખ્ખી મિલકતો ( - ) ખરીદ કિંમત

= રૂા. ૩૩0000 ( - ) રૂા. ૩00000

= રૂા. ૩0,000

ઉ. ૨ 'અ', 'બ' અને 'ક' એકજ પ્રકારનો ધંધો કરે છે અને તેમને એક ખાનગી કંપનીની સ્થાપના કરી ધંધાની મિલકતો અને જવાબદારીઓ ૧લી જાન્યુઆરી થી લઈ લેવાનું નક્કી કર્યું છે. કંપનીની શેરમૂડી રૂા. ૩00000 એ ૩0000 ઈકવિટી શેર રૂા. ૧0નો એક ની બનેલી છે, જે ત્રણે ભાગીદારોને તેમના હકના પ્રમાણમાં વેહેંચવામાં આવશે.

આગલા દિવસે તેમના મિલકત અને જવાબદારીઓ ની સ્થિતિ નીચે મુજબ છેઃ

'અ' - સ્ટોક રૂા. ૫0000, દેવાદારો રૂા. ૧0૬000, રોકડ અને બેંક રૂા. ૩0000, લેણદારો રૂા. ૮૪000, દેવી હુંડી રૂા. ૩૨000 અને અનામત ભંડોળ રૂા. ૨૮000.

'બ' - સ્ટોક રૂા. ૨૨000, દેવાદારો રૂા. ૨૪000, લેવી હુંડી રૂા. ૯000, રોકડ અને બેંક રૂા. ૧૨000, લેણદારો રૂા. ૧૯000, અને દેવી હુંડી રૂા. ૧૩000.

'ક' - સ્ટોક રૂા. ૪૫૪00, દેવાદારો રૂા. ૫૩000, લેવી હુંડી રૂા. ૪૯000, બેંક ઓવરડ્રાફ્ટ રૂા. ૮૪00, લેણદારો રૂા. ૨૩000, અને દેવી હુંડી રૂા. ૧૧000 .

ઉપરની વિગતો પર થી ધંધાની ખરીદકિંમત ની ગણતરી અને ફાળવણી કરો.

જવાબ : ૨

**ધંધાની ખરીદકિંમત ની ગણતરી અને ફાળવણીઃ**

| વિગત | 'અ' (રૂા.) | 'બ' (રૂા.) | 'ક' (રૂા.) |
|---|---|---|---|
| **લિધેલ મિલકતોઃ** | | | |
| સ્ટોક | ૫૦૦૦૦ | ૨૨૦૦૦ | ૪૫૪૦૦ |
| દેવાદારો | ૧૦૬૦૦૦ | ૨૪૦૦૦ | ૫૩૦૦૦ |
| લેવી હુંડી | -------- | ૯૦૦૦ | ૪૯૦૦૦ |
| રોકડ અને બેંક | **૩૦૦૦૦** | **૧૨૦૦૦** | ---------- |
| **કુલ મિલકતો** | **૧૮૬૦૦૦** | **૬૭૦૦૦** | **૧૪૭૪૦૦** |
| | | | |
| **લિધેલ દેવાઃ** | | | |
| લેણદારો | ૮૪૦૦૦ | ૧૯૦૦૦ | ૨૩૦૦૦ |
| દેવી હુંડી | ૩૨૦૦૦ | ૧૩૦૦૦ | ૧૧૦૦૦ |
| બેંક ઓવરડ્રાફ્ટ | --------- | ---------- | ૮૪૦૦ |
| **કુલ દેવાઓ** | **૧૧૬૦૦૦** | **૩૨૦૦૦** | **૪૨૪૦૦** |
| **ચોખ્ખી મિલકતો** | **૭૦૦૦૦** | **૩૫૦૦૦** | **૧૦૫૦૦૦** |
| | | | |
| ખરીદકિંમતની ફાળવણી (૨:૧:૩) **(ચોખ્ખી મિલકતો ના પ્રમાણમાં)** | **૧૦૦૦૦૦** | **૫૦૦૦૦** | **૧૫૦૦૦૦** |

ઉ. ૩ મેસર્સ કિરણ બ્રધર્સના નામથી ધંધો કરતી એક ભાગીદારી પેઢીનું તા. ૩૧.૩.૨૦૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છેઃ

**પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| **મૂડી ખાતાઃ**<br>મુકેશ ૧૦૦૦૦૦<br>અનિલ ૬૦૦૦૦ | ૧૬૦૦૦૦ | પેટન્ટ | ૬૦૦૦ |
| સામાન્ય અનામત | ૮૦૦૦ | પાઘડી | ૧૪૦૦૦ |
| લેંણદારો | ૨૦૦૦૦ | યંત્રો | ૧૧૨૦૦૦ |
| બેંક લોન | ૨૪૦૦૦ | મોટરકાર | ૩૦૦૦૦ |
| દેવીહુંડી | ૧૬૦૦૦ | સ્ટોક | ૨૦૦૦૦ |
| | | રોકડ અને બેંક | ૨૦૦૦૦ |
| | | અગાઉથી ચુકવેલ ખર્ચ | ૧૦૦૦૦ |
| | | જાહેરાત ઉપલક ખાતું | ૧૬૦૦૦ |
| | **૨૨૮૦૦૦** | | **૨૨૮૦૦૦** |

તા. ૧.૪.૨૦૧૯ના રોજ પેઢીનો ધંધો બાલાજી લિ. એ નીચેની શરતોએ ખરીદી લે છેઃ

૧. ખરીદકિંમત રૂા. ૧૬૦૦૦૦ નક્કી કરવામાં આવી.

૨. ખરીદકિંમત પેટે કંપની પેઢીને રૂા. ૧૦નો એક એવા ૧૦૦૦૦ ઇકવિટી શેર રૂા. ૧૫ના ભાવે આપે છે અને બાકીની રકમ રોકડમાં ચુકવે છે.

૩. કંપની પેઢીની મોટરકાર તથા દેવી હુંડી સ્વીકારાતી નથી.

૪. યંત્રોની કિંમત રૂા. ૧૦૦૦૦૦ આંકવામાં આવે છે. જયારે પેટન્ટસની કિંમત શુન્ય ગણવામાં આવે છે.

૫. કંપનીઓ બાકીના ૧૦૦૦૦ ઇકવિટી શેર જાહેર પ્રજા માટે રૂા. ૫ ના પ્રીમિયમથી બહાર પાડ્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો તથા તા. ૧.૪.૨૦૧૯ ના રોજનું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : ૩

૧. દાખલામાં ખરીદકિંમત આપી દીધી છે.

૨. ખરીદકિંમત પેટે ચૂકવણીની ગણતરી નીચે મુજબ છેઃ

| વિગત | રૂા. |
|---|---|
| રૂા. ૧૦નો એક એવા ૧૦૦૦૦ શેર | ૧૦૦૦૦૦ |
| રૂા. ૧૦નો એક એવા ૧૦૦૦૦ શેર પર પ્રીમિયમ શેરદીઠ રૂા. ૫ લેખે | ૫૦૦૦૦ |
| બાકીની રોકડ ( ? ) | ૧૦૦૦૦ |
| ખરીદકિંમત | ૧૬૦૦૦૦ |

૩. પાઘડીની નવી કિંમત ની ગણતરીઃ (મિલકત અને દેવામાં ફેરફારના લીધે)

પાઘડી = ખરીદકિંમત (-) ચોખ્ખી મિલકતો

૪. ચોખ્ખી મિલકતો

| લિધેલ મિલકતો | રૂા. | લિધેલ દેવા | રૂા. |
|---|---|---|---|
| યંત્રો | ૧૦૦૦૦૦ | લેંણદારો | ૨૦૦૦૦ |
| સ્ટોક | ૨૦૦૦૦ | બેંક લોન | ૨૪૦૦૦ |
| અગાઉથી ચુકવેલ ખર્ચ | ૧૦૦૦૦ | | |
| રોકડા | ૨૦૦૦૦ | | |
| **કુલ મિલકતો** | **૧૫૦૦૦૦** | **કુલ દેવાઓ** | **૪૪૦૦૦** |
| **ચોખ્ખી મિલકતો** | કુલ મિલકતો (-)કુલ દેવાઓ<br>૧૫૦૦૦૦(-) ૪૪૦૦૦ | | **૧૦૬૦૦૦** |

૫. પાઘડી = ખરીદકિંમત (-) ચોખ્ખી મિલકતો

= રૂા. ૧૬૦૦૦૦ (-) રૂા. ૧૦૬૦૦૦

= રૂા. ૫૪૦૦૦ (જૂની પાઘડી ધ્યાનમાં લેવાની નથી).

**બાલાજી લિ. ની આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|---|
| ૧. | પાઘડી ખાતે | | ૫૪૦૦૦ | |
| | યંત્રો ખાતે | | ૧૦૦૦૦૦ | |
| | સ્ટોક ખાતે | | ૨૦૦૦૦ | |
| | રોકડ ખાતે | | ૨૦૦૦૦ | |
| | અગાઉથી ચુકવેલ ખર્ચ ખાતે | | ૧૦૦૦૦ | |
| | તે લેંણદારો ખાતે | | | ૨૦૦૦૦ |
| | તે બેંક લોન ખાતે | | | ૨૪૦૦૦ |
| | તે કિરણ બ્રધર્સ ખાતે | | | ૧૬૦૦૦૦ |
| ૨. | કિરણ બ્રધર્સ ખાતે | | ૧૬૦૦૦૦ | |
| | તે ઇકવિટી શેરમૂડી ખાતે | | | ૧૦૦૦૦૦ |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | ૫૦૦૦૦ |
| | તે રોકડ ખાતે | | | ૧૦૦૦૦ |
| ૩. | બેંક ખાતે | | ૧૫૦૦૦૦ | |
| | તે ઇકવિટી શેરમૂડી ખાતે | | | ૧૦૦૦૦૦ |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | ૫૦૦૦૦ |
| નોંધ : | - આગાઉથી ચુકવેલ ખર્ચ એ અવાસ્તવિક મિલકત નથી, પણ લેંણુ છે, તેથી લઈ લીધેલ મિલકતોમાં તેનો સમાવેશ કર્યો છે.<br>- જાહેરાત ઉપલક ખાતું અવાસ્તવિક મિલ્કત છે, તેથી લિધેલ મિલ્કતોમાં તેનો સમાવેશ કર્યો નથી. | | | |

**બાલાજી લિ. નું તા. ૧.૪.૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| શેર મૂડી :<br>૨૦૦૦૦ ઇકવિટી શેર, દરેક રૂા. ૧૦નો પુરેપુરા ભરાયેલ | ૨૦૦૦૦૦ | **કાયમી મિલકતો :** | |
| **અનામત અને વધારો :** | | પાઘડી | ૫૪૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૧૦૦૦૦૦ | યંત્રો | ૧૦૦૦૦૦ |
| **તારણવાળી લોન :** | | **ચાલુ મિલકતો :** | |
| બેંક લોન | ૨૪૦૦૦ | સ્ટોક | ૨૦૦૦૦ |
| **ચાલુ દેવા :** | | રોકડ | ૧૬૦૦૦૦ |
| લેંણદારો | ૨૦૦૦૦ | **લોન અને ધિરાણઃ** | |
| | | અગાઉથી ચુક્વેલ ખર્ચ | ૧૦૦૦૦ |
| | **૩૪૪૦૦૦** | | **૩૪૪૦૦૦** |

ઉ. ૪ રવીશંકર લી. નું ૧.૧.૨૦૧૯ના રોજ રૂા. ૧૦,૦૦,૦૦૦ ની સતાવાર થાપણ કે જે રૂા. ૧૦નો એક એવા ૪૦૦૦૦ ૧૦% ના ક્યું. પ્રેફરન્સ શેર તથા રૂા. ૧૦નો એક એવા ૬૦૦૦૦ ઇકવિટી શેરની બનેલી છે, તે રવીશંકર લી. ની પેઢીનો ધંધો ખરીદવા માટે સ્થાપવામાં આવી, જેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| રવિની મૂડી | ૩૦૦૦૦૦ | જમીન અને મકાન | ૧૦૦૦૦૦ |
| શંકરની મૂડી | ૨૦૦૦૦૦ | પ્લાન્ટ અને યંત્રો | ૧૪૦૦૦૦ |
| અનામત ભંડોળ | ૬૦૦૦૦ | ફર્નિચર અને ફિટિંગસ | ૨૦૦૦૦ |
| લેંણદારો | ૪૦૦૦૦ | પેટન્ટ્સ | ૬૦૦૦૦ |
| | | સ્ટોક | ૧૬૦૦૦૦ |
| | | દેવાદારો ૧૦૦૦૦૦<br>(-) ઘા. અનામત ૨૦૦૦ | ૯૮૦૦૦ |
| | | રોકડ અને બેંક સિલક | ૨૨૦૦૦ |
| | **૬૦૦૦૦૦** | | **૬૦૦૦૦૦** |

કંપનીતરફથી પેઢીને ધંધાની મિલકતો તેમજ દેવાના અવેજ પેટે રૂા. ૧૦નો એક એવા ૪૦૦૦૦ ઇકવિટી શેર તથા રૂા. ૧૦નો એક એવા ૨૪૦૦૦ પ્રેફરન્સ શેર પુરેપુરા ભરપાઈ થયેલ આપવામાં આવ્યા, જ્યારે બાકીના બધાજ શેર જાહેર જનતા માટે બહાર પાડવામાં આવ્યા. બધાજ શેર ભરાઈ ગયા અને ફક્ત ૨૦૦૦ ઇકવિટી શેરપર શેરદીઠ રૂા. ૩ સિવાય બધીજ રકમ પુરેપુરી મળી ગઈ. ઉપરની વિગતો ધ્યાનમાં લઈને કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો તથા કંપનીનું શરૂઆતનું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : ૪

૧. આ દાખલામાં ખરીદકિંમત અવેજ પદ્ધતિથી ગણશે , કારણ કે ખરીદકિંમત પેટે ચૂકવાતા અવેજ (ઈ. શેર અને પ્રેફ. શેર) બંનેની પૂરી રકમ આપી દિધી છે.

ધંધાની ખરીદકિંમતઃ

| વિગત | રૂા. |
|---|---|
| રૂા. ૧૦નો એક એવા ૪૦૦૦૦ ઇકવિટી શેર પુરેપુરા ભરપાઈ થયેલ | ૪૦૦૦૦૦ |
| રૂા. ૧૦નો એક એવા ૨૪૦૦૦ પ્રેફરન્સ શેર પુરેપુરા ભરપાઈ થયેલ | ૨૪૦૦૦૦ |
| **ખરીદકિંમત** | **૬૪૦૦૦૦** |

૨. ચોખ્ખી મિલકતોઃ

| | |
|---|---|
| પરચૂરણ મિલકતો | ૬૦૦૦૦૦ |
| (બાદ) પરચૂરણ દેવા | ૪૦૦૦૦ |
| | ૫૬૦૦૦૦ |

૩. પાઘડી = ખરીદકિંમત (-) ચોખ્ખી મિલકતો

= રૂા. ૬૪૦૦૦૦ (-) રૂા. ૫૬૦૦૦૦ = રૂા. ૮૦૦૦૦

**રવીશંકર લી. ની આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|---|
| ૧. | જમીન અને મકાન ખાતે | | ૧૦૦૦૦૦ | |
| | પ્લાન્ટ અને યંત્રો ખાતે | | ૧૪૦૦૦૦ | |
| | ફર્નિચર અને ફિટિંગસ ખાતે | | ૨૦૦૦૦ | |

| | | | | |
|---|---|---|---|---|
| | પેટન્ટ્સ ખાતે | | ૬૦૦૦૦ | |
| | સ્ટોક ખાતે | | ૧૬૦૦૦૦ | |
| | દેવાદારો ખાતે | | ૧૦૦૦૦૦ | |
| | રોકડ અને બેંક સિલક ખાતે | | ૨૨૦૦૦ | |
| | પાઘડી ખાતે | | ૮૦૦૦૦ | |
| | તે લેંણદારો ખાતે | | | ૪૦૦૦૦ |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | ૨૦૦૦ |
| | તે રવીશંકરની પેઢી ખાતે | | | ૬૪૦૦૦૦ |
| ૨. | રવીશંકરની પેઢી ખાતે | | ૬૪૦૦૦૦ | |
| | તે ઇકવિટી શેરમૂડી ખાતે | | | ૪૦૦૦૦૦ |
| | તે પ્રેફરન્સ શેરમૂડી ખાતે | | | ૨૪૦૦૦૦ |
| ૩. | બેંક ખાતે | | ૩૫૪૦૦૦ | |
| | બાકી હપતા ખાતે | | ૬૦૦૦ | |
| | તે ઇકવિટી શેરમૂડી ખાતે | | | ૨૦૦૦૦૦ |
| | તે પ્રેફરન્સશેરમૂડી ખાતે | | | ૧૬૦૦૦૦ |

**રવીશંકર લી. નું તા. ૧.૪.૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| શેર મૂડી : | | કાયમી મિલકતો : | |
| ૬૦૦૦૦ ઇક.શેર, ૧૦નો ૬૦૦૦૦૦ | | પાઘડી | ૮૦૦૦૦ |
| ૪૦૦૦૦ પ્રેફ.શેર ૧૦નો ૪૦૦૦૦૦ | | જમીન અને મકાન | ૧૦૦૦૦૦ |
| ૧૦૦૦૦૦૦ | | પ્લાન્ટ અને યંત્રો | ૧૪૦૦૦૦ |
| (બાદ) બાકી હપતા ૬૦૦૦ | ૯૯૪૦૦૦ | ફર્નિચર અને ફિટિંગસ | ૨૦૦૦૦ |
| (ઉપરમાંથી ૪૦૦૦૦ ઇકવિટી શેર અને ૨૪૦૦૦ પ્રેફરન્સ શેર રૂા. ૧૦નો એક એવા પુરેપુરા વસુલ થયેલ ધંધાની ખરીદ પેટે રોકડ અવેજ વગર આપવામાં આવ્યા છે). | | પેટન્ટ્સ | ૬૦૦૦૦ |
| | | ચાલુ મિલકતો : | |
| અનામત અને વધારો : | ------- | સ્ટોક | ૧૬૦૦૦૦ |
| ચાલુ જવાબદારીઓ : | | દેવાદારો ૧૦૦૦૦૦<br>બાદઃ ઘાલ ખાધ ૨૦૦૦ | ૯૮૦૦૦ |
| લેંણદારો | ૪૦૦૦૦ | રોકડ અને બેંક સિલક | ૩૭૬૦૦૦ |
| | ૧૦૩૪૦૦૦ | | ૧૦૩૪૦૦૦ |

ઉ. ૫ મેસર્સ રોમલ અને સોમિલનો ધંધો ખરીદવા માટે ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ હિતેશ લિમિટેડ રૂા.૧૦નો એક એવા ૨૦૦૦૦ ઇકવિટી શેરમાં વહેચાયેલી રૂા. ૨૦૦૦૦૦ની સત્તાવાર મુડીથી સ્થાપવામાં આવી. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૮ ના રોજ મેસર્સ રોમલ અને સોમિલનું પાકું સરવૈયું નીચે મુજબ હતુંઃ

**પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| મૂડી : | | જમીન અને મકાન | ૯૬૦૦૦ |
| રોમલની ૧૨૦૦૦૦ | | સાંચા અને યંત્રો | ૪૦૦૦૦ |
| સોમિલની ૮૮૦૦૦ | ૨૦૮૦૦૦ | સ્ટોક | ૪૮૦૦૦ |
| શ્રીમતી રોમલની લોન | ૬૦૦૦ | દેવાદારો | ૪૬૪૦૦ |
| લેંણદારો | ૪૪૦૦૦ | લેંણીહુંડી | ૧૨૮૦૦ |
| દેવીહુંડી | ૧૪૦૦૦ | રોકાણો | ૯૬૦૦ |
| | | બેંક સિલક | ૧૯૨૦૦ |
| | **૨૭૨૦૦૦** | | **૨૭૨૦૦૦** |

**નીચેની શરતોએ ધંધો ખરીદવામાં આવ્યોઃ**

૧. જમીન અને મકાન તથા સ્ટોક અનુક્રમે રૂા. ૧૦૦૦૦૦ તથા રૂા. ૪૦૦૦૦ની કીમતે લેવા, જયારે બાકીની મિલકતો ચોપડે દર્શાવેલ કીમતે લેવી.

૨. પેઢીની પાઘડીની કિંમત રૂા. ૨૦૦૦૦ આંકવી.

૩. પેઢીએ શ્રીમતી રોમલની લોન ચૂકવવી અને કંપનીએ બીજી જવાબદારીઓ લઈ લેવી.

૪. પેઢીએ ખરીદકિંમત પેટે રૂા. ૧૦ નો એક એવા પુરેપુરા ભરપાઈ થયેલા ૧૦૦૦૦ ઇકવિટી શેર ૨૦% પ્રીમિયમથી, રૂા. ૧૦૦૦૦૦ની કિંમતના રીડીમેબલ ડિબેન્ચર અને બાકીની રોકડ આપવી.

કંપનીએ બાકીના ઇકવિટી શેર જાહેર જનતા માટે ૨૦% પ્રીમિયમે બહાર પાડ્યા અને બધાજ શેર ભરપાઈ થયા. ફક્ત ૧૦૦૦ ઇકવિટી શેર પર રૂા. ૩ લેખે છેલ્લા હપતા સિવાય બધીજ રકમ પુરેપુરી ભરપાઈ થઈ ગઈ. આ શેરજપ્ત કરવામાં આવ્યા અને ૨૦% ના વટાવે પુરેપુરા ભરપાઈ થયેલ લેખે ફરીથી બહાર પાડવામાં આવ્યા.

નવી કંપનીના ચોપડે ઉપરના વ્યવહારો આમનોંધમાં લખો અને પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : ૫

**ખરીદકિંમતની ગણતરીઃ** ખરીદકિંમત આપવામાં આવી નથી.

| લિધેલ મિલકતો | રૂા. | લિધેલ દેવા | રૂા. |
|---|---|---|---|
| જમીન અને મકાન | ૧૦૦૦૦૦ | લેંણદારો | ૪૪૦૦૦ |
| સાંચા અને યંત્રો | ૪૦૦૦૦ | દેવીહુંડી | ૧૪૦૦૦ |
| સ્ટોક | ૪૦૦૦૦ | | |
| દેવાદારો | ૪૬૪૦૦ | | |
| લેંણીહુંડી | ૧૨૮૦૦ | | |
| રોકાણો | ૯૬૦૦ | | |
| બેંક સિલક | ૧૯૨૦૦ | | |
| પાઘડી | ૨૦૦૦૦ | | |
| **કુલ મિલકતો** | **૨૮૮૦૦૦** | **કુલ દેવાઓ** | **૫૮૦૦૦** |

| | | | |
|---|---|---|---|
| ખરીદકિંમતની ચુકવણીઃ | ૧. ઈક. શેર (૧૦૦૦૦ શેર રૂા. ૧૨ ) | = | ૧૨૦૦૦૦ |
| | ૨. રિડી. ડિબેન્ચર | = | ૧૦૦૦૦૦ |
| | ૩. રોકડ | = | ૧૦૦૦૦ |
| | | | **૨૩૦૦૦૦** |

(૧) બેંક ખાતાની બાકી નીચે મુજબ ગાણશેઃ

| વિગત | રૂા. |
|---|---|
| જૂની પેઢીની બેંક સિલક | ૧૯૨૦૦ |
| (ઉમેરો) ૧૦૦૦૦ શેર બહાર પાડ્યા તેના | ૧૧૭૦૦૦ |
| (ઉમેરો) જપ્ત થયેલા શેર ફરી બહાર પાડ્યા | ૮૦૦૦ |
| | ૧૪૪૨૦૦ |
| (બાદ) જૂની પેઢીને ચૂકવ્યા | ૧૦૦૦૦ |
| | **૧૩૪૨૦૦** |

(૨) જપ્ત થયેલ પરના શેર પ્રીમિયમની રકમ શેર જપ્તી ખાતે લઈ જવામાં આવી નથી, કારણ કે પ્રીમિયમની રકમ મળી ગઈ છે.

**હિતેશ લિમીટેડના ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|---|
| ૧.૧.૨૦૧૯ | ધંધાની ખરીદ ખાતે | | ૨૩૦૦૦૦ | |
| | તે મેસર્સ રોમલ અને સોમિલ ખાતે | | | ૨૩૦૦૦૦ |
| ૧.૧.૨૦૧૯ | જમીન અને મકાન ખાતે | | ૧૦૦૦૦૦ | |
| | સાંચા અને યંત્રો ખાતે | | ૪૦૦૦૦ | |
| | સ્ટોક ખાતે | | ૪૦૦૦૦ | |
| | દેવાદારો ખાતે | | ૪૬૪૦૦ | |
| | લેંણીહુંડી ખાતે | | ૧૨૮૦૦ | |
| | રોકાણો ખાતે | | ૯૬૦૦ | |
| | બેંક સિલક ખાતે | | ૧૯૨૦૦ | |
| | પાઘડી ખાતે | | ૨૦૦૦૦ | |
| | તે લેંણદારો ખાતે | | | ૪૪૦૦૦ |
| | તે દેવીહુંડી ખાતે | | | ૧૪૦૦૦ |
| | તે ધંધાની ખરીદી ખાતે | | | ૨૩૦૦૦૦ |
| ૧.૧.૨૦૧૯ | મેસર્સ રોમલ અને સોમિલ ખાતે | | ૨૩૦૦૦૦ | |
| | તે ઇકવિટી શેરમૂડી ખાતે | | | ૧૦૦૦૦૦ |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | ૨૦૦૦૦ |
| | તે ડિબેન્ચર ખાતે | | | ૧૦૦૦૦૦ |
| | તે બેંક ખાતે | | | ૧૦૦૦૦ |
| ૧.૧.૨૦૧૯ | બેંક ખાતે | | ૧૧૭૦૦૦ | |
| | બાકી હપતા ખાતે | | ૩૦૦૦ | |
| | તે ઇકવિટી શેરમૂડી ખાતે | | | ૧૦૦૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | ૨૦૦૦૦ |
| ૧.૧.૨૦૧૯ | ઇકવિટી શેરમૂડી ખાતે | | ૧૦૦૦૦ | |
| | તે શેરજપ્તી ખાતે | | | ૭૦૦૦ |
| | તે બાકી હપતા ખાતે | | | ૩૦૦૦ |
| ૧.૧.૨૦૧૯ | બેંક ખાતે | | ૮૦૦૦ | |
| | શેરજપ્તી ખાતે | | ૨૦૦૦ | |
| | તે ઇકવિટી શેરમૂડી ખાતે | | | ૧૦૦૦૦ |
| ૧.૧.૨૦૧૯ | શેરજપ્તી ખાતે | | ૫૦૦૦ | |
| | તે મૂડી અનામત ખાતે | | | ૫૦૦૦ |

## હિતેશ લિમીટેડ નું તા. ૧.૧.૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| **શેર મૂડી :** | | **કાયમી મિલકતો :** | |
| ૨૦૦૦૦ ઇકવિટી શેર ૧૦ નો એક | ૨૦૦૦૦૦ | પાઘડી | ૨૦૦૦૦ |
| (આમાંથી ૧૦૦૦૦ ઇકવિટી શેર રૂા. ૧૦નો એક એવા ધંધાની ખરીદ પેટે રોકડ અવેજ વગર આપ્યા છે). | | જમીન અને મકાન | ૧૦૦૦૦૦ |
| **અનામત અને વધારો :** | | સાચાં અને યંત્રો | ૪૦૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૪૦૦૦૦ | **રોકાણોઃ** | ૯૬૦૦ |
| મૂડી અનામત | ૫૦૦૦ | **ચાલુ મિલકતો, લોન અને ધિરાણઃ** | |
| **તારણવાળી લોનઃ** | | સ્ટોક | ૪૦૦૦૦ |
| રિડીમેબલ ડીબેન્ચર્સ | ૧૦૦૦૦૦ | દેવાદારો | ૪૬૪૦૦ |
| **ચાલુ જવાબદારીઓ :** | | બેંક સિલક | ૧૩૪૨૦૦ |
| દેવીહુંડી | ૧૪૦૦૦ | **લોન અને ધિરાણઃ** | |
| લેંણદારો | ૪૪૦૦૦ | લેંણીહુંડી | ૧૨૮૦૦ |
| | **૪૦૩૦૦૦** | | **૪૦૩૦૦૦** |

ઉ. ૬ મેસર્સ આનંદ અને અનંતને તા. ૩૧.૩.૨૦૧૯ ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

## પાકું સરવૈયું

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| મૂડી ખાતા : | | પાઘડી | ૧૬૦૦૦ |
| આનંદ ૧૨૦૦૦૦ | | મકાન | ૧૮૦૦૦૦ |
| અનંત ૮૦૦૦૦ | ૨૦૦૦૦૦ | યંત્રો | ૫૦૦૦૦ |
| સામાન્ય અનામત | ૪૪૦૦૦ | સ્ટોક | ૭૦૦૦૦ |
| આનંદની લોન | ૨૪૦૦૦ | દેવાદારો ૭૦૦૦૦ | |
| બેંક લોન | ૧૦૦૦૦૦ | બાદઃ ઘાલખાધ અનામત ૬૦૦૦ | |

| | | | |
|---|---|---|---|
| | | | ૬૪૦૦૦ |
| લેણદારો | ૭૦૦૦૦ | લેણીહુંડીઓ | ૩૪૦૦૦ |
| કારીગર બચત ખાતાં | ૧૨૦૦૦ | રોકાણો | ૨૮૦૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૨૮૦૦૦ | રોકડ અને બેંક | ૪૮૦૦૦ |
| કારીગર અકસ્માત વળતર ફંડ | ૧૨૦૦૦ | | |
| | **૪૯૦૦૦૦** | | **૪૯૦૦૦૦** |

ઉપરનો ધંધો ખરીદવા માટે અનમોલ લિ. ની સ્થાપના કરવામાં આવી, જેની સત્તાવાર થાપણ ૬૦૦૦૦ ઇકવિટી શેર, દરેક રૂા. ૧૦નો એક દેવામાં વહેંચાયેલી હતી. ધંધાની ખરીદીની શરતો નીચે મુજબ છેઃ

૧. પેઢીની પાઘડીની કિંમત રૂા. ૨૧૦૦૦ આંકવામાં આવી.

૨. આનંદની લોન સિવાયની બધી જ જવાબદારી કંપનીએ સ્વીકારી.

૩. કંપનીએ રૂા. ૧૬૦૦૦ની રોકડ સિવાયની પેઢીની તમામ મિલકતો લીધી.

૪. મિલકતોની કિંમત નીચે મુજબ આંકવામાં આવીઃ

   i. કાયમી મિલકતો ચોપડે દર્શાવેલ કિંમત કરતાં ૨૦% વધુ કિંમતે લેવાની છે.

   ii. સ્ટોક ચોપડે દર્શાવેલ કીમત કરતાં ૨૦% ઓછી કિંમતે લેવાનો છે.

   iii. દેવાદારો ઘાલખાધ અનામતની ૧૦% પ્રમાણેની જોગવાઈ સાથે લેવાના છે.

૫. પેઢીનો વિસર્જન ખર્ચ રૂા. ૨૦૦૦ કંપનીએ ભોગવવાનો છે.

૬. ધંધાની ખરીદકિંમત પેટે પુરેપુરા ભરાયેલ ૨૦૦૦૦ ઈક્વીટી શેર, ૧૦% પ્રીમિયમ, ૧૨%નાં ૮૦૦ ડિબેન્ચર, દરેક રૂા. ૧૦૦નો ૧૦% વટાવે અને બાકીની રકમ રોકડામાં ચુકવવાની છે.

૭. બાકીના શેરો જાહેર જનતા માટે ૧૦%ના પ્રીમિયમે બહાર પાડ્યા અને બધા જ પુરેપુરા ભરાઈ ગયા.

૮. કંપનીનો પ્રાથમિક ખર્ચ રૂા. ૨૪૦૦ થયો.

ઉપરના વ્યવહારો નોંધવા માટે અનમોલ લિ. ના ચોપડામાં જરૂરી આમનોંધ લખો અને નવી કંપનીનું શરૂઆતનું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : ૬

(૧) ખરીદકિંમતની ગણતરીઃ

| લિધેલ મિલકતો | રૂા. | લિધેલ દેવા | રૂા. |
|---|---|---|---|
| પાઘડી | ૨૧૦૦૦ | બેંક લોન | ૧૦૦૦૦૦ |
| મકાન+ ૨૦% ૩૬૦૦૦ | ૨૧૬૦૦૦ | લેણદારો | ૭૦૦૦૦ |
| યંત્રો + ૨૦% ૧૦૦૦૦ | ૬૦૦૦૦ | કારીગર બચત ખાતાં | ૧૨૦૦૦ |
| સ્ટોક + ૨૦% ૧૪૦૦૦ | ૫૬૦૦૦ | પ્રોવિડન્ટ ફંડ | ૨૮૦૦૦ |
| દેવાદારો (-) ઘા. ખા. ૭૦૦૦ | ૬૩૦૦૦ | **કુલ દેવાઓ** | **૨૧૦૦૦૦** |
| લેણીહુંડીઓ | ૩૪૦૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| રોકાણો | ૨૮૦૦૦ | | |
| રોકડ અને બેંક (૪૮૦૦૦ - ૧૬૦૦૦) | ૩૨૦૦૦ | | |
| **કુલ મિલકતો** | ૫૧૦૦૦૦ | | |
| **ચોખ્ખી મિલકત** | કુલ મિલકતો (-) કુલ દેવાઓ<br>૫૧૦૦૦૦ (-) ૨૧૦૦૦૦ | | **૩૦૦૦૦૦** |
| **ખરીદકિંમત** | ચોખ્ખી મિલકત (+) વિસર્જન ખર્ચ ૨૦૦૦ | | **૩૦૨૦૦૦** |

(૨) ખરીદકિંમતની ચુકવણીઃ ૧. ઈક. શેર (૨૦૦૦૦ શેર રૂા. ૧૦ ) = ૨૦૦૦૦૦

૧૦% લેખે રૂા. ૧ પ્રીમિયમ = ૨૦૦૦૦

૨. ડિબેન્ચર (૮૦૦ રૂા. ૧૦૦) ૮૦૦૦૦

(-) ૧૦% વટાવ ૮૦૦૦ = ૭૨૦૦૦

૩. રોકડ (?) = ૧૦૦૦૦

**૩૦૨૦૦૦**

(૩) પાઘડીઃ રૂા. ૨૧૦૦૦ + વિસર્જન ખર્ચ પેટે ચુકવેલ રૂા. ૨૦૦૦ = રૂા. ૨૩૦૦૦.

(૪) કારીગર અકસ્માત વળતર ફંડ એ ભેગો થયેલ નફો છે અને દેવું નથી, તેથી કંપનીના ચોપડે તે નોંધાશે નહિ. પરંતુ પ્રોવિડન્ટ ફંડ અને કારીગરોના બચત ખાતાં દેવા હોવાથી તેની નોંધ કંપનીના ચોપડે થશે.

**અનમોલ લિમીટેડના ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|---|
| ૧. | પાઘડી ખાતે | | ૨૩૦૦૦ | |
| | મકાન ખાતે | | ૨૧૬૦૦૦ | |
| | યંત્રો ખાતે | | ૬૦૦૦૦ | |
| | સ્ટોક ખાતે | | ૫૬૦૦૦ | |
| | દેવાદારો ખાતે | | ૭૦૦૦૦ | |
| | લેંણીહુંડીઓ ખાતે | | ૩૪૦૦૦ | |
| | રોકાણો ખાતે | | ૨૮૦૦૦ | |
| | રોકડ ખાતે | | ૩૨૦૦૦ | |
| | તે બેંક લોન ખાતે | | | ૧૦૦૦૦૦ |
| | તે લેંણદારો ખાતે | | | ૭૦૦૦૦ |
| | તે કારીગર બચત ખાતાં ખાતે | | | ૧૨૦૦૦ |
| | તે પ્રોવિડન્ટ ફંડ ખાતે | | | ૨૮૦૦૦ |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | ૭૦૦૦ |
| | તે મેસર્સ આનંદ અને અનંત ખાતે | | | ૩૦૨૦૦૦ |
| ૨. | મેસર્સ આનંદ અને અનંત ખાતે | | ૩૦૨૦૦૦ | |
| | ડિબેન્ચર વટાવ ખાતે | | ૮૦૦૦ | |

| | | | | |
|---|---|---|---|---|
| | તે ઇકવિટી શેરમૂડી ખાતે | | | ૨૦૦૦૦૦ |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | ૨૦૦૦૦ |
| | તે ૧૨% ડિબેન્ચર ખાતે | | | ૮૦૦૦૦ |
| | તે રોકડ અને બેંક ખાતે | | | ૧૦૦૦૦ |
| ૩. | બેંક ખાતે | | ૪૪૦૦૦૦ | |
| | તે ઇકવિટી શેરમૂડી ખાતે | | | ૪૦૦૦૦૦ |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | ૪૦૦૦૦ |
| ૪. | પ્રાથમિક ખર્ચ ખાતે | | ૨૪૦૦ | |
| | તે બેંક ખાતે | | | ૨૪૦૦ |

**અનમોલ લિમીટેડ નું તા. ૧.૪.૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| **શેર મૂડી :** | | **કાયમી મિલકતો :** | |
| ૬૦૦૦૦ ઇકવિટી શેર ૧૦ નો એક (જે પૈકી ૨૦૦૦૦ ઇકવિટી શેર, ધંધાની ખરીદ પેટે પુરેપુરા ભરપાઈ થયેલ તરીકે આપ્યા છે). | ૬૦૦૦૦૦ | પાઘડી | ૨૩૦૦૦ |
| **અનામત અને વધારો :** | | મકાન | ૨૧૬૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૬૦૦૦૦ | યંત્રો | ૬૦૦૦૦ |
| **તારણવાળી લોનઃ** | | **રોકાણોઃ** | ૨૮૦૦૦ |
| ડીબેન્ચર્સ | ૮૦૦૦૦ | **ચાલુ મિલકતોઃ** | |
| બેંક લોન | ૧૦૦૦૦૦ | સ્ટોક | ૫૬૦૦૦ |
| **ચાલુ દેવા અને જવાબદારીઓ :** | | દેવાદારો ૭૦૦૦૦<br>(-) ઘા. ખા. અના. ૭૦૦૦ | ૬૩૦૦૦ |
| લેંણદારો | ૭૦૦૦૦ | રોકડ અને બેંક ૩૨૦૦૦<br>(+) ૪૪૦૦૦૦<br>૪૭૨૦૦૦<br>(-) ચુકવ્યા(૧૦૦૦૦<br>૨૪૦૦) ૧૨૪૦૦ | ૪૫૯૬૦૦ |
| કારીગર બચત ખાતા | ૧૨૦૦૦ | લેંણીહુંડી | ૩૪૦૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૨૮૦૦૦ | **પરચુરણ ખર્ચા :** | |
| | | પ્રાથમિક ખર્ચ | ૨૪૦૦ |
| | | ડિબેન્ચર વટાવ | ૮૦૦૦ |
| | **૯૫૦૦૦૦** | | **૯૫૦૦૦૦** |

**ધંધો વેચનાર વતી દેવાદારો તથા લેણદારો લેવાઃ**

ઉ. ૭ તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૮ થી શ્રી કમલનો ધંધો કેવલ લી. એ ખરીધો . કંપનીએ રૂા. ૧૨૦૦૦૦ ના દેવાદારો સિવાય બધી મિલકતો લઈ લીધી, પરંતુ ધંધો વેચનારના વતી દેવાદારોના નાણાંઉઘરાવી આપવાનું તથા એ નાંણામાંથી ધંધો વેચનારના રૂા. ૪૦૦૦૦ ના લેંણદારોને ચુકવવાનું કબુલ કર્યું. આ કાર્ય બદલ દેવાદારો પાસેથી વસુલ કરેલ રકમ પર ૩% અને લેણદારોને ચુકવેલ પર ૧% લેખે કમિશન આપવાનું છે.

દેવાદારો પાસેથી ફક્ત રૂા. ૧૧૬૦૦૦નાં નાણા વસુલ થયાં, જ્યારે બધાંજ લેણદારોને ૫%ના રોકડ વટાવે ચૂકવી દેવામાં આવ્યાં. કંપનીએ વેચનારને લેંણી રકમ રોકડેથી ચુકવી દીધી.

ઉપરની વિગતો પરથી કંપનીના ચોપડે આમનોંધો તથા ખાતાં તેયાર કરો.

જવાબ : ૭

**કેવલ લિમીટેડના ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|---|
| ૧. | ધંધો વેચનારના દેવાદારો ખાતે | | ૧૨૦૦૦૦ | |
| | તે ધંધો વેચનારના ઉપલક ખાતે | | | ૧૨૦૦૦૦ |
| ૨. | ધંધો વેચનારના ઉપલક ખાતે | | ૪૦૦૦૦ | |
| | તે ધંધો વેચનારના લેણદારો ખાતે | | | ૪૦૦૦૦ |
| ૩. | બેંક ખાતે | | ૧૧૬૦૦૦ | |
| | તે ધંધો વેચનારના દેવાદારો ખાતે | | | ૧૧૬૦૦૦ |
| ૪. | ધંધો વેચનારના ઉપલક ખાતે | | ૪૦૦૦ | |
| | તે ધંધો વેચનારના દેવાદારો ખાતે | | | ૪૦૦૦ |
| ૫. | ધંધો વેચનારના લેણદારો ખાતે | | ૩૮૦૦૦ | |
| | તે બેંક ખાતે | | | ૩૮૦૦૦ |
| ૬. | ધંધો વેચનારના લેણદારો ખાતે | | ૨૦૦૦ | |
| | તે ધંધો વેચનારના ઉપલક ખાતે | | | ૨૦૦૦ |
| ૭. | ધંધો વેચનારના ઉપલક ખાતે | | ૩૮૬૦ | |
| | તે કમિશન ખાતે | | | ૩૮૬૦ |
| ૮. | ધંધો વેચનારના ઉપલક ખાતે | | ૭૪૧૪૦ | |
| | તે બેંક ખાતે | | | ૭૪૧૪૦ |
| નોંધ : | આમનોંધ (૧ અને ૨), (૩ અને ૪) તથા (૫ અને ૬) માટે સંયુક્ત આમનોંધ લખી શકાય. | | | |
| | ચુકવવાની રકમ = ૧૧૬૦૦૦ - (૩૮૦૦૦ + ૩૮૬૦) = રૂા. ૭૪૧૪૦. | | | |

**કેવલ લિમીટેડના ચોપડામાં જરૂરી ખાતાઓઃ**

**ધંધો વેચનારના દેવાદારોનું ખાતું**

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| ધંધો વેચનારના ઉપલક ખાતે | ૧૨૦૦૦૦ | બેંક ખાતે | ૧૧૬૦૦૦ |
| | | ધંધો વેચનારના ઉપલક ખાતે | ૪૦૦૦ |
| | **૧૨૦૦૦૦** | | **૧૨૦૦૦૦** |

**ધંધો વેચનારના લેણદારોનું ખાતું**

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| બેંક ખાતે | ૩૮૦૦૦ | ધંધો વેચનારના ઉપલક ખાતે | ૪૦૦૦૦ |
| ધંધો વેચનારના ઉપલક ખાતે (વટાવ) | ૨૦૦૦ | | |
| | **૪૦૦૦૦** | | **૪૦૦૦૦** |

**ધંધો વેચનારનું ઉપલક ખાતું**

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| ધંધો વેચનારના લેણદારો ખાતે | ૪૦૦૦૦ | ધંધો વેચનારના દેવાદારો ખાતે | ૧૨૦૦૦૦ |
| ધંધો વેચનારના દેવાદારો ખાતે | ૪૦૦૦ | ધંધો વેચનારના લેણદારો ખાતે | ૨૦૦૦ |
| કમિશન ખાતે | ૩૮૬૦ | | |
| બેંક ખાતે | ૭૪૧૪૦ | | |
| | **૧૨૨૦૦૦** | | **૧૨૨૦૦૦** |

ઉ. ૮ તા. ૧.૪.૨૦૧૮ ના રોજ વિમલ કંપની લિમીટેડે પટેલ બ્રધર્સેનો ચાલુ ધંધો ખરીધો . કંપનીએ રૂા. ૧૫૦૦૦૦ ના દેવાદારો સિવાય અન્ય મિલકતો ખરીદી. કંપનીએ પટેલ બ્રધર્સેના દેવાદારો પાસેથી લેણી રકમ પેઢી વતી ઉઘરાવવાનું તથા મળેલા નાંણામાંથી રૂા. ૧૧૨૦૦૦ લેણદારોને ચૂકવી આપવાનું કબુલ કર્યું. તા. ૩૧.૩.૨૦૧૯ સુધીમાં દેવાદારો પાસેથી નાંણા વસુલ કરતાં રૂા. ૫૦૦૦ વટાવ આપ્યો અને રૂા. ૭૦૦૦ ઘાલખાધ થઈ. તે તારીખે હજુ રૂા. ૧૦૦૦૦ ના દેવાદારો વસુલ કરવાના બાકી છે. પટેલ બ્રધર્સેના લેણદારોને નાંણા ચુકવતી વખતે રૂા. ૮૦૦૦ વટાવ મળી શક્યો હતો. દેવાદારો પાસેથી ઉઘરાવેલ રકમ પર ૨.૫% લેખે અને લેણદારોને ચૂકવેલ રકમ પર ૧.૫% લેખે કમિશન મેળવવા કંપની હકદાર છે. તા. ૩૧.૩.૨૦૧૯ ના રોજ કમિશનની રકમ બાદ જતાં પટેલ બ્રધર્સેની લેણી રકમ કંપનીએ ચૂકવી આપી.

ઉપરની વેવ્તોને આધારે વિમલ કંપની લિમિટેડના ચોપડે આમનોંધ આપો અને પટેલ બ્રધર્સેના ઉપલક ખાતા સહિત જરૂરી ખાતાં તૈયાર કરો.

જવાબ : ૮

**વિમલ કંપની લિમીટેડના ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|---|
| ૧. | પટેલ બ્રધર્સેના દેવાદારો ખાતે | | ૧૫૦૦૦૦ | |
| | તે પટેલ બ્રધર્સેના લેણદારો ખાતે | | | ૧૧૨૦૦૦ |
| | તે પટેલ બ્રધર્સેના ઉપલક ખાતે | | | ૩૮૦૦૦ |
| ૨. | બેંક ખાતે | | ૧૨૮૦૦૦ | |
| | પટેલ બ્રધર્સેના ઉપલક ખાતે | | ૧૨૦૦૦ | |
| | તે પટેલ બ્રધર્સેના દેવાદારો ખાતે | | | ૧૪૦૦૦૦ |
| ૩. | પટેલ બ્રધર્સેના લેણદારો ખાતે | | ૧૧૨૦૦૦ | |
| | તે પટેલ બ્રધર્સેના ઉપલક ખાતે | | | ૮૦૦૦ |
| | તે બેંક ખાતે | | | ૧૦૪૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | પટેલ બ્રધર્સેના ઉપલક ખાતે | | ૪૭૬૦ | |
| | તે કમિશન ખાતે | | | ૪૭૬૦ |
| ૫. | પટેલ બ્રધર્સેના ઉપલક ખાતે | | ૧૯૨૪૦ | |
| | તે બેંક ખાતે | | | ૧૯૨૪૦ |

**વિમલ કંપની લિમીટેડના ચોપડામાં જરૂરી ખાતાઓઃ**

**પટેલ બ્રધર્સેના દેવાદારોનું ખાતું**

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| પટેલ બ્રધર્સેના ઉપલક ખાતે | ૧૫૦૦૦૦ | બેંક ખાતે | ૧૨૮૦૦૦ |
| | | પટેલ બ્રધર્સેના ઉપલક ખાતે (વટાવ, ઘાલખાધ) | ૧૨૦૦૦ |
| | | બાકી આગળ લઈ ગયા | ૧૦૦૦૦ |
| | **૧૫૦૦૦૦** | | **૧૫૦૦૦૦** |

**પટેલ બ્રધર્સેના લેણદારોનું ખાતું**

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| બેંક ખાતે | ૧૦૪૦૦૦ | પટેલ બ્રધર્સેના ઉપલક ખાતે | ૧૧૨૦૦૦ |
| પટેલ બ્રધર્સેના ઉપલક ખાતે (વટાવ) | ૮૦૦૦ | | |
| | **૧૧૨૦૦૦** | | **૧૧૨૦૦૦** |

**પટેલ બ્રધર્સેનું ઉપલક ખાતું**

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| પટેલ બ્રધર્સેના લેણદારો ખાતે | ૧૧૨૦૦૦ | પટેલ બ્રધર્સેના દેવાદારો ખાતે | ૧૫૦૦૦૦ |
| પટેલ બ્રધર્સેના દેવાદારો ખાતે | ૧૨૦૦૦ | પટેલ બ્રધર્સેના લેણદારો ખાતે | ૮૦૦૦ |
| કમિશન ખાતે | ૪૭૬૦ | | |
| બેંક ખાતે | ૧૯૨૪૦ | | |
| બા. આ. લઈ ગયા | ૧૦૦૦૦ | | |
| | **૧૫૮૦૦૦** | | **૧૫૮૦૦૦** |

**જયારે જુના ધંધાના ચોપડા ચાલુ રાખવામાં આવે ત્યારેઃ**

ઉ. ૯ મેસર્સ અનિલ અને મુકેશનું તા. ૩૧મી માર્ચ, ૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છેઃ

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| બેંક ઓવરડ્રાફ્ટ | ૪૦૦૦ | જમીન | ૪૦૦૦૦ |
| પરચૂરણ લેણદારો | ૧૬૦૦૦ | મકાન | ૬૦૦૦૦ |
| ગીરો લોન | ૯૦૦૦૦ | યંત્રો | ૮૦૦૦૦ |
| **મૂડી ખાતા :** | | સ્ટોક | ૨૮૦૦૦ |
| અનિલ | ૧૦૦૦૦૦ | દેવાદારો | ૫૨૦૦૦ |
| મુકેશ | ૧૦૦૦૦૦ | રોકાણો | ૪૦૦૦૦ |
| | | બેંક સિલક | ૧૦૦૦૦ |
| | **૩૧૦૦૦૦** | | **૩૧૦૦૦૦** |

તેઓ નફો નુકસાન સરખે હિસ્સે વેંહ્ચે છે. ૧લી એપ્રીલ ૨૦૧૯ના રોજ નેશનલ જીઓ લિમિટેડ રૂા. ૩૨૦૦૦૦ની કિંમતે આ ધંધો ખરીદી લે છે. ખરીદકિંમત પેટે રૂા. ૧૦નો એક એવા શેર આપવાના હતા, જેના પર રૂા. ૮ ભરપાઈ થયેલ ગણવાના હતા. કંપની રોકાણો અને ગીરો લોન લઈ લેતી નથી. મિલકતોની કિંમત તે નીચે મુજબ આંકે છે.

જમીન રૂા. ૫૫૦૦૦, મકાન રૂા. ૮૦૦૦૦, યંત્રો રૂા. ૭૦૦૦૦, દેવાદારો પર ઘાલખાધ અનામત ૫%, એક કામદારે અકસ્માત અંગે રૂા. ૪૦૦૦ દાવો રજુ કર્યો હતો તે કંપનીએ મંજુર રાખ્યો. રોકાણો પૈકી રૂા. ૬૦૦૦ નકામા છે. ગીરો લોનના લેણદારોએ બાકીનાં રોકાણો અને નેશનલ જીઓના ૭૦૦૦ શેર ચુક્તેના હિસાબે લેવાનું સ્વીકાર્યું, જેના પર રૂા. ૮ ભરપાઈ ગણવાના છે. કંપની પેઢીના હિસાબના ચોપડા ચાલુ રાખે છે. આમનોંધ આપો.

જવાબ : ૯

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|---|
| ૧.૪.૨૦૧૯ | જમીન ખાતે | | ૧૫૦૦૦ | |
| | મકાન ખાતે | | ૨૦૦૦૦ | |
| | તે નફા નુકશાન હવાલા ખાતે | | | ૩૫૦૦૦ |
| ૧.૪.૨૦૧૯ | નફા નુકશાન હવાલા ખાતે | | ૧૬૬૦૦ | |
| | તે યંત્રો ખાતે | | | ૧૦૦૦૦ |
| | તે ઘાલ ખાધ અનામત ખાતે | | | ૨૬૦૦ |
| | તે અકસ્માત દાવા ખાતે | | | ૪૦૦૦ |
| ૧.૪.૨૦૧૯ | નફા નુકશાન હવાલા ખાતે | | ૧૮૪૦૦ | |
| | તે અનિલના મૂડી ખાતે | | | ૯૨૦૦ |
| | તે મુકેશના મૂડી ખાતે | | | ૯૨૦૦ |
| ૧.૪.૨૦૧૯ | પાઘડી ખાતે | | ૫૧૬૦૦ | |
| | તે અનિલના મૂડી ખાતે | | | ૨૫૮૦૦ |
| | તે મુકેશના મૂડી ખાતે | | | ૨૫૮૦૦ |
| ૧.૪.૨૦૧૯ | અનિલના મૂડી ખાતે | | ૩૦૦૦ | |
| | મુકેશના મૂડી ખાતે | | ૩૦૦૦ | |
| | તે રોકાણો ખાતે | | | ૬૦૦૦ |
| ૧.૪.૨૦૧૯ | ગીરો લોન ખાતે | | ૯૦૦૦૦ | |
| | તે રોકાણો ખાતે | | | ૩૪૦૦૦ |
| | તે શેરમૂડી ખાતે | | | ૫૬૦૦૦ |
| ૧.૪.૨૦૧૯ | અનિલના મૂડી ખાતે | | ૧૩૨૦૦૦ | |
| | મુકેશના મૂડી ખાતે | | ૧૩૨૦૦૦ | |
| | તે શેરમૂડી ખાતે | | | ૨૬૪૦૦૦ |
| **નોંધઃ** | ૧. ચોખ્ખી મિલકતો = કુલ મિલકતો (-) દેવા (રૂા. ૨૯૨૪૦૦ - ૨૪૦૦૦) = રૂા. ૨૬૮૪૦૦. કંપનીએ ચોખ્ખી મિલકતો લઈ લીધી અને તે પેટે રૂા. ૩૨૦૦૦૦ ખરીદકિંમત ચૂકવી છે. પાઘડી (રૂા. ૩૨૦૦૦૦ - ૨૬૮૪૦૦) = રૂા. ૫૧૬૦૦. | | | |

| | |
|---|---|
| | ૨. ખરીદ કિંમત પેટે રૂા. ૩૨૦૦૦૦ ની કિંમતના શેર આપવાના છે. રૂા. ૫૬૦૦૦ના શેર ગીરો લોનના લેણદારોને આપ્યા. રૂા. ૨૬૪૦૦૦ના શેર ભાગીદારોને તેમની લેંઅણી રકમ પેટે આપ્યા. |

ઉ. ૧૦ અમિતનું તા. ૧લી જાન્યુઆર, ૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતુંઃ

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| મૂડી | ૩૦૦૦૦૦ | પાઘડી | ૧૨૦૦૦ |
| લેણદારો | ૪૦૦૦૦ | મશીનરી | ૬૦૦૦૦ |
| | | મકાન | ૪૦૦૦૦ |
| | | સ્ટોક | ૪૦૦૦૦ |
| | | દેવાદારો | ૮૮૦૦૦ |
| | | રોકાણો | ૯૦૦૦૦ |
| | | રોકડ | ૧૦૦૦૦ |
| | **૩૪૦૦૦૦** | | **૩૪૦૦૦૦** |

દેવાદારો અને લેણદારો સિવાયની મિલકતો અને જવાબદારીઓ તેની ચોપડે કિંમતે, અમુલ લિમિટેડે લીધા, તેમ છતાં વેચનારના એજન્ટ તરીકે દેવાદારો વસુલ કરવા અને લેણદારો ચુકવવા કંપની સંમત થઈ. આ સેવા પેટે કંપની ધંધો વેચનાર પાસેથી રૂા. ૪૦૦૦ મેળવવા હક્કદાર હતી. કંપની ચુક્તેના હિસાબે ફક્ત રૂા. ૮૨૦૦૦ દેવાદારો પાસેથી વસુલ કરી શકી અને લેણદારોને ચુક્તેના હિસાબે રૂા. ૩૭૦૦૦ ચુકવી આપ્યા.

દરેક રૂા. ૧૦ નો એક એવા ૨૪૪૦૦ ઇકવિટી શેર દ્વારા ખરીદકિંમત ચુકવાઈ. કંપનીના ચોપડે ધંધો વેચનારના દેવાદારોનું એને લેણદારોનું ખાતું તથા ધંધો વેચનારનું ઉપલક ખાતું (કંપનીએ બાકીની રકમ ચુકવી છે તેમ ધારો) બનાવો અને ધંધાની ખરીદીની આમનોંધ લખો તથા નવું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : ૧૦

ખરીદકિંમત = ૨૪૪૦૦ રૂા. ૧૦ = રૂા. ૨૪૪૦૦૦.
ચોખ્ખી મિલકતો = રૂા. ૩૪૦૦૦૦ - (૮૮૦૦૦ - ૧૨૦૦૦ દેવાદારો અને જૂની પાઘડી) = ૨૪૦૦૦૦.
પાઘડી = ખરીદકિંમત (-) ચોખ્ખી મિલકતો = રૂા. ૨૪૪૦૦૦ - ૨૪૦૦૦૦ = રૂા. ૪૦૦૦.

**કંપનીના ચોપડે**

**ધંધો વેચનારના દેવાદારોનું ખાતું**

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| ધંધો વેચનારના ઉપલક ખાતે | ૮૮૦૦૦ | બેંક ખાતે | ૮૨૦૦૦ |
| | | ધંધો વેચનારના ઉપલક ખાતે | ૬૦૦૦ |
| | **૮૮૦૦૦** | | **૮૮૦૦૦** |

**ધંધો વેચનારના લેણદારોનું ખાતું**

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| બેંક ખાતે | ૩૭૦૦૦ | ધંધો વેચનારના ઉપલક ખાતે | ૪૦૦૦૦ |
| ધંધો વેચનારના ઉપલક ખાતે | ૩૦૦૦ | | |
| | **૪૦૦૦૦** | | **૪૦૦૦૦** |

### ધંધો વેચનારનું ઉપલક ખાતું

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| ધંધો વેચનારના લેણદારો ખાતે | ૪૦૦૦૦ | ધંધો વેચનારના દેવાદારો ખાતે | ૮૮૦૦૦ |
| ધંધો વેચનારના દેવાદારો ખાતે (વટાવ - ઘાલખાધ વગેરે) | ૬૦૦૦ | ધંધો વેચનારના લેણદારો ખાતે (વટાવ ) | ૩૦૦૦ |
| કમિશન ખાતે | ૪૦૦૦ | | |
| બેંક ખાતે- હિસાબ ચૂકતે | ૪૧૦૦૦ | | |
| | **૯૧૦૦૦** | | **૯૧૦૦૦** |

### કંપનીનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ઇકવિટી શેરમૂડી : | | પાઘડી ૪૦૦૦<br>(-) કમિશન ૪૦૦૦ | --------- |
| ૨૪૪૦૦ ઈ. શેર દરેક રૂા. ૧૦નો પુરા ભરપાઈ | ૨૪૪૦૦૦ | મશીનરી | ૬૦૦૦૦ |
| | | મકાન | ૪૦૦૦૦ |
| | | સ્ટોક | ૪૦૦૦૦ |
| | | રોકાણો | ૯૦૦૦૦ |
| | | રોકડ | ૧૪૦૦૦ |
| | **૨૪૪૦૦૦** | | **૨૪૪૦૦૦** |

નોંધઃ ૧. પાઘડીની રકમ રૂા. ૪૦૦૦ મળેલ કમિશન રૂા. ૪૦૦૦ સામે માંડી વાળેલ છે, કારણ કે આ કમિશન નિયમિત પ્રકારનું નથી, અને તેથી મૂડી નફો ગણેલ છે. જેનો પાઘડી માંડી વાળવામાં ઉપયોગ થાય.

૨. રોકડ સિલક :

શરૂની રૂા. ૧૦૦૦૦ (+) દેવાદારો પાસેથી રૂા. ૮૨૦૦૦ = રૂા. ૯૨૦૦૦

(બાદ) લેણદારોને રૂા. ૩૭૦૦૦ અને વેચનારને રૂા. ૪૧૦૦૦ = રૂા. ૭૮૦૦૦

રૂા. ૧૪૦૦૦

### ધંધાની ખરીદીની આમનોંધ (કંપનીના ચોપડે)

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|---|
| ૧.૧.૨૦૧૯ | પરચૂરણ મિલકતો ખાતે | | ૨૪૦૦૦૦ | |
| | પાઘડી ખાતે | | ૪૦૦૦ | |
| | તે અમિત ખાતે | | | ૨૪૪૦૦૦ |
| ૧.૧.૨૦૧૯ | અમિત ખાતે | | ૨૪૪૦૦૦ | |
| | તે ઇકવિટી શેરમૂડી ખાતે | | | ૨૪૪૦૦૦ |
| ૧.૧.૨૦૧૯ | કમિશન ખાતે | | ૪૦૦૦ | |
| | તે પાઘડી ખાતે | | | ૪૦૦૦ |

ઉ. ૧૧ અતિક લિમિટેડે, નીરવ બ્રધર્સની રૂા. ૧૨૦૦૦૦૦ની મિલકતો અને રૂા. ૩૦૦૦૦૦ ના દેવાઓ સાથેનો ચાલુ ધંધો રૂા. ૧૦૦૦૦૦૦માં ખરીદ્યો. ખરીદકિંમત ચૂકવણી પેટે રૂા. ૧૦૦૦૦૦રોકડા આપ્યા અને બાકીની રકમ માટે દરેક રૂા. ૧૦૦ નો એક એવા ઇકવિટી શેરો ૨૦% ના પ્રીમિયમ અને રૂા. ૧૦૦ નો એક એવા ૧૨% ના ડિબેન્ચર ૧૦% ના વટાવે અનુક્રમે ૪:૧ ના પ્રમાણમાં આપ્યા. કંપનીના ચોપડે ધંધાની ખરીદી અંગેની આમનોંધો આપો.

જવાબ : ૧૧

૧. અહી ખરીદકિંમત રૂા. ૧૦,૦૦,૦૦૦ આપી દીધી છે. તેથી પાઘડી શોધવાની રેહશે.

ચોખ્ખી મિલકતો= કુલ મિલકતો - દેવા = રૂા. ૧૨૦૦૦૦૦ - ૩૦૦૦૦૦ = રૂા. ૯૦૦૦૦૦.

પાઘડી = ખરીદકિંમત (-) ચોખ્ખી મિલકતો

= રૂા. ૧૦૦૦૦૦૦ (-) રૂા. ૯૦૦૦૦૦

= રૂા.૧૦૦૦૦૦.

૨. ખરીદકિંમતની ચુકવણી = કુલ ખરીદકિંમત (-) રોકડા = રૂા. ૧૦૦૦૦૦૦ - ૧૦૦૦૦૦ = રૂા. ૯૦૦૦૦૦ (શેર + ડિબેન્ચર)

| **રૂા. ૯૦૦૦૦૦** | |
|---|---|
| શેર (૪ ભાગ) | ડિબેન્ચર (૧ ભાગ) |
| ૯૦૦૦૦૦ ૪/૫ = રૂા. ૭૨૦૦૦૦ | ૯૦૦૦૦૦ ૧/૫ = રૂા. ૧૮૦૦૦૦ |
| રૂા. ૧૨૦ ચુક. હોય તો ૧ શેર<br>૭૨૦૦૦૦ ચુક. હોય તો (?) | રૂા. ૯૦ ચુક. હોય તો ૧ ડિબેન્ચર<br>૧૮૦૦૦૦ ચુક. હોય તો (?) |
| ૭૨૦૦૦૦ ૧/૧૨૦ = ૬૦૦૦ શેર | ૧૮૦૦૦૦/૯૦ = ૨૦૦૦ ડિબેન્ચર |
| **૬૦૦૦ શેર રૂા. ૧૦૦ = ૬૦૦૦૦૦ શેરમૂડી** | **૨૦૦૦ ડિબેન્ચર રૂા. ૧૦૦ = રૂા. ૨૦૦૦૦૦**<br>**(-) ૧૦% વટાવ = રૂા. ૨૦૦૦૦** |
| **૬૦૦૦ શેર રૂા. ૨૦ = ૧૨૦૦૦૦ પ્રિમી.** | **ચૂકવણી= રૂા. ૧૮૦૦૦૦** |
| કુલ ચૂકવણીઃ<br>૧. શેરમૂડી = રૂા. ૭૨૦૦૦૦<br>૨. ડિબેન્ચર = રૂા. ૧૮૦૦૦૦<br>૩. રોકડ = રૂા. ૧૦૦૦૦૦<br>**રૂા. ૧૦૦૦૦૦૦** | |

**આમનોંધો**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|---|
| ૧. | ધંધાની ખરીદ ખાતે | | ૧૦૦૦૦૦૦ | |
| | તે નીરવ બ્રધર્સ ખાતે | | | ૧૦૦૦૦૦૦ |
| ૨. | પાઘડી ખાતે | | ૧૦૦૦૦૦ | |
| | પર. મિલકતો ખાતે | | ૧૨૦૦૦૦૦ | |
| | તે દેવા ખાતે | | | ૩૦૦૦૦૦ |
| | તે ધંધાની ખરીદ ખાતે | | | ૧૦૦૦૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | નીરવ બ્રધર્સ ખાતે | | ૧૦૦૦૦૦૦ | |
| | ડિબેન્ચર વટાવ ખાતે | | ૨૦૦૦૦ | |
| | તે બેંક ખાતે | | | ૧૦૦૦૦૦ |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | ૬૦૦૦૦૦ |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | ૧૨૦૦૦૦ |
| | તે ૧૨% નાં ડિબેન્ચર ખાતે | | | ૨૦૦૦૦૦ |

ઉ. ૧૨ અંકુર લિમિટેડે, નયન બ્રધર્સ નો રૂા. ૪૦૦૦૦૦ના દેવાદારો તથા રૂા. ૨૦૦૦૦૦ના લેણદારો સિવાયનો ચાલુ ધંધો ખરીદી લીધો. કંપનીએ પેઢી વતી દેવાદારો વસુલ કરવાનું અને લેણદારોને ચૂકવવાનું કબુલ્યું. બદલામાં દેવાદારો પાસેથી વસુલ કરેલ રકમ પર ૨% લેખે અને લેણદારો પાસેથી મળેલ વટાવના ૫૦% લેખે કમિશન લેશે.

કંપનીએ દેવાદારો પાસેથી રૂા. ૨૦૦૦૦ને ઘાલખાધ અને ૧૦% વટાવ આપ્યા પછી રૂા. ૨૭૦૦૦૦ રોકડ વસુલ કરી, જયારે ૮૦% લેણદારોને ૧૦% વટાવે રકમ ચૂકવી આપી. કંપનીએ એક દેવાદાર પાસેથી રૂા. ૨૦૦૦૦ રોકડમાં વસુલ કર્યાં, જેનું ખાતું અગાઉ ઘાલખાધ તરીકે માંડી વાળેલ હતું. પેઢીની નીકળતી રકમ કંપનીએ ચૂકવી આપી. કંપનીના ચોપડે જરૂરી આમનોંધો આપો.

જવાબ : ૧૨

**આમનોંધો (ઉપલક ખાતાનો દાખલો)**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|---|---|
| ૧. | વેચનારના દેવાદારો ખાતે | | ૪૦૦૦૦૦ | |
| | તે વેચનારના લેણદારો ખાતે | | | ૨૦૦૦૦૦ |
| | તે વેચનારના ઉપલક ખાતે | | | ૨૦૦૦૦૦ |
| ૨. | બેંક ખાતે | | ૨૭૦૦૦૦ | |
| | વેચનારના ઉપલક ખાતે | | ૫૦૦૦૦ | |
| | તે વેચનારના દેવાદારો ખાતે | | | ૩૨૦૦૦૦ |
| | **(જે વેચનારના દેવાદારો પાસેથી રૂા. ૨૭૦૦૦૦ વસુલ કર્યા અને તેમને રૂા. ૩૦૦૦૦ વટાવ આપ્યો તથા રૂા. ૨૦૦૦૦ ઘાલખાધ પડી)** | | | |
| ૩. | બેંક ખાતે | | ૨૦૦૦૦ | |
| | તે વેચનારના ઉપલક ખાતે | | | ૨૦૦૦૦ |
| ૪. | વેચનારના લેણદારો ખાતે | | ૧૬૦૦૦૦ | |
| | તે બેંક ખાતે | | | ૧૪૪૦૦૦ |
| | તે વેચનારના ઉપલક ખાતે | | | ૧૬૦૦૦ |
| | **(જે રૂા. ૨૦૦૦૦૦ ના લેણદારો પૈકી રૂા. ૧૬૦૦૦૦ ના લેણદારોને ૧૦% વટાવે ચૂકવી આપ્યા)** | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | વેચનારના ઉપલક ખાતે | | ૧૩૮૦૦ | |
| | તે કમિશન ખાતે | | | ૧૩૮૦૦ |
| | **(જે વેચનારના દેવાદારો પાસેથી રૂા. ૨૭૦૦૦૦ (+) રૂા. ૨૦૦૦૦ = રૂા. ૨૯૦૦૦૦ ઉઘરાવેલા તેના પર ૨% લેખે રૂા. ૫૮૦૦ અને લેણદારો પાસે મળેલ રૂા. ૧૬૦૦૦ના વટાવ પૈકી ૫૦% લેખે રૂા. ૮૦૦૦ કમિશનનાં લેણા થયા)** | | | |
| ૬. | વેચનારના ઉપલક ખાતે | | ૧૩૨૨૦૦ | |
| | તે બેંક ખાતે | | | ૧૩૨૨૦૦ |
| **નોંધઃ** | **હવે ધંધો વેચનારના ઉપલક ખાતે રૂા. ૪૦૦૦૦ જમા બાકી રહેશે, દેવાદારોની રૂા. ૮૦૦૦૦ની ઉધારબાકી રહેશે અને લેણદારોની રૂા. ૪૦૦૦૦ ની જમા બાકી રહેશે.** | | | |

**સ્વાધ્યાયઃ**

૧. મેસર્સ 'અમર' અને 'કમલ' દ્વારા નીચે આપેલ પાકું સરવૈયું પ્રસ્તુત કરવામાં આવ્યું છે, જેના આધારે તેમનો વ્યવસાય એબી લિમીટેડ દ્વારા ખરીદી લેવામાં આવશે.

મેસર્સ અ અને બ નું

**પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| **મૂડી ખાતાઃ** 'અમર' ૮૦૦૦૦<br>'કમલ' ૬૦૦૦૦ | ૧૪૦૦૦૦ | પાઘડી | ૧૦૦૦૦ |
| 'અમર' લોન | ૩૫૦૦૦ | પ્લાન્ટ અને યંત્રો | ૫૦૦૦૦ |
| લેંણદારો | ૨૫૦૦૦ | જમીન અને મકાન | ૪૦૦૦૦ |
| | | સ્ટોક | ૩૦૦૦૦ |
| | | દેવાદારો | ૪૦૦૦૦ |
| | | રોકડ અને બેંક | ૩૦૦૦૦ |
| | **૨૦૦૦૦૦** | | **૨૦૦૦૦૦** |

કંપની રૂા. ૨૨૫૦૦૦ ચુકવી ને આ ધંધો ખરીદી લે છે પરંતુ કંપની 'અ' ની લોન ની જવાબદારી લેતી નથી. ઉપર ની વિગતો પર થી પાઘડી અથવા મૂડી અનામત ની ગણતરી કરો. જો કંપની રૂા. ૧૫૦૦૦૦ ચુકવી ને આ ધંધો ખરીદી લે તો તમારો જવાબ શું હેશે?

(જવાબઃ ચોખ્ખી મિલકતો = રૂા. ૧૯૦૦૦૦- રૂા. ૨૫૦૦૦ = રૂા. ૧૬૫૦૦૦, પાઘડી રૂા. ૬૦૦૦૦ અને મૂડી અનામત રૂા. ૧૫૦૦૦).

૨. 'એક્ષ', 'વાય' અને 'જેડ' એકજ પ્રકારનો ધંધો કરે છે અને તેમને એક ખાનગી કંપનીની સ્થાપના કરી ધંધાની મિલકતો અને જવાબદારીઓ ૧લી જાન્યુઆરી થી લઈ લેવાનું નક્કી કર્યું છે. કંપનીની શેરમૂડી રૂા. ૧૫૦૦૦૦ એ ૧૫૦૦૦, ઇકવિટી શેર રૂા. ૧૦ નો એક ની બનેલી છે, જે ત્રણે ભાગીદારોને તેમના હકના પ્રમાણમાં વેહેચવામાં આવશે.

આગલા દિવસે તેમના મિલકત અને જવાબદારીઓ ની સ્થિતિ નીચે મુજબ છેઃ

'એક્ષ' - સ્ટોક રૂા. ૨૫૦૦૦, દેવાદારો રૂા. ૫૩૦૦૦, રોકડ અને બેંક રૂા. ૧૫૦૦૦, લેણદારો રૂા. ૪૨૦૦૦, દેવી હુંડી રૂા. ૧૬૦૦૦ અને અનામત ભંડોળ રૂા. ૧૪૦૦૦.

'વાય' - સ્ટોક રૂા. ૧૧૦૦૦, દેવાદારો રૂા. ૧૨૦૦૦, લેણી હુંડી રૂા. ૪૫૦૦, રોકડ અને બેંક રૂા. ૬૦૦૦, લેણદારો રૂા. ૯૫૦૦, અને દેવી હુંડી રૂા. ૬૫૦૦.

'જેડ' - સ્ટોક રૂા. ૨૨૭૦૦, દેવાદારો રૂા. ૨૬૫૦૦, લેણી હુંડી રૂા. ૨૪૫૦૦, બેંક ઓવરડ્રાફ્ટ રૂા. ૪૨૦૦, લેણદારો રૂા. ૧૧૫૦૦, અને દેવી હુંડી રૂા. ૫૫૦૦ .

ઉપરની વિગતો પર થી ધંધાની ખરીદકિંમત ની ગણતરી અને ફાળવણી કરો.

(જવાબઃ કુલ મિલકતો 'એક્ષ' રૂા. ૯૩૦૦૦, 'વાય' રૂા. ૩૩૫૦૦ અને 'જેડ' રૂા. ૭૩૭૦૦ , કુલ દેવાઓ 'એક્ષ' રૂા. ૫૮૦૦૦, 'વાય' રૂા. ૧૬૦૦૦ અને 'જેડ' રૂા. ૨૧૨૦૦, ચોખ્ખી મિલકતો 'એક્ષ' રૂા. ૩૫૦૦૦, 'વાય' રૂા. ૧૭૫૦૦ અને 'જેડ' રૂા. ૫૨૫૦૦ અને ખરીદકિંમતની ફાળવણી (૨:૧:૩) 'એક્ષ' રૂા. ૫૦૦૦૦, 'વાય' રૂા. ૨૫૦૦૦ અને 'જેડ' રૂા. ૭૫૦૦૦).

૩. મેસર્સ કરણ બ્રધર્સના નામથી ધંધો કરતી એક ભાગીદારી પેઢીનું તા. ૩૧.૩.૨૦૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છેઃ

**પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| **મૂડી ખાતાઃ**<br>અ ૨૫૦૦૦<br>બ ૧૫૦૦૦ | ૪૦૦૦૦ | પેટન્ટ | ૧૫૦૦ |
| સામાન્ય અનામત | ૨૦૦૦ | પાઘડી | ૩૫૦૦ |
| લેંણદારો | ૫૦૦૦ | યંત્રો | ૨૮૦૦૦ |
| બેંક લોન | ૬૦૦૦ | મોટરકાર | ૭૫૦૦ |
| દેવીહુંડી | ૪૦૦૦ | સ્ટોક | ૫૦૦૦ |
| | | રોકડ અને બેંક | ૫૦૦૦ |
| | | અગાઉથી ચુકવેલ ખર્ચ | ૨૫૦૦ |
| | | જાહેરાત ઉપલક ખાતું | ૪૦૦૦ |
| | **૫૭૦૦૦** | | **૫૭૦૦૦** |

તા. ૧.૪.૨૦૧૯ના રોજ પેઢીનો ધંધો બાજી લિ. એ નીચેની શરતોએ ખરીદી લે છેઃ

૧. ખરીદકિંમત રૂા. ૪૦૦૦૦ નક્કી કરવામાં આવી.

૨. ખરીદકિંમત પેટે કંપની પેઢીને રૂા. ૧૦નો એક એવા ૨૫૦૦ ઇકવિટી શેર રૂા. ૧૫ના ભાવે આપે છે અને બાકીની રકમ રોકડમાં ચુકવે છે.

૩. કંપની પેઢીની મોટરકાર તથા દેવી હુંડી સ્વીકારાતી નથી.

૪. યંત્રોની કિંમત રૂા. ૨૫૦૦૦ આંકવામાં આવે છે. જયારે પેટન્ટસની કિંમત શુન્ય ગણવામાં આવે છે.

૫. કંપનીઓ બાકીના ૨૫૦૦ ઇકવિટી શેર જાહેર પ્રજા માટે રૂા. ૫ ના પ્રીમિયમથી બહાર પાડ્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો તથા તા. ૧.૪.૨૦૧૯ ના રોજનું પાકું સરવૈયું તૈયાર કરો.

(જવાબઃ ચોખ્ખી મિલકતો = રૂા. ૨૬૫૦૦, પાઘડી રૂા. ૧૩૫૦૦, ખરીદકિંમત રૂા. ૪૦૦૦૦, પાકું સરવૈયું મિલકતો અને દેવા રૂા. ૮૬૦૦૦ આગાઉથી ચુકવેલ ખર્ચ એ અવાસ્તવિક મિલકત નથી, પણ લેંઅણુ છે, તેથી લઈ લીધેલ મિલકતોમાં તેનો સમાવેશ કરચો છે અને જાહેરાત ઉપલક ખાતું અવાસ્તવિક મિલ્કત છે, તેથી લેધેલ મેલ્ક્તોમાં તેનો સમાવેશ કર્યો નથી).

૪. મણીશંકર લી. નું ૧.૧.૨૦૧૯ના રોજ રૂા. ૨૫૦૦૦૦ની સતાવાર થાપણ કે જે રૂા. ૧૦નો એક એવા ૧૦૦૦૦ ૧૦% ના ક્યું. પ્રેફરન્સ શેર તથા રૂા. ૧૦નો એક એવા ૧૫૦૦૦ ઇકવિટી શેરની બનેલી છે, તે મણીશંકર લી.ની પેઢીનો ધંધો ખરીદવા માટે સ્થાપવામાં આવી, જેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| મણીની મૂડી | ૧૫૦૦૦૦ | જમીન અને મકાન | ૫૦૦૦૦ |
| શંકરની મૂડી | ૧૦૦૦૦૦ | પ્લાન્ટ અને યંત્રો | ૩૫૦૦૦ |
| અનામત ભંડોળ | ૩૦૦૦૦ | ફર્નિચર અને ફિટિંગસ | ૫૦૦૦ |
| લેંણદારો | ૨૦૦૦૦ | પેટન્ટ્સ | ૧૫૦૦૦ |
| | | સ્ટોક | ૪૦૦૦૦ |
| | | દેવાદારો ૨૫૦૦૦<br>(-) ઘા. અનામત ૫૦૦ | ૨૪૫૦૦ |
| | | રોકડ અને બેંક સિલક | ૫૫૦૦ |
| | ૩૦૦૦૦૦ | | ૩૦૦૦૦૦ |

કંપની તરફથી પેઢીને ધંધાની મિલકતો તેમજ દેવાના અવેજ પેટે રૂા. ૧૦નો એક એવા ૧૦૦૦૦ ઇકવિટી શેર તથા રૂા. ૧૦નો એક એવા ૬૦૦૦ પ્રેફરન્સ શેર પુરેપુરા ભરપાઈ થયેલ આપવામાં આવ્યા, જયારે બાકીના બધાજ શેર જાહેર જનતા માટે બહાર પાડવામાં આવ્યા. બધાજ શેર ભરાઈ ગયા અને ફક્ત ૫૦૦ ઇકવિટી શેરપર શેરદીઠ રૂા. ૩ સિવાય બધીજ રકમ પુરેપુરી મળી ગઈ. ઉપરની વિગતો ધ્યાનમાં લઈને કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો તથા કંપનીનું શરૂઆતનું પાકું સરવૈયું તૈયાર કરો.

(જવાબઃ ચોખ્ખી મિલકતો = રૂા. ૨૮૦૦૦૦, મૂડી અનામત = રૂા. ૧૨૦૦૦૦, ખરીદકિંમત રૂા.૧૬૦૦૦૦, પાકું સરવૈયું મિલકતો અને દેવા રૂા. ૩૮૮૫૦૦).

૫. મેસર્સ રમેશ અને કમલેશ નો ધંધો ખરીદવા માટે ૧લી જાન્યુઆરી, ૨૦૧૯નાં રોજ મિતેશ લિમીટેડ રૂા. ૧૦નો એક એવા ૫૦૦૦ ઇકવિટી શેરમાં વહેચાયેલી રૂા. ૫૦૦૦૦ની સત્તાવાર મુડીથી સ્થાપવામાં આવી. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૮ ના રોજ મેસર્સ રોમલ અને સોમિલનું પાકું સરવૈયું નીચે મુજબ હતુંઃ

**પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| **મૂડી :** | | જમીન અને મકાન | ૨૪૦૦૦ |
| રમેશની ૩૦૦૦૦ | | સાંચા અને યંત્રો | ૧૦૦૦૦ |
| કમલેશની ૨૨૦૦૦ | ૫૨૦૦૦ | સ્ટોક | ૧૨૦૦૦ |
| શ્રીમતી રમેશની લોન | ૩૦૦૦ | દેવાદારો | ૧૧૬૦૦ |
| લેંણદારો | ૧૧૦૦૦ | લેંણીહુંડી | ૩૨૦૦ |

| | | | |
|---|---|---|---|
| દેવીહુંડી | ૭૦૦૦ | રોકાણો | ૨૪૦૦ |
| | | બેંક સિલક | ૪૮૦૦ |
| | **૬૮૦૦૦** | | **૬૮૦૦૦** |

નીચેની શરતોએ ધંધો ખરીદવામાં આવ્યોઃ

૧. જમીન અને મકાન તથા સ્ટોક અનુક્રમે રૂા. ૨૫૦૦૦ તથા રૂા. ૧૦૦૦૦ની કીમતે લેવા, જયારે બાકીની મિલકતો ચોપડે દર્શાવેલ કીમતે લેવી.

૨. પેઢીની પાઘડીની કિંમત રૂા. ૫૦૦૦ આંકવી.

૩. પેઢીએ શ્રીમતી રોમલની લોન ચૂકવવી અને કંપનીએ બીજી જવાબદારીઓ લઈ લેવી. જેમાં લેણદારોએ રૂા. ૭૫૦૦માં લીધા

૪. પેઢીએ ખરીદકિંમત પેટે રૂા. ૧૦ નો એક એવા પુરેપુરા ભરપાઈ થયેલા ૨૫૦૦ ઈકવિટી શેર ૨૦% પ્રીમિયમથી, રૂા. ૨૫૦૦૦ની કિંમતના રીડીમેબલ ડીબેન્ચર અને બાકીની રોકડ આપવી.

કંપનીએ બાકીના ઈકવિટી શેર જાહેર જનતા માટે ૨૦% પ્રીમિયમે બહાર પાડ્યા અને બધાજ શેર ભરપાઈ થયા. ફક્ત ૨૫૦ ઈકવિટી શેર પર રૂા. ૩ લેખે છેલ્લા હપતા સિવાય બધીજ રકમ પુરેપુરી ભરપાઈ થઈ ગઈ. આ શેરજપ્ત કરવામાં આવ્યા અને ૨૦% ના વટાવે પુરેપુરા ભરપાઈ થયેલ લેખે ફરીથી બહાર પાડવામાં આવ્યા. નવી કંપનીના ચોપડે ઉપરના વ્યવહારો આમનોંધમાં લખો અને પાકું સરવૈયું તૈયાર કરો.

(જવાબઃ ચોખ્ખી મિલકતો = કુલ મિલકતો રૂા. ૭૨૦૦૦, કુલ દેવા રૂા. ૧૪૫૦૦, ખરીદકિંમત રૂા.૫૭૫૦૦, ખરીદકિંમતની ચુકવણીઃ ૧. ઈક. શેર (૨૫૦૦ શેર રૂા.૧૨)= ૩૦૦૦૦, ૨. રિડી. ડિબેન્ચર = ૨૫૦૦૦, ૩. રોકડ=૨૫૦૦, પાકું સરવૈયું મિલકતો અને દેવા રૂા. ૧૦૦૭૫૦ અને બેંક ખાતાની બાકી રૂા. ૩૩૫૫૦).

૬. ચમન અને ચીમનને તા. ૩૧.૩.૨૦૧૯ ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| **મૂડી ખાતા :** | | પાઘડી | ૪૦૦૦ |
| ચમન ૩૦૦૦૦<br>ચીમન ૨૦૦૦૦ | ૫૦૦૦૦ | મકાન | ૪૫૦૦૦ |
| સામાન્ય અનામત | ૧૧૦૦૦ | યંત્રો | ૧૨૫૦૦ |
| આનંદની લોન | ૧૨૦૦૦ | સ્ટોક | ૧૭૫૦૦ |
| બેંક લોન | ૫૦૦૦૦ | દેવાદારો ૧૭૫૦૦<br>બાદઃ ઘાલ. અના. ૧૫૦૦ | ૧૬૦૦૦ |
| લેંણદારો | ૧૭૫૦૦ | લેંણીહુંડીઓ | ૮૫૦૦ |
| કારીગર બચત ખાતાં | ૩૦૦૦ | રોકાણો | ૭૦૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૭૦૦૦ | રોકડ અને બેંક | ૧૨૦૦૦ |
| કારીગર અકસ્માત વળતર ફંડ | ૬૦૦૦ | | |
| | **૧૨૨૫૦૦** | | **૧૨૨૫૦૦** |

ઉપરનો ધંધો ખરીદવા માટે ચુલબુલ લિ. ની સ્થાપના કરવામાં આવી, જેની સત્તાવાર થાપણ ૧૫૦૦૦ ઈકવિટી શેર, દરેક રૂા. ૧૦નો એક દેવામાં વહેંચાયેલી હતી. ધંધાની ખરીદીની શરતો નેચે મુજબ છેઃ

૧. પેઢીની પાઘડીની કિંમત રૂા. ૫૨૫૦ આંકવામાં આવી.
૨. આનંદની લોન સિવાયની બધી જ જવાબદારી કંપનીએ સ્વીકારી.
૩. કંપનીએ રૂા. ૪૦૦૦ની રોકડ સિવાયની પેઢીની તમામ મિલકતો લીધી.
૪. મિલકતોની કિંમત નીચે મુજબ આંકવામાં આવીઃ
   i. કાયમી મિલકતો ચોપડે દર્શાવેલ કિંમત કરતાં ૨૦% વધુ કિંમતે લેવાની છે.
   ii. સ્ટોક ચોપડે દર્શાવેલ કીમત કરતાં ૨૦% ઓછી કિંમતે લેવાનો છે.
   iii. દેવાદારો ઘાલખાધ અનામતની ૧૦% પ્રમાણેની જોગવાઈ સાથે લેવાના છે.
૫. પેઢીનો વિસર્જન ખર્ચ રૂા. ૫૦૦ કંપનીએ ભોગવવાનો છે.
૬. ધંધાની ખરીદકિંમત પેટે પુરેપુરા ભરાયેલ ૫૦૦૦ ઈક્વીટી શેર, ૧૦% પ્રીમિયમ , ૧૨%નાં ૨૦૦ ડીબેન્ચર, દરેક રૂા. ૧૦૦નો ૧૦% વટાવે અને બાકીની રકમ રોકડામાં ચુકવવાની છે.
૭. બાકીના શેરો જાહેર જનતા માટે ૧૦%ના પ્રીમિયમે બહાર પાડ્યા અને બધા જ પુરેપુરા ભરાઈ ગયા.
૮. કંપનીનો પ્રાથમિક ખર્ચ રૂા.૬૦૦ થયો.

ઉપરના વ્યવહારો નોંધવા માટે અનમોલ લિ.ના ચોપડામાં જરૂરી આમનોંધ લખો અને નવી કંપનીનું શરૂઆતનું પાકું સરવૈયું તૈયાર કરો.

(જવાબઃ ચોખ્ખી મિલકતો = કુલ મિલકતો રૂ૧૨૭૫૦૦ , કુલ દેવા રૂા. ૫૨૫૦૦ = ૭૫૦૦૦+ વિ. ખર્ચ રૂા. ૫૦૦ = ૭૫૫૦૦, ખરીદકિંમત રૂા. ૭૫૫૦૦, ખરીદકિંમતની ચુકવણીઃ ૧.ઈક. શેર (૫૦૦૦ શેર રૂા.૧૦) = ૫૦૦૦૦, ૧૦% લેખે રૂા.૧ પ્રીમિયમ = ૫૦૦૦, ૨. ડિબેન્ચર (૨૦૦ રૂા. ૧૦૦) ૨૦૦૦૦ (-) ૧૦% વટાવ ૨૦૦૦= ૧૮૦૦૦, ૩. રોકડ(?) =૨૫૦૦, પાઘડી રૂા. ૫૭૫૦,પાકું સરવૈયું મિલકતો અને દેવા રૂા. ૨૩૭૫૦૦).

### ધંધો વેચનાર વતી દેવાદારો તથા લેણદારો લેવાઃ

૭. તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૮ થી શ્રી કીર્તિનો ધંધો કિરીટ લી. એ ખરીધો . કંપનીએ રૂા. ૧૨૦૦૦૦ ના દેવાદારો સિવાય બધી મિલકતો લઈ લીધી, પરંતુ ધંધો વેચનારના વતી દેવાદારોના નાણાંઉઘરાવી આપવાનું તથા એ નાંણામાંથી ધંધો વેચનારના રૂા. ૪૦૦૦૦ ના લેંણદારોને ચુકવવાનું કબુલ કર્યું. આ કાર્ય બદલ દેવાદારો પાસેથી વસુલ કરેલ રકમ પર ૩% અને લેણદારોને ચુકવેલ પર ૧% લેખે કમિશન આપવાનું છે.

દેવાદારો પાસેથી ફક્ત રૂા. ૧૧૬૦૦૦નાં નાણા વસુલ થયાં, જયારે બધાંજ લેણદારોને ૫%ના રોકડ વટાવે ચૂકવી દેવામાં આવ્યાં. કંપનીએ વેચનારને લેંણી રકમ રોકડેથી ચુકવી દીધી.

ઉપરની વિગતો પરથી કંપનીના ચોપડે આમનોંધો તથા ખાતાં તૈયાર કરો.

(જવાબઃ આમનોંધ આપવી, ચુકવવાની રકમ રૂા. ૩૮૬૦ - (૩૪૮૦+ ૩૮૦) = રૂા. ૭૪૧૪૦, ધંધો વેચનારના દેવાદારોનું ખાતું, ધંધો વેચનારના લેણદારોનું ખાતું અને ધંધો વેચનારનું ઉપલક ખાતું બનાવવું).

૮. તા. ૧.૪.૨૦૧૮ના રોજ જીનલ કંપની લિમિટેડે શાહ બ્રધર્સનો ચાલુ ધંધો ખરીધો. કંપનીએ રૂા. ૩૭૫૦૦ના દેવાદારો સિવાય અન્ય મિલકતો ખરીદી. કંપનીએ શાહ બ્રધર્સના દેવાદારો પાસેથી લેણી રકમ પેઢી વતી ઉઘરાવવાનું તથા મળેલા નાંણામાંથી રૂા. ૨૮૦૦૦ લેણદારોને ચૂકવી આપવાનું કબુલ કર્યું. તા. ૩૧.૩.૨૦૧૯ સુધીમાં દેવાદારો પાસેથી નાંણા વસુલ કરતાં રૂા. ૧૨૫૦ વટાવ

આપ્યો અને રૂા. ૧૭૫૦ ધાલખાધ થઈ. તે તારીખે હજુ રૂા. ૨૫૦૦ના દેવાદારો વસુલ કરવાના બાકી છે. શાહ બ્રધર્સના લેણદારોને નાંણા ચુકવતી વખતે રૂા. ૨૦૦૦ વટાવ મળી શક્યો હતો. દેવાદારો પાસેથી ઉઘરાવેલ રકમ પ્ર ૨.૫% લેખે અને લેણદારોને ચૂકવેલ રકમ પર ૧.૫% લેખે કમિશન મેળવવા કંપની હકદાર છે. તા. ૩૧.૩.૨૦૧૯ના રોજ કમિશનની રકમ બાદ જતાં શાહ બ્રધર્સની લેણી રકમ કંપનીએ ચૂકવી આપી.

ઉપરની વેગ્તોને આધારે જીનલ કંપની લિમિટેડના ચોપડે આમનોંધ આપો અને શાહ બ્રધર્સના ઉપલક ખાતા સહિત જરૂરી ખાતાં તેયાર કરો.

(જવાબઃ આમનોંધ આપવી, શાહ બ્રધર્સના દેવાદારોનું ખાતું (રૂા. ૨૫૦૦), શાહ બ્રધર્સના લેણદારોનું ખાતું ( રૂા. ૨૮૦૦૦) અને શાહ બ્રધર્સના ઉપલક ખાતું (રૂા. ૨૫૦૦) બનાવવું). ફર્નિચર રૂા. ૧૧૯૦ (૮૦૦ +૩૯૦) કંપનીને ચૂકવણી રૂા. ૪૮૧૦.

**જયારે જુના ધંધાના ચોપડા ચાલુ રાખવામાં આવે ત્યારેઃ**

૯. મેસર્સ કેયોન અને રેયોનનું તા. ૩૧મી માર્ચ, ૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છેઃ

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| બેંક ઓવરડ્રાફ્ટ | ૨૦૦૦ | જમીન | ૧૦૦૦૦ |
| પરચૂરણ લેણદારો | ૪૦૦૦ | મકાન | ૧૫૦૦૦ |
| ગીરો લોન | ૨૨૫૦૦ | યંત્રો | ૨૦૦૦૦ |
| **મૂડી ખાતા :** | | સ્ટોક | ૭૦૦૦ |
| કેયોન | ૨૫૦૦૦ | દેવાદારો | ૧૩૦૦૦ |
| રેયોન | ૨૫૦૦૦ | રોકાણો | ૧૦૦૦૦ |
| | | બેંક સિલક | ૨૫૦૦ |
| | **૭૭૫૦૦** | | **૭૭૫૦૦** |

તેઓ નફો નુકસાન સરખે હિસ્સે વેંહ્ચે છે. ૧લી એપ્રીલ ૨૦૧૯ના રોજ એઓન લિમિટેડ રૂા. ૮૦૦૦૦ની કિંમતે આ ધંધો ખરીદી લે છે. ખરીદકિંમત પેટે રૂા. ૧૦નો એક એવા શેર આપવાના હતા, જેના પર રૂા. ૮ ભરપાઈ થયેલ ગણવાના હતા. કંપની રોકાણો અને ગીરો લોન લઈ લેતી નથી. મિલકતોની કિંમત તે નીચે મુજબ આંકે છે.

જમીન રૂા. ૧૩૭૫૦, મકાન રૂા. ૨૦૦૦૦, યંત્રો રૂા. ૧૭૫૦૦ , દેવાદારો પર ઘાલખાધ અનામત ૫%, એક કામદારે અકસ્માત અંગે રૂા. ૧૦૦૦ દાવો રજુ કર્યો હતો તે કંપનીએ મંજુર રાખ્યો. રોકાણો પૈકી રૂા. ૧૫૦૦ નકામા છે. ગીરો લોનના લેણદારોએ બાકીનાં રોકાણો અને ૧૭૫૦ શેર ચુક્તેના હિસાબે લેવાનું સ્વીકાર્યું , જેના પર રૂા. ૮ ભરપાઈ ગણવાના છે. કંપની પેઢીના હિસાબના ચોપડા ચાલુ રાખે છે. આમનોંધ આપો.

(જવાબઃ (૧) ચોખ્ખી મિલકતો = કુલ મિલકતો (-) દેવા (રૂા. ૭૩૧૦૦ - ૭૦૦૦) = રૂા. ૬૬૧૦૦, કંપનીએ ચોખ્ખી મિલકતો લઈ લીધી અને તે પેટે રૂા. ૮૦૦૦૦ ખરીદકિંમત ચૂકવી છે. માટે પાઘડી (રૂા. ૮૦૦૦૦ - ૬૬૧૦૦) = રૂા. ૧૩૯૦૦.

(૨) ખરીદ કિંમત પેટે રૂા. ૮૦૦૦૦ ની કિંમતના શેર આપવાના છે, રૂા. ૧૪૦૦૦ના શેર ગીરો લોનના લેણદારોને આપ્યા. (લેણદારો ગીરો લોનનાં રૂા. ૨૨૫૦૦ - રોકાણો ૮૫૦૦ ) રૂા. ૬૬૦૦૦ ના શેર ભાગીદારોને તેમની લેણી રકમ પેટે આપ્યા).

૧૦. રોહનનું તા. ૧લી જાન્યુઆર, ૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતુંઃ

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| મૂડી | ૭૫૦૦૦ | પાઘડી | ૩૦૦૦ |
| લેણદારો | ૧૦૦૦૦ | મશીનરી | ૧૫૦૦૦ |
| | | મકાન | ૧૦૦૦૦ |
| | | સ્ટોક | ૧૦૦૦૦ |
| | | દેવાદારો | ૨૨૦૦૦ |
| | | રોકાણો | ૨૨૫૦૦ |
| | | રોકડ | ૨૫૦૦ |
| | ૮૫૦૦૦ | | ૮૫૦૦૦ |

દેવાદારો અને લેણદારો સિવાયની મિલકતો અને જવાબદારીઓ તેની ચોપડે કિંમતે, સુમુલ લિમિટેડે લીધા, તેમ છતાં વેચનારના એજન્ટ તરીકે દેવાદારો વસુલ કરવા અને લેણદારો ચુકવવા કંપની સંમત થઈ. આ સેવા પેટે કંપની ધંધો વેચનાર પાસેથી રૂા. ૧૦૦૦ મેળવવા હક્કદાર હતી. કંપની ચુક્તેના હિસાબે ફક્ત રૂા. ૨૦૫૦૦ દેવાદારો પાસેથી વસુલ કરી શકી અને લેણદારોને ચુક્તેના હિસાબે રૂા. ૯૨૫૦ ચુકવી આપ્યા.

દરેક રૂા. ૧૦ નો એક એવા ૬૧૦૦ ઇકવિટી શેર દ્વારા ખરીદકિંમત ચુકવાઈ. કંપનીના ચોપડે ધંધો વેચનારના દેવાદારોનું એને લેણદારોનું ખાતું તથા ધંધો વેચનારનું ઉપલક ખાતું (કંપનીએ બાકીની રકમ ચુકવી છે તેમ ધારો) બનાવો અને ધંધાની ખરીદીની આમનોંધ લખો તથા નવું પાકું સરવૈયું તૈયાર કરો.

(જવાબઃ ચોખ્ખી મિલકતો = રૂા. ૮૫૦૦૦ - ૨૨૦૦૦ - ૩૦૦૦ = રૂા. ૬૦૦૦૦, ખરીદકિંમત = ૬૧૦૦ રૂા. ૧૦= રૂા. ૬૧૦૦૦. પાઘડી (રૂા. ૬૧૦૦૦ - ૬૦૦૦૦) = રૂા. ૧૦૦૦. ધંધો વેચનારના દેવાદારોનું ખાતું, ધંધો વેચનારના લેણદારોનું ખાતું અને ધંધો વેચનારનું ઉપલક ખાતું બનાવવું , પાકું સરવૈયું મિલકતો અને દેવા રૂા. ૬૧૦૦૦).

૧૧. તારક લિમિટેડ, નમન બ્રધર્સે ની રૂા. ૩૦૦૦૦૦ની મિલકતો અને રૂા. ૭૫૦૦૦ ના દેવાઓ સાથેનો ચાલુ ધંધો રૂા. ૨૫૦૦૦૦માં ખરીદ્યો. ખરીદકિંમત ચૂકવણી પેટે રૂા. ૨૫૦૦૦ રોકડા આપ્યા અને બાકીની રકમ માટે દરેક રૂા. ૧૦૦ નો એક એવા ઇકવિટી શેરો ૨૦% ના પ્રીમિયમ અને રૂા. ૧૦૦ નો એક એવા ૧૨% ના ડીબેન્ચર ૧૦% ના વટાવે સ્નુક્રમે ૪:૧ ના પ્રમાણમાં આપ્યા. કંપનીના ચોપડે ધંધાની ખરીદી અંગેની આમનોંધો આપો.

(જવાબઃ ચોખ્ખી મિલકતો = રૂા. ૩૦૦૦૦૦ - ૭૫૦૦૦ = રૂા. ૨૨૫૦૦૦, પાઘડી = ૨૫૦૦૦૦ - ૨૨૫૦૦૦= રૂા.૨૫૦૦૦.

ખરીદકિંમતની ચુકવણી = કુલ ખરીદકિંમત (-) રોકડા = રૂા. ૨૫૦૦૦૦ - ૨૫૦૦૦ = રૂા. ૨૨૫૦૦૦ (શેર + ડિબેન્ચર)

કુલ ચૂકવણીઃ ૧. શેરમૂડી = રૂા. ૧૮૦૦૦૦ ૨. ડિબેન્ચર= રૂા. ૪૫૦૦૦ ૩. રોકડ = રૂા. ૨૫૦૦૦ = રૂા. ૨૫૦૦૦૦).

૧૨. નોમન લિમિટેડે, સોમાણી બ્રધર્સેનો રૂા. ૧૦૦૦૦૦ના દેવાદારો તથા રૂા. ૫૦૦૦૦ના લેણદારો સિવાયનો ચાલુ ધંધો ખરીદી લીધો. કંપનીએ પેઢી વતી દેવાદારો વસુલ કરવાનું અને લેણદારોને ચૂકવવાનું કબુલ્યું. બદલામાં દેવાદારો પાસેથી વસુલ કરેલ રકમ પર ૨% લેખે અને લેણદારો પાસેથી મળેલ વટાવના ૫૦% લેખે કમિશન લેશે.

કંપનીએ  દેવાદારો પાસેથી રૂા. ૫૦૦૦ ને ઘાલખાધ અને ૧૦% વટાવ આપ્યા પછી રૂા. ૬૭૫૦૦ રોકડ વસુલ કરી, જયારે ૮૦%  લેણદારોને ૧૦% વટાવે રકમ ચૂકવી આપી. કંપનીએ એક  દેવાદાર પાસેથી રૂા. ૫૦૦૦ રોકડમાં વસુલ કર્યાં, જેનું ખાતું અગાઉ ઘાલખાધ તરીકે માંડી વાળેલ હતું. પેઢીની નીકળતી રકમ કંપનીએ ચૂકવી આપી. કંપનીના ચોપડે જરૂરી આમનોંધો આપો.

(જવાબઃ આમનોંધો (ઉપલક ખાતા નો દાખલો જે વેચનારના દેવાદારો પાસેથી રૂા. ૬૭૫૦૦ વસુલ કર્યા અને તેમને રૂા. ૭૫૦૦ વટાવ આપ્યો તથા રૂા. ૫૦૦૦ ઘાલખાધ પડી,  રૂા. ૫૦૦૦૦ ના લેણદારો પૈકી રૂા. ૪૦૦૦૦ના  લેણદારોને ૧૦% વટાવે ચૂકવી આપ્યા, વેચનારના દેવાદારો પાસેથી રૂા. ૬૭૫૦૦ (+) રૂા. ૫૦૦૦ = રૂા. ૭૨૫૦૦ ઉઘરાવેલા તેના પર ૨% લેખે રૂા. ૧૪૫૦  અને લેણદારો પાસે મળેલ રૂા. ૪૦૦૦ના વટાવ પૈકી ૫૦% લેખે રૂા. ૨૦૦૦ કમિશનનાં લેણા થયા, હવે ધંધો વેચનારના ઉપલક ખાતે રૂા. ૧૦૦૦૦ જમા બાકી રહેશે, દેવાદારોની રૂા.૨૦૦૦૦ ની ઉધારબાકી રહેશે  અને લેણદારોની રૂા. ૧૦૦૦૦ ની જમા બાકી રહેશે).

## પ્રકરણઃ ૨

# કંપનીની નોંધણી (સ્થાપના) પહેલાંનો નફો


૨.૧ પ્રાસ્તાવિક

૨.૨ નોંધણી પહેલાંનો નફો કે નુકસાન

૨.૩ જાહેર કંપની અંગે તારીખનો વિવાદ

૨.૪ નોંધણી પહેલાંનો નફો (કે નુકસાન) શોધવાની રીત

૨.૫ કેટલાક વીશીષ્ટ મુદ્દાઓ

૨.૬ યાદ રાખવા જેવા વિશીષ્ટ મુદ્દાઓ

૨.૭ વેચાણનું પ્રમાણ

૨.૮ નોંધણી પહેલાંના નફાનો ઉપયોગ

૨.૯ નોંધણી પહેલાંના અને પછીના નફાની વહેચણી દર્શાવતું પત્રક

૨.૧૦ ઉદાહરણો

૨.૧૧ સ્વાધ્યાય

## ૨.૧ પ્રાસ્તાવિક :

કંપનીની સ્થાપના માટે કોઈ પણ કંપનીને ભારતના ૧૯૫૬ના અને હવે ૨૦૧૩ના કંપની ધારા મુજબ નોંધાવવી પડે છે. તેની સ્થાપના માટે કંપનીના રજિસ્ટ્રારને જરૂરી દસ્તાવેજો અને ફી મોકલીને 'નોંધણીનું અથવા સ્થાપનાનું પ્રમાણપત્ર' મેળવવું પડે છે.

જોઈન્ટ સ્ટોક કંપનીની જયારે સ્થાપના કરવામાં આવે ત્યારે તેનો ઉદેશ કાં તો કોઈ ચાલુ ધંધો ખરીદી લેવાનો હોય અથવા નવો ધંધો ચાલુ કરવાનો હોય છે. જો કંપની કોઈ ચાલુ ધંધો ખરીદવા સ્થાપવામાં આવે તો સ્થાપકો ધંધો અમુક તારીખથી ખરીદી લે છે અને કંપની સ્થાપવાની વિધિ કરતાં સમય લાગે છે અને તેથી કંપની મોડેથી અસ્તિત્વમાં આવે છે. આ સંજોગોમાં કંપની અસ્તિત્વમાં આવે તે પેહેલા ધંધાએ નફો કર્યો હોય તો તે નોંધણી પહેલાનો નફો કેહવાય છે.

જો જાહેર કંપની હોય તો તેને નોંધણી કે સ્થાપનાના પ્રમાણપત્ર ઉપરાંત અમુક શરતોનું પાલન કરી 'ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મેળવવું પડે છે. જયારે ખાનગી કંપની હોય તો તે નોંધણી કે સ્થાપનાના પ્રમાણપત્ર મેળવીને તરત ધંધો શરૂ કરી શકે છે, તેને ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મેળવવાની જરૂર નથી.

જાહેર કંપનીને નોંધણીનું પ્રમાણપત્ર મળ્યા પછી તે અમુક શરતોનું પાલન કરે તો તેને ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ શરતો નીચે મુજબ છેઃ

(૧) તેણે ઓછામાં ઓછા લઘુતમ ભરણા જેટલાં શેર મંજુર કરેલા હોવા જોઈએ.

(૨) અન્ય શેરહોલ્ડરોએ પોતે ખરીદેલ શેર પર જે રકમ ભરી હોય તેટલી રકમ કંપનીના ડિરેક્ટરોએ પોતે ધારણ કરેલા શેર પર ભરી હોવી જોઈએ.

(૩) માન્ય શેરબજારમાં પોતાના શેર કે ડિબેન્ચરની લે-વેચ માટેની અરજી નહિ કરવાને કારણે અથવા અરજી નામંજુર થવાને કારણે શેર પર મળેલ અરજીનાં નાણાં પાછાં આપવાં પડે એવી પરીસ્થિતિ ઉપસ્થિત થઈ હોવી નજોઈએ.

(૪) આ અંગે કંપની ધારાની બધી જોગેવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે એવી મતલબનું જાહેરનામું કંપનીના ડિરેક્ટર કે સેક્રેટરીએ આપ્યું હોવું જોઈએ.

જયારે કોઈ કંપની શેરમૂડી અંગે ખાનગી વ્યવસ્થા કરી લે અને પરિણામે વિજ્ઞાપનપત્ર બહાર નહિ પાડે તો કંપનીએ ફક્ત ઉપરની (૨) અને (૪) શરતોનું જ પાલન કરવાનું રહેશે. વળી કંપની ધારાના ૧૯૬૫ના સુધારાથી એવું ઠરાવવામાં આવ્યું છે કે જાહેર કે ખાનગી કઈ પણ શેરમૂડી વાળી કંપનીએ પોતાના મુખ્ય હેતુ સિવાયના અન્ય હેતુને લગતું કામકાજ શરૂ કરવું હોય તો સામાન્ય સભામાં તે અંગે ખાસ ઠરાવ પસાર કરવો પડશે તેમ જ આવો ઠરાવ રજિસ્ટ્રારને મોકલી આપવાનો રેહશે.

## ૨.૨ નોંધણી પહેલાંનો નફો કે નુકસાન :

જોઈન્ટ સ્ટોક કંપની કોઈ ચાલુ ધંધો ખરીદી લેવા સ્થાપવામાં આવી હોય ત્યારે કેટલીક વાર સ્થાપકો ધંધાની ખરીદીનો કરાર કંપનીની નોંધણી પહેલા પણ કરે છે. કોઈ પણ ધંધો ખરીદવો હોય તો તેના હિસાબી વર્ષની શરૂઆતથી જ ખરીદવો વધુ અનુકુળ બને છે. કારણ કે તેના છેલ્લા પાકા સરવૈયાને આધારે તે ધંધાની ખરીદકિંમત નક્કી કરવી વધુ સરળ બને છે. પરંતુ તે માટે સ્થાપવામાં આવેલી કંપની ની સ્થાપનની વિધિ (નોંધણીની વિધિ) પૂરી થતાં સમય લાગે છે. જયારે ધંધો તો હિસાબી વર્ષની શરૂઆતથી જ ખરીદી લીધો હોય છે. તેથી ધંધાની એ ખરીદ તારીખથી, તે કંપની અસ્તિત્વમાં આવે (કે તેને સ્થાપવાનું નોંધણીનું પ્રમાણપત્ર મળે) તે તારીખ સુધીના સમય દરમિયાન, ધંધો ચાલુ રહે અને તેના પરિણામે નફો કે નુકસાન તો

થાય જ. આ નફો કે નુકસાન ધંધાની મિલકતો અને દેવા સાથે કંપની ને મળે છે એટલે કરારની તારિખથી જ ધંધાનો નફો કંપનીનો નફો ગણાય છે અને તે સમય દરમિયાન નુકસાન હોય તો પણ સ્વીકારવાની જવાબદારી કંપનીની છે. આમ ધંધાની ખરીદી અને કંપની ની સ્થાપના એ બે વચ્ચેના સમય દરમિયાન જો ધંધો ચાલુ રાખવામાં આવે અને તે સમય દરમિયાન જે નફો (કે નુકસાન) થાય તેને કંપની ની સ્થાપના પહેલાનો નફો કે નુકસાન કેહવાય છે.

ટુકમાં ધંધો ખરીદ્યા તારીખ અને કંપનીને સ્થાપવાનું પ્રમાણપત્ર મળ્યાની તારીખ વચ્ચેનો નફો (કે નુકસાન) નોંધણી પહેલાંનો નફો (કે નુકસાન) કહેવાય છે.

દા.ત. એક ખાનગી કંપનીના સ્થાપકોએ તા. ૧.૧.૨૦૧૯ ના રોજ એક ભાગીદારી પેઢીનો ચાલુ ધંધો ખરીદી લે અને તે કંપનીને તા. ૧.૪.૨૦૧૯ ના રોજ સ્થાપનાનું પ્રમાણપત્ર મળે તો તા. ૧.૧.૨૦૧૯ (ધંધો ખરીધા તારીખ) થી તા. ૧.૪.૨૦૧૯ (સ્થાપનાનું પ્રમાણપત્ર મળ્યા તારિખ) સુધી ૩ માસ સ્થાપના પેહલાંનો સમય ગણાય અને આ સમય દરમિયાન થયેલો નફો સ્થાપના પહેલાનો નફો કહેવાય. આ નફો (કે નુકસાન) સામાન્ય નફો (કે નુકસાન) કરતાં જુદો ગણાય છે. કારણ કે તે નફો કંપની અસ્તિત્વમાં આવી તે પહેલાં કમાયેલો છે. માટે તેને મૂડીનફો કહેવાય છે. તે નફામાંથી શેરહોલ્ડરોને ડિવિડન્ડ વેંહેચી શકાશે નહિ. કારણ કે તે સમય દરમિયાન કંપની અસ્તિત્વમાં હતી જ નહિ. એટલે જે કંપનીની હયાતી જ ન હોય તે નફો કેવી રીતે કમાઈ શકે? આમ આ સમય નો નફો કંપનીને મળે, છતાં તે ધંધાનો ચાલુ નફો કહેવાય નહિ અને તેમાંથી ડિવિડન્ડ વહેંચી શકાય નહિ.

**૨.૩ જાહેર કંપની અંગે તારીખનો વિવાદ :**

જાહેર કંપનીની બાબતમાં નોંધણીનું પ્રમાણપત્ર મળ્યાની તારીખ ગણવી કે ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મળ્યાની તારીખ ગણવી તે અંગે મતભેદો પ્રવર્તે છે. જુદા જુદા લેખકો આ અગે જુદો જુદો અભિપ્રાય આપે છે.

**શ્રી જે. આર. બાટલીબોયઃ** ડિવિડન્ડ તરીકે વેંહેચી શકાય એવો નફો એ ગણશે કે જે જાહેર કંપનીની બાબતમાં ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મળ્યા પછી મળેલો ગણાય.

**શ્રીયુત ડી પોલા અને ડી પોલા :** વ્યવહારમાં ઘણે ભાગે ઉપયોગમાં લેવાતી તારીખ નોંધણી પહેલાની તારિખ છે. છતાં લેખક માને છે કે, જે તારીખે કંપની વેચાણનો કરાર મંજુર કરે તે તારીખ નોંધણી પહેલાનો નફો ગણવા માટે ગણવી વધુ યોગ્ય અને સાચી છે.

**શ્રી વિલિયમ પિકલસઃ** તેમના 'એકાઉન્ટટેન્સી' પુસ્તકમાં લખે છે કે, ધંધો શરૂ કરવાની તારિખ ફક્ત કાયદાની વિધિ સંતોષવા માટે જ છે. એટલે નોંધનીતારીખ જ ધ્યાનમાં લેવી.

**શ્રી બી. એન. ટંડન :** નોંધણી પહેલાનો નફો ગણવાની તારીખ નોંધણીની તારીખ ગણવી અને નહિ કે ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મળ્યા તારીખ.

**શ્રીયુત સ્પાઈસર અને પેગ્લરઃ** તેમના 'પ્રેક્ટિકલ ઓડિટીંગ' પુસ્તકમાં જણાવે છે કે, 'આ કિસ્સાઓમાં વિભાજનની તારીખ નોંધણીની તારીખ ગણવી અને જાહેર કંપનીની બાબતમાં ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મળ્યાની તારીખ ગણાવી નહિ, કારણ કે આ પ્રમાણપત્ર એક વાર મળે એટલે કાયદેસર રીતે ધંધો શરૂ કરવાની સત્તા તેની નોંધણીની તારીખથી લાગુ પડે છે.

ઉપરના વિવિધ અભિપ્રાયો જોતા એવું સ્પષ્ટ કહી શકાય કે જાહેર કંપનીના નોંધણી પહેલાના ને પછીના નફાનું વિભાજન કરવા 'નોંધણી કે સ્થાપનાનું પ્રમાણપત્ર મળ્યાની તારીખ જ ધ્યાનમાં લેવી વધુ યોગ્ય લાગે છે.

(આથી જાહેર કંપનીની બાબતમાં ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મળ્યાની તારીખ ધ્યાનમાં લેવી જોઈએ નહિ.)

દા.ત., એક જાહેર કંપની તા. ૧.૧.૨૦૧૯ના રોજ એક ભાગીદારી પેઢીનો ચાલુ ધંધો ખરીદી લે છે. તે કંપની ને તા. ૧.૪.૨૦૧૯ન રોજ સ્થાપનાનું પ્રમાણપત્ર મળે છે અને તા. ૧.૬.૨૦૧૯ના રોજ ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મળે છે તો તા. ૧.૧.૨૦૧૯ (ધંધો ખરીધા તારીખ) થી તા. ૧.૪.૨૦૧૯ (સ્થાપનાનું પ્રમાણપત્ર મળ્યા તારીખ) સુધીનો ૩ માસનો સમય સ્થાપના પહેલાનો સમય છે અને આ સમય દરમિયાન થયેલ નફો સ્થાપના પહેલાનો નફો ગણાય.

(નોંધઃ જે કંપની નવો ધંધો શરૂ કરવા માટે સ્થાપવામાં આવી હોય તે કંપની ની બાબતમાં, સ્થાપના પહેલાનો નફો કે નુકસાનનો આવો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. કારણ કે સ્થાપનાનું પ્રમાણપત્ર મળ્યા પહેલાં એ કંપની જો ખાનગી કંપની હોય તો ધંધો શરૂ કરી શક્તિ નથી અને જો જાહેર કંપની હોય તો ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મળ્યા પહેલાં, ધંધો શરૂ કરી શકતી નથી.)

## ૨.૪ નોંધણી પહેલાંનો નફો (કે નુકસાન) શોધવાની રીત :

કંપનીની નોંધણી પહેલાંનો નફો (કે નુકસાન) શોધવાની ત્રણ રીતો છેઃ

(અ) નોંધણી પહેલાં અને પછીના સમયનું અલગ વેપારખાતું અને નફા-નુકસાન ખાતું તૈયાર કરવાની પધ્ધતિ.

(બ) આખા વર્ષનું વેપાર અને નફા-નુકસાન ખાતું ભેગું તૈયાર કરી, જે ચોખ્ખો નફો આવે તેને સમયના પ્રમાણમાં કે વેચાણના પ્રમાણમાં ફાળવવાની પદ્ધતિ.

(ક) કાચો નફો બંને સમય દરમિયાન થયેલા વેચાણ મુજબ ફાળવી જુદા જુદા ખર્ચાઓની ફાળવણી કરવાની પદ્ધતિ.

## ૨.૪ (અ) નોંધણી તારીખે નફા-નુકસાન ખાતું તૈયાર કરવું :

સ્થાપના પહેલાંનોનફો શોધવાની આ પદ્ધતિ અનુસાર સ્થાપનાની તારીખે હાથ પરના માલના સ્ટોકની કિંમત આંકવામાં આવે તો સ્થાપના પહેલાંના સમયનું વેપાર ખાતું અને નફા નુકસાન ખાતું તૈયાર થઈ શકે અને તેના પરથી સ્થાપના પહેલાંના નફા નુકસાન ખાતા મુજબ જે ચોખ્ખો નફો મળે તેને સ્થાપના પહેલાંનો નફો કેહવામાં આવે છે.

(આ રીતનો બહુ ઉપયોગ થતો નથી, કારણ કે સ્થાપનાના પ્રમાણપત્રની તારીખે હાથ પરના સ્ટોકની કિંમત ગણવાનું કામ મુશ્કેલ છે. એટલે વર્ષની અધવચ્ચે આવી છેવટના સ્ટોકની ગણતરી વ્યવહારમાં થતી નથી. જો છેવટના સ્ટોકની કિંમત મળી શકે નહિ, તો સ્થાપનની તારીખે વેપાર ખાતું અને નફા-નુકસાન ખાતું બનાવી શકાય નહિ. આમ વ્યવહારુ મુશ્કેલીઓને લીધે આ રીત વધુ ચોક્કસ હોવા છતાં, ઉપયોગમાં લેવાતી નથી.)

## ૨.૪ (બ) આખા વર્ષનું નફા-નુકસાન ખાતું તૈયાર કરવું :

આ બીજી પદ્ધતિ મુજબ આખા વર્ષનું વેપાર અને નફા નુકસાન ખાતું બનાવવામાં આવે છે. નોંધણી પહેલાંના કે નોંધણી પછીના વ્યવહારો અલગ બતાવવામાં આવતા નથી, પરંતુ છેવટે જે ચોખ્ખો નફો આવે તેને નોંધણી પહેલાંના અને નોંધણી પછીના સમય વચ્ચે અમુક ધોરણે વહેંચી દેવામાં આવે છે.

(૧) **સમયના પ્રમાણમાંઃ** સામાન્ય રીતે ચોખ્ખો નફો કે નુકસાન સમયના પ્રમાણમાં વહેંચી દેવામાં આવે છે. દા.ત., એક ધંધો ૧લી જાન્યુઆરીના રોજ ખરીધો હોય અને કંપની ની સ્થાપના ૧લી એપ્રિલના રોજ

થઈ હોય અને તા. ૩૧મી ડિસેમ્બરના રોજ પુરા થતા વર્ષનો ચોખ્ખો નફો રૂા. ૪૮૦૦૦ હોય તો સમયના પ્રમાણમાં નોંધણી પહેલાંના ત્રણ માસનો નફો રૂા. ૧૨૦૦૦ અને નોંધણી પછીના નવ માસનો નફો રૂા. ૩૬૦૦૦ ગણાય.

**(૨) વેચાણના પ્રમાણમાંઃ** ઘણી વખત આ રીતે આખા વર્ષનો નફો શોધી બે સમયના વેચાણના પ્રમાણમાં તેને વહેચવામાં આવે છે. દા.ત., નોંધણી પહેલાંનું વેચાણ રૂા. ૨ લાખ હોય અને સ્થાપના પછીનું વેચાણ રૂા. ૧૦ લાખ હોય તો વેચાણનું પ્રમાણ ૧:૫ ગણાય તે પ્રમાણે કુલ રૂા. ૪૮૦૦૦ નફા પૈકી, નોંધણી પહેલાંનો નફો રૂા. ૮૦૦૦ ગણાય અને નોંધણી પછીનો નફો રૂા. ૪૦૦૦૦ ગણાય.

(નોંધઃ ઉપરની બંને પધ્ધતિઓ, બે સમયનું સાચું પરિણામ દર્શાવી શકતી નથી. ચોખ્ખો નફો દરેક મહિને એકસરખો થતો નથી, અમુક સીઝનમાં વેચાણ વધુ થાય તો નફો વધુ પણ થાય, એટલે સમય પ્રમાણે ફાળવણી કરવી યોગ્ય નથી. તે પ્રમાણે ફક્ત વેચાણ પ્રમાણે ફાળવણી કરવી પણ યોગ્ય નથી, કારણ કે કેટલાક ખર્ચા ફક્ત સમયના પ્રમાણમાં થાય છે. દા.ત., પગાર, ભાડું વગેરે. એટલે સમયને પણ યોગ્ય મહત્વ આપવું જોઈએ. આમ બંને પદ્ધતિ વ્યવહારમાં ઉપયોગમાં લેવાતી નથી.)

**૨.૪ (ક) પ્રથમ હિસાબી વર્ષને અંતે કાચો નફો (કે નુકસાન) બંને સમયના વેચાણના પ્રમાણમાં ફાળવી અને પછી જુદા જુદા ખર્ચા અંગેની વેચાણ કે અન્ય પ્રમાણમાં ફાળવણી :**

સ્થાપના પહેલાનો નફો (કે ખોટ) શોધવાની ઉપરની બંને પદ્ધતિઓની ખામી દુર કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે સ્થાપના પહેલાંનો નફો (કે ખોટ) શોધવાની આ એક પ્રચલિત અને ભરોસાપાત્ર પદ્ધતિ છે.

આ પદ્ધતિ અનુસાર સૌ પ્રથમ કંપનીનો વેપાર ખાતા મુજબનો કાચો નફો બંને સમયના (સ્થાપના પહેલાં અને પછીના) વેચાણના પ્રમાણમાં વહેંચી નાખવામાં આવે છે. ત્યાર પછી દરેક સમયના કાચા નફામાંથી તે સમયના મહેસુલી ખર્ચાઓ સમય કે વેચાણના કે અન્ય કોઈ યોગ્ય ધોરણે ફાળવી બાદ કરવામાં આવે છે. જયારે મહેસુલી આવક હોય તો બંને સમય વચ્ચે યોગ્ય ધોરણે ફાળવી કાચા નફામાં ઉમેરવામાં આવે છે.

નીચેના મુદ્દાઓ કાચો નફો, ધંધાના મહેસુલી ખર્ચાઓ અને આવકોની ફાળવણી કરતી વખતે ધ્યાનમાં રાખવા :

(૧) કાચો નફો બંને સમયના વેચાણના પ્રમાણમાં ફાળવવામાં આવશે.

(૨) ઓફીસ, વહીવટી કે નાણાંકીય ખર્ચાઓ જેવા કે ઓફીસખર્ચાઓ, પગાર, ભાડું, કરવેરા, વીમો, છપામણી અને સ્ટેશનરી, તારટપાલ, ટેલીફોન ખર્ચ, ચૂકવેલ વ્યાજ, મિલકતો નો ઘસારો વગેરે સમયના પ્રમાણમાં ફાળવી બંને ગાળાના કાચા નફા માં થી બાદ કરવાં. આવી રીતે જો આ પ્રકારની આવક થઈ હોય તો તેને પણ બંને ગાળાના સમયના પ્રમાણમાં ફાળવી બંને સમયના કાચા નફામાં ઉમેરવી. દા.ત., મળેલ ભાડું, મળેલ વ્યાજ, મળેલ ડિવિડન્ડ વગેરે.

(૩) વેચાણને લગતા ખર્ચાઓ જેવા કે જાહેરાત ખર્ચ, જાવક માલનું ગાડીભાડું (વેચાણ પર ગાડીભાડું), ગ્રાહકોને આપેલા વટાવ, સેલ્સમેનોનો મુસાફિર ખર્ચ, કમિશન, ભાડું-ભથ્થું તથા ઘાલખાધ વેચાણના પ્રમાણમાં ફાળવી બંને ગાળાના કાચા નફામાંથી બાદ કરવાં આવી જ રીતે આવક હોય તો તેને પણ વેચાણના પ્રમાણમાં ફાળવી અને કાચા નફામાં ઉમેરવી.

(૪) અમુક પ્રકારના ખર્ચાઓ એવા છે કે ફક્ત કંપનીને નોંધણીનું પ્રમાણપત્ર મળ્યા પહેલાંના સમયને લગતા હોય છે. તેને (સમય કે વેચાણના પ્રમાણમાં ન ફાળવતા) સીધેસીધા સ્થાપના પહેલાંના કાચા નફામાંથી બાદ કરવામાં આવે છે. દા.ત., નોંધણી પહેલાંના સમય દરમિયાન ધંધાના સંચાલન બદલ સંચાલક કે વેચનારને આપેલ મહેનતાણું, વેચનાર વ્યક્તિને આપેલું વ્યાજ. આવી જ રીતે કોઈ આવક એવી હોય કે જે ફક્ત નોંધણી પહેલાંના સમયને લગતી જ હોય તો તેને નોંધણી પહેલાંના કાચા નફામાં ઉમેરવામાં આવે છે. દા.ત., મિલકત નોંધણી પહેલાં વેચવામાં આવી હોય અને તેમાંથી નફો થયો હોય તો તે.

(૫) અમુક પ્રકારના ખર્ચાઓ કંપની ની નોંધણી પછીના સમયને જ લગતા હોય છે. તેને (સમય કે વેચાણના પ્રમાણમાં ફાળવતા) સીધેસીધા સ્થાપના પછીના કાચા નફામાંથી બાદ કરવામાં આવે છે.

દા.ત., પ્રાથમિક ખર્ચ, ડિરેક્ટર ફી, ડિબેન્ચર વ્યાજ, સ્થાપના ખર્ચ અને કંપનીને નોંધણીનું પ્રમાણપત્ર મળ્યા પછીથી ધંધાની કિંમત ચુકવ્યા તારીખ સુધીનું ચુકવેલ વ્યાજ.

આવી જ રીતે કેટલીક આવકો એવી હોય કે જે સ્થાપના પછીના સમયને જ લગતી હોય તો તેને ફાળવવાને બદલે નોંધણી પછીના કાચા નફામાં ઉમેરવામાં આવે છે. દા.ત., શેર ફેરબદલીની ફી તથા સ્થાપના પછી ફર્નિચર કે મશીનરી જેવી મિલકત વેચતાં થયેલ નફો સ્થાપના પછીના કાચા નફામાં ઉમેરવામાં આવે છે.

| **નોંધણી પહેલાંનો નફો ગણતરીની રીતો** |
|---|
| (૧) નોંધણીની તારીખનું નફા નુકસાન ખાતું બનાવી નોંધણી પહેલાનો નફો શોધી કાઢવો. |
| (૨) આખા વર્ષનું માટે નફા-નુકસાન ખાતું બનાવી ચોખ્ખો નફો શોધી કાઢવો. |
| i. તેને સમયના પ્રમાણમાં ફાળવવો અથવા |
| ii. તેને વેચાણના પ્રમાણમાં ફાળવવો |
| (૩) આખા વર્ષનો કાચો નફો શોધવો. |
| i. આ કાચો નફો વેચાણના પ્રમાણમાં ફાળવવો. |
| ii. આખા વર્ષના ખર્ચા બંને મુદત વચ્ચે ફાળવી કાચા નફામાંથી બાદ કરી બંને મુદતનો ચોખ્ખો નફો શોધવો. |

| **ત્રીજી રીત** |
|---|
| (કાચો નફો ફાળવી નોંધણી પહેલાનો નફો શોધવો) |
| (૧) પહેલા આખા વર્ષનો નફો શોધો. |
| (૨) આ કાચો નફો બંને મુદત વચ્ચે વેચાણના પ્રમાણમાં ફાળવવો. |
| (૩) દરેક મુદતના ખર્ચા નીચે મુજબ ફાળવી તેને કાચા નફામાંથી બાદ કરોઃ |
| (અ) સમયના પ્રમાણમાં ચુકવવાના ખર્ચા સમયના પ્રમાણમાં ફાળવવા. |
| (બ) વેચાણના પ્રમાણમાં ચુકવવાના ખર્ચા વેચાણના પ્રમાણમાં ફાળવવા. |
| (ક) નોંધણી પછીના ખર્ચા તે મુદતના કાચા નફામાંથી બાદ કરવા. |
| (ડ) નોંધણી પહેલાંના ખર્ચા સ્થાપના પહેલાંના કાચા નફામાંથી બાદ કરો. |

## **૨.૫ કેટલાક વિશીષ્ટ મુદ્દાઓઃ**

**(૧) ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર :** જાહેર કંપનીની બાબતમાં નોંધણી પહેલાંના સમયના નફાની ગણતરી માટે નોંધણીનું પ્રમાણપત્ર મળ્યા તારીખ ધ્યાનમાં લેવી કે ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મળ્યા તારીખ ધ્યાનમાં લેવી? આ અંગે અગાઉ ચર્ચા કરવામાં આવી છે. (નોંધઃ જાહેર કંપનીના નોંધણી પહેલાના ને પછીના નફાનું વિભાજન કરવા '**નોંધણી કે સ્થાપનાનું પ્રમાણપત્ર મળ્યાની તારીખ જ ધ્યાનમાં લેવી.**')

**(૨) ઘાલખાધ :** દાખલામાં ઘાલખાધ કે ડૂબેલું લેંણુ આપેલું હોય તો તેની ફાળવણી નીચે મુજબ કરવી.

i. દાખલામાં ફક્ત ઘાલખાધ ની જ રકમ આપી હોય અને તેની બાબતમાં અન્ય કોઈ સુચના ન હોય તો તે વેચાણને લગતો ખર્ચ ગણી વેચાણના પ્રમાણમાં ફાળવવો જોઈએ.

ii. જો ઉધાર વેચાણની વિગત આપી હોય તો આ બે રકમો કુલ વેચાણના પ્રમાણમાં નહિ ફાળવતા ફક્ત ઉધાર વેચાણના પ્રમાણમાં ફાળવવી જોઈએ. (જો ઉધાર વેચાણની વિગત ન આપી હોય તો પછી કુલ વેચાણના પ્રમાણમાં ફાળવવી જોઈએ).

iii. જો દાખલામાં ઘાલખાધ આપી હોય અને સ્પષ્ટ રીતે જણાવ્યું હોય કે ઘાલખાધની અમુક રકમ નોંધણી પહેલાંની કે કંપનીએ લીધેલા દેવાદારો પેંકીની છે , તો સુચના પ્રમાણે તેટલી રકમ નોંધણી પહેલાં લેવી અને બાકીની રકમ કંપની ની સ્થાપના પછી ગણવી.

**(૩) ઘાલખાધ અનામત કે દેવાદારો ઉપર વટાવ અનામતઃ** ઘાલખાધ અનામત કે સંશચિત લેંણા અનામત કે ડૂબતનિધિ કે વટાવ અનામત જો દાખલામાં આપેલ હોય તો તેને બે રીતે વહેંચી શકાયઃ

**(અ) પહેલી રીત** - એવું માની શકાય કે હજી બંને ગાળાના દેવાદારોની બાકિઓં ઉભી છે તો ઘાલખાધ અનામત વેચાણના પ્રમાણમાં ફાળવી શકાય.

**(બ) બીજી રીત** - એવું માની કે જુના ધંધાના દેવાદારોની ઉઘરાણી આપેલ ઘાલખાધ સાથે પતિ ગઈ છે અને જે વર્ષને અંતે પરચૂરણ દેવાદારોની બાકી છે તે સ્થાપના પછીની છે, તો તે ઘાલખાધ અનામત સ્થાપના પછીના સમયની કેહવાય, એટલે તેને વેચાણ પ્રમાણમાં ફાળવવી નહિ.

(નોંધઃ સામાન્ય સંજોગોમાં હિસાબી વર્ષને અંતે મોટા ભાગના દેવાદારો નોંધણી પછીના વેચાણને લગતા હોવાની શક્યતા છે. જો દાખલામાં દેવાદારો ના સમય અંગે ની સ્પષ્ટતા ન હોય તો, બધા દેવાદારો છેલ્લા છ માસના છે તેમ માની ઘાલખાધ અનામત કે વટાવ અનામતને નોંધણી પછીના જ સમયના લગતા ગણવામાં આવે છે).

**(૪) સેલ્સમેનનો પગાર :** 'સેલ્સમેનના પગાર' ની ફાળવણી બંને સમયના પ્રમાણમાં કરવી અને 'સેલ્સમેનનું ભથ્થું', 'સેલ્સમેનનું ભથ્થું અને કમિશન' અથવા 'સેલ્સમેનનો પ્રવાસ-ખર્ચ' એવા શબ્દો વાપર્યા હોય તો તેને વેચાણના પ્રમાણમાં ફાળવવા.

**(૫) ખરીદ કિંમત પરનું વ્યાજઃ** જો સ્થાપના તારીખ પહેલાં જ ખરીદકિંમત પરનું વ્યાજ ચુકવી દેવામાં આવ્યું હોય તો તેને ફાળવણી સ્થાપના પહેલાંના ખર્ચ તરીકે થાય. પણ જો ખરીદકિંમત પરનું વ્યાજ સ્થાપના પછીની કોઈ તારીખે ચુકવાયું હોય તો તે તારીખને ધ્યાનમાં રાખી સ્થાપના પહેલાંના સમય અને પછીના સમયનું પમાણ શોધી કાઢી તે સમયને આધારે ખરીદકિંમત પર વ્યાજની ફાળવણી કરવી.

**(૬) ઓડિટ ફી :** ઓડિટ ફી ને બંને સમયના પ્રમાણમાં વહેંચી શકાય છે. (ઓડિટર નોંધણી પહેલાં અને પછીના સમયના હિસાબો ઓડીટ કરે છે અને તે પ્રમાણે ઓડીટ ફી નક્કી થાય છે).

(૭) **પાઘડી :** જો દાખલામાં નફા-નુકસાન ખાતામાં પાઘડીની માંડી વાળેલી રકમ આપેલી હોય છે. જો નોંધણી પહેલાંના સમયમાં નફો પુરતો હોય તો માંડી વાળેલી પાઘડીની રકમ તે નફા સામે જ માંડી વાળવી વાજબી છે. (નોંધઃ કારણ કે નોંધણી પહેલાંનો નફો મૂડીનફો છે અને મૂડીનફા સામે મૂડીનુકસાન માંડી વાળવું વધુ વાજબી છે).

**૨.૬ યાદ રાખવા જેવા વિશીષ્ટ મુદ્દાઓઃ**

**વિશીષ્ટ મુદ્દાઓ**

| | **મુદાઓ** | **હિસાબોમાં કેવી રીતે બતાવવા** |
|---|---|---|
| ૧. | **જાહેર કંપની માટે** | નોંધણીનું પ્રમાણપત્ર મળ્યા તારીખ ધ્યાનમાં લેવી. |
| ૨. | **ઘાલખાધ** | ૧. ઉધાર વેચાણના પ્રમાણમાં ફાળવવી. |
| | | ૨. ઉધાર વેચાણના ન આપ્યું હોય તો કુલ વેચાણના પ્રમાણમાં ફાળવવી. |
| | | ૩. કંપની એ ધંધો ખરીદતાં લીધેલ દેવાદારો પૈંકીની ઘાલખાધ આપી હોય તો નોંધણી પહેલાં લેવી. |
| ૩. | **ઘાલખાધ અનામત** | નોંધણી પછીના સમય માટે ગણવી. |
| ૪. | **સેલ્સ્મેનનો પગાર** | સમયના પ્રમાણમાં ફાળવવો. |
| ૫. | **સેલ્સ્મેનનું ભથ્થું અને કમિશન** | વેચાણના પ્રમાણમાં ફાળવવું. |
| ૬. | **ખરીદ કિંમત પર વ્યાજ** | જયારે ચુકવાય તે તારીખ સુધીની મુદતના પ્રમાણમાં ફાળવવું. |
| ૭. | **ઓડિટ ફી** | સમયના પ્રમાણમાં ફાળવવો. |
| ૮. | **પાઘડી** | પત્રકમાં બતાવવી નહિ પરંતુ નોંધણી પહેલાંના નફામાંથી માંડી વાળવી. |

**૨.૭ વેચાણનું પ્રમાણ :**

આપેલ દાખલાઓમાં વેચાણનું પ્રમાણ શોધવું ખુબજ મહત્વનું છે. આ અંગે નીચેના મુદાઓ બરાબર સમજવા જરૂરી છે :

૧. જયારે દાખલામાં નોંધણી પહેલાંના અને પછીના સમયનું જુદું જુદું વેચાણ આપી દીધું હોય તો કાચા નફાની ફાળવણી તે પ્રમાણેના વેચાણના પ્રમાણમાં કરવી.

૨. જયારે દાખલામાં બંને સમયના વેચાણના આંકડા અલગ આપવામાં આવતા નથી પરંતુ આડકતરી રીતે તેના પ્રમાણનો ઉલ્લેખ હોય છે, ત્યારે આપેલી સૂચનાને આધારે પ્રમાણ શોધી કાઢવાનું હોય છે.

૩. જયારે દાખલામાં બંને સમયના વેચાણના અંગે માસિક સરેરાશ વેચાણનો ઉલ્લેખ કરવામાં આવે છે, ત્યારે એક સમયનું માસિક સરેરાશ વેચાણ ધારી લેવું અને બીજા સમયનું માસિક સરેરાશ વેચાણ શોધી કાઢવું. તેને આધારે નોંધણી પહેલાંના સમયનું કુલ વેચાણ શોધી કાઢવું અને તે જ રીતે નોંધણી પછીના સમયનું કુલ વેચાણ શોધી કાઢવું. તે બનેનું પ્રમાણ દાખલા માટે ઉપયોગમાં લેવું.

૪. જયારે દાખલામાં નોંધણી પહેલાંના અને નોંધણી પછીના વેચાણ અંગે સ્પષ્ટ ઉલ્લેખ હોતો નથી અને વર્ષના જુદા જુદા મહિનાઓના વેચાણનો અલગ ઉલ્લેખ હોય છે, ત્યારે વર્ષના દરેક માસનું વેચાણ

અલગ શોધવું ત્યાર પછી નોંધણી પહેલાંના મહિનાઓના વેચાણનો સરવાળોકરવો અને નોંધણી પછીના મહિનાઓના વેચાણનો સરવાળો કરવો. આમ કરવાથી બંને સમયનું કુલ વેચાણ મળશે અને પ્રમાણ શોધાશે.

૫. જ્યારે દાખલામાં વર્ષના સરેરાશ માસિક વેચાણ સાથે જુદા જુદા મહિનાઓનું વેચાણ સરખાવવામાં આવે છે, ત્યારે વર્ષનું કુલ વેચાણ ૧૨ ધારવું, અને ૧ માસનું સરેરાશ વેચાણ ૧ ધારવું તેને આધારે જુદા જુદા મહિનાઓનું વેચાણ ગણવું.

**૨.૮ નોંધણી પહેલાંના નફાનો ઉપયોગ :**

ધંધો ખરીદ્યા તારીખ અને કંપનીને નોંધણીનું પ્રમાણપત્ર મળ્યા તારીખ સુધીના સમયના નફાને કંપનીની નોંધણી પહેલાંનો નફો (કે નુકસાન) કેહવામાં આવે છે.

**(અ) નોંધણી પહેલાં નફો હોય તો :** કંપની ને ધંધાની ખરીદ તારિખથી નોંધણી (સ્થાપના)ની તારીખ સુધી થયેલો નફો મૂડી - નફો ગણાય છે. (મૂડી - નફો ડિવિડંડ વહેચવાના ઉપયોગમાં લઈ શકાય નહિ.

**આ નફાનો ઉપયોગ :**

(૧) પાઘડી, પ્રાથમિક ખર્ચ, ડિબેન્ચર વટાવ વગેરે અદ્રશ્ય મિલકતો ને માંડી વાળવા માટે ઉપયોગ થઈ શકે છે.

(૨) વેચનાર વ્યક્તિને ખરીદકિંમત પર આપવામાં આવેલું વ્યાજ લખી વાળવામાં થઈ શકે છે.

(૩) ધંધાની દ્રશ્ય મિલકતોની ચોપડે દર્શાવેલ કિંમત હાલની તેની બજાર કિંમત કરતાં ખુબ વધુ હોય તો તે માંડી વાળવામાં થઈ શકે.

(૪) અન્ય પ્રકારનું કોઈ પણ મૂડી - નુકસાન માંડી વાળવામાં પણ તેનો ઉપયોગ થઈ શકે. (જો અદ્રશ્ય મિલકતો માંડી વાળવાની ન હોય અથવા આવો ઉપયોગ કર્યા પછી પણ નફાની બાકી વધે તો, તે મૂડીઅનામત ખાતે લઈ જવામાં આવે છે. આ મૂડી અનામત પાકા સરવૈયામાં મુડી અને દેવા બાજુ 'અનામત અને વધારા' ના મથાળા હેઠળ દર્શાવાય છે. )

(નોંધઃ કોઈ પણ સંજોગોમાં આ નફો રિઝર્વ ફંડ કે સામાન્ય અનામત ભંડોળ ખાતે લઈ જવો નહિ, કારણ કે કોઈ વખત તેમાંથી ડિવિડંડ વહેચાય છે. જ્યારે આ નોંધણી પહેલાંના નફામાંથી ડિવિડંડ વહેંચી શકાય નહિ).

**(બ) નોંધણી પહેલાં નુકસાન હોય તો :** કંપની ને ધંધાની ખરીદ તારિખથી નોંધણી (સ્થાપના)ની તારીખ સુધી થયેલ નુકસાન મૂડી - ખોટ ગણવામાં આવે છે. તેને કંપનીની મૂડી આવકો, જેવી કે ધંધો ખરીદતાં થયેલ નફો, મૂડી અનામત, જામીનગીરી પ્રીમિયમ, શેરજપ્તી ખાતું વગેરે સામે માંડી વાળવામાં આવે છે અને તેમ છતાં ઉધાર બાકી રહે તો તે પાઘડી ખાતે લઈ જવામાં આવે છે. આ પાઘડી પાકા સરવૈયામાં મિલકત અને લેંણા બાજુ 'કાયમી મિલકત' ના મથાળા હેઠળ દર્શાવાય છે. ( આ આખુંય નુકસાન કોઈ પણ એક વર્ષના મહેસુલી નફા સામે માંડી વાળવામાં આવતું નથી. પરંતુ પ્રસારિત ખર્ચની માફક દર વર્ષ તેમાંથી થોડી થોડી રકમ નફા - નુકસાન ખાતે લઈ જઈ માંડી વાળવામાં આવે છે).

## ૨.૯ નોંધણી પહેલાંના અને પછીના નફાની વહેચણી દર્શાવતું પત્રક :

કંપનીની નોંધણી પહેલાંનો અને પછીનો નફો (કે નુકસાન) શોધવા માટે નીચે દર્શાવ્યા મુજબનું નોંધણી પહેલાં અને પછીનું પત્રક તૈયાર કરવામાં આવે છે :

**(૧) પહેલી રીત :**

**નોંધણી પહેલાંના અને પછીના નફાની વહેચણી દર્શાવતું પત્રક**

| | વિગતનું | ફાળવણીનું પ્રમાણ | નોંધણી પહેલાંનો નફો | | નોંધણી પછીનો નફો | |
|---|---|---|---|---|---|---|
| | | | મેહ્સુલી ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને મહેસુલી આવક (રૂ.) | મહેસુલી ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને મહેસુલી આવક (રૂ.) |
| (૧) | (અ) કાચો નફો | વેચાણ | | | | |
| | (બ) મહેસુલી આવક | સમય કે યોગ્ય પ્રમાણ | | | | |
| (૨) | (અ) ઑફિસ અને નાણાંકીય ખર્ચાઓ | સમય | | | | |
| | (બ) વેચાણને લગતા ખર્ચાઓ | વેચાણ | | | | |
| | (ક) નોંધણી પહેલાંના ખર્ચાઓ | સ્થાપના પહેલાં | | | | |
| | (ડ) નોંધણી પછીના ખર્ચાઓ | સ્થાપના પછી | | | | |
| (૩) | ચોખ્ખો નફો કે /નુકસાન (તફાવત) | | | | | |

**(૨) બીજી રીત :** નફા નુકસાન ખાતાના સ્વરૂપમાં તેમજ કોલમમાં મૂકી બંને સમયનો નફો જુદો જુદો શોધી શકાય છે. જે નીચે મુજબ છે :

| વિગત | વહેચણીનું પ્રમાણ | નોંધણી પહેલાં (રૂ.) | નોંધણી પછી (રૂ.) | વિગત | વહેચણીનું પ્રમાણ | નોંધણી પહેલાં (રૂ.) | નોંધણી પછી (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|
| ઓફીસ, વહીવટી અને નાણાંકીય ખર્ચાઓ | સમય | | | કાચો નફો | વેચાણ | | |
| વેચાણને લગતા ખર્ચાઓ | વેચાણ | | | અન્ય આવકો | સમય કે યોગ્ય પ્રમાણ | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| નોંધણી પહેલાંના ખર્ચાઓ | સ્થાપના પહેલાં | | | ચોખ્ખી ખોટ | તફાવત | | |
| નોંધણી પછીના ખર્ચાઓ | સ્થાપના પછી | | | | | | |
| ચોખ્ખો નફો | તફાવત | | | | | | |
| કુલ | | | | કુલ | | | |

**૨.૧૦ ઉદાહરણો :**

ઉ. ૧ આણંદ લિ. કંપની એક પેઢીનો ચાલુ ધંધો તા. ૧ લી જાન્યુઆરી, ૨૦૧૯થી ખરીદી લેવા ૧લી એપ્રિલ, ૨૦૧૯ના રોજ સ્થાપવામાં આવી. વર્ષ ૨૦૧૯ન કંપનીના હિસાબો નીચેની પરિસ્થિતિ રજુ કરતા હતાઃ

(૧) ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનો કાચો નફો રૂ. ૧૪,૪૦,૦૦૦.

(૨) વર્ષ દરમિયાનનું વેચાણ રૂ. ૫૭,૬૦,૦૦૦, જે પેંકી પ્રથમ છ માસનું વેચાણ રૂ. ૧૧,૫૨,૦૦૦ હતું.

(૩) ૨૦૧૯ના વર્ષ દરમિયાનના ખર્ચા નીચે મુજબ હતાઃ

| વિગત | રૂ. |
|---|---|
| ઘાલખાધ | ૧૭૨૮૦ |
| જાહેરાત (માસિક રૂ. ૪૮૦૦ લેખે કરાર મુજબ) | ૫૭૬૦૦ |
| ડિરેક્ટર ફી | ૭૨૦૦૦ |
| પગાર અને સામાન્ય ખર્ચા | ૩૦૭૨૦૦ |
| પ્રાથમિક ખર્ચા માંડી વાળ્યા | ૨૪૦૦૦ |
| રાજકીય પક્ષને આપેલ દાન | ૨૪૦૦૦ |

ઉપરની વિગતો પરથી નોંધણી પહેલાંનો નફો કે ખોટ દર્શાવતું પત્રક બનાવો.

જવાબ : ૧ અહીં કંપની ની નોંધણીની તારીખ ૧.૪.૨૦૧૯ છે, જ્યારે ધંધો ૧.૧.૨૦૧૯ થી ખરીદી લેવામાં આવ્યો છે. એટલે કે નોંધણી પહેલાની મુદત ૩ માસની છે અને નોંધણી પછીનો સમય ૯ માસનો છે. (સમય નું પ્રમાણ = ૩:૯ અથવા ૧:૩). પ્રથમ છ માસનું વેચાણ ૧૧,૫૨,૦૦૦/૬ = ૧૯૨૦૦૦ માસિક x ૩ = ૫૭૬૦૦૦ પ્રથમ ૬ માસ અને ૫૧,૮૪,૦૦૦ ૯ માસ (૧:૯)

**નોંધણી પછીનો નફો કે ખોટ દર્શાવતું પત્રક**

| વિગત | ફાળવણીનું પ્રમાણ | કુલ રકમ (રૂ.) | નોંધણી પહેલાં (રૂ.) | નોંધણી પછી (રૂ.) |
|---|---|---|---|---|
| કાચો નફો (અ) | વેચાણ (૧:૯) | ૧૪૪૦૦૦૦ | ૧૪૪૦૦૦ | ૧૨૯૬૦૦૦ |
| બાદ : ખર્ચાઓ | | | | |
| ઘાલખાધ | વેચાણ (૧:૯) | ૧૭૨૮૦ | ૧૭૨૮ | ૧૫૫૫૨ |
| જાહેરાત | સમય (૧:૨) | ૫૭૬૦૦ | ૧૪૪૦૦ | ૪૩૨૦૦ |
| પગાર અને સામાન્ય ખર્ચા | સમય (૧:૨) | ૩૦૭૨૦૦ | ૭૬૮૦૦ | ૨૩૦૪૦૦ |
| ડિરેક્ટર ફી | નોંધણી પછી | ૭૨૦૦૦ | -------- | ૭૨૦૦૦ |
| પ્રાથમિક ખર્ચા | નોંધણી પછી | ૨૪૦૦૦ | -------- | ૨૪૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| કુલ ખર્ચ (બ) | | | ૯૨૯૨૮ | ૩૮૫૧૫૨ |
| ચોખ્ખો નફો | | | ૫૧૦૭૨ | ૯૧૦૮૪૮ |
| બાદ : રાજકીય પક્ષને દાન | | | -------- | ૨૪૦૦૦ |
| નફો નોંધણી પહેલાંનો અને પછીનો) | | | ૫૧૦૭૨ | ૮૮૬૮૪૮ |

ઉ.૨ હિંમતનગર ટ્રેડર્સ લિ. ભાગીદારી પેઢીનો ધંધો તા. ૧.૧.૨૦૧૯થી ખરીદી લેવા માટે તા. ૧.૫.૨૦૧૯ના રોજ નોંધવામાં આવી હતી. તા. ૩૧.૧૨.૨૦૧૯ન રોજ પુરા થતા વર્ષના હિસાબો નીચે મુજબની હકીકતો પૂરી પાડે છેઃ

(૧) તા. ૩૧.૧૨.૨૦૧૯ન રોજ પુરા થતા આખા વર્ષનું વેચાણ રૂ. ૪૮,૦૦,૦૦૦ છે, જે પેંકી રૂ. ૮,૦૦,૦૦૦ તા.૧.૧.૨૦૧૯થી તા. ૧.૫.૨૦૧૯ સુધીના સમયનું છે.

(૨) વેપાર ખાતું કાચો નફો રૂ. ૧૯,૨૦,૦૦૦ બતાવે છે.

(૩) નફા નુકસાન ખાતામાં નીચેની રકમનો સમાવેશ થાય છેઃ

ડિરેક્ટરોને ફી રૂ. ૩૦૦૦૦ , ઓડીટરોની ફી રૂ. ૧૫૦૦૦, ભાડું વેરા વગેરે રૂ. ૯૬૦૦૦, કર્મચારીઓનો પગાર રૂ. ૨૪૦૦૦૦, ઘાલખાધ રૂ. ૪૦૦૦૦ (રૂ. ૧૪૦૦૦ તા. ૧.૫.૨૦૧૯ પહેલાંના સમયની હતી), ડિબેન્ચરોનું વ્યાજ રૂ. ૧૨૦૦૦૦, યંત્રો અને મશીનરી પરનો ઘસારો ૭૨૦૦૦, સ્થાપના ખર્ચ રૂ. ૪૮૦૦૦, સામાન્ય ખર્ચ (પરચુરણ ખર્ચ) રૂ. ૩૬૦૦૦, વેચાણ પર કમિશન ૭૨૦૦૦ અને સ્ટેશનરી તથા છપાઈ ખર્ચ રૂ. ૪૮૦૦૦.

ઉપરની વિગતોને આધારે (૧) સ્થાપના પહેલાનો નફો તથા (૨) સ્થાપના પછીનો નફો શોધો.

જવાબ : ૨ પ્રમાણોની ગણતરી

(૧) સમયનું પ્રમાણઃ નોંધણી પહેલાંનો સમય : તા. ૧.૧.૨૦૧૯ થી ૧.૫.૨૦૧૯ = ૪ માસ
નોંધણી પછીનો સમય : તા. ૧.૫.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ = ૮ માસ (૪: ૮) = ૧:૨ થાય

(૨) વેચાણનું પ્રમાણઃ નોંધણી પહેલાંનો વેચાણ : તા. ૧.૧.૨૦૧૯ થી ૧.૫.૨૦૧૯ = રૂ. ૮,૦૦,૦૦૦
નોંધણી પછીનો વેચાણઃ તા. ૧.૫.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ = રૂ. ૪૦,૦૦,૦૦૦ = ૧:૫ થાય

**નોંધણી પહેલાંના અને પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક**

| વિગતનું | ફાળવણીનું પ્રમાણ | નોંધણી પહેલાંનો | | નોંધણી પછીનો | |
|---|---|---|---|---|---|
| | | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) |
| **કાચો નફો** | **વેચાણ** | | **૩૨૦૦૦૦** | | **૧૬૦૦૦૦૦** |
| **બાદ : ખર્ચાઓ** | | | | | |
| ડિરેક્ટરોને ફી | સ્થાપના પછી | -------- | | ૩૦૦૦૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઓડીટરોની ફી | સમય | ૫૦૦૦ | | ૧૦૦૦૦ | |
| ભાડું વેરા વગેરે | સમય | ૩૨૦૦૦ | | ૬૪૦૦૦ | |
| ઘાલખાધ | આપ્યા મુજબ | ૧૪૦૦૦ | | ૨૬૦૦૦ | |
| કર્મચારીઓનો પગાર | સમય | ૮૦૦૦૦ | | ૧૬૦૦૦૦ | |
| ડિબેન્ચરોનું વ્યાજ | સ્થાપના પછી | -------- | | ૧૨૦૦૦૦ | |
| યંત્રો અને મશીનરી પરનો ઘસારો | સમય | ૨૪૦૦૦ | | ૪૮૦૦૦ | |
| સ્થાપના ખર્ચ | સ્થાપના પછી | -------- | | ૪૮૦૦૦ | |
| સામાન્ય ખર્ચ | સમય | ૧૨૦૦૦ | | ૨૪૦૦૦ | |
| વેચાણ પર કમિશન | વેચાણ | ૧૨૦૦૦ | | ૬૦૦૦૦ | |
| સ્ટેશનરી તથા છપાઈ ખર્ચ | સમય | ૧૬૦૦૦ | | ૩૨૦૦૦ | |
| **ચોખ્ખો નફો** | | **૧૨૫૦૦૦** | | **૯૭૮૦૦૦** | |
| **કુલ** | | **૩૨૦૦૦૦** | **૩૨૦૦૦૦** | **૧૬૦૦૦૦૦** | **૧૬૦૦૦૦૦** |

૭.૩ બરોડા ટ્રેડર્સ લિ. એ મેસર્સ પટેલ લિ. નો ધંધો તા. ૧.૧૦.૨૦૧૮થી ખરીદી લેવા માટે તા. ૧.૧.૨૦૧૯ના રોજ નોંધવામાં આવી હતી અને તેને ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર ૧.૨.૨૦૧૯ ના રોજ મળ્યું.

તા. ૩૦.૯.૨૦૧૯ન રોજ પુરા થતા વર્ષના હિસાબો નીચે મુજબની હકીકતો પૂરી પાડે છેઃ

(૧) આખા વર્ષનું વેચાણ રૂ. ૬,૦૦,૦૦૦ છે, જે પેંકી રૂ.૧૦૦,૦૦૦ તા. ૧.૧૦.૨૦૧૮ થી ૧.૨.૨૦૧૯ સુધીના સમયનું છે.

(૨) વેપાર ખાતું કાચો નફો રૂ. ૨,૪૦,૦૦૦ બતાવે છે.

(૩) નફા નુકસાન ખાતામાં નીચેની રકમનો સમાવેશ થાય છેઃ

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| ડિરેક્ટરોને ફી | ૪૦૦૦ | વેચાણ પર કમિશન | ૨૪૦૦ |
| ઓડીટરોની ફી | ૨૦૦૦ | સામાન્ય ખર્ચ | ૪૨૦૦ |
| ભાડું વેરા વગેરે | ૧૦૮૦૦ | ડિબેન્ચરોનું વ્યાજ | ૮૦૦૦ |
| ઘાલખાધ (રૂ. ૨૦૦૦ તા. ૧.૨.૨૦૧૯ પહેલાંના સમયની હતી) | ૬૦૦૦ | પ્રાથમિક ખર્ચ | ૪૦૦૦ |
| પગાર | ૩૬૦૦૦ | યંત્રો પરનો ઘસારો | ૨૪૦૦ |
| જાહેરાત | ૧૨૦૦૦ | છપાઈ તથા સ્ટેશનરી ખર્ચ | ૩૦૦૦ |
| મુસાફરી ખર્ચ અને પગાર | ૧૮૦૦૦ | ધંધો વેચનાર ને વ્યાજ (૧૨% લેખે | ૮૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| | | રૂ. ૧૦૦૦૦૦ પર તા. ૧.૧૦.૨૦૧૮ થી ૩૧.૫.૨૦૧૯ માટે) | |

ઉપરની વિગતોને આધારે (૧) સ્થાપના પહેલાનો નફો તથા (૨) સ્થાપના પછીનો નફો શોધો.

જવાબ : ૩ **નોંધણી પહેલાંના અને પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક**

| વિગતનું | કુલ રકમ (રૂ.) | ફાળવણીનું પ્રમાણ | નોંધણી પહેલાંનો | | નોંધણી પછીનો | |
|---|---|---|---|---|---|---|
| | | | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) |
| **કાચો નફો** | **૨૪૦૦૦૦** | **વેચાણ (૧:૫)** | | **૪૦૦૦૦** | | **૨૦૦૦૦૦** |
| **બાદ : ખર્ચાઓ** | | | | | | |
| ડિરેક્ટરોને ફી | ૪૦૦૦ | આપ્યા મુજબ | ------- | | ૪૦૦૦ | |
| ઓડીટરોની ફી | ૨૦૦૦ | આપ્યા મુજબ | ------ | | ૨૦૦૦ | |
| ભાડું વેરા વગેરે | ૧૦૮૦૦ | સમય (૧:૨) | ૩૬૦૦ | | ૭૨૦૦ | |
| ઘાલખાધ | ૬૦૦૦ | આપ્યા મુજબ | ૨૦૦૦ | | ૪૦૦૦ | |
| પગાર | ૩૬૦૦૦ | સમય (૧:૨) | ૧૨૦૦૦ | | ૨૪૦૦૦ | |
| જાહેરાત | ૧૨૦૦૦ | વેચાણ (૧:૫) | ૨૦૦૦ | | ૧૦૦૦૦ | |
| મુસાફરી ખર્ચ અને પગાર | ૧૮૦૦૦ | વેચાણ (૧:૫) | ૩૦૦૦ | | ૧૫૦૦૦ | |
| વેચાણ પર કમિશન | ૨૪૦૦ | વેચાણ (૧:૫) | ૪૦૦ | | ૨૦૦૦ | |
| સામાન્ય ખર્ચ | ૪૨૦૦ | સમય (૧:૨) | ૧૪૦૦ | | ૨૮૦૦ | |
| ડિબેન્ચરોનું વ્યાજ | ૮૦૦૦ | આપ્યા મુજબ | ------- | | ૮૦૦૦ | |
| પ્રાથમિક ખર્ચ | ૪૦૦૦ | આપ્યા મુજબ | ------- | | ૪૦૦૦ | |
| યંત્રો પરનો ઘસારો | ૨૪૦૦ | સમય (૧:૨) | ૮૦૦ | | ૧૬૦૦ | |
| છપાઈ તથા સ્ટેશનરી ખર્ચ | ૩૦૦૦ | સમય (૧:૨) | ૧૦૦૦ | | ૨૦૦૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધંધો વેચનાર ને | ૮૦૦૦ | સમય (૧:૧) | ૪૦૦૦ | | ૪૦૦૦ | |
| ચોખ્ખો નફો | | | ૯૮૦૦ | | ૧૦૯૪૦૦ | |
| **કુલ** | | | **૪૦૦૦૦** | **૪૦૦૦૦** | **૨૦૦૦૦૦** | **૨૦૦૦૦૦** |

ઉ. ૪ અમર લિ. એક ધંધો તા. ૧.૧.૨૦૧૯થી ખરીદી લેવા માટે તા. ૧.૪.૨૦૧૯ના રોજ નોંધવામાં આવી હતી. અમર લિ. તા. ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પાકું સરવૈયું બનાવે છે.

નીચેની વિગતોને આધારે સ્થાપના પહેલા અને સ્થાપના પછીના સમયનો વેચાણ પ્રમાણ શોધો.

(૧) વેચાણ (જાન્યુઆરી. ૨૦૧૯ થી ડીસેમ્બર, ૨૦૧૯) = રૂ. ૯,૬૦,૦૦૦.

(૨) જાન્યુઆરી વેચાણ = સરેરાશ વેચાણ કરતાં બમણું .

(૩) ફેબ્રુઆરી વેચાણ = સરેરાશ વેચાણ.

(૪) મે થી ઓગસ્ટ = દરેક માસનું સરેરાશ વેચાણ ના ૧/૪

(૫) ઓક્ટોબર અને નવેમ્બર = સરેરાશ વેચાણના ત્રણ ગણા

જવાબઃ ૪ સમયના વેચાણ પ્રમાણ ની ગણતરીઃ

સરેરાશ વેચાણ = રૂ. $\frac{૯,૬૦,૦૦૦}{૧૨}$ = રૂ. ૮૦૦૦૦

**વેચાણની ગણતરીઃ**

| **માસ** | **ગણતરી** | **રૂ.** |
|---|---|---|
| જાન્યુઆરી | ૮૦૦૦૦ X ૨ | ૧૬૦૦૦૦ |
| ફેબ્રુઆરી | ૮૦૦૦૦ X ૧ | ૮૦૦૦૦ |
| મે | ૮૦૦૦૦ X ૧/૪ | ૨૦૦૦૦ |
| જુન | ૮૦૦૦૦ X ૧/૪ | ૨૦૦૦૦ |
| જુલાઈ | ૮૦૦૦૦ X ૧/૪ | ૨૦૦૦૦ |
| ઓગસ્ટ | ૮૦૦૦૦ X ૧/૪ | ૨૦૦૦૦ |
| ઓક્ટોબર | ૮૦૦૦૦ X ૩ | ૨૪૦૦૦૦ |
| નવેમ્બર | ૮૦૦૦૦ X ૩ | ૨૪૦૦૦૦ |
| | **કુલ વેચાણ** | **૮૦૦૦૦૦** |

બાકીના મહિનાઓ ની વેચાણ ની ગણતરી = માર્ચ + અપ્રિલ + સપ્ટેમ્બર = ડીસેમ્બર = ૪ મહિના

બાકીના મહિનાઓ ની વેચાણ = રૂ. ૯૬૦૦૦૦ - રૂ. ૮૦૦૦૦૦ = રૂ. ૧૬૦૦૦૦

દર મહિનાનું વેચાણ = રૂ. ૧૬૦૦૦૦/ ૪ = રૂ. ૪૦૦૦૦

| **સ્થાપના પહેલાનું વેચાણ** | **સ્થાપના પછીનું વેચાણ** |
|---|---|
| જાન્યુઆરી - ૧૬૦૦૦૦ | રૂ. ૯૬૦૦૦૦ ( - ) ૨૮૦૦૦૦<br>= રૂ. ૬૮૦૦૦૦ |
| ફેબ્રુઆરી - ૮૦૦૦૦ | |
| માર્ચ - ૪૦૦૦૦ | |
| રૂ. ૨૮૦૦૦૦ | |

| વેચાણ નું પ્રમાણ | |
|---|---|
| સ્થાપના પહેલાનું | સ્થાપના પછીનું |
| રૂ. ૨૮૦૦૦૦ | રૂ. ૬૮૦૦૦૦ |
| ૧૪ | ૩૪ |

ઉ. ૫ નીચેની વિગતોને આધારે સ્થાપના પહેલા અને સ્થાપના પછીના સમયનો સરેરાશ સમય પ્રમાણ શોધો અને કુલ મજુરીની વહેંચણી કરો :

(૧) નોંધણીની તારીખ : ૧.૪.૨૦૧૯.

(૨) નાણાંકીય હિસાબોનો સમયગાળો : જાન્યુઆરી થી ડીસેમ્બર, ૨૦૧૯ .

(૩) કુલ મજુરીની ચુકવણી : રૂ. ૩૨૦૦૦

(૪) કામદારોની સંખ્યા :

સ્થાપના પહેલા : ૪

સ્થાપના પછી : ૨૦

જવાબઃ ૫ સામાન્ય સમય પ્રમાણ = ૩ મહિના : ૯ મહિના = (૧:૩)

અથવા

સરેરાશ સમય પ્રમાણ = (૧ X ૪) : (૩ X ૨૦) (સમય પ્રમાણ X કામદારો ની સંખ્યા)

= (૪:૬૦) = (૧:૧૫)

સ્થાપના પહેલાની મજુરી = ૩૨૦૦૦ X ૧/૧૬ = રૂ. ૨૦૦૦

સ્થાપના પછીની મજુરી = ૩૨૦૦૦ X ૧૫/૧૬ = રૂ. ૩૦૦૦૦

ઉ. ૬ રાજીવ લિમિટેડની સ્થાપના તા . ૧.૪.૨૦૧૯થી થઈ હતી અને તે જ તારીખે તેનો નોંધણીનો દાખલો (પ્રમાણપત્ર) મળેલ છે. તે કંપની એ તા. ૧.૧.૨૦૧૯ના રોજથી 'શાહ બ્રધર્સ' નો ચાલુ ધંધો ખરીદી લીધો. કંપની એ તા. ૩૧.૧૨.૨૦૧૯ ના રોજ આખા વર્ષનું નફા નુકસાન ખાતું નીચે જણાવ્યા પ્રમાણે બનાવેલ છે. નોંધણી પહેલાનું અને પછીનું નફા નુકસાન ખાતું બનાવો અને બન્ને સમયનાં નફા નુકસાન શોધી કાઢો.

**૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનું**

**નફા નુકસાન ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| પગાર અને ભથ્થાં | ૧૨૦૦૦ | કાચો નફો | ૧૨૦૦૦૦ |
| ભાડું | ૩૬૦૦ | રોકાણો ઉપર વ્યાજ | ૨૪૦૦ |
| ઘસારો | ૩૬૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૨૦૦ |
| ઘાલખાધ | ૧૨૦૦ | પેટા ભાડુઆત પાસેથી ભાડું મળ્યું (તા. ૧.૩.૨૦૧૯ થી) | ૪૦૦૦ |
| વ્યાજ | ૩૬૦૦ | | |
| વટાવ અને કસર | ૨૪૦૦ | | |
| જાહેરાત ખર્ચ | ૩૬૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| પ્રાથમિક ખર્ચ | ૧૨૦૦ | | |
| તાર ટપાલ ખર્ચ | ૨૪૦ | | |
| પરચુરણ ખર્ચ | ૩૬૦૦ | | |
| વેચાણ પર કમિશન ૧% લેખે | ૧૨૦૦૦ | | |
| જાવક માલનું ગાડાભાડું | ૧૨૦૦ | | |
| ફર્નિચર વેચાણ પર ખોટ (ફર્નિચર વેચાણ તા. ૧.૩.૨૦૧૯) | ૨૦૦ | | |
| સેક્રેટરી અને મેનેજિંગ ડિરેક્ટરોનો પગાર | ૧૭૮૦૦ | | |
| વીમાનું પ્રીમિયમ | ૨૪૦૦ | | |
| સેલ્સ્મેનનું પ્રવાસ ખર્ચ અને ભથ્થાં | ૧૮૦૦ | | |
| ધંધો વેચનાર ને વ્યાજ (વેચનારને ખરીદ કિંમત તા. ૩૧મી મે ૨૦૧૬ના રોજ ચુકવવામાં આવી હતી) | ૬૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૫૦૧૬૦ | | |
| | **૧૨૬૬૦૦** | | **૧૨૬૬૦૦** |

(૧) કંપનીએ તા. ૧.૭.૨૦૧૯ ના રોજ રૂ. ૪૦૦૦ની કિંમતે નવા ખરીદેલ યંત્ર ઉપરના વાર્ષિક ૧૦% લેખેના ઘસારાની રકમનો, કુલ ઘસારાની રકમ રૂ. ૩૬૦૦માં સમાવેશ થયેલા છે.

(૨) ચુકવેલ ભાડું, પહેલાં છ માસમાં જે હતું તેના કરતાં પછીના છ માસમાં માસિક બમણું કરવામાં આવ્યું છે.

(૩) પગારની રકમમાં, ડિરેક્ટરોને ચૂકવેલ, ડિરેક્ટરોની ફી રૂ. ૨૪૦૦ નો સમાવેશ થયેલો છે.

(૪) કંપની એ રોકાણો તા. ૧.૭.૨૦૧૯ ના રોજ ખરીધાં હતાં, જેના ઉપર વ્યાજ મળેલું છે.

(૫) સ્થાપના પહેલાનું (તા. ૧.૪.૨૦૧૯ સુધીનું વેચાણ રૂ. ૪૦૦૦૦૦નુ છે.

જવાબ : ૬ **નોંધણી પહેલાંના અને પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક**

| વિગતનું | ફાળવણીનું પ્રમાણ | નોંધણી પહેલાંનો | | નોંધણી પછીનો | |
|---|---|---|---|---|---|
| | | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) |
| **કાચો નફો** | વેચાણ (૧:૨) | ----- | ૪૦૦૦૦ | ----- | ૮૦૦૦૦ |
| **મળેલ ભાડું** | (૧:૯) | ----- | ૪૦૦ | ----- | ૩૬૦૦ |
| રોકાણો ઉપર વ્યાજ | પછી | ----- | | ----- | ૨૪૦૦ |
| શેર ટ્રાન્સફર ફી | પછી | ----- | | ----- | ૨૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| બાદ : ખર્ચાઓ | | | | | |
| પગાર અને ભથ્થાં | સમય (૧:૩) | ૨૪૦૦ | | ૭૨૦૦ | |
| ડિરેક્ટરોની ફી | પછી | ----- | | ૨૪૦૦ | |
| ભાડું | આપ્યા મુજબ | ૬૦૦ | | ૩૦૦૦ | |
| ઘસારો | સમય (૧:૩) | ૮૫૦ | | ૨૭૫૦ | |
| ઘાલખાધ | વેચાણ (૧:૨) | ૪૦૦ | | ૮૦૦ | |
| વ્યાજ | સમય (૧:૩) | ૯૦૦ | | ૨૭૦૦ | |
| વટાવ અને કસર | વેચાણ (૧:૨) | ૮૦૦ | | ૧૬૦૦ | |
| જાહેરાત ખર્ચ | વેચાણ (૧:૨) | ૧૨૦૦ | | ૨૪૦૦ | |
| પ્રાથમિક ખર્ચ | પછી | ----- | | ૧૨૦૦ | |
| તાર ટપાલ ખર્ચ | સમય (૧:૩) | ૬૦ | | ૧૮૦ | |
| પરચુરણ ખર્ચ | સમય (૧:૩) | ૯૦૦ | | ૨૭૦૦ | |
| વેચાણ પર કમિશન | વેચાણ (૧:૨) | ૪૦૦૦ | | ૮૦૦૦ | |
| જાવક માલનું ગાડાભાડું | વેચાણ (૧:૨) | ૪૦૦ | | ૮૦૦ | |
| ફર્નિચર વેચાણ પર ખોટ | પહેલાં | ૨૦૦ | | ----- | |
| સેક્રે.અને મેને. ડિરેક્ટરોનો પગાર | પછી | ----- | | ૧૭૮૦૦ | |
| વીમાનું પ્રીમિયમ | સમય (૧:૩) | ૬૦૦ | | ૧૮૦૦ | |
| સેલ્સમેનનું પ્રવાસ ખર્ચ અને ભથ્થાં | વેચાણ (૧:૨) | ૬૦૦ | | ૧૨૦૦ | |
| ધંધો વેચનાર ને વ્યાજ | (૩:૨) | ૩૬૦૦ | | ૨૪૦૦ | |
| ચોખ્ખો નફો | | **૨૨૮૯૦** | | **૨૭૨૭૦** | |
| **કુલ** | | **૪૦૪૦૦** | **૪૦૪૦૦** | **૮૬૨૦૦** | **૮૬૨૦૦** |

(૧) સમયનું પ્રમાણઃ નોંધણી પહેલાં : તા. ૧.૧.૨૦૧૯ થી ૩૧.૩..૨૦૧૯ = ૩ માસ
નોંધણી પછી : તા. ૧.૪.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ = ૯ માસ (૩:૯) = ૧:૩

(૨) વેચાણનું પ્રમાણઃ આ દાખલામાં કુલ વેચાણ આપ્યું નથી. એક છુપો હવાલો ( કમિશન વેચાણ ઉપર ૧% લેખે ચુકવ્યું છે) ને ધ્યાનમાં લઈને વેચાણ શોધી શકાશે.

જો રૂ. ૧ કમિશન તો વેચાણ રૂ. ૧૦૦
રૂ. ૧૨૦૦૦ માટે (?)

૧૦૦ x ૧૨૦૦૦ / ૧ = રૂ. ૧૨,૦૦,૦૦૦ કંપની ઉ આખા વર્ષનું વેચાણ થયું.

નોંધણી પહેલાં નું (૧.૪.૨૦૧૯ સુધી) વેચાણ રૂ. ૪૦૦૦૦૦ છે. તો બાકી રૂ. ૮૦૦૦૦૦નું વેચાણ નોંધણી પછીનું થયું.

(૪૦૦૦૦૦ : ૮૦૦૦૦૦) = ૧:૨ વેચાણ નું પ્રમાણ

(૩) ધંધાની ખરીદ કિંમત ઉપર ચુકવેલ વ્યાજની ફાળવણીનું પ્રમાણઃ આ વ્યાજ તા. ૧.૧.૨૦૧૯થી તા. ૩૧.૫.૨૦૧૯ સુધીનું (૫ માસ) નું ચુકવેલ છે. (આમ સ્થાપના પહેલાનું ૩ માસનું (૧.૧.૨૦૧૯થી ૧.૪.૨૦૧૯) અને સ્થાપના પછીનું ૨ માસનું (૧.૪.૨૦૧૯ થી ૩૧.૫.૨૦૧૯) સુધીનું પ્રમાણ) ૩:૨ થશે. મળેલ ભાડું (૧.૩.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯) - ૧૦ માસનું મળ્યું છે. માસિક (રૂ. ૪૦૦૦ /૧૦) = રૂ. ૪૦૦ માસિક. તેથી (૧:૯) પ્રમાણે નોંધણી પહેલાં નું રૂ. ૪૦૦ અને નોંધણી પછીનું રૂ. ૩૬૦૦ થશે.

(૪) ફર્નિચર વેચાણ પર ખોટઃ ફર્નિચર વેચાણ તા. ૧.૩.૨૦૧૯ ના રોજ એટલે કે નોંધણી પહેલાં થયું હોવાથી તેના પરની ખોટ રૂ. ૨૦૦ નોંધણી પહેલાંના સમયની ગણાશે.

(૫) પગાર અને ડિરેક્ટરોની ફીઃ ડિરેક્ટરોની ફીનો સમાવેશ પગારમાં થયો છે તેથી તે પગારમાંથી બાદ કરી, સ્થાપના પછીનું ખર્ચ ગણેલ છે. બાકીનો પગાર રૂ. ૯૬૦૦ સમયના પ્રમાણમાં ફાળવેલ છે.

(૬) ઘસારોઃ આ સામાન્ય રીતે સમયના પ્રમાણમાં ફાળવવામાં આવે છે. પરંતુ અહીં તેમાં નવા ખરીદેલ રૂ. ૪૦૦૦ ને કિંમતના યંત્રો ઉપરના ધસારાનો સમાવેશ થયો છે. તેની ખરીદ તા. ૧.૭.૨૦૧૯ છે, તેથી તેના ઉપર ફક્ત ૬ માસનો ધસારો ગણવાનો અને તે સમય સ્થાપના પછીનો હોવાથી તે રકમ રૂ. ૨૦૦ (રૂ. ૪૦૦૦ ઉપર ૧૦% લેખે ૬ માસનો ઘસારો) નોંધણી પછીની ગાણશે. બાકી રૂ. ૩૪૦૦ સમયના પ્રમાણે ફાળવેલ છે.

(૭) ચુકવેલ ભાડું : પહેલાં છ માસમાં જે હતું તેના કરતાં પછીના છ માસમાં માસિક બમણું હતું. (ધારો કે પ્રથમ માસ દરમિયાન માસિક ભાડું રૂ. ૧ હતું તો કુલ ૬ માસનું ભાડું રૂ. ૬ થાય અને પછીના ૬ માસ દરમિયાન માસિક ભાડું બમણું એટલે માસિક રૂ. ૨ થાય, તેથી ૬ માસનું ભાડું રૂ. ૧૨ થાય. (રૂ. ૬ + રૂ. ૧૨) = રૂ. ૧૮ આખા વર્ષનું ભાડું (રૂ. ૩૬૦૦ x ૬/૧૮) રૂ. ૧૨૦૦ પ્રથમ ૬ માસનું ભાડું, તો માસિક ભાડું રૂ. ૨૦૦ થયું. નોંધણી પહેલાનો સમય પ્રથમ ૩ માસનો છે તો તે ભાડું રૂ. ૬૦૦ થાય. (રૂ. ૩૬૦૦માંથી રૂ. ૬૦૦ બાદ કરતાં બાકીનું રૂ. ૩૦૦૦ ભાડું નોંધણી પછીના સમયનું થયું. (બાકી ૯ માસનું).

ઉ. ૭ ગંગા લિ. કે જેને ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર ૧લી જુલાઈ, ૨૦૧૯ન રોજ મળ્યું હતું. તેણે એક વેપારીનો ચાલુ ધંધો ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજથી ખરીદી લીધો હતો. ખરીદ કિંમત રૂ. ૧૨૦૦૦૦ નક્કી થઈ હતી કે જે કંપની ના પોતાના ૬૦૦૦ ઓર્ડિનરીશેર દરેક રૂ. ૧૦ નાં પુરેપુરા ભરપાઈ થયેલ તથા ૬% ના ૬૦૦૦ ડિબેન્ચરો દરેક રૂ. ૧૦ નાંપુરેપુરા ભરપાઈ થયેલા આપીને ચુકવવાની હતી.

૩૧ મી ડીસેમ્બર, ૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનું વેપાર ખાતું તથા નફા નુકસાન ખાતું નીચે મુજબ તમારી સમક્ષ રજુ કરવામાં આવ્યાં છે.

**વેપાર ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| ખરીદ ખાતે (સ્ટોકનો હવાલો નાખ્યા બાદ) | ૧૫૪૮૦૦ | વેચાણ ખાતે ૩૦૮૦૦૦<br>(બાદ) વેચાણ પરત ૮૦૦૦ | ૩૦૦૦૦૦ |
| કાચો નફો - નફા નુકસાન ખાતે લઈ ગયા | ૧૪૫૨૦૦ | | |
| | **૩૦૦૦૦૦** | | **૩૦૦૦૦૦** |

**નફા નુકસાન ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| પગાર | ૬૦૦૦૦ | કાચો નફો - વેપાર ખાતેથી લાવ્યા | ૧૪૫૨૦૦ |
| ઓફીસ ખર્ચ | ૭૭૪૦ | રોકાણોનું વ્યાજ | ૨૦૦૦ |
| વેચાણ ખર્ચ | ૧૬૨૦૦ | | |
| વેચાણ ગાડા ભાડું | ૩૬૦૦ | | |
| ભાડું | ૨૧૦૦ | | |
| ડિબેન્ચર વ્યાજ | ૨૭૦૦ | | |
| ડિરેક્ટર ફી | ૩૨૦૦ | | |
| પ્રાથમિક ખર્ચ માંડી વાળેલ | ૫૭૦૦ | | |
| ખરીદ કિંમત પર વ્યાજ | ૧૮૦૦ | | |
| ઓર્ડિનરી શેરહોલ્ડરોને ડિવિડંડ | ૬૦૦૦ | | |
| ઘસારો | ૪૦૦૦ | | |
| રાજકીય પક્ષોને દાન | ૨૦૦૦ | | |
| ચોખ્ખો નફો - આગળ લઈ ગયા | ૩૨૧૬૦ | | |
| | **૧૪૭૨૦૦** | | **૧૪૭૨૦૦** |

**તમને નીચે મુજબની માહિતી મળે છેઃ**

(૧) ૨૦૧૯માં વર્ષનું કુલ ચોખ્ખું વેચાણ રૂ. ૩૦૦૦૦૦ હતું. આ કુલ ચોખ્ખા વેચાણના ત્રીજા ભાગ જેટલું વેચાણ પ્રથમ છ માસ દરમિયાન થયેલું હતું.

(૨) ૧લી એપ્રિલ, ૨૦૧૯ના રોજ વેચનારને શેર તથા ડિબેન્ચર આપવામાં આવ્યા..

(૩) ભાડું પ્રથમ ત્રણ માસ દરમિયાન જે માસિક સરેરાશ હતું તે પછીના ૯ માસ દરમિયાન માસિક સરેરાશ ભાડા કરતાં અડધું હતું.

(૪) ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ થી પતાવટની તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૯ સુધીની ખરીદ કિંમત પરનું વાર્ષિક ૬% લેખે વ્યાજ ચુકવવામાં આવ્યું હતું. ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મળ્યા પહેલાં અને પછીના સમય માટેનું નફા નુકસાન દર્શક પત્રક ખાનાવાર ફોર્મમાં તૈયાર કરવાનું છે.

જવાબ : ૭ ૧) સમયનું પ્રમાણઃ નોંધણી પહેલાં : તા. ૧.૧.૨૦૧૯ થી ૧.૭.૨૦૧૯ = ૬ માસ

નોંધણી પછી : તા. ૧.૭.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ = ૬ માસ

(૬:૬) = ૧:૧

(૨) વેચાણનું પ્રમાણઃ આખા વર્ષનું ચોખ્ખું વેચાણ રૂ૩૦૦૦૦૦ છે. જેનું ત્રીજા ભાગનું વેચાણ પ્રથમ ૬ માસ એટલે કે નોંધણી પહેલાંના સમયનું છે. તે રૂ. ૧૦૦૦૦૦નું થાય (૩૦૦૦૦૦ X ૧/૩) = રૂ. ૧૦૦૦૦૦. તેથી નોંધણી પછીનું રૂ. ૨૦૦૦૦૦ થયું. (૧૦૦૦૦૦ : ૨૦૦૦૦૦) = ૧:૨ વેચાણનું પ્રમાણ

(૩) ખરીદનારને ચૂકવેલ વ્યાજની ફાળવણીનું પ્રમાણ : સ્થાપના પહેલાં ૧.૧.૨૦૧૯થી ૧.૪.૨૦૧૯ = ૩ માસ ખરીદ કિંમત તા. ૧.૪.૨૦૧૯ ના રોજ ચુકવવામાં આવી છે. એટલે બધું વ્યાજ સ્થાપના પહેલાંના સમયને લગતું છે.

**નોંધણી પહેલાંના અને પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક**

| વિગતનું | ફાળવણીનું પ્રમાણ | નોંધણી પહેલાંનો | | નોંધણી પછીનો | |
|---|---|---|---|---|---|
| | | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) |
| કાચો નફો | વેચાણ (૧:૨) | | ૪૮૪૦૦ | | ૯૬૮૦૦ |
| રોકાણો ઉપર વ્યાજ | સમય (૧:૧) | | ૧૦૦૦ | | ૧૦૦૦ |
| બાદ : ખર્ચાઓ | | | | | |
| પગાર | સમય (૧:૧) | ૩૦૦૦૦ | | ૩૦૦૦૦ | |
| ઑફીસ ખર્ચ | સમય (૧:૧) | ૩૮૭૦ | | ૩૮૭૦ | |
| વેચાણ ખર્ચ | વેચાણ (૧:૨) | ૫૪૦૦ | | ૧૦૮૦૦ | |
| વેચાણ ગાડા ભાડું | વેચાણ (૧:૨) | ૧૨૦૦ | | ૨૪૦૦ | |
| ભાડું | સમય | ૯૦૦ | | ૧૨૦૦ | |
| ડિબેન્ચર વ્યાજ | પછી | ----- | | ૨૭૦૦ | |
| ડિરેક્ટર ફી | પછી | ----- | | ૩૨૦૦ | |
| પ્રાથમિક ખર્ચ | પછી | ----- | | ૫૭૦૦ | |
| ખરીદ કિંમત પર વ્યાજ | પહેલાં | ૧૮૦૦ | | ----- | |
| ઘસારો | સમય (૧:૧) | ૨૦૦૦ | | ૨૦૦૦ | |
| રાજકીય પક્ષોને દાન | પછી | ----- | | ૨૦૦૦ | |
| ચોખ્ખો નફો | | ૪૨૩૦ | | ૩૩૯૩૦ | |
| કુલ | | **૪૯૪૦૦** | **૪૯૪૦૦** | **૯૭૮૦૦** | **૯૭૮૦૦** |

**નોંધઃ** (૧) પ્રથમ ત્રણ માસનું સરેરાશ ભાડું પછીના ૯ માસના સરેરાશ ભાડા કરતાં અડધું છે. (ધારો કે પ્રથમ ૩ માસ દરમિયાન મહિને ભાડું રૂ. ક્ષ હોય તો ત્રણ માસનું ભાડું ૩ક્ષ થાય. ત્યાર પછીના ૯ માસ દરમિયાન દર મહિને ભાડું રૂ. ૨ ક્ષ થાય. તેથી ૯ માસનું કુલ ભાડું રૂ. ૧૮ થાય).

કુલ ૩ક્ષ + ૧૮ક્ષ= ૨૧૦૦ એટલે કે ૨૧ક્ષ = રૂ. ૨૧૦૦, (ક્ષ = રૂ. ૧૦૦ થાય અને ૨ક્ષ = રૂ. ૨૦૦ થાય).

સ્થાપના પહેલાની મુદત ૬ માસ છે.

પહેલાં ૩ માસ દરમિયાન ભાડું રૂ. ૧૦૦ X ૩ = રૂ. ૩૦૦

પછીના ૩ માસ દરમિયાન ભાડું રૂ. ૨૦૦ X ૩ = રૂ. ૬૦૦

કુલ = રૂ. ૯૦૦

નોંધણી પછીના ૬ માસ દરમિયાન મહિને રૂ. ૨૦૦ લેખે રૂ. ૧૨૦૦ થાય.

(૨) નોંધણી પછીના નફા રૂ. ૩૩૯૩૦માંથી રૂ. ૬૦૦૦ ઓર્ડિનરી શેરહોલ્ડરોને ડિવિડંડ ચુકવાશે. (સામાન્ય રીતે સંયુક્ત હિસ્સાવાળી કંપની માં શેરહોલ્ડર્સને ચુકવેલ ડિવિડંડ નફા નુકસાન ફાળવણી ખાતામાં દર્શાવવામાં આવે છે. તેથી અહીં બતાવેલ નથી).

(૩) ડિબેન્ચર વ્યાજ ની રકમ દાખલામાં આપવામાં આવતી નથી. પરંતુ તે વ્યાજ ફરજિયાત હોવાથી તેની ગણતરી કરીને સ્થાપના પછીના નફામાંથી બાદ કરવું જરૂરી છે.

ઉ. ૮ રોમલ લી.ની નોંધણી તા. ૧.૮.૨૦૧૯ના રોજ થઈ હતી. કંપનીએ એક ચાલુ ધંધો તા. ૧.૪.૨૦૧૯ના રોજથી ખરીદી લીધો. કંપની ના સૌથી પહેલાં વાર્ષિક હિસાબો તા. ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા સમય માટે તૈયાર કરવામાં આવ્યા હતા.

કાચો નફો રૂ. ૨,૪૦,૦૦૦, સામાન્ય ખર્ચ ૩૬૦૦૦, ડિરેક્ટરોની વાર્ષિક ફી રૂ. ૧,૨૦,૦૦૦ અને પ્રાથમિક ખર્ચ રૂ. ૧૦૦૦૦ છે. તા. ૩૦.૯.૨૦૧૯ સુધી વાર્ષિક ભાડું રૂ. ૭૨૦૦ લેખે હતું. પરંતુ ત્યાર બાદ વાર્ષિક રૂ ૧૪૪૦૦ સુધી વધારવામાં આવેલ હતું.

મેનેજર કે જેને કંપનીની નોંધણી થયા બાદ ડિરેક્ટર બનાવવામાં આવેલ તેનો વાર્ષિક પગાર રૂ. ૯૬૦૦ હતો. (નોંધણી બાદના તેમના મહેનતાણા ઉપર આપેલ ડિરેક્ટરોની ફીમાં સમાવેશ થાય છે).

નોંધણી પહેલાંનો તથા પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક તૈયાર કરો. કુલ વેચાણ રૂ. ૩૭,૨૦,૦૦૦ હતું. જે પૈકી એપ્રિલ થી જુલાઈ સુધીના ચાર માસનું સરેરાશ વેચાણ બાકીના સમયના સરેરાશ માસિક વેચાણ કરતાં ચોથા ભાગનું છે. વેચાણ પર નફાની દર એકસરખો રહ્યો છે.

જવાબ : ૮

(૧) સમયનું પ્રમાણઃ નોંધણી પહેલાં : તા. ૧.૪.૨૦૧૯ થી ૧.૮.૨૦૧૯ = ૪ માસ

નોંધણી પછી : તા. ૧.૮.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ = ૫ માસ = ૪:૫

(૨) વેચાણનું પ્રમાણઃ દાખલામાં જણાવ્યા પ્રમાણે એપ્રિલ થી જુલાઈ, ૪ માસ નું સરેરાશ માસિક વેચાણ, બાકીના સમયના સરેરાશ માસિક વેચાણના ૪ ભાગ જેટલું હતું. (એટલે કે જો ઓગસ્ટથી ડીસેમ્બર એ દરેક માસનું વેચાણ ૪ હોય તો એપ્રિલથી જુલાઈ એ દરેક માસનું વેચાણ ૧ હોય).

એપ્રિલ થી જુલાઈ = (૧+૧+૧+૧) = ૪ અને ઓગસ્ટ થી ડીસેમ્બર ( ૪+૪+૪+૪+૪) = ૨૦

**કુલ વેચાણ + (૪:૨૦) = ૧:૫**

**નોંધણી પહેલાંના અને પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક**

| વિગતનું | ફાળવણીનું પ્રમાણ | નોંધણી પહેલાંનો | | નોંધણી પછીનો | |
|---|---|---|---|---|---|
| | | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) |
| કાચો નફો | વેચાણ (૧:૫) | | ૪૦૦૦૦ | | ૨૦૦૦૦૦ |
| બાદ : ખર્ચાઓ | | | | | |
| સામાન્ય ખર્ચ | સમય (૪:૫) | ૧૬૦૦૦ | | ૨૦૦૦૦ | |
| પ્રાથમિક ખર્ચ | નોંધણી પછી | ----- | | ૧૦૦૦૦ | |
| ભાડું | સુચના મુજબ | ૨૪૦૦ | | ૪૮૦૦ | |
| મેનેજરનો પગાર | નોંધણી પહેલાં | ૩૨૦૦ | | ----- | |
| ડિરેક્ટર ફી | નોંધણી પછી | ----- | | ૫૦૦૦૦ | |
| **ચોખ્ખો નફો** | | **૧૮૪૦૦** | | **૧૧૫૨૦૦** | |
| **કુલ** | | **૪૦૦૦૦** | **૪૦૦૦૦** | **૨૦૦૦૦૦** | **૨૦૦૦૦૦** |

નોંધઃ (૧) મેનેજરનો પગાર માસિક રૂ. ૮૦૦ થશે. એટલે નોંધણી પહેલાં ના ૪ માસનો પગાર (૪ x રૂ. ૮૦૦) = રૂ. ૩૨૦૦.

(૨) ડિરેક્ટર ફી માસિક રૂ. ૧૦૦૦૦ થશે. એટલે નોંધણી પછીના ૫ માસનો પગાર (૫ x રૂ. ૧૦૦૦૦) = રૂ. ૫૦૦૦૦.

(૩) નોંધણી પહેલાનું ભાડું ૧.૮.૨૦૧૯ થી ૧.૮.૨૦૧૯ (૪ માસ x રૂ. ૬૦૦ માસિક ભાડું) = રૂ. ૨૪૦૦.

નોંધણી પછીનું ભાડું ૧.૮.૨૦૧૯ થી ૩૦.૯.૨૦૧૯ (૨ માસ x રૂ. ૬૦૦ માસિક ભાડું) = રૂ. ૧૨૦૦. અને નોંધણી પછીનું ભાડું ૧.૧૦.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ (૩ માસ x રૂ. ૧૨૦૦ માસિક ભાડું) = રૂ. ૩૬૦૦. (કુલ રૂ. ૪૮૦૦ થશે ).

ઉ. ૯ પટેલ બ્રધર્સ ની ચાલુ પેઢીનો ધંધો તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ખરીદી લેવા માટે તા. ૧લી મે, ૨૦૧૯ના રોજ એક ખાનગી કંપની સ્થાપવામાં આવી. આ કંપનીના વાર્ષિક હિસાબો દર વર્ષે ૩૧મી ડીસેમ્બરના રોજ તૈયાર કરવામાં આવે છે. તા. ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનું તે કંપની નું વેપાર અને નફા નુકસાન ખાતું નીચેની વિગતો દર્શાવતું હતું.

**વેપાર અને નફા નુકસાન ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| માલનો સ્ટોક (૧.૧.૨૦૧૯) | ૨૬૦૦૦ | વેચાણ | ૩૬૦૦૦૦ |
| ખરીદી | ૪૦૦૦૦૦ | માલનો સ્ટોક (૩૧.૧૨.૨૦૧૯) | ૧૪૦૦૦૦ |
| આવક માલનું ગડાભાડું | ૨૦૦૦ | | |
| કાચો નફો. ન. નું. ખાતે | ૭૨૦૦૦ | | |
| | ૫૦૦૦૦૦ | | ૫૦૦૦૦૦ |
| જાવકમાલ ગાડાભાડું | ૧૮૦૦ | કાચો નફો - વેપાર ખાતેથી લાવ્યા | ૭૨૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ઓફીસ પગાર | ૧૮૦૦૦ | મળેલ ભાડું | ૨૪૦૦ |
| છપામણી અને સ્ટેશનરી | ૩૦૦૦ | રોકાણો પરનું વ્યાજ | ૧૯૧૦ |
| તાર-ટપાલ ખર્ચ | ૬૦૦ | ચોખ્ખી ખોટ | ૧૨૦૦૦ |
| પરચુરણ ખર્ચ | ૨૪૦૦ | | |
| વિક્રેતાઓને મુસાફરી ખર્ચ | ૩૬૦૦ | | |
| જુના ફર્નિચરના વેચાણ પરની ખોટ | ૧૫૦ | | |
| ઘાલખાધ | ૧૪૮૦ | | |
| ગ્રાહકોને આપેલ વટાવ | ૭૨૦ | | |
| રોકાણોના વેચાણ પર ખોટ | ૬૦૦ | | |
| ડિલીવરીવાનનો નિભાવ ખર્ચ | ૩૬૦ | | |
| માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ | ૬૦૦ | | |
| સંચાલકોની ફી | ૮૮૦૦ | | |
| ઓડીટ ફી | ૧૨૦૦ | | |
| વિક્રેતાઓનું ભથ્થું વગેરે | ૭૨૦૦ | | |
| પ્લાન્ટ પરનો ઘસારો | ૧૨૦૦ | | |
| જાહેરાત અને શોરૂમ ખર્ચ | ૩૬૦૦ | | |
| ભાડું, કર અને વીમો | ૩૬૦૦ | | |
| ડિબેન્ચર પરનું વ્યાજ | ૧૨૦૦૦ | | |
| માંડી વાળેલ પાઘડીની રકમ | ૪૨૦૦ | | |
| શકમંદ લેંણાની જોગવાઈ | ૨૪૦૦ | | |
| સામાન્ય ખર્ચાઓ | ૧૮૦૦ | | |
| ખરીદ કિંમત પર વ્યાજ | ૯૦૦૦ | | |
| | **૮૮૩૧૦** | | **૮૮૩૧૦** |

**અન્ય માહિતી નીચે મુજબ છેઃ**

(૧) ફેબ્રુઆરી અને ઓગસ્ટ માસનું વેચાણ વર્ષના સરેરાશ વેચાણ કરતાં ૧.૫ ગણું છે. જયારે એપ્રિલ અને જુન માસનું વેચાણ સરેરાશ કરતાં બમણું છે અને માર્ચ તથા ઓક્ટોબર માસનું વેચાણ સરેરાશ વેચાણ કરતાં અડધું છે. બાકીનું વેચાણ બાકીના માસ દરમિયાન એકસરખા દરે થયું છે.

(૨) રોકાણો નું વેચાણ તા. ૧લી એપ્રિલ, ૨૦૧૯ના રોજ કરવામાં આવ્યું.

(૩) જુના ફર્નિચરનું વેચાણ તા. ૨૬મી માર્ચ, ૨૦૧૯ન રોજ થયું હતું.

(૪) ઘાલખાધની સઘળી રકમ કંપની ની સ્થાપના પછીના દેવાદારોને લગતી હતી.

(૫) ધંધો વેચનારને ખરીદ કિંમત પર વ્યાજ તા. ૩૦મી જુન, ૨૦૧૯ના રોજ ચુકવાયું હતું.

ઉપરની વિગતોને આધારે નોંધણી પહેલાંના અને પછીના નફાની વહેચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

જવાબ : ૯ (૧) સમયનું પ્રમાણઃ નોંધણી પહેલાં : તા. ૧.૧.૨૦૧૯ થી ૩૦.૪.૨૦૧૯ = ૪ માસ

નોંધણી પછી : તા. ૧.૫.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ =૮ માસ =(૪:૮)= ૧:૨ થાય

(૨) વેચાણનું પ્રમાણઃ ધારો કે ૧૨ માસના આખા વર્ષનું વેચાણ રૂ. ૧૨ છે.

સરેરાશ માસિક વેચાણ રૂ. ૧ થાય એ આધારે દાખલામાં જણવ્યા મુજબ ફેબ્રુઆરી અને ઓગસ્ટ માસનું વેચાણ વર્ષના

સરેરાશ વેચાણ કરતાં ૧.૫ ગણું (૧ ૧/૨ + ૧ ૧/૨)= ૩ છે. જ્યારે એપ્રિલ અને જુન માસનું વેચાણ સરેરાશ કરતાં બમણું (૨+૨)+ ૪ છે અને માર્ચ તથા ઓક્ટોબર માસનું વેચાણ સરેરાશ વેચાણ કરતાં અડધું (૧/૨ + ૧/૨) = ૧ છે,

એમ કુલ ૬ માસનું વેચાણ રૂ. ૮ થાય.

હવે બાકીના ૬ માસનું વેચાણ રૂ. ૪ (રૂ. ૧૨ - રૂ. ૮ )થાય, તેથી તે ૬ માસ પૈકી ના દરેક માસનું વેચાણ ૪/૬ એટલે કે રૂ. ૨/૩ થાય.

જાન્યુઆરી થી માર્ચ (૩) : એપ્રિલ થી ડીસેમ્બર (૯)

(૨/૩, ૧ ૧/૨ , ૧ ૧/૨) : (૨, ૨/૩, ૨, ૨/૩, ૧ ૧/૫ , ૨/૩, ૧/૨, ૨/૩, ૨/૩)

(૧૪/૩) : (૨૨/૩) = (૧૪:૨૨) ૭:૧૧ થાય

(૩) ખરીદ કિંમત પર ચૂકવેલ વ્યાજની ફાળવણીનું પ્રમાણ : ધંધો વેચનારને ખરીદ કિંમત પર રૂ. ૯૦૦૦નુ વ્યાજ તા. ૩૦.૬.૨૦૧૯ના રોજ ચુકવાયું હતું. આ સમયમાંઃ

નોંધણી પહેલાંના સમયનું વ્યાજ : નોંધણી પછીના સમયનું વ્યાજ

૧.૧.૨૦૧૯ થી ૩૦.૪.૨૦૧૯ : ૧.૫.૨૦૧૯ થી ૩૦.૬.૨૦૧૯

૪ માસ : ૨ માસ (૨:૧) થાય

**નોંધણી પહેલાંના અને પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક**

| વિગતનું | ફાળવણીનું પ્રમાણ | નોંધણી પહેલાંનો | | નોંધણી પછીનો | |
|---|---|---|---|---|---|
| | | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) |
| કાચો નફો | વેચાણ (૭:૧૧) | | ૨૮૦૦૦ | | ૪૪૦૦૦ |
| મળેલ ભાડું | સમય (૧:૨) | | ૮૦૦ | | ૧૬૦૦ |
| રોકાણો ઉપર વ્યાજ | પહેલાં | | ૧૯૧૦ | | ----- |
| બાદ : ખર્ચાઓ | | | | | |
| જાવકમાલ ગડાભાડું | વેચાણ (૭:૧૧) | ૭૦૦ | | ૧૧૦૦ | |
| ઓફીસ પગાર | સમય (૧:૨) | ૬૦૦૦ | | ૧૨૦૦૦ | |
| છપામણી અને સ્ટેશનરી | સમય (૧:૨) | ૧૦૦૦ | | ૨૦૦૦ | |
| તાર-ટપાલ ખર્ચ | સમય (૧:૨) | ૨૦૦ | | ૪૦૦ | |
| પરચુરણ ખર્ચ | સમય (૧:૨) | ૮૦૦ | | ૧૬૦૦ | |
| વિક્રેતાઓને મુસાફરી ખર્ચ | વેચાણ (૭:૧૧) | ૧૪૦૦ | | ૨૨૦૦ | |
| ફર્નિચરના વેચાણની ખોટ | પહેલાં | ૧૫૦ | | ----- | |
| રોકાણોની વેચાણ પર ખોટ | પહેલાં | ૬૦૦ | | ----- | |
| ઘાલખાધ | પછી | ----- | | ૧૪૮૦ | |
| ગ્રાહકોને આપેલ વટાવ | વેચાણ (૭:૧૧) | ૨૮૦ | | ૪૪૦ | |
| ડિલીવરીવાનનો નિભાવ ખર્ચ | વેચાણ (૭:૧૧) | ૧૪૦ | | ૨૨૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સંચાલકોની ફી | પછી | ----- | | ૮૮૦૦ | |
| ઓડીટ ફી | સમય (૧:૨) | ૪૦૦ | | ૮૦૦ | |
| વિક્રેતાઓનું ભથ્થું વગેરે | વેચાણ (૭:૧૧) | ૨૮૦૦ | | ૪૪૦૦ | |
| પ્લાન્ટ પરનો ઘસારો | સમય (૧:૨) | ૪૦૦ | | ૮૦૦ | |
| જાહેરાત અને શોરૂમ ખર્ચ | વેચાણ (૭:૧૧) | ૧૪૦૦ | | ૨૨૦૦ | |
| ભાડું, કર અને વીમો | સમય (૧:૨) | ૧૨૦૦ | | ૨૪૦૦ | |
| ડિબેન્ચર પરનું વ્યાજ | પછી | ----- | | ૧૨૦૦૦ | |
| શકમંદ લેંણાની જોગવાઈ | પછી | ----- | | ૨૪૦૦ | |
| સામાન્ય ખર્ચાઓ | સમય (૧:૨) | ૬૦૦ | | ૧૨૦૦ | |
| ખરીદ કિંમત પર વ્યાજ | (૨:૧) | ૬૦૦૦ | | ૩૦૦૦ | |
| ચોખ્ખો નફો | | ૬૬૪૦ | | ----- | |
| ચોખ્ખી ખોટ | | | | ----- | ૧૩૮૪૦ |
| કુલ | | ૩૦૭૧૦ | ૩૦૭૧૦ | ૫૯૪૪૦ | ૫૯૪૪૦ |

**નોંધઃ** (૧) રોકાણોનું વેચાણ નોંધણી પહેલાંના સમયમાં થયેલું હોવાથી રોકાણો પરના વ્યાજની આવક અને રોકાણો પરના વેચાણની ખોટ પણ નોંધણી પહેલાંના સમયની ગણી છે.

(૨) ફર્નિચરનું વેચાણ નોંધણી પહેલાંના સમયમાં થયેલું હોવાથી તેના પરની ખોટ નોંધણી પહેલાંના સમયની ગણી છે.

(૩) નોંધણી પહેલાના સમયમાં રૂ. ૬૬૪૦ નો ચોખ્ખો નફો થાય છે. પ્રાથમિક ખર્ચ રૂ. ૬૦૦ તથા પાઘડી રૂ. ૪૨૦૦ એમ કુલ રૂ. ૪૮૦૦ નોંધણી પહેલાંના નફામાંથી માંડી વાળવામાં આવશે. (કારણ કે નોંધણી પહેલાંના નફાનો ઉપયોગ સામાન્ય રીતે અવાસ્તવિક મિલકતો માંડી વાળવા માટે થાય છે.

(૪) શકમંદ લેંણાની જોગવાઈઃ આ બાબતે કોઈ સ્પષ્ટ માહિતી આપી ન હોવાથી એમ માની લીધું છે કે તે બધા જ દેવાદારો ૬ માસથી ઓછી મુદતના હશે અને નોંધણી પછીનો સમય ૮ માસનો છે.

ઉ. ૧૦ મેસર્સ શાહ ટ્રેડર્સ નો ચાલુ ધંધો તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ખરીદી લેવા માટે તા. ૧ લી એપ્રિલ, ૨૦૧૯ના રોજ શાહ લિમિટેડ ની સ્થાપવામાં કરવામાં આવી હતી. તા. ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનું તેનું વેપાર અને નફા નુકસાન ખાતું નીચે મુજબ છેઃ

**વેપાર અને નફા નુકસાન ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| વ્યવસ્થિત ખરીદી | | વેચાણ | |
| ૧.૧ થી ૩૧.૩ સુધીની ૬૦૦૦૦ | | ૧.૧ થી ૩૧.૩ સુધીની ૮૦૦૦૦ | |
| ૧.૪ થી ૩૧.૧૨ સુધીની ૨૪૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૧.૪ થી ૩૧.૧૨ સુધીની ૩૨૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| કાચો નફો. (ન. નું. ખાતે લઈ ગયા) | ૧૦૦૦૦૦ | | |
| | ૪૦૦૦૦૦ | | ૪૦૦૦૦૦ |
| વહીવટી ખર્ચા | ૪૦૦૦૦ | કાચો નફો - વેપાર ખાતેથી લાવ્યા | ૧૦૦૦૦૦ |
| ઘાલખાધ | ૨૦૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૨૦૦ |
| પ્રાથમિક ખર્ચ | ૫૨૦૦ | | |
| જાહેરાત ખર્ચ | ૧૦૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| સેલ્સમેનનો પગાર | ૨૪૦૦ | | |
| સેલ્સમેનનું કમિશન | ૪૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૪૫૬૦૦ | | |
| | **૧૦૦૨૦૦** | | **૧૦૦૨૦૦** |

**અન્ય જરૂરી માહિતી નીચે મુજબ આપવામાં આવી છેઃ**

**(૧) નોંધણી પહેલાનું રોકડ વેચાણ રૂ. ૪૦૦૦૦ હતું, જયારે નોંધણી પછીનું રોકડ વેચાણ રૂ. ૨૦૦૦૦૦ હતું.**

**(૨) વહીવટી ખર્ચમાં રૂ. ૪૦૦૦ ડિરેક્ટર ફીનો સમાવેશ થયેલ છે.**

**(૩) ઘાલખાધ પૈકી રૂ. ૪૦૦ ની ઘાલખાધ કંપની એ શાહ ટ્રેડર્સ પાસેથી લીધેલા દેવાદારો પૈકી છે અને બાકીની તા. ૧.૧.૨૦૧૯થી શરૂ કરેલ ધંધાના દેવાદારો પૈકીની છે.**

**ઉપરની વિગતોને આધારે નોંધણી પહેલાંનો અને નોંધણી પછીનો નફો કે નુકસાન દર્શાવતું નફા નુકસાન ખાતું તૈયાર કરો.**

જવાબ : ૧૦

(૧) **સમયનું પ્રમાણઃ નોંધણી પહેલાં : તા. ૧.૧.૨૦૧૯ થી ૩૧.૩.૨૦૧૯ = ૩ માસ**
**નોંધણી પછી : તા. ૧.૪.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ = ૯ માસ = (૩:૯) = ૧:૩ થાય**

(૨) **કુલ વેચાણનું પ્રમાણઃ નોંધણી પહેલાં રૂ. ૮૦૦૦૦ : નોંધણી પછી રૂ. ૩૨૦૦૦૦ = (૪:૧૬) = ૧:૪ થાય**

(૩) **ઉધાર વેચાણનું પ્રમાણઃ નોંધણી પહેલાં (૮૦૦૦૦ - ૪૦૦૦૦): નોંધણી પછી (૩૨૦૦૦૦ - ૨૦૦૦૦૦)**
**(રૂ. ૪૦૦૦૦) : (રૂ. ૧૨૦૦૦૦) = (૨:૬) = ૧:૩ થાય**

**વેપાર અને નફા નુકસાન ખાતું**

| વિગત | નોંધણી પહેલાં રૂ. | નોંધણી પછી રૂ. | વિગત | નોંધણી પહેલાં રૂ. | નોંધણી પછી રૂ. |
|---|---|---|---|---|---|
| વ્યવસ્થિત ખરીદી | ૬૦૦૦૦ | ૨૪૦૦૦૦ | વેચાણ | ૮૦૦૦૦ | ૩૨૦૦૦૦ |
| કાચો નફો. (ન. નું. ખાતે લઈ ગયા) | ૨૦૦૦૦ | ૮૦૦૦૦ | | | |
| | ૮૦૦૦૦ | ૩૨૦૦૦૦ | | ૮૦૦૦૦ | ૩૨૦૦૦૦ |
| વહીવટી ખર્ચા ડિરેક્ટર ફી સિવાયના) | ૯૦૦૦ | ૨૭૦૦૦ | કાચો નફો - વેપાર ખાતેથી લાવ્યા | ૨૦૦૦૦ | ૮૦૦૦૦ |
| ડિરેક્ટર ફી | ----- | ૪૦૦૦ | શેર ટ્રાન્સફર ફી | | ૨૦૦ |
| ઘાલખાધ | ૮૦૦ | ૧૨૦૦ | | | |
| પ્રાથમિક ખર્ચ | ----- | ૫૨૦૦ | | | |
| જાહેરાત ખર્ચ | ૨૦૦ | ૮૦૦ | | | |
| સેલ્સમેનનો પગાર | ૬૦૦ | ૧૮૦૦ | | | |
| સેલ્સમેનનું કમિશન | ૮૦૦ | ૩૨૦૦ | | | |
| ચોખ્ખો નફો | ૮૬૦૦ | ૩૭૦૦૦ | | | |
| | **૨૦૦૦૦** | **૮૦૨૦૦** | | **૨૦૦૦૦** | **૮૦૨૦૦** |

**નોંધઃ** (૧) દાખલામાં નોંધણી પહેલાંના અને પછી નું રોકડ તેમ જ ઉધાર વેચાણ આપ્યું છે. તેથી કુલ વેચાણના પ્રમાણની સાથે ઉધાર વેચાણનું પ્રમાણ પણ શોધ્યું છે. વેચાણને લગતા જે ખર્ચા કુલ વેચાણ સાથે સંકળાયેલા છે (જેવા કે જાહેરાત ખર્ચ, સેલ્સમેનને કમિશન) તેને કુલ વેચાણના પ્રમાણમાં ફાળવ્યા છે. જયારે વેચાણને લગતા જે ખર્ચા ઉધાર વેચાણ સાથે સંકળાયેલા છે (જેવા કે ઘાલખાધ) તેને ઉધાર વેચાણના પ્રમાણમાં ફાળવ્યા છે.

(૨) ઘાલખાધ ઘાલખાધની રકમ રૂ. ૨૦૦૦ પૈકી રૂ. ૪૦૦ ની ઘાલખાધ તે સ્થાપના પહેલાંની થઈ. પરંતુ બાકીના રૂ. ૧૬૦૦ એ આખા વર્ષની છે. એટલે તેને ઉધાર વેચાણના પ્રમાણમાં (૧:૩) ફાળવાતાં રૂ. ૪૦૦ સ્થાપના પહેલાની થાય એટલે સ્થાપના પહેલાની કુલ ઘાલખાધ રૂ. ૮૦૦ ( રૂ. ૪૦૦ + રૂ. ૪૦૦) થાય અને બાકીની રૂ. ૧૨૦૦ સ્થાપના પછીની ઘાલખાધ ગણાય.

(૩) દાખલામાં નોંધણી પહેલાં અને પછીની ખરીદી તેમ જ વેચાણ ની અલગ રકમો આપીછે, તેથી વેપારખાતું તૈયાર કરીને કાચો નફો શોધી શકાય તેમ છે, તેથી કાચો નફો વેચાણના પ્રમાણમાં ફાળવ્યો નથી.

ઉ. ૧૧ મેસર્સ દવે ટ્રેડર્સ નો ચાલુ ધંધો તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ખરીદી લેવા માટે તા. ૧લી એપ્રિલ,૨૦૧૯ના રોજ સોમાણી લિમિટેડ ની સ્થાપવામાં કરવામાં આવી હતી. કોઈ ટ્રાન્સફરની નોંધ ચોપડામાં કરવામાં આવી નથી. તા. ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનું તેનું કાચું સરવૈયુ નીચે મુજબ છેઃ

**કાચું સરવૈયુ**

| ઉધાર બાકીઓ | રૂ. | જમા બાકીઓ | રૂ. |
|---|---|---|---|
| સ્ટોક (૧.૧.૨૦૧૯) | ૮૦૦૦ | વેચાણ | ૬૦૦૦૦ |
| ખરીદી | ૪૧૦૦૦ | મૂડી - ૧.૧.૨૦૧૯ ના રોજ | ૫૦૦૦૦ |
| મુસાફરી કમિશન | ૧૬૦૦ | ચાલુ જવાબદારીઓ | ૧૦૦૦૦ |
| જાવકમાલ ગાડાભાડું | ૧૮૦૦ | | |
| ઓફીસ ખર્ચ | ૧૦૦૦ | | |
| ઓફીસ પગાર | ૨૪૦૦ | | |
| ભાડું અને ટેક્ષ | ૧૨૦૦ | | |
| ડાઈરેક્ટર નો પગાર | ૪૦૦૦ | | |
| સ્થિર મિલકતો | ૪૦૦૦૦ | | |
| ચાલુ મિલકતો (સ્ટોક ને બાદ કરતાં) | ૧૮૦૦૦ | | |
| પ્રાથમિક ખર્ચ | ૧૦૦૦ | | |
| | **૧૨૦૦૦૦** | | **૧૨૦૦૦૦** |

વધારાની માહિતીઃ

(૧) તા. ૩૧.૧૨.૨૦૧૯ ના રોજ સ્ટોક રૂ. ૧૬૦૦૦ હતો.

(૨) પ્રાથમિક ખર્ચ ને માંડી વાળવાનો છે.

(૩) ખરીદ કિંમત રૂ. ૬૦૦૦૦ નક્કી થઈ હતી કે જે કંપની પોતાના ૬૦૦૦ ઓર્ડીનરી શેર દરેક ૧૦નાં પૂરે પુરા ભરપાઈ થયેલ આપીને ચુકવવાની હતી.

(૪) કાચા નફા નો દર એક સરખો છે અને જાન્યુઆરી, નવેમ્બર અને ડીસેમ્બર માસનું સરેરાશ વેચાણ બાકીના માસના સરેરાશ કરતાં બમણું છે.

ઉપરની વિગતોને આધારે નોંધણી પહેલાંનો અને નોંધણી પછીનું નફાની વહેચણી દર્શાવતું પત્રક અને સરવૈયુ તૈયાર કરો.

જવાબ : ૧૧

(૧) સમયનું પ્રમાણઃ નોંધણી પહેલાં : તા. ૧.૧.૨૦૧૯ થી ૧.૪.૨૦૧૯ = ૩ માસ

નોંધણી પછી : તા. ૧.૪.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ = ૯ માસ

= (૩:૯) = ૧:૩

(૨) વેચાણનું પ્રમાણઃ સરેરાશ વેચાણ : જાન્યુઆરી, નવેમ્બર અને ડીસેમ્બર (૨ X ૩ માસ) = ૬

સરેરાશ વેચાણ : બાકીના ૯ માસનું (૧ X ૯ માસ) = ૯

૧૫

નોંધણી પહેલાં (જાન્યુ., ફેબ., માર્ચ ) (૨,૧,૧,) : (એપ્રિલ થી ડિસેમ્બર) (૭X૧) (૨X૨)

= ૪ : ૧૧

**વેપાર ખાતું**
**તા. ૩૧.૧૨.૨૦૧૯ ના રોજ પુરા થતા વર્ષનું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| સ્ટોક (૧.૧.૨૦૧૯) | ૮૦૦૦ | વેચાણ | ૬૦૦૦૦ |
| ખરીદી | ૪૧૦૦૦ | આખર સ્ટોક | ૧૬૦૦૦ |
| કાચો નફો. (ન. નું. ખાતે લઈ ગયા) | ૨૭૦૦૦ | | |
| | **૭૬૦૦૦** | | **૭૬૦૦૦** |

**નોંધણી પહેલાંના અને પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક**

| વિગતનું | ફાળવણીનું પ્રમાણ | નોંધણી પહેલાંનો | | નોંધણી પછીનો | |
|---|---|---|---|---|---|
| | | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) | ખર્ચાઓ (રૂ.) | કાચો નફો અને આવકો (રૂ.) |
| કાચો નફો | વેચાણ (૪:૧૧) | | ૭૨૦૦ | | ૧૯૮૦૦ |
| બાદ : ખર્ચાઓ | | | | | |
| મુસાફરી કમિશન | સમય (૧:૩) | ૪૦૦ | | ૧૨૦૦ | |
| જાવકમાલ ગાડાભાડું | વેચાણ (૪:૧૧) | ૪૮૦ | | ૧૩૨૦ | |
| ઓફીસ ખર્ચ | સમય (૧:૩) | ૨૫૦ | | ૭૫૦ | |
| ઓફીસ પગાર | સમય (૧:૩) | ૬૦૦ | | ૧૮૦૦ | |
| ભાડું અને ટેક્ષ | સમય (૧:૩) | ૩૦૦ | | ૯૦૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડાઈરેક્ટર નો પગાર | પછી | ----- | | ૪૦૦૦ | |
| પ્રાથમિક ખર્ચ | પછી | ----- | | ૧૦૦૦ | |
| ચોખ્ખો નફો | | ૫૧૭૦ | | ૮૮૩૦ | |
| **કુલ** | | **૭૨૦૦** | **૭૨૦૦** | **૧૯૮૦૦** | **૧૯૮૦૦** |

**પાકું સરવૈયું**

**તા. ૩૧.૧૨.૨૦૧૯ ના રોજનું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| **શેર મૂડી :** | | **કાયમી મિલકતો :** | |
| **સતાવાર** | | પાઘડી રૂ. ૧૦૦૦૦ | |
| **બહાર પાડેલી અને વસુલ આવેલી મૂડી :** | | (-) મૂડી (હવાલો) રૂ. ૫૧૭૦ | ૪૮૩૦ |
| ૬૦૦૦ શેર રૂ. ૧૦ નો એક એવા પુરા ભરાયેલ (ખરીદ કિંમત પેટે) | ૬૦૦૦૦ | સ્થિર મિલકતો | ૪૦૦૦૦ |
| **અનામત અને વધારો :** | | **રોકાણો** | ----- |
| નફા નુકસાન ખાતે - બેલેન્સ | ૮૮૩૦ | **ચાલુ મિલકતો, લોન અને ધિરાણઃ** | |
| **તારણવાળી લોન** | ----- | ચાલુ મિલકતો (સ્ટોક બાદ કરતાં) | ૧૮૦૦૦ |
| **તારણ વગરની લોન** | ----- | આખર સ્ટોક | ૧૬૦૦૦ |
| **ચાલુ દેવા અને જોગવાઈઓ :** | | | |
| ચાલુ જવાબદારીઓ | ૧૦૦૦૦ | | |
| | **૭૮૮૩૦** | | **૭૮૮૩૦** |

**૨.૧૧ સ્વાધ્યાયઃ**

૧. વિદ્યાનગર લિ. કંપની એક પેઢીનો ચાલુ ધંધો તા. ૧ લી જાન્યુઆરી, ૨૦૧૯થી ખરીદી લેવા ૧લી એપ્રિલ, ૨૦૧૯ના રોજ સ્થાપવામાં આવી. વર્ષ ૨૦૧૯ન કમ્પનીના હિસાબો નીચેની પરિસ્થિતિ રજુ કરતા હતાઃ

(૧) ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનો કાચો નફો રૂ. ૩,૬૦,૦૦૦.

(૨) વર્ષ દરમિયાનનું વેચાણ રૂ. ૧૪,૪૦,૦૦૦, જે પૈકી પ્રથમ છ માસનું વેચાણ રૂ. ૨,૮૮,૦૦૦ હતું.

(૩) ૨૦૧૯ના વર્ષ દરમિયાનના ખર્ચા નીચે મુજબ હતાઃ

| વિગત | રૂ. |
|---|---|
| ઘાલખાધ | ૪૩૨૦ |
| જાહેરાત (માસિક રૂ. ૧૨૦૦ લેખે કરાર મુજબ) | ૧૪૪૦૦ |
| ડિરેક્ટર ફી | ૧૮૦૦૦ |
| પગાર અને સામાન્ય ખર્ચા | ૭૬૮૦૦ |
| પ્રાથમિક ખર્ચા માંડી વાળ્યા | ૬૦૦૦ |
| રાજકીય પક્ષને આપેલ દાન | ૬૦૦૦ |

ઉપરની વિગતો પરથી નોંધણી પહેલાંનો નફો કે ખોટ દર્શાવતું પત્રક બનાવો.

(જવાબઃ નોંધણી પહેલાં નો ચોખ્ખો નફો રૂ. ૧૨૭૬૮ અને નોંધણી પછીનો ચોખ્ખો નફો રૂ. ૨૨૧૭૧૨ છે. સમયનું પ્રમાણ (૧:૩) અને વેચાણ નું પ્રમાણ (૧:૯) છે).

૨. જામનગર ટ્રેડર્સ લિ. ભાગીદારી પેઢીનો ધંધો તા. ૧.૧.૨૦૧૯થી ખરીદી લેવા માટે તા. ૧.૫.૨૦૧૯ના રોજ નોંધવામાં આવી હતી. તા. ૩૧.૧૨.૨૦૧૯ન રોજ પુરા થતા વર્ષના હિસાબો નીચે મુજબની હકીકતો પૂરી પાડે છેઃ

(૧) તા. ૩૧.૧૨.૨૦૧૯ન રોજ પુરા થતા આખા વર્ષનું વેચાણ રૂ. ૧૨,૦૦,૦૦૦ છે, જે પેંકી રૂ. ૨,૦૦,૦૦૦ તા.૧.૧.૨૦૧૯થી તા. ૧.૫.૨૦૧૯ સુધીના સમયનું છે.

(૨) વેપાર ખાતું કાચો નફો રૂ. ૪,૮૦,૦૦૦ બતાવે છે.

(૩) નફા નુકસાન ખાતામાં નીચેની રકમનો સમાવેશ થાય છેઃ

ડિરેક્ટરોને ફી રૂ. ૭૫૦૦, ઓડીટરોની ફી રૂ. ૩૭૫૦, ભાડું વેરા વગેરે રૂ. ૨૪૦૦૦, કર્મચારીઓનો પગાર રૂ. ૬૦૦૦૦, ઘાલખાધ રૂ. ૧૦૦૦૦ (રૂ. ૩૫૦૦ તા. ૧.૫.૨૦૧૯ પહેલાંના સમયની હતી), ડિબેન્ચરોનું વ્યાજ રૂ. ૩૦૦૦૦, યંત્રો અને મશીનરી પરનો ઘસારો ૧૮૦૦૦, સ્થાપના ખર્ચ રૂ. ૧૨૦૦૦, સામાન્ય ખર્ચ (પરચુરણ ખર્ચ) રૂ. ૯૦૦૦, વેચાણ પર કમિશન ૧૮૦૦૦ અને સ્ટેશનરી તથા છપાઈ ખર્ચ રૂ. ૧૨૦૦૦.

ઉપરની વિગતોને આધારે (૧) સ્થાપના પહેલાનો નફો તથા (૨) સ્થાપના પછીનો નફો શોધો.

(જવાબઃ નોંધણી પહેલાંનો ચોખ્ખો નફો રૂ. ૩૧૨૫૦ અને નોંધણી પછીનો ચોખ્ખો નફો રૂ. ૨૪૪૫૦૦ છે. સમય નું પ્રમાણ (૧:૨) અને વેચાણ નું પ્રમાણ (૧:૫) છે. ડિરેક્ટરોને ફી, ડિબેન્ચરોનું વ્યાજ અને સ્થાપના ખર્ચ સ્થાપના પછીનું ગણવામાં આવશે અને ઓડીટરોની ફી ની ગણતરી સમય પ્રમાણે કરવામાં આવશે).

૩. પુના ટ્રેડર્સ લિ. એ મેસર્સ શાહ લિ.નો ધંધો તા. ૧.૧૦.૨૦૧૮થી ખરીદી લેવા માટે તા. ૧.૧.૨૦૧૯ના રોજ નોંધવામાં આવી હતી અને તેને ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર ૧.૨.૨૦૧૯ ના રોજ મળ્યું.

તા. ૩૦.૯.૨૦૧૯ન રોજ પુરા થતા વર્ષના હિસાબો નીચે મુજબની હકીકતો પૂરી પાડે છેઃ

(૧) આખા વર્ષનું વેચાણ રૂ. ૩,૦૦,૦૦૦ છે, જે પેંકી રૂ.૫૦,૦૦૦ તા. ૧.૧૦.૨૦૧૮ થી ૧.૨.૨૦૧૯ સુધીના સમયનું છે.

(૨) વેપાર ખાતું કાચો નફો રૂ. ૧,૨૦,૦૦૦ બતાવે છે.

(૩) નફા નુકસાન ખાતામાં નીચેની રકમનો સમાવેશ થાય છેઃ

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| ડિરેક્ટરોને ફી | ૨૦૦૦ | વેચાણ પર કમિશન | ૧૨૦૦ |
| ઓડીટરોની ફી | ૧૦૦૦ | સામાન્ય ખર્ચ | ૨૧૦૦ |
| ભાડું વેરા વગેરે | ૫૪૦૦ | ડિબેન્ચરોનું વ્યાજ | ૪૦૦૦ |
| ઘાલખાધ (રૂ. ૧૦૦૦ તા. ૧.૨.૨૦૧૯ પહેલાંના સમયની હતી) | ૩૦૦૦ | પ્રાથમિક ખર્ચ | ૨૦૦૦ |
| પગાર | ૧૮૦૦૦ | યંત્રો પરનો ઘસારો | ૧૨૦૦ |

| | | | |
|---|---|---|---|
| જાહેરાત | ૬૦૦૦ | છપાઈ તથા સ્ટેશનરી ખર્ચ | ૧૫૦૦ |
| મુસાફરી ખર્ચ અને પગાર | ૯૦૦૦ | ધંધો વેચનાર ને વ્યાજ (૧૨% લેખે રૂ. ૫૦૦૦૦ પર તા. ૧.૧૦.૨૦૧૮ થી ૩૧.૫.૨૦૧૯ માટે) | ૪૦૦૦ |

ઉપરની વિગતોને આધારે (૧) સ્થાપના પહેલાનો નફો તથા (૨) સ્થાપના પછીનો નફો શોધો.

(જવાબઃ નોંધણી પહેલાં નો ચોખ્ખો નફો રૂ. ૪૯૦૦ અને નોંધણી પછીનો ચોખ્ખો નફો રૂ. ૫૪૭૦૦ છે. સમય નું પ્રમાણ (૧:૨) અને વેચાણ નું પ્રમાણ (૧:૫) છે. ધંધો વેચનારને વ્યાજ (૧:૧) પ્રમાણે ફાળવવામાં આવશે).

૪. અંબર લિ. એક ધંધો તા. ૧.૧.૨૦૧૯થી ખરીદી લેવા માટે તા. ૧.૪.૨૦૧૯ના રોજ નોંધવામાં આવી હતી. અંબર લિ તા. ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પાકું સરવૈયું બનાવે છે.

નીચેની વિગતોને આધારે સ્થાપના પહેલા અને સ્થાપના પછીના સમયનો વેચાણ પ્રમાણ શોધો.

(૧) વેચાણ ( જાન્યુઆરી. ૨૦૧૯ થી ડીસેમ્બર, ૨૦૧૯) = રૂ. ૪,૮૦,૦૦૦.

(૨) જાન્યુઆરી વેચાણ = સરેરાશ વેચાણ કરતાં બમણું .

(૩) ફેબ્રુઆરી વેચાણ = સરેરાશ વેચાણ.

(૪) મે થી ઓગસ્ટ = દરેક માસનું સરેરાશ વેચાણ ના ૧/૪

(૫) ઓક્ટોબર અને નવેમ્બર = સરેરાશ વેચાણના ત્રણ ગણા

(જવાબઃ કુલ વેચાણ રૂ. ૪૦૦૦૦૦ થશે. નોંધણી પહેલાંનું વેચાણ રૂ. ૧૪૦૦૦૦ અને નોંધણી પછીનું વેચાણ રૂ. ૩૪૦૦૦૦ છે. વેચાણનું પ્રમાણ (૭:૧૭) છે. સરેરાશ વેચાણ=રૂ. ૪,૮૦,૦૦૦/૧૨= રૂ. ૪૦૦૦૦)

૫. નીચેની વિગતોને આધારે સ્થાપના પહેલા અને સ્થાપના પછીના સમયનો સરેરાશ સમય પ્રમાણ શોધો અને કુલ મજુરીની વેહ્ચણી કરો :

(૧) નોંધણીની તારીખ : ૧.૪.૨૦૧૯.

(૨) નાણાંકીય હિસાબોનો સમયગાળો : જાન્યુઆરી થી ડીસેમ્બર, ૨૦૧૯ .

(૩) કુલ મજુરીની ચુકવણી : રૂ. ૧૬૦૦૦

(૪) કામદારોની સંખ્યા : સ્થાપના પહેલા ૪ અને સ્થાપના પછી ૨૦.

(જવાબઃ સામાન્ય સમય પ્રમાણ= ૩ મહિનાઃ૯ મહિના=(૧:૩) અને સરેરાશ સમય પ્રમાણ=(૧x૪): (૩x ૨૦) (સમય પ્રમાણ x કામદારો ની સંખ્યા)=(૪:૬૦)=(૧:૧૫) થશે, નોંધણી પહેલાંની મજુરી રૂ. ૧૦૦૦ અને નોંધણી પછીની મજુરી રૂ. ૧૫૦૦૦ થશે).

૬. સાહેબ લિમિટેડની સ્થાપના તા. ૧.૪.૨૦૧૯થી થઈ હતી અને તે જ તારીખે તેનો નોંધણીનો દાખલો (પ્રમાણપત્ર) મળેલ છે. તે કંપનીએ તા. ૧.૧.૨૦૧૯ના રોજથી ‘શાહ બ્રધર્સ’નો ચાલુ ધંધો ખરીદી લીધો. કંપનીએ તા. ૩૧.૧૨.૨૦૧૯ ના રોજ આખા વર્ષનું નફા નુકસાન ખાતું નીચે જણાવ્યા પ્રમાણે બનાવેલ છે. નોંધણી પહેલાનું અને પછીનું નફા નુકસાન ખાતું બનાવો અને બન્ને સમયનાં નફા નુકસાન શોધી કાઢો.

**૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનું**
**નફા નુકસાન ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| પગાર અને ભથ્થાં | ૩૦૦૦ | કાચો નફો | ૩૦૦૦૦ |
| ભાડું | ૯૦૦ | રોકાણો ઉપર વ્યાજ | ૬૦૦ |
| ઘસારો | ૯૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૫૦ |
| ઘાલખાધ | ૬૦૦ | પેટા ભાડુઆત પાસેથી ભાડું મળ્યું (તા. ૧.૩.૨૦૧૯ થી) | ૧૦૦૦ |
| વ્યાજ | ૯૦૦ | | |
| વટાવ અને કસર | ૬૦૦ | | |
| જાહેરાત ખર્ચ | ૯૦૦ | | |
| પ્રાથમિક ખર્ચ | ૩૦૦ | | |
| તાર ટપાલ ખર્ચ | ૬૦ | | |
| પરચુરણ ખર્ચ | ૯૦૦ | | |
| વેચાણ પર કમિશન ૧% લેખે | ૩૦૦૦ | | |
| જાવક માલનું ગાડાભાડું | ૬૦૦ | | |
| ફર્નિચર વેચાણ પર ખોટ (ફર્નિચર વેચાણ તા. ૧.૩.૨૦૧૯) | ૫૦ | | |
| સેક્રેટરી અને મેનેજિંગ ડિરેક્ટરોનો પગાર | ૪૪૫૦ | | |
| વીમાનું પ્રીમિયમ | ૬૦૦ | | |
| સેલ્સ્મેનનું પ્રવાસ ખર્ચ અને ભથ્થાં | ૪૫૦ | | |
| ધંધો વેચનાર ને વ્યાજ (વેચનારને ખરીદ કિંમત તા. ૩૧મી મે ૨૦૧૬ના રોજ ચુકવવામાં આવી હતી) | ૩૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૧૨૫૪૦ | | |
| | **૩૧૬૫૦** | | **૩૧૬૫૦** |

(૧) કંપનીએ તા. ૧.૭.૨૦૧૯ ના રોજ રૂ. ૧૦૦૦ની કિંમતે નવા ખરીદેલ યંત્ર ઉપરના વાર્ષિક ૧૦% લેખેના ઘસારાની રકમનો, કુલ ઘસારાની રકમ રૂ. ૯૦૦માં સમાવેશ થયેલા છે.

(૨) ચુકવેલ ભાડું, પહેલાં છ માસમાં જે હતું તેના કરતાં પછીના છ માસમાં માસિક બમણું કરવામાં આવ્યું છે.

(૩) પગારની રકમમાં, ડિરેક્ટરોને ચૂકવેલ, ડિરેક્ટરોની ફી રૂ. ૬૦૦ નો સમાવેશ થયેલો છે.

(૪) કંપની એ રોકાણો તા. ૧.૭.૨૦૧૯ ના રોજ ખરીધાં હતાં, જેના ઉપર વ્યાજ મળેલું છે.

(૫) સ્થાપના પહેલાનું (તા. ૧.૪.૨૦૧૯ સુધીનું વેચાણ રૂ. ૧૦૦૦૦૦નુ છે.

(જવાબઃ નોંધણી પહેલાં નો ચોખ્ખો નફો રૂ. ૫૭૨૨ અને નોંધણી પછીનો ચોખ્ખો નફો રૂ. ૬૮૧૮ છે. સમય નું પ્રમાણ (૧:૩) અને વેચાણનું પ્રમાણ (૧:૨) છે, ધંધાની ખરીદ કિંમત ઉપર ચુકવેલ વ્યાજની ફાળવણીનું પ્રમાણ (૩:૨) થશે. અને મળેલ ભાડું (૧.૩.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯) - ૧૦ માસનું મળ્યું છે. માસિક (રૂ. ૧૦૦૦/૧૦) = રૂ. ૧૦૦ માસિક. તેથી (૧:૯) પ્રમાણે નોંધણી પહેલાંનું રૂ. ૧૦૦ અને નોંધણી પછીનું રૂ. ૯૦૦ થશે. ફર્નિચર વેચાણ પર ખોટઃ ફર્નિચર વેચાણ તા. ૧.૩.૨૦૧૯ ના રોજ એટલે કે નોંધણી પહેલાં થયું

હોવાથી તેના પરની ખોટ રૂ. ૫૦ નોંધણી પહેલાંના સમયની ગણાશે. ડિરેક્ટરોની ફીનો સમાવેશ પગારમાં થયો છે તેથી તે પગારમાંથી બાદ કરી, સ્થાપના પછીનું ખર્ચ ગણેલ છે. બાકીનો પગાર રૂ. ૨૪૦૦ સમયના પ્રમાણમાં ફાળવેલ છે. ઘસારોઃ આ સામાન્ય રીતે સમયના પ્રમાણમાં ફાળવવામાં આવે છે. પરંતુ અહીં તેમાં નવા ખરીદેલ રૂ. ૧૦૦૦ને કિંમતના યંત્રો ઉપરના ઘસારાનો સમાવેશ થયો છે. તેની ખરીદ તા. ૧.૭.૨૦૧૯ છે, તેથી તેના ઉપર ફક્ત ૬ માસનો ઘસારો ગણવાનો અને તે સમય સ્થાપના પછીનો હોવાથી તે રકમ રૂ. ૫૦ (રૂ. ૧૦૦૦ ઉપર ૧૦% લેખે ૬ માસનો ઘસારો) નોંધણી પછીની ગાણશે. બાકી રૂ. ૮૫૦ સમયના પ્રમાણે ફાળવેલ છે).

૭. જમના લિ. કે જેને ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર ૧લી જુલાઈ, ૨૦૧૯ન રોજ મળ્યું હતું. તેણે એક વેપારીનો ચાલુ ધંધો ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ન રોજથી ખરીદી લીધો હતો. ખરીદ કિંમત રૂ. ૩૦૦૦૦ નક્કી થઈ હતી કે જે કંપની ના પોતાના ૧૫૦૦ ઓર્ડિનરીશેર દરેક રૂ. ૧૦ નાં પુરેપુરા ભરપાઈ થયેલ તથા ૬% ના ૧૫૦૦ ડિબેન્ચરો દરેક રૂ. ૧૦ નાંપુરેપુરા ભરપાઈ થયેલા આપીને ચુકવવાની હતી.

૩૧ મી ડીસેમ્બર, ૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનું વેપાર ખાતું તથા નફા નુકસાન ખાતું નીચે મુજબ તમારી સમક્ષ રજુ કરવામાં આવ્યાં છે.

**વેપાર ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| ખરીદ ખાતે (સ્ટોકનો હવાલો નાખ્યા બાદ) | ૩૮૭૦૦ | વેચાણ ખાતે ૭૭૦૦૦<br>(બાદ) વેચાણ પરત ૨૦૦૦ | ૭૫૦૦૦ |
| કાચો નફો - નફા નુકસાન ખાતે લઈ ગયા | ૩૬૩૦૦ | | |
| | **૭૫૦૦૦** | | **૭૫૦૦૦** |

**નફા નુકસાન ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| પગાર | ૩૦૦૦૦ | કાચો નફો - વેપાર ખાતેથી લાવ્યા | ૩૬૩૦૦ |
| ઑફીસ ખર્ચ | ૧૯૩૫ | રોકાણોનું વ્યાજ | ૫૦૦ |
| વેચાણ ખર્ચ | ૪૦૫૦ | | |
| વેચાણ ગાડા ભાડું | ૯૦૦ | | |
| ભાડું | ૫૨૫ | | |
| ડિબેન્ચર વ્યાજ | ૬૭૫ | | |
| ડિરેક્ટર ફી | ૮૦૦ | | |
| પ્રાથમિક ખર્ચ માંડી વાળેલ | ૧૪૨૫ | | |
| ખરીદ કિંમત પર વ્યાજ | ૪૫૦ | | |
| ઓર્ડિનરી શેરહોલ્ડરો ને ડિવિડંડ | ૧૫૦૦ | | |
| ઘસારો | ૧૦૦૦ | | |
| રાજકીય પક્ષોને દાન | ૫૦૦ | | |
| ચોખ્ખો નફો - આગળ લઈ ગયા | ૮૦૪૦ | | |
| | **૩૬૮૦૦** | | **૩૬૮૦૦** |

તમને નીચે મુજબની માહિતી મળે છેઃ

(૧) ૨૦૧૯માં વર્ષનું કુલ ચોખ્ખું વેચાણ રૂ. ૭૫૦૦૦ હતું. આ કુલ ચોખ્ખા વેચાણના ત્રીજા ભાગ જેટલું વેચાણ પ્રથમ છ માસ દરમિયાન થયેલું હતું.

(૨) ૧લી એપ્રિલ, ૨૦૧૯ના રોજ વેચનારને શેર તથા ડિબેન્ચર આપવામાં આવ્યા..

(૩) ભાડું પ્રથમ ત્રણ માસ દરમિયાન જે માસિક સરેરાશ હતું તે પછીના ૯ માસ દરમિયાન માસિક સરેરાશ ભાડા કરતાં અડધું હતું.

(૪) ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ થી પતાવટની તારિખ ૧લી એપ્રિલ, ૨૦૧૯ સુધીની ખરીદ કિંમત પરનું વાર્ષિક ૬% લેખે વ્યાજ ચુકવવામાં આવ્યું હતું. ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર મળ્યા પહેલાં અને પછીના સમય માટેનું નફા નુકસાન દર્શક પત્રક ખાનાવાર ફોર્મ માં તૈયાર કરવાનું છે.

(જવાબઃ નોંધણી પહેલાં નો ચોખ્ખો નફો રૂ. ૧૦૫૭ અને નોંધણી પછીનો ચોખ્ખો નફો રૂ. ૮૪૮૩ છે. સમય નું પ્રમાણ (૧:૧) અને વેચાણ નું પ્રમાણ (૧:૨) છે, ધંધાની ખરીદ કિંમત ઉપર ચુકવેલ વ્યાજની ફાળવણીનું પ્રમાણ સ્થાપના પહેલાં ૧.૧.૨૦૧૯ થી ૧.૪.૨૦૧૯= ૩ માસ ખરીદ કિંમત તા. ૧.૪.૨૦૧૯ ના રોજ ચુકવવામાં આવી છે. એટલે બધું વ્યાજ સ્થાપના પહેલાંના સમયને લગતું છે. સ્થાપના પહેલાની મુદત ૬ માસ છે. પહેલાં ૩ માસ દરમિયાન ભાડું રૂ. ૨૫ ક્ષ ૩ =રૂ.૭૫ અને પછીના ૩માસ દરમિયાન ભાડું રૂ.૫૦ ક્ષ ૩= રૂ. ૧૫૦, કુલ= રૂ. ૨૨૫ , નોંધણી પછીના ૬ માસ દરમિયાન મહિને રૂ. ૫૦ લેખે રૂ. ૩૦૦ થાય. (૨) નોંધણી પછીના નફા રૂ. ૮૪૮૨ માંથી રૂ. ૧૫૦૦ ઓર્ડિનરી શેરહોલ્ડરો ને ડિવિડંડ ચુકવાશે. ( સામાન્ય રીતે સંયુક્ત હિસ્સાવાળી કંપની માં શેરહોલ્ડર્સને ચુકવેલ ડિવિડંડ નફા નુકસાન ફાળવણી ખાતામાં દર્શાવવામાં આવે છે. તેથી અહીં બતાવેલ નથી. (૩) ડિબેન્ચર વ્યાજ ની રકમ દાખલામાં આપવામાં આવતી નથી. પરંતુ તે વ્યાજ ફરજિયાત હોવાથી તેની ગણતરી કરીને સ્થાપના પછીના નફામાંથી બાદ કરવું જરૂરી છે).

૮. અમિત લી.ની નોંધણી તા. ૧.૮.૨૦૧૯ના રોજ થઈ હતી. કંપનીએ એક ચાલુ ધંધો ત. ૧.૪.૨૦૧૯ના રોજથી ખરીદી લીધો. કંપની ના સૌથી પહેલાં વાર્ષિક હિસાબો તા. ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા સમય માટે તૈયાર કરવામાં આવ્યા હતા. કાચો નફો રૂ. ૬૦,૦૦૦, સામાન્ય ખર્ચ ૯૦૦૦, ડિરેક્ટરોની વાર્ષિક ફી રૂ. ૩૦,૦૦૦ અને પ્રાથમિક ખર્ચ રૂ. ૨૫૦૦ છે. તા. ૩૦.૯.૨૦૧૯ સુધી વાર્ષિક ભાડું રૂ. ૧૮૦૦ લેખે હતું. પરંતુ ત્યાર બાદ વાર્ષિક રૂ ૩૬૦૦ સુધી વધારવામાં આવેલ હતું. મેનેજર કે જેને કંપનીની નોંધણી થયા બાદ ડિરેક્ટર બનાવવામાં આવેલ તેનો વાર્ષિક પગાર રૂ. ૨૪૦૦ હતો. (નોંધણી બાદના તેમના મહેનતાણા ઉપર આપેલ ડિરેક્ટરોની ફીમાં સમાવેશ થાય છે). નોંધણી પહેલાંનો તથા પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક તૈયાર કરો . કુલ વેચાણ રૂ. ૯,૩૦,૦૦૦ હતું. જે પૈકી એપ્રિલ થી જુલાઈ સુધીના ચાર માસનું સરેરાશ વેચાણ બાકીના સમયના સરેરાશ માસિક વેચાણ કરતાં ચોથા ભાગનું છે. વેચાણ પર નફાની દર એકસરખો રહ્યો છે.

(જવાબઃ નોંધણી પહેલાંનો ચોખ્ખો નફો રૂા. ૪૬૦૦ અને નોંધણી પછીનો ચોખ્ખો નફો રૂા. ૨૮૮૦૦ છે. સમયનું પ્રમાણ (૪:૫) અને વેચાણ નું પ્રમાણ (૧:૫) છે, મેનેજરનો પગાર માસિક રૂા. ૨૦૦ થશે. એટલે નોંધણી પહેલાંના ૪ માસનો પગાર (૪ X રૂા. ૨૦૦) = રૂા. ૮૦૦. ડિરેક્ટર ફી માસિક રૂા. ૨૫૦૦ થશે. એટલે નોંધણી પછીના ૫ માસનો પગાર (૫ X રૂા. ૨૫૦૦) = રૂા. ૧૨૫૦૦. નોંધણી પહેલાનું ભાડું ૧.૮.૨૦૧૯ થી ૧.૮.૨૦૧૯ (૪ માસ X રૂા. ૧૫૦ માસિક ભાડું) = રૂા. ૬૦૦. નોંધણી પછીનું ભાડું ૧.૮.૨૦૧૯ થી ૩૦.૯.૨૦૧૯ (૨ માસ X રૂા. ૧૫૦ માસિક ભાડું) = રૂા. ૩૦૦. અને નોંધણી પછીનું ભાડું ૧.૧૦.૨૦૧૯ થી ૩૧.૧૨.૨૦૧૯ ( ૩ માસ X રૂા. ૩૦૦ માસિક ભાડું) = રૂા. ૯૦૦. (કુલ રૂા. ૧૨૦૦ થશે).

૯. મરાઠા બ્રધર્સ ની ચાલુ પેઢીનો ધંધો તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ખરીદી લેવા માટે તા. ૧ લી મે, ૨૦૧૯ના રોજ એક ખાનગી કંપની સ્થાપવામાં આવી. આ કંપનીના વાર્ષિક હિસાબો દર વર્ષે ૩૧મિ ડીસેમ્બરના રોજ તૈયાર કરવામાં આવે છે. તા. ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનું તે કંપનીનું વેપાર અને નફા નુકસાન ખાતું નીચેની વિગતો દર્શાવતું હતું.

**વેપાર અને નફા નુકસાન ખાતું**

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| માલનો સ્ટોક (૧.૧.૨૦૧૯) | ૬૫૦૦ | વેચાણ | ૯૦૦૦૦ |
| ખરીદી | ૧૦૦૦૦૦ | માલનો સ્ટોક (૩૧.૧૨.૨૦૧૯) | ૩૫૦૦૦ |
| આવક માલનું ગડાભાડું | ૫૦૦ | | |
| કાચો નફો. ન. નું. ખાતે | ૧૮૦૦૦ | | |
| | **૧૨૫૦૦૦** | | **૧૨૫૦૦૦** |
| જાવકમાલ ગાડાભાડું | ૪૫૦ | કાચો નફો - વેપાર ખાતેથી લાવ્યા | ૧૮૦૦૦ |
| ઓફીસ પગાર | ૪૫૦૦ | મળેલ ભાડું | ૬૦૦ |
| છપામણી અને સ્ટેશનરી | ૭૫૦ | રોકાણો પરનું વ્યાજ | ૪૮૦ |
| તાર-ટપાલ ખર્ચ | ૧૫૦ | ચોખ્ખી ખોટ | ૩૦૦૦ |
| પરચુરણ ખર્ચ | ૬૦૦ | | |
| વિક્રેતાઓને મુસાફરી ખર્ચ | ૯૦૦ | | |
| જુના ફર્નિચરના વેચાણ પરની ખોટ | ૪૦ | | |
| ઘાલખાધ | ૩૭૦ | | |
| ગ્રાહકોને આપેલ વટાવ | ૧૮૦ | | |
| રોકાણોના વેચાણ પર ખોટ | ૧૫૦ | | |
| ડિલીવરીવાનનો નિભાવ ખર્ચ | ૯૦ | | |
| માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ | ૧૫૦ | | |
| સંચાલકોની ફી | ૨૨૦૦ | | |
| ઓડીટ ફી | ૩૦૦ | | |
| વિક્રેતાઓનું ભથ્થું વગેરે | ૧૮૦૦ | | |
| પ્લાન્ટ પરનો ઘસારો | ૩૦૦ | | |
| જાહેરાત અને શોરુમ ખર્ચ | ૯૦૦ | | |
| ભાડું, કર અને વીમો | ૯૦૦ | | |
| ડિબેન્ચર પરનું વ્યાજ | ૩૦૦૦ | | |
| માંડી વાળેલ પાઘડીની રકમ | ૧૦૫૦ | | |
| શકમંદ લેંણાની જોગવાઈ | ૬૦૦ | | |
| સામાન્ય ખર્ચાઓ | ૪૫૦ | | |
| ખરીદ કિંમત પર વ્યાજ | ૨૨૫૦ | | |
| | **૨૨૦૮૦** | | **૨૨૦૮૦** |

અન્ય માહિતી નીચે મુજબ છેઃ

(૧) ફેબ્રુઆરી અને ઓગસ્ટ માસનું વેચાણ વર્ષના સરેરાશ વેચાણ કરતાં ૧.૫ ગણું છે. જ્યારે એપ્રિલ અને જુન માસનું વેચાણ સરેરાશ કરતાં બમણું છે અને માર્ચ તથા ઓક્ટોબર માસનું વેચાણ સરેરાશ વેચાણ કરતાં અડધું છે. બાકીનું વેચાણ બાકીના માસ દરમિયાન એકસરખા દરે થયું છે.

(૨) રોકાણો નું વેચાણ તા. ૧લી એપ્રિલ, ૨૦૧૯ના રોજ કરવામાં આવ્યું.

(૩) જુના ફર્નિચરનું વેચાણ તા. ૨૬મી માર્ચ, ૨૦૧૯ન રોજ થયું હતું.

(૪) ઘાલખાધની સઘળી રકમ કંપની ની સ્થાપના પછીના દેવાદારોને લગતી હતી.

(૫) ધંધો વેચનારને ખરીદ કિંમત પર વ્યાજ તા. ૩૦મી જુન, ૨૦૧૯ના રોજ ચુકવાયું હતું.

ઉપરની વિગતોને આધારે નોંધણી પહેલાંના અને પછીના નફાની વહેચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

(જવાબઃ નોંધણી પહેલાંનો ચોખ્ખો નફો રૂા. ૧૬૬૦ અને નોંધણી પછીની ચોખ્ખી ખોટ રૂા. ૩૪૬૦ છે. સમયનું પ્રમાણ (૧:૨) અને વેચાણનું પ્રમાણ (૭:૧૧) છે, ખરીદ કિંમત પર ચૂકવેલ વ્યાજની ફાળવણીનું પ્રમાણઃ ધંધો વેચનારને ખરીદ કિંમત પર રૂા. ૨૨૫૦નું વ્યાજ તા. ૩૦.૬.૨૦૧૯ના રોજ ચુકવાયું હતું. આ સમયમાંઃ નોંધણી પહેલાંના સમયનું વ્યાજ : નોંધણી પછીના સમયનું વ્યાજ ૧.૧.૨૦૧૯ થી ૩૦.૪.૨૦૧૯ : ૧.૫.૨૦૧૯ થી ૩૦.૬.૨૦૧૯ ૪ માસ : ૨ માસ (૨:૧) થાય. નોંધણી પહેલાના સમયમાં રૂા. ૧૬૬૦ નો ચોખ્ખો નફો થાય છે. પ્રાથમિક ખર્ચ રૂા. ૧૫૦ તથા પાઘડી રૂા. ૧૦૫૦ એમ કુલ રૂા. ૧૨૦૦ નોંધણી પહેલાંના નફામાંથી માંડી વાળવામાં આવશે. (કારણ કે નોંધણી પહેલાંના નફાનો ઉપયોગ સામાન્ય રીતે અવાસ્તવિક મિલકતો માંડી વાળવા માટે થાય છે. શકમંદ લેંણાની જોગવાઈઃ આ બાબતે કોઈ સ્પષ્ટ માહિતી આપી ન હોવાથી એમ માની લીધું છે કે તે બધા જ દેવાદારો ૬ માસથી ઓછી મુદતના હશે અને નોંધણી પછીનો સમય ૮ માસનો છે).

૧૦. મેસર્સ રામદેવ ટ્રેડર્સનો ચાલુ ધંધો તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ખરીદી લેવા માટે તા. ૧લી એપ્રિલ, ૨૦૧૯ના રોજ રામદેવ લિમિટેડની સ્થાપના કરવામાં આવી હતી. તા. ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનું તેનું વેપાર અને નફા નુકસાન ખાતું નીચે મુજબ છેઃ

**વેપાર અને નફા નુકસાન ખાતું**

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| વ્યવસ્થિત ખરીદી | | વેચાણ | |
| ૧.૧ થી ૩૧.૩ સુધીની ૧૫૦૦૦ | | ૧.૧ થી ૩૧.૩ સુધીની ૨૦૦૦૦ | |
| ૧.૪ થી ૩૧.૧૨ સુધીની ૬૦૦૦૦ | ૭૫૦૦૦ | ૧.૪ થી ૩૧.૧૨ સુધીની ૮૦૦૦૦ | ૧૦૦૦૦૦ |
| કાચો નફો. (ન. નું. ખાતે લઈ ગયા ) | ૫૦૦૦૦ | | |
| | **૧૦૦૦૦૦** | | **૧૦૦૦૦૦** |
| વહીવટી ખર્ચા | ૧૦૦૦૦ | કાચો નફો - વેપાર ખાતેથી લાવ્યા | ૨૫૦૦૦ |
| ઘાલખાધ | ૫૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૫૦ |
| પ્રાથમિક ખર્ચ | ૧૩૦૦ | | |
| જાહેરાત ખર્ચ | ૨૫૦ | | |
| સેલ્સમેનનો પગાર | ૬૦૦ | | |
| સેલ્સમેનનું કમિશન | ૧૦૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| ચોખ્ખો નફો | ૧૧૪૦૦ | | |
| | **૨૫૦૫૦** | | **૨૫૦૫૦** |

**અન્ય જરૂરી માહિતી નીચે મુજબ આપવામાં આવી છેઃ**

(૧) નોંધણી પહેલાનું રોકડ વેચાણ રૂા. ૧૦૦૦૦ હતું, જ્યારે નોંધણી પછીનું રોકડ વેચાણ રૂા. ૫૦૦૦૦ હતું.

(૨) વહીવટી ખર્ચમાં રૂા. ૧૦૦૦ ડિરેક્ટર ફીનો સમાવેશ થયેલ છે.

(૩) ઘાલખાધ પૈકી રૂા. ૧૦૦ ની ઘાલખાધ કંપની એ શાહ ટ્રેડર્સ પાસેથી લીધેલા દેવાદારો પૈકી છે અને બાકીની તા. ૧.૧.૨૦૧૯થી શરૂ કરેલ ધંધાના દેવાદારો પૈકીની છે.

ઉપરની વિગતોને આધારે નોંધણી પહેલાંનો અને નોંધણી પછીનો નફો કે નુકસાન દર્શાવતું નફા નુકસાન ખાતું તૈયાર કરો.

(જવાબઃ નોંધણી પહેલાં નો ચોખ્ખો નફો રૂા. ૨૧૫૦ અને નોંધણી પછીનો ચોખ્ખો નફો રૂા. ૯૨૫૦ છે. સમય નું પ્રમાણ (૧:૩) અને કુલ વેચાણનું પ્રમાણ (૧:૪) અને ઉધાર વેચાણ નું પ્રમાણ (૧:૩) છે. દાખલામાં નોંધણી પહેલાંના અને પછી નું રોકડ તેમ જ ઉધાર વેચાણ આપ્યું છે. તેથી કુલ વેચાણના પ્રમાણની સાથે ઉધાર વેચાણનું પ્રમાણ પણ શોધ્યું છે. વેચાણને લગતા જે ખર્ચા કુલ વેચાણ સાથે સંકળાયેલા છે (જેવા કે જાહેરાત ખર્ચ, સેલ્સમેનને કમિશન) તેને કુલ વેચાણના પ્રમાણમાં ફાળવ્યા છે. જયારે વેચાણને લગતા જે ખર્ચા ઉધાર વેચાણ સાથે સંકળાયેલા છે (જેવા કે ઘાલખાધ) તેને ઉધાર વેચાણના પ્રમાણમાં ફાળવ્યા છે. ઘાલખાધ ઘાલખાધની રકમ રૂા. ૫૦૦ પૈકી રૂા. ૧૦૦ની ઘાલખાધ તે સ્થાપના પહેલાંની થઈ. પરંતુ બાકીના રૂા. ૪૦૦ એ આખા વર્ષની છે. એટલે તેને ઉધાર વેચાણના પ્રમાણમાં (૧:૩) ફાળવાતાં રૂા. ૧૦૦ સ્થાપના પહેલાની થાય એટલે સ્થાપના પહેલાની કુલ ઘાલખાધ રૂા. ૨૦૦ (રૂા. ૧૦૦ + રૂા. ૧૦૦) થાય અને બાકીની રૂા. ૩૦૦ સ્થાપના પછીની ઘાલખાધ ગણાય. ખલામાં નોંધણી પહેલાં અને પછીની ખરીદી તેમ જ વેચાણ ની અલગ રકમો આપીછે, તેથી વેપારખાતું તૈયાર કરીને કાચો નફો શોધી શકાય તેમ છે, તેથી કાચો નફો વેચાણના પ્રમાણમાં ફાળવ્યો નથી).

૧૧. મેસર્સ વિમલ ટ્રેડર્સ નો ચાલુ ધંધો તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ખરીદી લેવા માટે તા. ૧ લી એપ્રિલ,૨૦૧૯ના રોજ ભોજાણી લિમિટેડ ની સ્થાપવામાં કરવામાં આવી હતી. કોઈ ટ્રાન્સફરની નોંધ ચોપડામાં કરવામાં આવી નથી. તા. ૩૧.૧૨.૨૦૧૯ના રોજ પુરા થતા વર્ષનું તેનું કાચું સરવૈયુ નીચે મુજબ છેઃ

**કાચું સરવૈયુ**

| ઉધાર બાકીઓ | રૂા. | જમા બાકીઓ | રૂા. |
|---|---|---|---|
| સ્ટોક (૧.૧.૨૦૧૯) | ૪૦૦૦ | વેચાણ | ૩૦૦૦૦ |
| ખરીદી | ૨૦૫૦૦ | મૂડી - ૧.૧.૨૦૧૯ ના રોજ | ૨૫૦૦૦ |
| મુસાફરી કમિશન | ૮૦૦ | ચાલુ જવાબદારીઓ | ૫૦૦૦ |
| જાવકમાલ ગાડાભાડું | ૯૦૦ | | |
| ઓફીસ ખર્ચ | ૫૦૦ | | |
| ઓફીસ પગાર | ૧૨૦૦ | | |
| ભાડું અને ટેક્ષ | ૬૦૦ | | |
| ડાઈરેક્ટર નો પગાર | ૨૦૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| સ્થિર મિલકતો | ૨૦૦૦૦ | | |
| ચાલુ મિલકતો (સ્ટોક ને બાદ કરતાં) | ૯૦૦૦ | | |
| પ્રાથમિક ખર્ચ | ૫૦૦ | | |
| | **30000** | | **30000** |

વધારાની માહિતીઃ

(૧) તા. ૩૧.૧૨.૨૦૧૯ ના રોજ સ્ટોક રૂા. ૧૬૦૦૦ હતો.

(૨) પ્રાથમિક ખર્ચને માંડી વાળવાનો છે.

(૩) ખરીદ કિંમત રૂા. ૬૦૦૦૦ નક્કી થઈ હતી કે જે કંપની પોતાના ૬૦૦૦ ઓર્ડીનરી શેર દરેક ૧૦નાં પૂરે પુરા ભરપાઈ થયેલ આપીને ચુકવવાની હતી.

(૪) કાચા નફાનો દર એક સરખો છે અને જાન્યુઆરી, નવેમ્બર અને ડીસેમ્બર માસનું સરેરાશ વેચાણ બાકીના માસના સરેરાશ કરતાં બમણું છે.

ઉપરની વિગતોને આધારે નોંધણી પહેલાં અને નોંધણી પછીનું નફાની વહેચણી દર્શાવતું પત્રક અને પાકું સરવૈયુ તૈયાર કરો.

(જવાબઃ કાચ્ચો નફો રૂા. ૧૩૫૦૦, નોંધણી પહેલાંનો ચોખ્ખો નફો રૂા. ૨૫૮૫ અને નોંધણી પછીનો ચોખ્ખો નફો રૂા. ૪૪૧૫ છે. સમયનું પ્રમાણ (૧:૩) અને વેચાણનું પ્રમાણ (૪:૧૧) છે. પાકું સરવૈયાની કુલ રકમ રૂા. ૩૯૪૧૫, સરેરાશ વેચાણ : જાન્યુઆરી, નવેમ્બર અને ડીસેમ્બર (૨x૩ માસ) = ૬, સરેરાશ વેચાણ : બાકીના ૯ માસનું (૧x૯ માસ) = ૯ (૬+૯) = ૧૫ થાય, નોંધણી પહેલાં (જાન્યુ., ફેબ., માર્ચ ) (૨,૧,૧,) : (એપ્રિલ થી ડિસેમ્બર) (૭x૧) (૨x૨) = ૪ : ૧૧ થાય છે).

# પ્રકરણઃ ૩
# મૂડી ઘટાડો

૧. પ્રસ્તાવના

૨. મૂડી ઘટાડાનો અર્થ

૩. મૂડી ઘટાડાના કારણો

૪. મૂડી ઘટાડાની રીતો

૫. મૂડી ઘટાડા અંગે કંપની ધારાની જોગવાઈઓ

૬. મૂડી ઘટાડા અંગેની આમનોંધો

૭. મૂડી ઘટાડા ખાતાનો નમૂનો અને ઉદાહરણો

✍ સ્વાધ્યાય

## *૧. પ્રસ્તાવના*

સામાન્ય રીતે કંપનીને શેરમૂડીમાં ઘટાડો કરવાની છૂટ આપવામાં આવતી નથી કારણ કે શેરમૂડી એ કંપનીના લેણદારો માટે જામીનગીરી સમાન છે. ખરાબ સંજોગોમાં કંપની બંધ કરવી પડે તો લેણદારોને પ્રથમ નાણાં ચૂકવાય છે અને તે માટે જરૂર પડે તો શેરમૂડીનો ઉપયોગ થાય છે. આવા સંજોગોમાં સરકારે લેણદારોના હિતનું રક્ષણ કરવું જોઈએ તેથી કંપની ધારામાં એવી જોગવાઈ છે કે કંપની મૂડી ઘટાડવા માંગતી હોય તો તેણે ટ્રિબ્યુનલની સંમતિ મેળવવી પડશે. ટ્રિબ્યુનલને યોગ્ય લાગે તો મૂડી ઘટાડાની યોજના મંજૂર કરે. આ યોજનાને આંતરિક પુનઃરચના પણ કહે છે.

## *૨. મૂડી ઘટાડાનો અર્થઃ*

જ્યારે કંપનીના ચોપડે એકત્રિત થયેલી ખોટની રકમ ખૂબ વધુ હોય અને મિલકતોની ચોપડે કિંમત તેની સાચી કિંમત કરતા ખૂબ વધુ હોય ત્યારે તેનું પાકું સરવૈયું સાચી આર્થિક સ્થિતિ દર્શાવતું નથી. આવા સંજોગોમાં કંપની શેરમૂડીમાં ઘટાડો કરી શકે છે એટલે કે તેના શેરની કિંમત ઓછી કરી નાંખે છે અને તે દ્વારા જે ભંડોળ મળે તેમાંથી ભેગી થયેલી ખોટ માંડી વાળે છે તેમજ તેની મિલકતોની ચોપડે દર્શાવેલ કિંમત ઘટાડીને સાચી કિંમતે દર્શાવે છે.

આ રીતે મૂડી ઘટાડો કરવા માટે કંપનીની સામાન્ય સભામાં ખાસ ઠરાવ પસાર કરવો પડે છે અને ટ્રિબ્યુનલની મંજૂરી લેવી પડે છે.

## *૩. મૂડી ઘટાડાના કારણોઃ*

કંપનીની શેરમૂડીમાં ઘટાડો કરવા અંગેનાં મુખ્ય કારણો નીચે મુજબ ગણાવી શકાય.

(૧) ધંધામાં ખોટ જવાથી કે મિલકતોની કિંમત ઘટી જવાથી.
(૨) ધંધામાં મોટી રકમનું નુકશાન ગયું હોય અથવા એકત્રિત ખોટની રકમ મોટી ભેગી થઈ હોય.
(૩) ધંધાની જરૂરિયાત કરતાં વધુ મૂડી વસૂલ આવી હોય.
(૪) પાઘડી ઊંચી કિંમતે બતાવી હોય કે મિલકતો પર પૂરતો ઘસારો માંડી વાળવામાં આવ્યો ન હોય.
(૫) શેર જપ્ત કરવામાં આવ્યા હોય અને તે ફરીથી બહાર નહીં પાડવાનો નિર્ણય લેવામાં આવે.
(૬) વસૂલ આવેલી મૂડી પૂરતી હોય તો અંશતઃ ભરપાઈ શેર પર બાકી જવાબદારી રદ કરવામાં આવે.

નીચેના સંજોગોમાં ટ્રિબ્યુનલની મંજૂરીની જરૂર નથી.

(૧) રીડીમેબલ પ્રેફરન્સ શેરના નાણાં પરત કરવા.
(૨) શેર જપ્ત થાય ત્યારે.
(૩) નહીં બહાર પાડેલ મૂડી રદ થાય ત્યારે.
(૪) શેરની સોંપણી થાય ત્યારે.
(૫) અમર્યાદિત જવાબદારીવાળી કંપની મૂડી ઘટાડે ત્યારે.

## *૪. મૂડી ઘટાડાની રીતોઃ*

કંપની પોતાની શેરમૂડીમાં નીચેની બે રીતે ઘટાડો કરી શકે છે.

(૧) પોતાના નહીં ભરાયેલા શેર રદ કરી શકે.
(૨) ભરાયેલી મૂડીમાં ઘટાડો કરી શકે.

### ૪.૧ નહીં ભરાયેલી શેરમૂડી રદ કરવીઃ

કંપનીએ બહાર પાડેલ શેર સિવાય જે શેર કોઈએ ખરીદ્યા ન હોય કે ખરીદવા માટે કબૂલાત આપેલ ન હોય તેવા નહીં બહાર પાડેલ કે નહીં ભરાયેલ શેર કંપની રદ કરી શકે છે તેથી કંપનીની સત્તાવાર મૂડીમાં ઘટાડો થાય છે. ખાસ કરીને સત્તાવાર થાપણ અને ભરપાઈ થયેલી થાપણ વચ્ચે નોંધપાત્ર તફાવત હોય ત્યારે આવો નિર્ણય લઈ શકાય છે.

આર્ટિકલ્સ ઑફ એસોસીએશનમાં આ અંગે જરૂરી સત્તા કંપનીને હોવી જોઈએ અને સામાન્ય સભામાં ખાસ ઠરાવ પસાર કરવો જરૂરી બને છે. આમ, કંપનીની સત્તાવાર મૂડીમાં ઘટાડો થાય છે.

### ૪.૨ ભરાયેલી મૂડીમાં ઘટાડો કરવોઃ

ઘણાં વર્ષોથી કંપની ખોટમાં ચાલતી હોય અને ભેગી થયેલી ખોટ બહુ મોટી હોય ત્યારે મૂડીમાં ઘટાડો કરવામાં આવે છે, આ રીતે કંપનીની ભરાયેલી મૂડી ઘટે છે. તેની અસર કંપનીના લેણદારો, ડિબેન્ચરધારકો વગેરે બહારની વ્યક્તિઓને પણ થાય છે એટલે આ મૂડી ઘટાડા અંગે ટ્રિબ્યુનલની પરવાનગી લેવી પડે છે.

કંપની ધારાની કલમ ૧૦૦ મુજબ, શેરથી મર્યાદિત કંપની અથવા શેરમૂડીવાળી ગેરંટી કંપની (૧) જો પોતાના આર્ટિકલ્સમાં સત્તા હોય તો, (૨) તેના શેરધારકોની સભામાં ખાસ ઠરાવ પસાર કરીને અને (૩) ટ્રિબ્યુનલની સંમતિ મેળવીને -

(અ) પોતાની ભરપાઈ થયેલી મૂડી પરની બાકી જવાબદારી ઘટાડી શકે.

(બ) ભરપાઈ થયેલી શેરમૂડીનો અમુક ભાગ રદ કરી શકે.

(ક) ભરપાઈ થયેલી મૂડીનો અમુક ભાગ શેરધારકોને પરત કરી શકે.

(અ) નહીં મંગાવેલી રકમ રદ કરવીઃ

આ રીત મુજબ કંપની એ બહાર પાડેલા શેરો પૈકી નહીં મંગાવેલી મૂડીની રકમ રદ કરવાનો કે તેમાં ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવે છે જેથી શેરધારકોએ તે રકમ ભરવાની રહેશે નહીં.

આમ, શેર પર નહીં મંગાવેલ રકમની જવાબદારીમાં ઘટાડો કરી શકાય, જ્યારે કંપનીને ભરપાઈ થયેલી મૂડી પર્યાપ્ત જણાય અને ભવિષ્યમાં વધુ નાણાંની જરૂર નથી તેમ જણાય તો જ આ રીતે મૂડી ઘટાડો કરે છે.

(બ) ભરપાઈ થયેલી શેરમૂડીનો અમુક ભાગ રદ કરવોઃ

જ્યારે કંપનીએ પોતાની શેરમૂડીનો અમુક ભાગ ગુમાવી દીધો હોય એટલે કે મૂડી જેટલી મિલકતો ન હોય ત્યરે ભરપાઈ થયેલી શેરમૂડીનો અમુક ભાગ રદ કરી શકે. જે કંપનીઓ વર્ષો સુધી સતત ખોટ કરતી હોય તેની પાસે મૂડી જેટલી મિલકતો હોતી નથી. તે સારૂં ડિવિડન્ડ આપી શકતી નથી. તેના શેરના ભાવ ઘટી જાય છે. આ સંજોગોમાં કંપની પોતાની ભરપાઈ થયેલી મૂડી ઘટાડીને ખોટ માંડી વાળે છે.

(ક) ભરપાઈ મૂડીનો અમુક ભાગ શેરધારકને પરત કરવોઃ

જ્યારે કંપનીને અમે જણાય કે તેની પાસે જરૂરિયાત કરતાં વધુ મૂડી છે તો તે સભ્યોને તેમાંથી નાણાં પરત કરીને પણ મૂડી ઘટાડો કરી શકે છે. નાણાં ફાજલ પડી રહેતાં હોય ત્યારે જ આ પ્રકારે ઘટાડો કરવો વાજબી ગણાય છે.

કંપની મૂડી ગમે તે રીતે ઘટાડે પરંતુ ત્યાર પછી તેના નામની સાથે 'અને ઘટાડેલી' એવા શબ્દો ટ્રિબ્યુનલ સૂચવે ત્યાં સુધી લખવા પડે છે.

જો મૂડી ઘટાડાને લીધે મિલકતની ફેરઆંકણી વખતે મિલકતમાંથી અમુક રકમ લખી વાળવામાં આવી હોય અને ટ્રિબ્યુનલ સૂચવે તો આવો ઘટાડો પુનઃ આંકણી પછી પાંચ વર્ષ સુધી પાકા સરવૈયામાં ઘટાડાની રકમ તરીકે દર્શાવવી જોઈએ.

### *૫. મૂડી ઘટાડા અંગે કંપની ધારાની જોગવાઈઓઃ*

કંપની ધારાની કલમ ૧૦૦માં તેની મૂડી ઘટાડા અંગે નીચેની જોગવાઈ છે.

### ૫.૧ મૂડી ઘટાડા અંગેની શરતોઃ

શેરથી મર્યાદિત કે ગેરંટીથી મર્યાદિત એવી કંપની જેની શેરમૂડી છે તે ઘટાડી શકે. આ માટે ત્રણ શરત છે.

(અ) કંપનીના આર્ટિકલ્સમાં મૂડી ઘટાડવાની કંપનીને સત્તા હોવી જોઈએ. પછી તે મૂળ આર્ટિકલ્સમાં હોય કે પાછળથી ખાસ ઠરાવ દ્વારા આર્ટિકલ્સમાં સુધારો કરીને આવી સત્તા કંપનીએ પ્રાપ્ત કરી હોય.

(બ) તે અંગે શેરધારકોની સામાન્ય સભામાં ખાસ ઠરાવ પસાર કરવો જોઈએ, કારણ કે આ ફેરફાર શેરધારકોની દષ્ટિએ મહત્ત્વનો હોવાથી મોટાભાગનાં શેરધારકોની સંમતિ મળેલી હોવી જોઈએ.

(ક) તે અંગે ટ્રિબ્યુનલની મંજૂરી મેળવવી જોઈએ. તેનું કારણ એ છે કે મૂડી ઘટાડાથી લેણદારના હિતને અસર થાય છે. ટ્રિબ્યુનલ એ તપાસે છે કે આવા મૂડી ઘટાડાથી લેણદારોના હિતને પ્રતિકૂળ અસર થતી નથી.

### ૫.૨ વિરોધ કરવાનો લેણદારોને અધિકારઃ

કંપની ધારની કલમ ૧૦૧માં જણાવ્યું છે કે કંપની શેરમૂડી ઘટાડવા માટે ખાસ ઠરાવ કરે પછી તેણે તે મંજૂર કરતો હુકમ મેળવવા ટ્રિબ્યુનલને અરજી કરવી પડશે. આ અંગે જ્યારે શેરમૂડીમાં સૂચિત ઘટાડાથી (અ) નહીં મંગાવેલી શેરમૂડી પરની જવાબદારી ઘટાડવામાં આવતી હોય અથવા (બ) વસૂલ આવેલી મૂડી પૈકી કોઈ રકમ શેરધારકોને પરત કરવામાં આવતી હોય તેમજ (ક) ટ્રિબ્યુનલ આદેશ આપે તેવા અન્ય કિસ્સાઓમાં કંપનીના દરેક લેણદારને એવો અધિકાર છે કે આવા મૂડી ઘટાડાનો વિરોધ કરી શકશે.

### ૫.૩ લેણદારોની યાદીઃ

ટ્રિબ્યુનલે આ હેતુ માટે લેણદારોની એક યાદી તૈયાર કરવી જરૂરી છે તે માટે લેણદારની અરજીની જરૂર નથી, પરંતુ ટ્રિબ્યુનલ સુનાવણી માટે એક તારીખ નક્કી કરશે જે દિવસે યાદીમાં જેમનું નામ ન હોય તેઓ પોતાનું નામ વિરોધ માટે દાખલ કરાવવા રજૂઆત કરી શકે અથવા પોતાનું નામ કાઢી નંખાવવા રજૂઆત કરી શકે.

### ૫.૪ મંજૂરીનો હુકમઃ

ટ્રિબ્યુનલને સંતોષ થાય કે ઉપર મુજબ વિરોધ કરવાને હક્કદાર એવા દરેક લેણદારની (અ) મૂડી ઘટાડા અંગે સંમતિ મેળવવામાં આવી છે અથવા (બ) તેનું દેવું કે દાવાની ચૂકવણી કરી દેવામાં આવી છે

અથવા (ક) તે અંગે જોગવાઈ કરવામાં આવી છે તો - ટ્રિબ્યુનલ પોતાને યોગ્ય લાગે તેવી શરતોએ મૂડી ઘટાડાને મંજૂર રાખતો હુકમ કરશે.

**૫.૫ રજિસ્ટ્રાર પાસે નોંધણીઃ**

મૂડી ઘટાડાને ટ્રિબ્યુનલ મંજૂરી આપે ત્યાર પછી પણ જ્યાં સુધી તેની નોંધણી રજિસ્ટ્રાર કરે નહીં ત્યાં સુધી તેનો અમલ કરી શકાય નહીં. આ અંગેની જોગવાઈ કંપની ધારાની કલમ ૧૦૩માં કરવામાં આવી છે.

**૫.૬ સભ્યોની જવાબદારીઃ**

શેરમૂડીમાં ઘટાડો થાય ત્યારે પણ સભ્યોની શેર પર નાણાં ચૂકવવાની જવાબદારી પ્રમાણસર રહે છે. કલમ ૧૦૪માં જણાવ્યું છે કે કોઈપણ સભ્ય શેર પર ભરાયેલી રકમ અને મૂડી ઘટાડા દ્વારા શેરની નક્કી થયેલ કિંમત એ બેના તફાવત જેટલી રકમથી વધુ રકમ ભરવાની રહેશે નહીં.

***૬. મૂડી ઘટાડા અંગેની આમનોંધોઃ***

(૧) મૂડી ઘટાડવા અંગે -

ઈક્વિટી શેરમૂડી ખાતે ... ઉ

પ્રેફરન્સ શેરમૂડી ખાતે ... ઉ

તે મૂડી ઘટાડા ખાતે

(૨) મૂડી ઘટાડા ભંડોળનો ઉપયોગ કરવા -

મૂડી ઘટાડા ખાતે ... ઉ

તે નફા-નુકશાન ખાતે

તે પાઘડી / અદૃશ્ય મિલકતો ખાતે

તે માંડી વાળેલ કાયમી મિલકતો ખાતે

(૩) મૂડી ઘટાડા ખાતું બંધ કરવા -

મૂડી ઘટાડા ખાતે ... ઉ

તે મૂડી અનામત ખાતે

(૪) મૂડી ઘટાડા અંગે જામીનગીરી પ્રિમિયમનો ઉપયોગ કરવા -

જામીનગીરી પ્રિમિયમ ખાતે ... ઉ

તે મૂડી ઘટાડા ખાતે

(૫) ચોપડે નોંધેલ દેવું રદ થાય -

ડિબેન્ચર વ્યાજનાં બાકી દેવાં ખાતે ... ઉ

તે મૂડી ઘટાડા ખાતે

(૬) પ્રેફરન્સ ડિવિડન્ડ રદ કરવા -

- કોઈ આમનોંધ થશે નહિ -

(જાહેર ન કરેલ હોય ત્યારે)

(૭) પ્રેફરન્સ ડિવિડન્ડ જાહેર કરવા -

(અ) મૂડી ઘટાડા ખાતે ... ઉ

તે પ્રેફરન્સ ડિવિડન્ડ ખાતે

(બ) પ્રેફરન્સ ડિવિડન્ડ ખાતે ... ઉ

તે ઈક્વિટી શેરમૂડી ખાતે

તે બેન્ક ખાતે

(૮) લેણદારો પોતાની થોડી લેણી રકમ જતી કરે -

લેણદારો ખાતે ... ઉ

તે મૂડી ઘટાડા ખાતે

### ૭. *મૂડી ઘટાડા ખાતાનો નમૂનો અને ઉદાહરણોઃ*

ઉધાર મૂડી ઘટાડા ખાતું જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| નફા-નુકશાન ખાતે (ઉ. બાકી) | --- | પ્રેફરન્સ શેરમૂડી ખાતે | --- |
| અદશ્ય મિલકતો ખાતે (પાઘડી / પેટન્ટ વગેરે) | --- | ઈક્વિટી શેરમૂડી ખાતે | --- |
| | | જામી. પ્રિમિયમ ખાતે | --- |
| અવાસ્તવિક મિલકતો ખાતે (ડિબે. વટાવ/પ્રાથ. ખર્ચ વગેરે) | --- | ડિબે. વ્યાજના બાકી દેવાં ખાતે | --- |
| ચાલુ મિલકતો ખાતે | --- | લેણદારો ખાતે (જતી કરેલ રકમ) | --- |
| કાયમી મિલકતો ખાતે | --- | | |
| પ્રેફરન્સ શેર ડિવિડન્ડ ખાતે | --- | સામાન્ય અનામત ખાતે | --- |
| મૂડી અનામત ખાતે (તફાવત) | (?) | મિલકતની કિંમતમાં વધારો | --- |
| | | નફા-નુકશાન ખાતે (જમા બાકી) | --- |
| | XXX | | XXX |

**:: ઉદાહરણો ::**

**ઉદાહરણઃ ૧** ધી કોલકત્તા ટ્રેડર્સ લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું.

પાકું સરવૈયું

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ | | જમીન-મકાન | ૩0000 |
| સત્તાવાર બહાર પાડેલી અને વસૂલ આવેલી (₹ ૧૦નો એક એવાં ૧૦,૦૦૦ શેર) | ૧૦૦૦૦૦ | સાંચા-યંત્રો | ૩૫૦૦૦૦ |
| | | વાહનો | ૨૦૦૦૦ |
| | | ફર્નિચર | ૨૦૦૦ |
| ૨૦૦૦૦ પ્રેફરન્સ શેર | ૨૦૦૦૦૦ | રોકાણો | ૧૫૦૦૦ |
| સામાન્ય અનામત | ૧૦૦૦૦ | સ્ટોક | ૨૦૦૦૦ |
| નફા-નુકશાન ખાતું | ૫૦૦૦ | દેવાદારો | ૧૨૦૦૦ |
| ગીરો ડિબેન્ચર્સ | ૧૨૦૦૦૦ | બેંક સિલક | ૧૦૦૦ |
| લેણદારો | ૧૫૦૦૦ | | |
| | ૪૫૦૦૦૦ | | ૪૫૦૦૦૦ |

મૂડી ઘટાડાની નીચેની યોજનાને અદાલત તરફથી મંજૂરી મળી હતી.

(૧) પ્રેફરન્સ શેર પર શેરદીઠ ₹ ૪/- માંડી વાળવા.
(૨) ઈક્વિટી શેર પર શેરદીઠ ₹ ૬/- માંડી વાળવા.
(૩) મિલકતોની કિંમતમાં નીચે મુજબ સુધારો કરવો.
જમીન-મકાન ₹ ૧૦૦૦૦/- સાંચા-યંત્રો ₹ ૧૫૦૦૦૦/-
વાહનો ₹ ૪૦૦૦/- રોકાણો ₹ ૮૦૦૦/-
(૪) સામાન્ય અનામતની રકમ માંડી વાળવાની હતી તેમજ તફાવતની રકમ નફા-નુકશાન ખાતેથી લાવવાની હતી.

જરૂરી આમનોંધો લખો અને ઉપર દર્શાવેલ યોજનાની શરતો અમલમાં મૂક્યા પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબઃ**

ધી કોલકત્તા ટ્રેડર્સ લિમિટેડના ચોપડે આમનોંધો

| ક્રમ | વિગત | | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| (૧) | ઈક્વિટી શેરમૂડી ખાતે ... ઉ | | ૧૨૦૦૦૦ | |
| | પ્રેફરન્સ શેરમૂડી ખાતે ... ઉ | | ૪૦૦૦૦ | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | ૧૬૦૦૦૦ |
| | (બા. જે. અદાલતના હુકમ મુજબ પ્રે. શેરની કિંમતમાંથી ` ૪/- અને ઈ. શેરની કિંમતમાંથી ` ૬/- ઘટાડ્યા.) | | | |
| (૨) | સામાન્ય અનામત ખાતે ... ઉ | | ૧૦૦૦૦ | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | ૧૦૦૦૦ |
| | (બા. જે. સામાન્ય અનામતની રકમ માંડી વાળી.) | | | |
| (૩) | મૂડી ઘટાડા ખાતે ... ઉ | | ૧૭૨૦૦૦ | |
| | તે જમીન-મકાન ખાતે | | | ૧૦૦૦૦ |
| | તે સાંચા-યંત્રો ખાતે | | | ૧૫૦૦૦૦ |
| | તે વાહનો ખાતે | | | ૪૦૦૦ |
| | તે રોકાણો ખાતે | | | ૮૦૦૦ |
| | (બા. જે. મિલકતોની કિંમતમાં ઘટાડો કર્યો.) | | | |
| (૪) | નફા-નુકશાન ખાતે ... ઉ | | ૫૦૦૦ | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | ૨૦૦૦ |
| | તે મૂડી અનામત ખાતે | | | ૩૦૦૦ |
| | (બા. જે. નફા-નુકશાન ખાતાની જમા બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા.) | | | |

ધી કોલકત્તા ટ્રેડર્સ લિમિટેડ (ઍન્ડ રિડ્યુસ્ડ)નું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ | | કાયમી મિલકતોઃ | |
| સત્તાવાર બહાર પાડેલી | | જમીન-મકાન | ૨૦૦૦૦ |
| અને વસૂલ આવેલીઃ | | સાંચા-યંત્રો | ૨૦૦૦૦૦ |
| ૧૦૦૦૦ પ્રે.શેર દરેક ₹ ૬/-નો | ૬૦૦૦૦ | વાહનો | ૧૬૦૦૦ |
| ૨૦૦૦૦ ઈ.શેર દરેક ₹ ૪/-નો | ૮૦૦૦૦ | ફર્નિચર | ૨૦૦૦ |
| અનામત અને વધારોઃ | | રોકાણો | ૭૦૦૦ |
| મૂડી અનામત | ૩૦૦૦ | ચાલુ મિલકતોઃ | |
| તારણવાળી લોનઃ | | સ્ટોક | ૨૦૦૦૦ |
| ગીરો ડિબેન્ચર્સ | ૧૨૦૦૦૦ | દેવાદારો | ૧૨૦૦૦ |
| ચાલુ દેવાં અને જોગવાઈઓઃ | | બેંક સિલક | ૧૦૦૦ |
| લેણદારો | ૧૫૦૦૦ | | |
| | ૨૭૮૦૦૦ | | ૨૭૮૦૦૦ |

**ઉદાહરણઃ ૨** તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજની જયકિશન લિમિટેડનાં ખાતાંઓની બાકીઓ નીચે મુજબ હતી.

| વિગત | રકમ (₹) |
|---|---|
| મૂડીઃ દરેક ₹ ૧૦/-નો એવા ૬%ના ૧૦૦૦૦ પ્રેફરન્સ શેર | ૧૦૦૦૦૦ |
| દરેક ₹ ૧૦/-નો એક એવા ૧૬૦૦૦ ઈક્વિટી શેર | ૧૬૦૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ ખાતે | ૩૦૦૦૦ |
| લેણદારો | ૨૬૦૦૦ |
| ૧૫%નાં ડિબેન્ચર્સ | ૫૦૦૦૦ |
| પાઘડી | ૧૦૦૦૦ |
| પેટન્ટ અને ટ્રેડમાર્ક | ૨૧૦૦૦ |
| ફ્રી હોલ્ડ મિલકતો (મૂળ કિંમતે) | ૭૦૦૦૦ |
| તેના પર ઘસારો | ૧૪૦૦૦ |
| સાંચા અને યંત્રો | ૧૪૦૦૦૦ |
| તેના પર ઘસારો | ૩૦૦૦૦ |
| માલ સિલક (તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯) | ૭૪૦૦૦ |
| દેવાદારો | ૧૭૫૦૦ |
| નફા-નુકશાન ખાતે | ૫૫૦૦૦ |
| પ્રાથમિક ખર્ચા | ૨૫૦૦૦ |
| ડિબેન્ચર વ્યાજ ચૂકવવાનું બાકી | ૨૫૦૦ |

કંપનીનો મૂડી ઘટાડા અંગેનો ઠરાવ અદાલતે મંજૂર કર્યો, જે નીચે મુજબ છે.

(૧) પ્રેફરન્સ શેરની કિંમત ઘટાડીને ₹ ૯/- કરવી.
(૨) ઈક્વિટી શેરની કિંમત ઘટાડીને ₹ ૧.૨૫ કરવી.
(૩) જામીનગીરી પ્રીમિયમ ખાતાની બાકી અને અદશ્ય મિલકતોની બાકી લખી વાળવાની છે.
(૪) યંત્રોની કિંમત ₹ ૫૦૦૦૦/- ગણવી.

(૫) પ્રેફરન્સ શેર પરનું ડિવિડન્ડ એપ્રિલ, ૨૦૧૫થી બાકી છે, તેના કુલ ₹ ૧૦/- પેટે ₹ ૧.૨૫નો ઓર્ડિનરી શેર આપવો.

(૬) ડિબેન્ચર ધારકોએ ડિબેન્ચર વ્યાજ પરનો હક જતો કર્યો.

ઉપરનાં વ્યવહારોની આમનોંધો લખો અને સુધારેલું પાકું સરવૈયું બનાવો.

**જવાબઃ**

| માંડી વાળવાની રકમો | | મૂડી ઘટાડા ખાતે જમા | |
|---|---|---|---|
| (૧) પ્રેફરન્સ શેરમૂડી | | (૧) પાઘડી ખાતે | ૧૦૦૦૦ |
| ૧૦૦૦૦× ₹ ૧/- | ૧૦૦૦૦ | (૨) પેટન્ટ્સ અને ટ્રેડમાર્ક | ૨૧૦૦૦ |
| (૨) ઈક્વિટી શેરમૂડી | | (૩) નફા-નુકશાન ખાતું | ૫૫૦૦૦ |
| ૧૬૦૦૦× ₹ ૮.૭૫ | ૧૪૦૦૦૦ | (૪) પ્રાથમિક ખર્ચ | ૨૫૦૦૦ |
| (૩) જામીનગીરી પ્રીમિયમ | ૩૦૦૦૦ | (૫) સાંચા-ચંત્રો | ૬૦૦૦૦ |
| (૪) ડિબેન્ચર બાકી વ્યાજ | ૨૫૦૦ | (૬) પ્રેફરન્સ ડિવિડન્ડ $\left(૨૪૦૦૦ \times \frac{૧.૨૫}{૧૦}\right)$ | ૩૦૦૦ |
| | | | ૧૭૪૦૦૦ |
| | | તફાવત(મૂડી અનામત ખાતે) | ૮૫૦૦ |
| | ૧૮૨૫૦૦ | | ૧૮૨૫૦૦ |

જયકિશન લિમિટેડના ચોપડે આમનોંધો

| ક્રમ | વિગત | | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| (૧) | પ્રેફરન્સ શેરમૂડી ખાતે ... ઉ | | ૧૦૦૦૦ | |
| | ઈક્વિટી શેરમૂડી ખાતે ... ઉ | | ૧૪૦૦૦૦ | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | ૧૫૦૦૦૦ |
| (૨) | જામીનગીરી પ્રીમિયમ ખાતે ... ઉ | | ૩૦૦૦૦ | |
| | ડિબેન્ચર બાકી વ્યાજ ખાતે ... ઉ | | ૨૫૦૦ | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | ૩૨૫૦૦ |
| (૩) | મૂડી ઘટાડા ખાતે ... ઉ | | ૧૭૧૦૦૦ | |
| | તે પાઘડી ખાતે | | | ૧૦૦૦૦ |
| | તે પેટન્ટ્સ અને ટ્રેડમાર્ક ખાતે | | | ૨૧૦૦૦ |
| | તે નફા-નુકશાન ખાતે | | | ૫૫૦૦૦ |
| | તે પ્રાથમિક ખર્ચ ખાતે | | | ૨૫૦૦૦ |
| | તે સાંચા અને ચંત્રો ખાતે | | | ૬૦૦૦૦ |
| (૪) | મૂડી ઘટાડા ખાતે ... ઉ | | ૩૦૦૦ | |
| | તે પ્રેફરન્સ ડિવિડન્ડ ખાતે | | | ૩૦૦૦ |
| (૫) | પ્રેફરન્સ ડિવિડન્ડ ખાતે ... ઉ | | ૩૦૦૦ | |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | | ૩૦૦૦ |
| (૬) | મૂડી ઘટાડા ખાતે ... ઉ | | ૮૫૦૦ | |
| | તે મૂડી અનામત ખાતે | | | ૮૫૦૦ |

જયકિશન લિમિટેડ (ઍન્ડ રિડ્યુસ્ડ)નું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેર થાપણઃ | | કાયમી મિલકતોઃ | |
| સત્તાવાર બહાર પાડેલી | | ફ્રીહાલ્ડ મિલકતો | |
| અને ભરાયેલીઃ | | ૭૦૦૦૦ | |
| દરેક ₹૯/-નો એવા ૬%ના | | બાદઃ ઘસારો | |
| ૧૦૦૦૦ પ્રે.શેર | ૯૦૦૦૦ | ૧૪૦૦૦ | ૫૬૦૦૦ |
| દરેક ₹ ૧.૨૫નો એવા | | સાંચા અને યંત્રો | ૫૦૦૦૦ |
| ૧૮૪૦૦ ઈ.શેર (પ્રેફ. ડિવિ. | | ચાલુ મિલકતો, લોન | |
| પેટે આપેલા ૨૪૦૦ શેર | | અને ધિરાણઃ | |
| સહિત) | ૨૩૦૦૦ | માલ સિલક | ૭૪૦૦૦ |
| અનામત અને વધારોઃ | | દેવાદારો | ૧૭૫૦૦ |
| મૂડી અનામત | ૮૫૦૦ | | |
| તારણવાળી લોનઃ | | | |
| ૧૫%નાં ડિબેન્ચર્સ | ૫૦૦૦૦ | | |
| ચાલુ દેવાં અને | | | |
| જોગવાઈઓઃ | | | |
| પરચૂરણ લેણદારો | ૨૬૦૦૦ | | |
| | ૧૯૭૫૦૦ | | ૧૯૭૫૦૦ |

**નોંધઃ** (૧) સાંચા અને યંત્રોની મૂળકિંમત ₹ ૧,૪૦,૦૦૦/- છે અને ઘસારો ₹ ૩૦,૦૦૦/- છે, એટલે કે ચોપડે કિંમત ₹ ૧,૧૦,૦૦૦/- છે. આ કિંમત ઘટાડીને ₹ ૫૦,૦૦૦/- કરી છે એટલે કિંમતમાં ઘટાડો ₹ ૬૦,૦૦૦/-નો બતાવ્યો છે.

(૨) જ્યારે પ્રેફરન્સ ડિવિડન્ડ ચૂકવવાનું હોય ત્યારે બે આમનોંધ કરવી. એક નોંધ દ્વારા પ્રેફરન્સ ડિવિડન્ડની જોગવાઈ કરવી (આમનોંધ ક્રમાંકઃ (૪)) અને ત્યાર પછી ડિવિડન્ડ ચૂકવવું (આમનોંધ ક્રમાંકઃ (૫)).

**ઉદાહરણઃ ૩** તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજ અક્ષય લિમિટેડનાં ખાતાંની બાકીઓ નીચે મુજબ હતી.

| | રકમ (₹) | | રકમ (₹) |
|---|---|---|---|
| પ્રાથમિક ખર્ચા | ૪૨૦૦૦ | મિલકતો (મૂળ કિંમતે) | ૧૪૦૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૭૦૦૦૦ | તેના પર ઘસારો | ૨૮૦૦૦ |
| દેવાદારો | ૩૩૮૮૦ | મશીનરી (મૂળ કિંમતે) | ૨૮૦૦૦૦ |
| સ્ટોક | ૭૦૦૦ | તેના પર ઘસારો | ૫૬૦૦૦ |
| પાઘડી | ૨૧૦૦૦ | નફા-નુકશાન ખાતું (ઉધાર) | ૧૨૦૧૨૦ |
| લેણદારો | ૨૮૦૦૦ | પેટન્ટ | ૨૮૦૦૦ |

શેરમૂડીઃ ૨૧૦૦ ૮%ના ક્યુ. પ્રે. શેર દરેક ₹ ૧૦૦/-નો ૨૧૦૦૦૦
૨૮૦૦ ઈક્વિટી શેર દરેક ₹ ૧૦૦/-નો ૨૮૦૦૦૦

મૂડી ઘટાડાની નીચે જણાવેલ યોજના અદાલતે મંજૂર કરી.

(૧) પ્રત્યેક ઈક્વિટી શેર ₹ ૯૦/- લેખે ઘટાડવો.
(૨) પ્રત્યેક ૮%નો ક્યુમ્યુલેટીવ પ્રેફરન્સ શેર ₹ ૯૦/- સુધી ઘટાડવો.
(૩) ૩૧ માર્ચ, ૨૦૧૮થી ક્યુ. પ્રેફ. શેર પર ડિવિડન્ડ જાહેર થયું નથી અને બાકી છે તેના પ્રત્યેક ₹ ૧૦૦/-ના બદલામાં માત્ર ૫૦% લેખે ભરપાઈ થયેલો એક નવો ઈક્વિટી શેર આપવો.
(૪) જે ખરેખર દેવું નથી તેવી જમા બાકીઓ અને જે ખરેખર લેણું નથી તેવી ઉધાર બાકીઓ અને અદશ્ય મિલકતો માંડી વાળવી.
(૫) જો કાંઈ બાકી રહે તો તેનો ઉપયોગ કાયમી મિલકતોને તેઓની ઘટાડેલી કિંમતના પ્રમાણમાં માંડી વાળવા માટે કરવો.

ઉપરની વિગતોના આધારે આમનોંધ આપો અને નવનિર્માણ પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબઃ**

| મૂડી ઘટાડા ખાતે | રકમ (₹) | માંડી વાળવાના | રકમ (₹) |
|---|---|---|---|
| (૧) ઈક્વિટી શેર | | (૧) પ્રેફ. શેર ડિવિડન્ડ | ૧૬૮૦ |
| ૨૮૦૦× ₹ ૯૦/- | ૨૫૨૦૦૦ | (૨) પ્રાથમિક ખર્ચ | ૪૨૦૦૦ |
| (૨) પ્રેફરન્સ શેર | | (૩) પાઘડી | ૨૧૦૦૦ |
| ૨૧૦૦× ₹ ૧૦/- | ૨૧૦૦૦ | (૪) નફા-નુકશાન ખાતું | ૧૨૦૧૨૦ |
| (૩) જામીનગીરી પ્રીમિયમ | ૭૦૦૦૦ | (૫) પેટન્ટ | ૨૮૦૦૦ |
| | | | ૨૧૨૮૦૦ |
| | | બાકીઃ પ્રમાણસર મિલકત લખી વાળવા માટે | ૧૩૦૨૦૦ |
| | ૩૪૩૦૦૦ | | ૩૪૩૦૦૦ |

(૧) મૂડી ઘટાડાની બાકી ` ૧,૩૦,૨૦૦/- છે. જેમાંથી મિલકતો અને મશીનરી ૧:૨ના પ્રમાણમાં માંડી વાળવામાં આવશે. ₹ ૧,૩૦,૨૦૦/- × $^{૧}/_{૩}$ = ₹ ૪૩,૪૦૦/- મિલકતો અને ₹ ૧,૩૦,૨૦૦/- × $^{૨}/_{૩}$ = ₹ ૮૬,૮૦૦/- મશીનરીની કિંમત માંડી વાળવામાં વપરાશે.
(૨) અહીં પ્રેફરન્સ ડિવિડન્ડ તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૧૮થી જાહેર થયું નથી. તેનો અર્થ એ છે કે તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનું ડિવિડન્ડ પણ બાકી છે અને ૨૦૧૮-૨૦૧૯નું ડિવિડન્ડ બાકી છે. આમ કુલ બે વર્ષનું ડિવિડન્ડ ₹ ૨,૧૦,૦૦૦/- × ૮% = ₹ ૧૬,૮૦૦/- × ૨ વર્ષ = ₹ ૩૩,૬૦૦/- બાકી છે. તે સામે ₹ ૧૦૦/- બદલ માત્ર ૫૦% ભરપાઈ એટલે ₹ ૫/-નો એક શેર ગણાય, તેથી ₹ ૧૦૦/-ના ડિવિડન્ડે ₹ ૫/-નો શેર તો ₹ ૩૩,૬૦૦/-ના ડિવિડન્ડે કેટલી કિંમતના શેર મળશે? ₹ ૩૩,૬૦૦/- × $^{૫}/_{૧૦૦}$ = ₹ ૧,૬૮૦/-ના શેર મળશે.

અક્ષય લિમિટેડની આમનોંધો

| ક્રમ | વિગત | | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| (૧) | ઈક્વિટી શેરમૂડી ખાતે ... ઉ | | ૨૫૨૦૦૦ | |
| | પ્રેફરન્સ શેરમૂડી ખાતે ... ઉ | | ૨૧૦૦૦ | |
| | જામીનગીરી પ્રીમિયમ ખાતે ... ઉ | | ૭૦૦૦૦ | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | ૩૪૩૦૦૦ |
| | (બા. જે. ઈક્વિટી શેર ૨,૮૦૦ પર ₹ ૯૦/- લેખે, પ્રેફરન્સ શેર ૨,૧૦૦ પર | | | |

| ક્રમ | વિગત | | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| | ₹ ૧૦/- લેખે અને જામીનગીરી પ્રીમિયમ મૂડી ઘટાડા ખાતે લઈ ગયા.) | | | |
| (૨) | મૂડી ઘટાડા ખાતે ... ઉ | | ૩૪૩૦૦૦ | |
| | તે પ્રેફ. શેર ડિવિડન્ડ ખાતે | | | ૧૬૮૦ |
| | તે પ્રાથમિક ખર્ચ ખાતે | | | ૪૨૦૦૦ |
| | તે પાઘડી ખાતે | | | ૨૧૦૦૦ |
| | તે નફા-નુકશાન ખાતે | | | ૧૨૦૧૨૦ |
| | તે પેટન્ટ ખાતે | | | ૨૮૦૦૦ |
| | તે મિલકતો ખાતે | | | ૪૩૪૦૦ |
| | તે મશીનરી ખાતે | | | ૮૬૮૦૦ |
| | (બા. જે. મૂડી ઘટાડાનો ઉપયોગ મિલકતો માંડી વાળવામાં અને પ્રેફ. ડિવિડન્ડ માટે કર્યો.) | | | |
| (૩) | પ્રેફરન્સ શેર ડિવિડન્ડ ખાતે ... ઉ | | ૧૬૮૦ | |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | | ૧૬૮૦ |
| | (બા. જે. પ્રેફરન્સ શેર ડિવિડન્ડ ૩૩૬ ઈક્વિટી શેર દરેક ₹ ૫/-નો આપી ચૂકવ્યું.) | | | |

અક્ષય લિમિટેડ (ઍન્ડ રિડ્યુસ્ડ)નું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ | | કાયમી મિલકતોઃ | |
| ૨૧૦૦ ૮%ના ક્યુ. પ્રેફ. શેર દરેક ₹ ૯૦/-નો | ૧૮૯૦૦૦ | મિલકતો | ૬૮૬૦૦ |
| | | મશીનરી | ૧૩૭૨૦૦ |
| ૨૮૦૦ ઈક્વિટી શેર દરેક ₹ ૧૦/-નો | ૨૮૦૦૦ | ચાલુ મિલકતોઃ | |
| | | દેવાદારો | ૩૩૮૮૦ |
| ૩૩૬ ઈક્વિટી શેર દરેક ₹ ૫/-નો (ડિવિડન્ડ પેટે) | ૧૬૮૦ | સ્ટોક | ૭૦૦૦ |
| ચાલુ દેવાઃ | | | |
| લેણદારો | ૨૮૦૦૦ | | |
| | ૨૪૬૬૮૦ | | ૨૪૬૬૮૦ |

**ઉદાહરણઃ ૪** વહિન લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારી | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરભંડોળઃ | | પેટન્ટ | ૪૨૫૦૦૦ |
| ૩૭૫૦ ૮%ના પ્રેફ. શેર | | લીઝહોલ્ડ મકાન | ૬૫૪૦૦ |
| દરેક ₹ ૧૦૦/-નો પૂરો | | પ્લાન્ટ-યંત્રો | ૨૧૧૦૦ |
| ભરાયેલો | ૩૭૫૦૦૦ | દેવાદારો | ૩૮૨૫૦ |
| ૨૫૦૦ ઓર્ડિનરી શેર દરેક | | સ્ટોક | ૨૭૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| ₹ ૧૦૦/-નો પૂરો ભરાયેલો | ૨૫૦૦૦૦ | શેર વટાવ | ૯૦૦૦ |
| લેણદારો | ૧૫૦૦૦ | પ્રાથમિક ખર્ચ | ૬૦૦૦ |
| બેંક ઓવરડ્રાફ્ટ | ૧૦૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૫૭૫૦૦ |
| | | રોકડ | ૨૫૦ |
| | ૬૫૦૦૦૦ | | ૬૫૦૦૦૦ |

અતિ નુકશાનને કારણે કંપનીએ પુનર્રચનાની યોજના સ્વીકારી. પુનર્રચનાની યોજના અન્વયે નીચેનું મૂડી ભંડોળ ખાતું તૈયાર કર્યું.

ઉ. મૂડી ઘટાડા ભંડોળ ખાતું જ.

| | રકમ (₹) | | રકમ (₹) |
|---|---|---|---|
| નફા-નુકશાન ખાતું | ૫૭૫૦૦ | ૮% પ્રેફરન્સ શેરમૂડી | |
| પ્રાથમિક ખર્ચ ખાતું | ૬૦૦૦ | ખાતે | ૧૮૭૫૦૦ |
| શેર વટાવ ખાતું | ૯૦૦૦ | ઓર્ડિનરી શેરમૂડી | |
| લીઝહોલ્ડ મકાન ખાતું | ૧૫૪૦૦ | ખાતે | ૧૮૭૫૦૦ |
| પ્લાન્ટ યંત્રોનું ખાતું | ૪૨૨૦ | | |
| સ્ટોક ખાતું | ૭૫૦૦ | | |
| ઘાલખાધ અનામત ખાતું | ૭૬૫૦ | | |
| પેટન્ટ ખાતું | ૨૫૦૦૦૦ | | |
| મૂડી અનામત ખાતું | ૧૭૭૩૦ | | |
| | ૩૭૫૦૦૦ | | ૩૭૫૦૦૦ |

મૂડી ઘટાડા અંગેની આમનોંધ આપો અને પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબઃ**

વહિન લિમિટેડના ચોપડામાં આમનોંધો

| ક્રમ | વિગત | | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| (૧) | પ્રેફરન્સ શેરમૂડી ખાતે ... ઉ | | ૧૮૭૫૦૦ | |
| | ઓર્ડિનરી શેરમૂડી ખાતે ... ઉ | | ૧૮૭૫૦૦ | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | ૩૭૫૦૦૦ |
| | (બા. જે. તારીખઃ ________ના ઠરાવ મુજબ અને તારીખઃ ________ના અદાલતના હુકમ મુજબ શેરમૂડીમાં ઘટાડો કર્યો.) | | | |
| (૨) | મૂડી ઘટાડા ખાતે ... ઉ | | ૩૫૭૨૭૦ | |
| | તે નફા-નુકશાન ખાતે | | | ૫૭૫૦૦ |
| | તે પ્રાથમિક ખર્ચ ખાતે | | | ૬૦૦૦ |
| | તે શેર વટાવ ખાતે | | | ૯૦૦૦ |
| | તે લીઝહોલ્ડ મકાન ખાતે | | | ૧૫૪૦૦ |
| | તે પ્લાન્ટ-યંત્રો ખાતે | | | ૪૨૨૦ |

| ક્રમ | વિગત | | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| | તે સ્ટોક ખાતે<br>તે ઘાલખાધ અનામત ખાતે<br>તે પેટન્ટ ખાતે<br>(બા. જે. મૂડી ઘટાડાની રકમમાંથી ઉપરની મિલકતો માંડી વાળી.) | | | ૭૫૦૦<br>૭૬૫૦<br>૨૫૦૦૦૦ |
| (૩) | મૂડી ઘટાડા ખાતે ... ઉ<br>તે મૂડી અનામત ખાતે<br>(બા. જે. મૂડી ઘટાડાની યોજના પૂરી થતાં મૂડી ઘટાડાની બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા.) | | ૧૭૭૩૦ | <br>૧૭૭૩૦ |

વહિન લિમિટેડ (અને ઘટાડેલ)નું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું

પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ | | કાયમી મિલકતોઃ | |
| ૩૭૫૦ ૮%ના પ્રે. શેર દરેક | | પેટન્ટ્સ | ૧૭૫૦૦૦ |
| ₹ ૫૦/-નો પૂરો ભરાયેલ | ૧૮૭૫૦૦ | લીઝહોલ્ડ મકાન | ૫૦૦૦૦ |
| ૨૫૦૦ ઓર્ડિનરી શેર દરેક | | પ્લાન્ટ અને યંત્રો | ૧૬૮૮૦ |
| ₹ ૨૫/-નો પૂરો ભરાયેલ | ૬૨૫૦૦ | ચાલુ મિલકતોઃ | |
| અનામત અને વધારોઃ | | દેવાદારો ૩૮૨૫૦ | |
| મૂડી અનામત ખાતે | ૧૭૭૩૦ | (-)ઘા.અના. ૭૬૫૦ | ૩૦૬૦૦ |
| ચાલુ દેવાઃ | | સ્ટોક | ૨૦૦૦૦ |
| લેણદારો | ૧૫૦૦૦ | રોકડ | ૨૫૦ |
| બેંક ઓવરડ્રાફ્ટ | ૧૦૦૦૦ | | |
| | ૨૯૨૭૩૦ | | ૨૯૨૭૩૦ |

**ઉદાહરણઃ ૫** વિશ્વાસ કંપની લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ | | પાઘડી | ૯૦૦૦૦ |
| ૫૦૦૦૦ ૬%ના ક્યુ. પ્રે. | | જમીન અને મકાન | ૪૦૦૦૦૦ |
| શેર દરેક ₹ ૧૦/-નો તેવા | | પ્લાન્ટ અને યંત્રો | ૪૦૦૦૦૦ |
| પૂરા ભરાયેલા | ૫૦૦૦૦૦ | પેટન્ટ | ૨૦૦૦૦૦ |
| ૧૦૦૦૦૦ ઈક્વિટી શેર | | ફર્નિચર | ૪૦૦૦૦ |
| દરેક ₹ ૧૦/-નો તેવા પૂરા | | સ્ટોક | ૨૫૦૦૦૦ |
| ભરાયેલા | ૧૦૦૦૦૦૦ | દેવાદારો | ૧૦૦૦૦૦ |
| ડિબેન્ચર્સ | ૨૦૦૦૦૦ | બેંકમાં સિલક | ૨૭૦૦૦ |
| ડિબેન્ચર વ્યાજનાં બાકી | ૨૦૦૦૦ | પ્રાથમિક ખર્ચ | ૧૩૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| દેવાં | | | |
| લેણદારો | ૧૦૦૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૩૦૦૦૦૦ |
| સંભવિત દેવું: | | | |
| ક્યુ. પ્રે. શેર પર ચડેલ ડિવિડન્ડ ₹ ૨૨૦૦૦૦/- | | | |
| | ૧૮૨૦૦૦૦ | | ૧૮૨૦૦૦૦ |

કંપની નિષ્ફળ સાબિત થઈ અને મૂડી ઘટાડાને લગતી યોજના શેરધારકોએ સ્વીકારી જે અદાલતે માન્ય કરી, યોજનામાં નીચે મુજબ જોગવાઈઓ હતી.

(૧) પ્રેફરન્સ શેર ₹ ૬/- સુધી ઘટાડવા જ્યારે ઈક્વિટી શેરને ₹ ૬/-થી ઘટાડવા.
(૨) ડિબેન્ચર ધારકોએ તેમના વ્યાજની લેણી નીકળતી રકમ જતી કરવી.
(૩) પ્રેફરન્સ શેરધારકોએ તેમના ચઢેલ ડિવિડન્ડનાં હક્ક જતા કરવા અને તે બદલામાં ₹ ૨૫૦૦૦/- રોકડા આપવા.
(૪) ઉપરની યોજના અમલમાં મૂક્યા બાદ રહેતા મૂડી ઘટાડા ભંડોળનો ઉપયોગ મિલકતોની કિંમત ઘટાડવા નીચે મુજબ કરવો.
    (અ) પાઘડી, નફા-નુકશાન ખાતું તેમજ પ્રાથમિક ખર્ચની બાકી માંડી વાળવી.
    (બ) મિલકતો નીચે દર્શાવેલ કિંમતથી ઘટાડવી.
        જમીન અને મકાન ₹ ૧૦૦૦૦૦/-        પેટન્ટ ₹ ૧૫૦૦૦૦/-
        પ્લાન્ટ અને યંત્રો ₹ ૧૦૦૦૦૦/-        ફર્નિચર ₹ ૨૦૦૦૦/-
    (ક) દેવાદારો પર ૫% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

ઉપરની યોજના અમલમાં મૂકવા જરૂરી આમનોંધ લખો અને સુધારેલ પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ:**

વિશ્વાસ કંપની લિમિટેડના ચોપડે આમનોંધો

| ક્રમ | વિગત | | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| (૧) | પ્રેફરન્સ શેરમૂડી ખાતે ... ઉ<br>ઈક્વિટી શેરમૂડી ખાતે ... ઉ<br>તે મૂડી ઘટાડા ખાતે<br>(બા. જે. ₹ ૧૦/-નો પ્રે. શેર ઘટાડી ₹ ૬/-નો અને ₹ ૧૦/-નો ઈ. શેર ઘટાડીને ₹ ૪/-નો કર્યો.) | | ૨૦૦૦૦૦<br>૬૦૦૦૦૦ | <br><br>૮૦૦૦૦૦ |
| (૨) | ડિબેન્ચર વ્યાજના બાકી દેવા ખાતે ... ઉ<br>તે મૂડી ઘટાડા ખાતે<br>(બા. જે. ડિબેન્ચર ધારકોએ વ્યાજની લેણી રકમ જતી કરી તે મૂડી ઘટાડા ખાતે લઈ ગયા.) | | ૨૦૦૦૦ | <br>૨૦૦૦૦ |

| ક્રમ | વિગત | | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| (૩) | મૂડી ઘટાડા ખાતે ... ઉ<br>તે પ્રેફરન્સ ડિવિડન્ડ ખાતે<br>(બા. જે. પ્રેફરન્સ શેરધારકોએ ચઢેલ ડિવિડન્ડ જતું કર્યું. બદલામાં ₹ ૨૫૦૦૦/- ડિવિડન્ડ આપવાનું નક્કી કર્યું.) | | ૨૫૦૦૦ | <br>૨૫૦૦૦ |
| (૪) | પ્રેફરન્સ ડિવિડન્ડ ખાતે ... ઉ<br>તે બેંક ખાતે<br>(બા. જે. પ્રેફરન્સ ડિવિડન્ડ ચૂકવ્યું.) | | ૨૫૦૦૦ | <br>૨૫૦૦૦ |
| (૫) | મૂડી ઘટાડા ખાતે ... ઉ<br>તે નફા-નુકશાન ખાતે<br>તે પાઘડી ખાતે<br>તે પ્રાથમિક ખર્ચ ખાતે<br>તે જમીન અને મકાન ખાતે<br>તે પ્લાન્ટ અને યંત્રો ખાતે<br>તે પેટન્ટ ખાતે<br>તે ફર્નિચર ખાતે<br>તે ઘાલખાધ અનામત ખાતે<br>(બા. જે. મિલકતો લખી વાળી.) | | ૭૭૮૦૦૦ | <br>૩૦૦૦૦૦<br>૯૦૦૦૦<br>૧૩૦૦૦<br>૧૦૦૦૦૦<br>૧૦૦૦૦૦<br>૧૫૦૦૦૦<br>૨૦૦૦૦<br>૫૦૦૦ |
| (૬) | મૂડી ઘટાડા ખાતે ... ઉ<br>તે મૂડી અનામત ખાતે<br>(બા. જે. મૂડી ઘટાડાની બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા.) | | ૧૭૦૦૦ | <br>૧૭૦૦૦ |

**વિશ્વાસ કંપની લિમિટેડ (અને ઘટાડેલ)નું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ | | કાયમી મિલકતોઃ | |
| ૫૦૦૦૦ ૬%ના ક્યુ. પ્રે. | | જમીન અને મકાન | ૩૦૦૦૦૦ |
| શેર ₹ ૬/-નો તેવા પૂરેપૂરા | | પ્લાન્ટ અને યંત્રો | ૩૦૦૦૦૦ |
| ભરપાઈ થયેલ | ૩૦૦૦૦૦ | પેટન્ટ | ૫૦૦૦૦ |
| ૧૦૦૦૦૦ ઈક્વિટી શેર | | ફર્નિચર | ૨૦૦૦૦ |
| ₹ ૪/-નો તેવા પૂરેપૂરા | | ચાલુ મિલકતોઃ | |
| ભરપાઈ થયેલ | ૪૦૦૦૦૦ | સ્ટોક | ૨૫૦૦૦૦ |
| અનામત અને વધારોઃ | | દેવાદારો ૧૦૦૦૦૦ | |
| મૂડી અનામત | ૧૭૦૦૦ | (-)ઘા.અના. ૫૦૦૦ | ૯૫૦૦૦ |
| તારણવાળી લોનઃ | | બેંક સિલક | ૨૦૦૦ |
| ડિબેન્ચર્સ | ૨૦૦૦૦૦ | (૨૭૦૦૦-૨૫૦૦૦) | |
| ચાલુ જવાબદારીઓઃ | | | |

| | | | |
|---|---|---|---|
| લેણદારો | ૧૦૦૦૦૦ | | |
| | ૧૦૧૭૦૦૦ | | ૧૦૧૭૦૦૦ |

**ઉદાહરણઃ ૬** તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું અજય કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| બહાર પાડેલી અને ભરપાઈ થયેલી મૂડીઃ | | પાઘડી | ૭૦૦૦૦ |
| | | ફ્રી હોલ્ડ પ્રોપર્ટી | ૨૮૦૦૦૦ |
| ૮%ના ક્યુ. પ્રેફ. શેર દરેક | | પ્લાન્ટ | ૭૫૦૦૦ |
| ₹ ૧૦૦/-નો | ૨૦૦૦૦૦ | પેટન્ટ | ૩૫૦૦૦ |
| ઈ. શેર દરેક ₹ ૧૦/-નો | ૫૦૦૦૦૦ | રોકાણ | ૫૫૦૦૦ |
| ૮%ના ડિબેન્ચર્સ | ૧૫૦૦૦૦ | સ્ટોક | ૧૬૫૦૦૦ |
| ચઢેલ અને દેવું થયેલ વ્યાજ | ૬૦૦૦ | દેવાદારો | ૨૦૦૦૦૦ |
| બેંક ઓવરડ્રાફ્ટ | ૮૪૦૦૦ | પ્રાથમિક ખર્ચ | ૩૫૦૦૦ |
| ડિરેક્ટરની લોન | ૪૦૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૨૬૫૦૦૦ |
| લેણદારો | ૨૦૦૦૦૦ | | |
| | ૧૧૮૦૦૦૦ | | ૧૧૮૦૦૦૦ |

નીચેની પુનર્રચના યોજનાને સ્વીકારવામાં અને અમલમાં મૂકવામાં આવી હતી.

(૧) પ્રેફરન્સ શેરો, શેરદીઠ ₹ ૬૦/- સુધી ઘટાડવાના હતા.

(૨) ઈક્વિટી શેરો, શેરદીઠ ₹ ૩/- ભરપાઈ સુધી ઘટાડવાના હતા.

(૩) તારીખઃ ૦૧-૦૪-૨૦૧૫થી પ્રેફરન્સ શેર પર ડિવિડન્ડ જાહેર થયું નથી તેમજ ચૂકવાયું નથી. બાકી પ્રેફરન્સ ડિવિડન્ડમાંથી $^{3}/_{૪}$ ભાગ જતો કરવાનો છે અને બાકીના $^{૧}/_{૪}$ ભાગ માટે પૂરા ભરપાઈ થયેલા ઈક્વિટી શેર મૂળ કિંમતે આપવાના છે.

(૪) ડિબેન્ચર ધારકોએ તેઓનું ચઢેલું વ્યાજ રોકડમાં લેવાનું અને પોતાની લેણી થતી રકમની અંશતઃ ચૂકવણી પેટે ₹ ૭૫૦૦૦/-ની કિંમતે (ચોપડે કિંમત ₹ ૫૦૦૦૦/-) ફ્રી હોલ્ડ પ્રોપર્ટી લઈ લેવાનું સ્વીકાર્યું.

(૫) બાકીની ફ્રી હોલ્ડ પ્રોપર્ટીની કિંમત ₹ ૩૦૦૦૦૦/- આંકવામાં આવી.

(૬) રોકાણો ₹ ૯૧૦૦૦/-માં વેચવામાં આવ્યા.

(૭) ડિરેક્ટરોએ તેઓની લોનના હિસાબની પતાવટ રૂપે ૮૦% રકમ ઈક્વિટી શેરમાં, ૧૦% રકમ રોકડમાં અને બાકીની રકમ જતી કરવાનું સ્વીકાર્યું.

(૮) પાઘડી, પેટન્ટ, પ્રાથમિક ખર્ચા તથા નફા-નુકશાન ખાતાની ઉધાર બાકીઓ માંડી વાળવાની છે.

(૯) બાકીની રકમનો ઉપયોગ પ્લાન્ટ અને સ્ટોકને તેમની ચોપડે કિંમતના પ્રમાણમાં માંડી વાળવા ઉપયોગમાં લેવાનું નક્કી કર્યું.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારો નોંધવા જરૂરી આમનોંધ લખો.

**જવાબઃ**

ઉ. મૂડી ઘટાડા ખાતું જ.

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| પાઘડી | ૭૦૦૦૦ | પ્રેફરન્સ શેરમૂડી ખાતે | |
| પેટન્ટ | ૩૫૦૦૦ | (૨૦૦૦ × ₹ ૪૦/-) | ૮૦૦૦૦ |
| પ્રાથમિક ખર્ચ | ૩૫૦૦૦ | ઈક્વિટી શેરમૂડી ખાતે | |
| નફા-નુકશાન ખાતું (ઉ.) | ૨૬૫૦૦૦ | (૫૦૦૦૦ × ₹ ૭/-) | ૩૫૦૦૦૦ |
| પ્રેફરન્સ શેર ડિવિડન્ડ | ૧૬૦૦૦ | ફ્રી હોલ્ડ પ્રોપર્ટી બાકી | ૯૫૦૦૦ |
| પ્લાન્ટ ખાતે ૪૫૦૦૦ | | રોકાણનો નફો | ૩૬૦૦૦ |
| સ્ટોક ખાતે ૯૯૦૦૦ | ૧૪૪૦૦૦ | ડિરેક્ટરની લોન ખાતે | |
| | | (૧૦%) | ૪૦૦૦ |
| | ૫૬૫૦૦૦ | | ૫૬૫૦૦૦ |

અજય કંપનીના ચોપડે આમનોંધો

| ક્રમ | વિગત | | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| (૧) | ૮%ના ક્યુ. પ્રેફ. શેરમૂડી ખાતે ... ઉ<br>ઈક્વિટી શેરમૂડી ખાતે ... ઉ<br>તે મૂડી ઘટાડા ખાતે<br>(બા. જે. મૂડી ઘટાડો કર્યો.) | | ૮૦૦૦૦<br>૩૫૦૦૦૦ | <br><br>૪૩૦૦૦૦ |
| (૨) | મૂડી ઘટાડા ખાતે ... ઉ<br>તે ક્યુ. પ્રેફ. ડિવિડન્ડ ખાતે<br>(બા. જે. પ્રેફ. ડિવિડન્ડ જાહેર કર્યું.) | | ૧૬૦૦૦ | <br>૧૬૦૦૦ |
| (૩) | ક્યુ. પ્રેફ. ડિવિડન્ડ ખાતે ... ઉ<br>તે ઈક્વિટી શેરમૂડી ખાતે<br>(બા. જે. પ્રેફ. ડિવિડન્ડ પેટે ઈક્વિટી શેર આપ્યા.) | | ૧૬૦૦૦ | <br>૧૬૦૦૦ |
| (૪) | ચઢેલ ડિબેન્ચર વ્યાજનાં દેવાં ખાતે ... ઉ<br>તે બેંક ખાતે<br>(બા. જે. ચઢેલ ડિબેન્ચર વ્યાજ ચૂકવ્યું.) | | ૬૦૦૦ | <br>૬૦૦૦ |
| (૫) | ૮% ડિબેન્ચર ખાતે ... ઉ<br>તે ફ્રી હોલ્ડ પ્રોપર્ટી ખાતે<br>તે મૂડી ઘટાડા ખાતે<br>(બા. જે. ડિબેન્ચર ધારકોને ફ્રી હોલ્ડ પ્રોપર્ટી આપી.) | | ૭૫૦૦૦ | <br>૫૦૦૦૦<br>૨૫૦૦૦ |
| (૬) | ફ્રી હોલ્ડ પ્રોપર્ટી ખાતે ... ઉ<br>તે મૂડી ઘટાડા ખાતે<br>(બા. જે. ફ્રી હોલ્ડ પ્રોપર્ટીની કિંમતમાં વધારો.) | | ૭૦૦૦૦ | <br>૭૦૦૦૦ |

| ક્રમ | વિગત | | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|---|
| (૭) | બેંક ખાતે ... ઉ | | ૯૧૦૦૦ | |
| | તે રોકાણો ખાતે | | | ૫૫૦૦૦ |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | ૩૬૦૦૦ |
| | (બા. જે. રોકાણોના વેચાણ અને નફાની નોંધ) | | | |
| (૮) | ડિરેક્ટરની લોન ખાતે ... ઉ | | ૪૦૦૦૦ | |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | | ૩૨૦૦૦ |
| | તે બેંક ખાતે | | | ૪૦૦૦ |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | ૪૦૦૦ |
| | (બા. જે. ડિરેક્ટરની લોન ચૂકવી અને થોડી રદ કરી.) | | | |
| (૯) | મૂડી ઘટાડા ખાતે ... ઉ | | ૪૦૫૦૦૦ | |
| | તે પાઘડી ખાતે | | | ૭૦૦૦૦ |
| | તે પેટન્ટ ખાતે | | | ૩૫૦૦૦ |
| | તે પ્રાથમિક ખર્ચ ખાતે | | | ૩૫૦૦૦ |
| | તે નફા-નુકશાન ખાતે | | | ૨૬૫૦૦૦ |
| | (બા. જે. અદશ્ય મિલકતો માંડી વાળી.) | | | |
| (૧૦) | મૂડી ઘટાડા ખાતે ... ઉ | | ૧૪૪૦૦૦ | |
| | તે પ્લાન્ટ ખાતે | | | ૪૫૦૦૦ |
| | તે સ્ટોક ખાતે | | | ૯૯૦૦૦ |
| | (બા. જે. પ્લાન્ટ અને સ્ટોકની કિંમત માંડી વાળી.) | | | |

## *સ્વાધ્યાય*

૧. સોનાલી લિમિટેડની તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજની ખાતાની બાકીઓ નીચે આપી છે.

| | |
|---|---|
| પ્રાથમિક ખર્ચા | ૩૨૦૦૦ |
| પેટન્ટ | ૨૨૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૫૦૦૦૦ |
| પાઘડી | ૧૭૦૦૦ |
| લેણદારો | ૨૦૦૦૦ |
| નફા-નુકશાન ખાતું (ઉધાર બાકી) | ૮૫૮૦૦ |
| ૬%નાં ડિબેન્ચર્સ | ૫૦૦૦૦ |
| ડિબેન્ચર વ્યાજનાં બાકી દેવાં | ૩૦૦૦ |
| મકાન (મૂળકિંમત) | ૬૦૦૦૦ |
| તેના પર ઘસારો | ૧૦૦૦૦ |
| સ્ટોક (૩૧-૦૩-૨૦૧૯) | ૧૫૦૦૦ |
| સાંચા અને યંત્રો (મૂળકિંમતે) | ૨૨૦૦૦૦ |
| તેના ઉપર ઘસારો | ૨૦૦૦૦ |
| દેવાદારો | ૫૧૨૦૦ |

શેરમૂડીઃ ૧૫૦૦, ૮%ના ક્યુ. શેર દરેક ₹ ૧૦૦/-નો તેવા ₹ ૧૫૦૦૦૦/-

૨૦૦૦ ઈક્વિટી શેર દરેક ₹ ૧૦૦/-નો તેવા ₹ ૨૦૦૦૦૦/-

મૂડી ઘટાડાની નીચે પ્રમાણેની યોજના અદાલતે મંજૂર કરી.

(૧) પ્રત્યેક ઈક્વિટી શેરદીઠ ₹ ૯૦/- ઘટાડવા.
(૨) પ્રત્યેક પ્રેફરન્સ શેર ₹ ૯૦/- સુધી ઘટાડવો.
(૩) ડિબેન્ચર ધારકોએ તેમનાં લેણાં વ્યાજ પરનો હક જતો કરવો.
(૪) એપ્રિલ ૨૦૧૭થી પ્રેફરન્સ ડિવિડન્ડ જાહેર થયું નથી અને બાકી છે. તેના પ્રત્યેક ₹ ૧૦૦/-ના બદલામાં માત્ર ૫૦% લેખે ભરપાઈ થયેલો એક નવો ઈક્વિટી શેર આપવો.
(૫) જે ખરેખર દેવું નથી તેવી જમા બાકીઓ, જે ખરેખર લેણું નથી એવી ઉધાર બાકીઓ અને અદશ્ય મિલકતો લખી વાળવી.
(૬) અંતે જો કાંઈ બાકી રહે તો તેનો ઉપયોગ કાયમી મિલકતોને તેઓની ઘટાડેલી કિંમતના પ્રમાણમાં લખી વાળવા માટે કરવો.

આમનોંધ આપો અને ઘટાડા પછીનું પાકું સરવૈયું બનાવો.

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, એસ. વાય., એપ્રિલ ૧૯૮૧ પર આધારિત)

*(જવાબઃ મૂડી ઘટાડા ખાતે કુલ જમા રકમ ₹ ૨,૪૮,૦૦૦/- (ઈક્વિટી શેરમૂડી ₹ ૧,૮૦,૦૦૦/-, પ્રેફરન્સ શેરમૂડી ₹ ૧૫,૦૦૦/-, ડિબેન્ચર વ્યાજ બાકી ₹ ૩,૦૦૦/- જામીનગીરી પ્રીમિયમ ₹ ૫૦,૦૦૦/-); આ પૈકી માંડી વાળવાની રકમ ₹ ૧,૫૬,૮૦૦/- અને પ્રેફરન્સ ડિવિડન્ડની જોગવાઈ ₹ ૧,૨૦૦/-; હવે બાકી ₹ ૯૦,૦૦૦/- રહેશે, જેનો ઉપયોગ મકાન અને યંત્રોની કિંમત માંડી વાળવામાં થશે. મકાનની ઘસારા બાદ કિંમત ₹ ૫૦,૦૦૦/- અને સાંચા-યંત્રોની*

*ઘસારા બાદ કિંમત ₹ ૨,૦૦,૦૦૦/-; તેનું પ્રમાણ ૧:૪ છે અને તે પ્રમાણમાં ₹ ૯૦,૦૦૦/-નો ઉપયોગ થશે, તેથી મકાનમાંથી ₹ ૧૮,૦૦૦/- અને યંત્રોમાંથી ₹ ૭૨,૦૦૦/- માંડી વળાશે.*

*નવા પાકા સરવૈયાનો સરવાળો ₹ ૨,૨૬,૨૦૦/- (જેમાં પ્રેફરન્સ શેરમૂડી ₹ ૧,૩૫,૦૦૦/- અને ઈક્વિટી શેરમૂડી ₹ ૨૧,૨૦૦/- (₹ ૧,૨૦૦/- પ્રેફરન્સ ડિવિડન્ડ પેટે).)*

૨. મહેન્દ્ર કંપની લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૧૫૦૦૦ ૭%ના પ્રેફ. શેર | | પેટન્ટ્સ | ૧૭૦૦૦૦૦ |
| દરેક ₹ ૧૦૦/-ના પૂરેપૂરા | | પટે લીધેલ મકાનો | ૨૬૧૬૦૦ |
| ભરપાઈ થયેલ | ૧૫૦૦૦૦૦ | સાંચા અને યંત્રો | ૮૪૪૦૦ |
| ૧૦૦૦૦ ઈક્વિટી શેર | | દેવાદારો | ૧૫૩૦૦૦ |
| ₹ ૧૦૦/-ના પૂરેપૂરા | | સ્ટોક | ૧૧૦૦૦૦ |
| ભરપાઈ થયેલ | ૧૦૦૦૦૦૦ | શેર પર વટાવ | ૩૬૦૦૦ |
| લેણદારો | ૬૦૦૦૦ | પ્રાથમિક ખર્ચા | ૨૪૦૦૦ |
| બેંક ઓવરડ્રાફ્ટ | ૪૦૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૨૩૦૦૦૦ |
| | | રોકડ સિલક | ૧૦૦૦ |
| | ૨૬૦૦૦૦૦ | | ૨૬૦૦૦૦૦ |

ભારે નુકશાનને લીધે કંપનીએ મૂડી ઘટાડાની યોજના અપનાવી. મૂડી ઘટાડાની યોજનાથી ઉભું કરાયેલ મૂડી ઘટાડા ભંડોળ ખાતું નીચે મુજબ હતું.

મૂડી ઘટાડા ભંડોળ ખાતું

| | રકમ (₹) | | રકમ (₹) |
|---|---|---|---|
| નફા-નુકશાન ખાતે | ૨૩૦૦૦૦ | ૭% પ્રેફરન્સ શેરમૂડી | ૭૫૦૦૦૦ |
| પ્રાથમિક ખર્ચ | ૨૪૦૦૦ | ઈક્વિટી શેરમૂડી | ૭૫૦૦૦૦ |
| શેર પર વટાવ | ૩૬૦૦૦ | | |
| પટે લીધેલ મકાનો | ૬૧૬૦૦ | | |
| સ્ટોક ખાતે | ૩૦૦૦૦ | | |
| સાંચા-યંત્રો | ૧૬૮૮૦ | | |
| ઘાલખાધ અનામત | ૩૦૬૦૦ | | |
| પેટન્ટ્સ | ૧૦૦૦૦૦૦ | | |
| મૂડી અનામત | ૭૦૯૨૦ | | |
| | ૧૫૦૦૦૦૦ | | ૧૫૦૦૦૦૦ |

કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો અને મૂડી ઘટાડા પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(ગુજરાત યુનિવર્સિટી, એસ. વાય., મે ૧૯૮૮ પર આધારિત)

*(જવાબઃ મૂડી ઘટાડા ખાતે ₹ ૧૫,૦૦,૦૦૦/-; જે પૈકી ૭% પ્રેફરન્સ શેરમૂડીમાંથી ₹ ૭,૫૦,૦૦૦/- (૧૫,૦૦૦ શેર પર શેરદીઠ ₹ ૫૦/-નો ઘટાડો) અને ઈક્વિટી શેરમૂડીમાંથી ₹ ૭,૫૦,૦૦૦/- (૧૦,૦૦૦ શેરદીઠ ₹ ૭૫/-નો ઘટાડો); મૂડી ઘટાડા ભંડોળ ખાતે ઉધારેલી બધી જ રકમો માંડી*

*વાળેલ રકમો છે અને છેવટે ₹ ૭૦,૯૨૦/-ની બાકી વધે છે, જે મૂડી અનામત ખાતે લઈ જવામાં આવી છે. નવા પાકા સરવૈયાનો સરવાળો ₹ ૧૧,૭૦,૯૨૦/-.)*

૩. તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું અમાસ કંપની લિમિટેડનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ ૬%નાં ૪૦૦૦ | | સ્થિર મિલકતોઃ | |
| ક્યુ. પ્રેફ. શેર ₹ ૧૦૦/-નો | ૪૦૦૦૦૦ | ફ્રીહોલ્ડ મિલકતો | ૪૨૫૦૦૦ |
| ૭૫૦૦૦ ઈક્વિટી શેર | | પ્લાન્ટ | ૫૦૦૦૦ |
| દરેક ₹ ૧૦/-નો | ૭૫૦૦૦૦ | પેટન્ટ્સ | ૩૭૫૦૦ |
| ૬%નાં સિક્યોર્ડ ડિબેન્ચર્સ | ૩૭૫૦૦૦ | પાઘડી | ૧૩૦૦૦૦ |
| ડિબેન્ચર્સ પર બાકી વ્યાજ | ૨૨૫૦૦ | વેપારી રોકાણો | ૫૫૦૦૦ |
| ચાલુ જવાબદારીઃ | | ચાલુ મિલકતોઃ | |
| બેંક ઓવરડ્રાફ્ટ | ૧૯૫૦૦૦ | દેવાદારો | ૪૮૫૦૦૦ |
| લેણદારો | ૩૦૦૦૦૦ | સ્ટોક | ૪૨૫૦૦૦ |
| ડાયરેક્ટરોની લોન | ૧૦૦૦૦૦ | પ્રાથમિક ખર્ચા | ૧૦૦૦૦૦ |
| | | નફા-નુકશાન ખાતું | ૪૩૫૦૦૦ |
| | ૨૧૪૨૫૦૦ | | ૨૧૪૨૫૦૦ |

તારીખઃ ૦૧-૦૪-૨૦૧૯ના રોજ કોર્ટે પુનઃરચનાની યોજના મંજૂર કરી તે પ્રમાણેઃ

(૧) ૬%ના ક્યુ. પ્રેફ. શેર ₹ ૭૫/- સુધી તથા ઈક્વિટી શેર ₹ ૨/- સુધી ઘટાડવા.

(૨) ક્યુ. પ્રેફ. શેરનું ચાર વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે. તેમાંથી ${}^{3}/_{૪}$ ભાગનું ડિવિડન્ડ જતું કર્યું અને બાકીના ભાગ માટે દરેક ₹ ૨/-નો એક તેવા શેર આપવાનું ઠરાવ્યું.

(૩) ડિબેન્ચર્સ પર ચઢેલ બાકી વ્યાજ રોકડમાં ચૂકવવું.

(૪) ડિબેન્ચર ધારકોએ પોતાનાં લેણાંના અમુક ભાગ તરીકે ₹ ૧૦૦૦૦૦/-ની ફ્રીહોલ્ડ મિલકતો ₹ ૧૨૦૦૦૦/-ની કિંમતે લેવાનું સ્વીકાર્યું અને વધારાની રોકડ રકમની જરૂરિયાત પૂરી કરવા માટે વધારાના ૮%ના ₹ ૧૩૦૦૦૦/-ના ડિબેન્ચર્સ કંપનીની મિલકતો પર ગીરો હક્ક ધરાવે તેવા ખરીદવાનું સ્વીકાર્યું.

(૫) પેટન્ટ્સ, પાઘડી તથા પ્રાથમિક ખર્ચાઓ માંડી વાળવા.

(૬) સ્ટોકની કિંમતમાંથી ₹ ૬૫૦૦૦/- માંડી વાળવા.

(૭) ₹ ૬૮૫૦૦/-ની ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

(૮) બાકીની ફ્રીહોલ્ડ મિલકતોની કિંમત ₹ ૩૮૭૫૦૦/- ગણવી.

(૯) વેપારી રોકાણો ₹ ૧૪૦૦૦૦/-ની કિંમતે વેચ્યા.

(૧૦) ડાયરેક્ટરોએ તેમની લોનના લેણાંના બાકી પેટે ૯૦% રકમ માટે દરેક ₹ ૨/-નો તેવા ઈક્વિટી શેર સ્વીકાર્યા અને ૫% લેણાં રોકડમાં સ્વીકારવા તથા બાકીની ૫% રકમ જતી કરવાનું નક્કી કર્યું.

(૧૧) ₹ ૨૫૦૦૦૦/-ની કિંમતનાં કરારો માટેનાં વચનો આપેલાં હતાં તે રદ કરવામાં આવ્યાં અને કરાર કિંમતના ૫% લેખે દંડ ભરવાનું નક્કી કર્યું.

ઉપરના બધા વ્યવહારો (રોકડ સહિત) પુરા થયા છે તેમ માનીને જરૂરી આમનોંધ લખો તથા આ યોજના પૂર્ણ થયેલી છે તેમ માની ત્યાર બાદનું પાકુ સરવૈયું તૈયાર કરો.

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, એસ. વાય., એપ્રિલ ૧૯૯૧ પર આધારિત)

*(જવાબઃ મૂડી ઘટાડા ખાતે જમા ₹ ૮,૭૨,૫૦૦/- (જેમાં ઈક્વિટી શેરમૂડી ₹ ૬,૦૦,૦૦૦/-, પ્રેફરન્સ શેરમૂડી ₹ ૧,૦૦,૦૦૦/-, ફ્રીહોલ્ડ મિલકતો ₹ ૮૨,૫૦૦/-, વેપારી રોકાણો ₹ ૮૫,૦૦૦/- અને ડાયરેક્ટરોની લોન ₹ ૫,૦૦૦/-); મૂડી ઘટાડા ખાતે ઉધાર ₹ ૮,૭૨,૫૦૦/- (જેમાં પેટન્ટ્સ, પાઘડી, પ્રાથમિક ખર્ચા, સ્ટોક, ઘાલખાધ અનામત, નફા-નુકશાન ખાતે, બેંક ખાતે કરાર કિંમતના દંડના અને ડિવિડન્ડના); પાકા સરવૈયાનો સરવાળો ₹ ૧૨,૪૯,૦૦૦/-.)*

૪. અપેક્ષા લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ઈક્વિટી શેર દરેક ₹ ૧૦/-નો | ૮૭૫૦૦૦ | જમીન-મકાન | ૭૦૦૦૦૦ |
| ૧૦%ના પ્રેફરન્સ શેર દરેક | | પ્લાન્ટ-મશીનરી | ૧૧૩૭૫૦૦ |
| ₹ ૧૦૦/-નો | ૫૨૫૦૦૦ | રોકાણો | ૨૬૨૫૦૦ |
| ૧૫%ના ડિબેન્ચર | ૧૦૫૦૦૦૦ | સ્ટોક | ૩૧૫૦૦૦ |
| લેણદારો | ૪૩૭૫૦૦ | દેવાદારો | ૨૧૦૦૦૦ |
| બેંક ઓવરડ્રાફ્ટ | ૨૬૨૫૦૦ | લોન-ધિરાણ | ૮૭૫૦૦ |
| અન્ય જવાબદારી | ૩૫૦૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૪૩૭૫૦૦ |
| | | જાહેરાત ઝુંબેશ ખર્ચ | ૩૫૦૦૦૦ |
| | ૩૫૦૦૦૦૦ | | ૩૫૦૦૦૦૦ |

એવું નોંધવામાં આવ્યું કે કંપનીએ બજારમાં મૂકેલ નવી વસ્તુ માટે સતત ત્રણ વર્ષ જાહેરાત કર્યા પછી પણ સફળતા મળી નથી. સંચાલકોનો અભિપ્રાય એવો છે કે મિલકતો અને દેવાનું યોગ્ય મૂલ્યાંકન થયું નથી.

આ પરિસ્થિતિમાં હલ કરવા પુનઃ રચનાની યોજના નીચે મુજબ મંજૂર કરવામાં આવી.

(૧) ₹ ૧૭૫૦૦૦/-ની કિંમતના પ્લાન્ટ અને સાધનો નકામા થઈ ગયા છે. જેને ભંગાર તરીકે ₹ ૩૫૦૦૦/-માં વેચાવામાં આવ્યા.

(૨) ઓડિટ રિપોર્ટ જણાવે છે કે પ્લાન્ટ અને મશીનરી પર ` ૮૭૫૦૦/-ની જોગવાઈ કરવામાં આવી નથી.

(૩) સ્ટોકમાં સમાયેલ ₹ ૧૦૫૦૦૦/-ની સામગ્રી ૫૦% ખોટથી વેચવામાં આવી.

(૪) પ્રેફરન્સ શેર પર ૩ વર્ષનું ડિવિડન્ડ ચઢેલ છે. આ રકમ હવે ચૂકવવાની નથી.

(૫) તમામ નુકશાન અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવી.

(૬) રોકારણોની હાલ ઉપજી શકે તેવી કિંમત ₹ ૧૨૨૫૦૦/- છે.

(૭) યોજનાને અમલમાં મૂકવાનો ખર્ચ ₹ ૧૭૫૦૦/- થશે.

(૮) ઈક્વિટી શેરની ભરપાઈ કિંમતે શેરદીઠ ₹ ૨/- સુધી અને પ્રેફરન્સ શેરની કિંમત શેરદીઠ ₹ ૫૦/- સુધી ઘટાડવી. શેરની દાર્શનિક કિંમત બદલશો નહીં.

(૯) લેણદારોને નીચે મુજબ ચૂકવવાઃ
૨૦% તાત્કાલિક ચૂકવવા, ૪૦% રકમ રદ કરવી, ૪૦% રકમ માટે ૧૬%નાં નવાં ડિબેન્ચર આપવા.

(૧૦) અન્ય ચાલુ જવાબદારીમાં ડિરેક્ટરને ચૂકવવાના મહેનતાણાંના ₹ ૮૭૫૦૦/-નો સમાવેશ થાય છે. આ જવાબદારી હવે રદ કરવાની છે.

(૧૧) ઈક્વિટી શેર પર શેરદીઠ ₹ ૩/-નો હપ્તો મંગાવ્યો જે દરેક શેરહોલ્ડરે ભરી દીધો.

(૧૨) ૧૫%ના ડિબેન્ચર હોલ્ડરો ૧૭૫૦૦ ઈક્વિટી શેર દરેક ₹ ૫/-ના ભાવે રોકડેથી લેવા સંમત થયા.

(૧૩) બેંક ઓવરડ્રાફ્ટ શક્ય હોય તો ચૂકવી દેવો.

અપેક્ષા લિમિટેડના ચોપડે આમનોંધ લખો અને મૂડી ઘટાડો પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ૨૦૦૬ પર આધારિત)

*(જવાબઃ મૂડી ઘટાડા ખાતે ₹ ૧૨,૨૫,૦૦૦/- (ઈક્વિટી શેરમૂડી ₹ ૭,૦૦,૦૦૦/-+ પ્રેફરન્સ શેરમૂડી ₹ ૨,૬૨,૫૦૦/- + લેણદારો ₹ ૧,૭૫,૦૦૦/- + અન્ય ચાલુ જવાબદારી (ડિરેક્ટરોના મહેનતાણાંના) ₹ ૮૭,૫૦૦/-); ઉપયોગ ₹ ૧૨,૨૫,૦૦૦/- (પ્લાન્ટ વેચતાં ખોટ ₹ ૧,૪૦,૦૦૦/- + પ્લાન્ટનો ઘસારો ₹ ૮૭,૫૦૦/- + સ્ટોક ₹ ૫૨,૫૦૦/- + નફા નુકશાન ખાતે ₹ ૪,૩૭,૫૦૦/- + જાહેરાત ઝુંબેશ ખર્ચ ₹ ૩,૫૦,૦૦૦/- + રોકાણો ₹ ૧,૪૦,૦૦૦/- + ખર્ચ ₹ ૧૭,૫૦૦/-); મૂડી ઘટાડા પછીના પાકા સરવૈયાનો સરવાળો ₹ ૨૨,૭૫,૦૦૦/-.)*

૫. પારૂલ લિમિટેડનો ધંધો સતત ખોટમાં ચાલે છે. તેના તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજના પાકા સરવૈયામાં નીચેની વિગતો હતી.

| **જવાબદારીઓ** | **રકમ (₹)** | **મિલકતો** | **રકમ (₹)** |
|---|---|---|---|
| ૩૦૦૦૦ ઈક્વિટી શેર | | પાઘડી | ૫૦૦૦૦ |
| દરેક ₹ ૧૦/-ના | ૩૦૦૦૦૦ | પ્લાન્ટ | ૩૦૦૦૦૦ |
| ૨૦૦૦ ૮%ના ક્યુમ્યુલેટીવ | | છૂટાં ઓજારો | ૧૦૦૦૦ |
| પ્રેફ. શેર દરેક ₹ ૧૦૦/-ના | ૨૦૦૦૦૦ | દેવાદારો | ૨૫૦૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૯૦૦૦૦ | સ્ટોક | ૧૫૦૦૦૦ |
| બિનસલામત લોન | | બેંક સિલક | ૩૫૦૦૦ |
| (ડિરેક્ટરો પાસેથી) | ૫૦૦૦૦ | પ્રાથમિક ખર્ચા | ૫૦૦૦ |
| લેણદારો | ૩૦૦૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૨૦૦૦૦૦ |
| ચૂકવવાના બાકી ખર્ચા | | | |
| (ડિરેક્ટરના મહેનતાણાના | | | |
| ₹ ૨૦૦૦૦/- સહિત) | ૬૦૦૦૦ | | |
| | ૧૦૦૦૦૦૦ | | ૧૦૦૦૦૦૦ |

નોંધઃ ક્યુમ્યુલેટીવ પ્રેફરન્સ શેરનું ડિવિડન્ડ ૩ વર્ષનું બાકી છે. અદાલત દ્વારા પુનઃરચનાની નીચેની યોજના મંજૂર કરવામાં આવી.

(૧) ઈક્વિટી શેરોનું ₹ ૨/-ના શેરમાં વિભાજન કરવું.

(૨) ઈક્વિટી શેરધારકોએ તેમના ૯૦% શેરો કંપનીને સોંપી દેવા.

(૩) પ્રેફરન્સ શેરધારકો તેમના ચઢેલા ડિવિડન્ડનો હક જતો કરવા સંમત થયા. તેના બદલામાં ૮%ના પ્રેફરન્સ શેરનું ૯%ના પ્રેફરન્સ શેરમાં રૂપાંતર કરવું.

(૪) લેણદારો તેમની લેણી રકમનો ૨૦% હિસ્સો ઘટાડવા સંમત થયા. બદલામાં પરત સોંપાયેલા શેર પૈકી ₹ ૩૫૦૦૦/-ના શેર તેમને આપવા.

(૫) ડિરેક્ટરો તેમની બિનસલામત લોનની રકમ અને તેમના મહેનતાણાની રકમ જતી કરવા સંમત થયા.

(૬) પરત સોંપાયેલા બાકીના શેર રદ કરવા.

(૭) મિલકતોની કિંમત નીચે મુજબ ઘટાડવામાં આવી.
પાઘડી ₹ ૫૦૦૦૦/-, પ્લાન્ટ ₹ ૪૦૦૦૦/-, સાધનો ₹ ૮૦૦૦/-, દેવાદારો ₹ ૧૫૦૦૦/-, સ્ટોક ₹` ૨૦૦૦૦/-.

(૮) તમામ નુકશાન માંડી વાળ્યા પછી જો કાંઈ વધારો રહે તો તેનો ઉપયોગ ફરીથી પ્લાન્ટની કિંમત ઘટાડવા માટે કરવો.

(૯) પુનઃરચનાનો ખર્ચ ₹ ૧૦૦૦૦/- થયો.

(૧૦) કાર્યશીલ મૂડી વધારવા માટે વર્તમાન શેરધારકોને બીજા ૫૦૦૦૦ ઈક્વિટી શેરો આપવામાં આવ્યા જે પૂરેપૂરા ભરપાઈ થઈ ગયા.

કંપનીના ચોપડામાં આમનોંધ લખો અને યોજનાનો અમલ થયા પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ૨૦૦૭ પર આધારિત)

*(જવાબઃ મૂડી ઘટાડા ખાતે ₹ ૩,૬૫,૦૦૦/- (શેર સોંપણી ₹ ૨,૩૫,૦૦૦/- + લેણદારો ₹ ૬૦,૦૦૦/- + ડિરેક્ટર લોન ₹ ૫૦,૦૦૦/- + ડિરેક્ટરનું મહેનતાણું ₹ ૨૦,૦૦૦/-); ઉપયોગ ₹ ૩,૬૫,૦૦૦/- (પાઘડી ₹ ૫૦,૦૦૦/- + પ્લાન્ટ ₹ ૪૦,૦૦૦/- + સાધનો ₹ ૮,૦૦૦/- + દેવાદારો ₹ ૧૫,૦૦૦/- + સ્ટોક ₹ ૨૦,૦૦૦/- + પુનઃરચના ખર્ચ ₹ ૧૦,૦૦૦/ + પ્રાથમિક ખર્ચા ₹ ૫,૦૦૦/- + નફા-નુકશાન ખાતે ₹ ૨,૦૦,૦૦૦/- + પ્લાન્ટ ખાતે ₹ ૧૭,૦૦૦/-); મૂડી ઘટાડા પછીના પાકા સરવૈયાનો સરવાળો ₹ ૭,૩૫,૦૦૦/-.)*

૬. મોના કંપની લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ | | પાઘડી | ૭૦૦૦૦ |
| ₹ ૧૦/-નો એક એવા ૧૦%ના | | જમીન-મકાન | ૬૦૦૦૦૦ |
| ૬૦૦૦૦ ક્યુ. પ્રેફ. શેર | ૬૦૦૦૦૦ | પ્લા.-મશી. ૮૦૦૦૦૦ | |
| ₹ ૧૦/-નો એક એવા | | (-)ઘસારો ૨૦૦૦૦૦ | ૬૦૦૦૦૦ |
| ૭૫૦૦૦ ઈ. શેર પૂરા ભરપાઈ | ૭૫૦૦૦૦ | પેટન્ટ્સ | ૩૦૦૦૦ |
| સામાન્ય અનામત | ૧૫૦૦૦ | દેવાદારો ૧૫૬૦૦૦ | |
| ૯%ના ડિબે. ૨૦૦૦૦૦ | | (-)ઘા.અ. ૬૦૦૦ | ૧૫૦૦૦૦ |
| + ચઢેલ વ્યાજ ૧૮૦૦૦ | ૨૧૮૦૦૦ | સ્ટોક | ૨૭૦૦૦૦ |
| પરચૂરણ લેણદારો | ૧૮૪૦૦૦ | રોકડ અને બેંક | ૩૭૦૦૦ |
| સંશાયિત દેવુંઃ | | ડિબેન્ચર વટાવ | ૧૦૦૦૦ |
| પ્રેફ. શેર પર બે વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી | | | |
| કંપની સામે નુકશાની દાવો ₹ ૨૫૦૦૦/- | | | |
| | ૧૭૬૭૦૦૦ | | ૧૭૬૭૦૦૦ |

મૂડી ઘટાડાની સર્વ સંમતિથી નીચે મુજબની યોજના અમલમાં મૂકવાની છે.

(૧) પ્રેફરન્સ શેરધારકો પોતાનું ચઢેલું ડિવિડન્ડ જતું કરે અને પોતાના પાંચ પ્રેફરન્સ શેરના બદલામાં ત્રણ ૮%ના રીડીમેબલ પ્રેફરન્સ શેર દરેક ₹ ૧૦/-નો તેવા (પૂરા ભરપાઈ) તથા બે ઈક્વિટી શેર દરેક ₹ ૧૦/-નો જેના પર શેરદીઠ ₹ ૭/- ભરપાઈ થયા છે તેવા સ્વીકારે.

(૨) દરેક ઈક્વિટી શેરની ભરપાઈ કિંમત ₹ ૭/- સુધી ઘટાડવી.
(૩) પરચૂરણ લેણદારોની ₹ ૧૦૦૦૦૦/-ની રકમ હમણાં ચૂકવવાનું મુલતવી રાખવું અને બાકીની રકમ પેટે તેઓ કંપનીના ઈક્વિટી શેર દરેક ₹ ૭/-નો ભરપાઈ તેવા સ્વીકારે.
(૪) ડિબેન્ચર હોલ્ડરોએ ચઢેલ વ્યાજ પૈકી ૫૦% હક્ક જતો કર્યો અને બાકીની રકમ ચૂકવી આપવી.
(૫) દેવાદારો પૈકી ₹ ૬૦૦૦/- ઘાલખાધ માંડી વાળો અને ૫% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.
(૬) પાઘડી, પેટન્ટ અને ડિબેન્ચર વટાવ માંડી વાળો.
(૭) જમીન-મકાનની કિંમત ₹ ૫૭૫૦૦૦/- સુધી ઘટાડવી અને પ્લાન્ટ-મશીનરી ₹ ૫૦૦૦૦૦/-ની બજાર કિંમતે દર્શાવવા.
(૮) સ્ટોક પૈકી ₹ ૬૦૦૦૦/-ના સ્ટોકની કિંમત ૭૫% જેટલી ઘટી ગઈ છે તે અંગે યોગ્ય અસર આપવી.
(૯) કંપની સામે નુકશાની દાવાનું સંશયિત દેવું ચૂકવવાનું થયું, પરંતુ કંપનીએ એક ડિરેક્ટર જેના ₹ ૨૦૦૦૦/- તેના ખાતે કંપનીના ચોપડે જમા હતા તેની પાસેથી આ નુકશાની પેટે ₹ ૧૦૦૦૦/- કાપી લીધા અને બાકીની રકમ તેને રોકડેથી ચૂકવી.

યોજના અમલમાં મુકવા માટે કંપનીના ચોપડે જરૂરી આમનોંધો લખો અને મૂડી ઘટાડા પછીનું પાકું સરવૈયું બનાવો.

(ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ટી. વાય., એપ્રિલ ૧૯૯૪ પર આધારિત)

*(જવાબઃ મૂડી ઘટાડા ખાતે કુલ જમા રકમ ₹ ૩,૨૧,૦૦૦/- (ક્યુ. પ્રેફ. શેરમૂડી ₹ ૭૨,૦૦૦/-, ઈક્વિટી શેરમૂડી ₹ ૨,૨૫,૦૦૦/-, ડિબેન્ચરનું ચઢેલ વ્યાજ ₹ ૯,૦૦૦/-, સામાન્ય અનામત ખાતેથી ₹ ૧૫,૦૦૦/-); આ પૈકી માંડી વાળવાની રકમ - ઘાલખાધ અનામત ₹ ૭,૫૦૦/-, પાઘડી ₹ ૭૦,૦૦૦/-, પેટન્ટ ₹ ૩૦,૦૦૦/-, ડિબેન્ચર વટાવ ₹ ૧૦,૦૦૦/-, જમીન-મકાન ₹ ૨૫,૦૦૦/-, પ્લાન્ટ ₹ ૧,૦૦,૦૦૦/-, સ્ટોક ₹ ૪૫,૦૦૦/-, સંશયિત દેવું ચૂકવવાનું થયું તેના ₹ ૧૫,૦૦૦/- (₹ ૨૫,૦૦૦/-માંથી ₹ ૧૦,૦૦૦/- ડિરેક્ટર પાસેથી વસૂલ કર્યા); બાકી મૂડી અનામત ખાતે ₹ ૧૮,૫૦૦/-; પાકા સરવૈયાનો સરવાળો ₹ ૧૪,૪૨,૫૦૦/-; બેંક ઓવરડ્રાફ્ટ ₹ ૭,૦૦૦/-; ડિરેક્ટરની જમા રકમ ₹ ૨૦,૦૦૦/-નો સમાવેશ લેણદારોમાં થયો છે તેમ ધારીને દાખલો ગણવો.)*

૭. શિવ લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું.

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| દરેક ₹ ૧૦/-નો તેવા | | પાઘડી | ૧૮૦૦૦૦ |
| પૂરા ભરાયેલા ઈક્વિ. શેર | ૧૮૦૦૦૦૦ | ફ્રીહોલ્ડ પ્રોપર્ટી | ૯૦૦૦૦૦ |
| ૮%ના પ્રેફરન્સ શેર દરેક | | પ્લાન્ટ | ૩૦૦૦૦૦ |
| ₹ ૧૦૦/-નો તેવા પૂરા | | પેટન્ટ્સ | ૧૬૫૦૦૦ |
| ભરાયેલા | ૪૫૦૦૦૦ | રોકાણો | ૧૮૦૦૦૦ |
| ૯%ના ડિબેન્ચર્સ | ૪૮૦૦૦૦ | સ્ટોક | ૪૫૦૦૦૦ |
| ડિબેન્ચર્સ ઉપર ચઢેલ વ્યાજ | ૪૩૨૦૦ | દેવાદારો | ૫૧૦૦૦૦ |
| લેણદારો | ૫૨૬૮૦૦ | પ્રાથમિક ખર્ચા | ૧૦૫૦૦૦ |
| | | નફા-નુકશાન ખાતું | ૫૧૦૦૦૦ |
| | ૩૩૦૦૦૦૦ | | ૩૩૦૦૦૦૦ |

ટ્રિબ્યુનલે મૂડી ઘટાડાની નીચેની યોજના મંજૂર કરી.

(૧) પ્રેફરન્સ શેર, શેરદીઠ ₹ ૭૦/- સુધી ઘટાડવાના છે.
(૨) ઈક્વિટી શેર, શેરદીઠ ₹ ૫/-થી ઘટાડવાના છે.
(૩) ડિબેન્ચર ધારકો તેમનું ચઢેલું વ્યાજ જતું કરવા સંમત થયા છે.
(૪) ડિબેન્ચર ધારકો તેમના ડિબેન્ચરની અંશતઃ ચૂકવણી પેટે ફ્રીહોલ્ડ પ્રોપર્ટીનો અમુક ભાગ ₹ ૩૦૦૦૦૦/- (ચોપડે મૂલ્ય ₹ ૨૫૦૦૦૦૦/- છે.)ની કિંમતે લેવા સંમત થયા.
(૫) બાકીની ફ્રીહોલ્ડ પ્રોપર્ટીનું મૂલ્ય ₹ ૮૦૦૦૦૦/- આંકવામાં આવ્યું છે.
(૬) રોકાણો ₹ ૨૫૦૦૦૦/-માં વેચવામાં આવ્યાં.
(૭) છેલ્લા ત્રણ વર્ષનું પ્રેફરન્સ શેર ઉપર ડિવિડન્ડ બાકી છે. પ્રેફરન્સ શેરધારકો અડધું ડિવિડન્ડ જતું કરવા સંમત થયા. બાકીનું ડિવિડન્ડ દરેક ₹ ૫/-નો એક એવા પૂરા ભરાયેલા ઈક્વિટી શેરોમાં ચૂકવવાનું છે.
(૮) અદશ્ય અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવાની છે.
(૯) પુનઃરચના ખર્ચ ₹ ૧૯૨૦૦/- થયો.
(૧૦) મૂડી ઘટાડા ખાતે રહેલી બાકીનો ઉપયોગ પ્લાન્ટ અને સ્ટોકની કિંમત તેમની ચોપડે બાકીના પ્રમાણમાં ઘટાડવા માટે કરવાનો છે.

ઉપરોક્ત યોજનાની અસર આપતી જરૂરી નોંધો તમારે પસાર કરવાની છે અને તેનાથી પરિણમતું પાકું સરવૈયું તૈયાર કરવાનું છે. (ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, એસ. વાય., એપ્રિલ ૨૦૦૨ પર આધારિત)

*(જવાબઃ મૂડી ઘટાડા ખાતે ₹ ૧૨,૯૮,૨૦૦/- (પ્રેફરન્સ શેરમૂડી ₹ ૧,૩૫,૦૦૦/- + ઈક્વિટી શેરમૂડી ₹ ૯,૦૦,૦૦૦/- + ડિબેન્ચર વ્યાજ ₹ ૪૩,૨૦૦/- + ફ્રીહોલ્ડ પ્રોપર્ટી ₹ ૫૦,૦૦૦/- અને ₹ ૧,૫૦,૦૦૦/- + રોકાણો ₹ ૭૦,૦૦૦/-); ઉપયોગ ₹ ૧૦,૩૩,૨૦૦/- (પાઘડી ₹ ૧,૮૦,૦૦૦/- + પેટન્ટ ₹ ૧,૬૫,૦૦૦/- + પ્રાથમિક ખર્ચા ₹ ૧,૦૫,૦૦૦/- + નફા-નુકશાન ખાતું ₹ ૫,૧૦,૦૦૦/- + પ્રેફરન્સ ડિવિડન્ડ ₹ ૫૪,૦૦૦/- + પુનઃરચના ખર્ચ ₹ ૧૯,૨૦૦/-); છેવટે બાકી ₹ ૩,૧૫,૦૦૦/- પૈકી ₹ ૧,૨૬,૦૦૦/- પ્લાન્ટમાંથી અને ₹ ૧,૮૯,૦૦૦/- સ્ટોકમાંથી માંડી વાળો; નવા પાકા સરવૈયાનો સરવાળો ₹ ૧૯,૭૫,૮૦૦/-; રોકડ સિલક ₹ ૨,૩૦,૮૦૦/-.)*

૮. નંદિની લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે.

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| બહાર પાડેલી અને | | પાઘડી | ૧૬૦૦૦૦ |
| ભરપાઈ થયેલી મૂડીઃ | | પેટન્ટ | ૭૫૦૦૦ |
| દરેક ₹ ૧૦/-નો એવા પૂરા | | જમીન-મકાન | ૪૦૦૦૦૦ |
| ભરપાઈ થયેલા ઈક્વિ. શેર | ૮૦૦૦૦૦ | પ્લાન્ટ અને મશીનરી | ૨૪૦૦૦૦ |
| ૯%ના ક્યુ. પ્રેફ. શેર દરેક | | રોકાણો | ૧૫૦૦૦૦ |
| ₹ ૧૦/-નો પૂરા ભરપાઈ | ૪૦૦૦૦૦ | સ્ટોક | ૨૫૦૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૨૦૦૦૦ | દેવાદારો | ૩૧૨૦૦૦ |
| સામાન્ય અનામત | ૩૦૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૧૯૦૦૦૦ |
| ૧૫%નાં ડિબેન્ચર | ૩૦૦૦૦૦ | જાહેરાત ઉપલક ખાતું | ૨૩૦૦૦ |
| લેણદારો | ૨૦૦૦૦૦ | | |
| બેંક ઓવરડ્રાફ્ટ | ૫૦૦૦૦ | | |
| | ૧૮૦૦૦૦૦ | | ૧૮૦૦૦૦૦ |

ટ્રિબ્યુનલે મંજૂર કરેલ મૂડી ઘટાડાની યોજના નીચે મુજબ હતી.

(૧) ઈક્વિટી શેર શેરદીઠ ₹ ૬/- સુધી ઘટાડવાના હતા.
(૨) પ્રેફરન્સ શેર શેરદીઠ ₹ ૪/-થી ઘટાડવાના હતા.
(૩) તારીખઃ ૦૧-૦૪-૨૦૧૭થી પ્રેફરન્સ શેર ડિવિડન્ડ જાહેર થયું નથી તેમજ ચૂકવાયું નથી. ચઢેલા ડિવિડન્ડના બદલામાં ઈક્વિટી શેર આપવામાં આવશે.
(૪) રોકાણો ₹ ૧૮૦૦૦૦/-માં વેચવામાં આવ્યા.
(૫) લેણદારોએ તેમની બાકી રકમની હિસાબની પતાવટ રૂપે ૭૫% રકમ ઈક્વિટી શેરમાં, ૧૫% રોકડમાં અને બાકીની રકમ જતી કરવાનું સ્વીકાર્યું.
(૬) ડિબેન્ચર હોલ્ડરોએ તેમનાં લેણાં સામે ચૂક્તેના હિસાબે ૮૦% જેટલી રકમના પ્રેફરન્સ શેર લેવાનું સ્વીકાર્યું.
(૭) જામીનગીરી પ્રીમિયમ અને સામાન્ય અનામતની બાકીનો પુનઃરચના માટે ઉપયોગ કરવાનો હતો.
(૮) પાઘડી, પેટન્ટ, નફા-નુકશાન ખાતાની ઉધાર બાકી અને જાહેરાત ઉપલક ખાતું માંડી વાળવાનું છે.
(૯) બાકી રહેલ રકમનો ઉપયોગ પ્લાન્ટ અને મશીનરી અને સ્ટોક અનુક્રમે ૩:૧ના પ્રમાણમાં માંડી વાળવા ઉપયોગમાં લેવાનું નક્કી કર્યું.

નંદિની લિમિટેડના ચોપડે ઉપરના વ્યવહારો નોંધવા જરૂરી આમનોંધ પસાર કરો અને યોજના પછીનું પાકું સરવૈયું તૈયાર કરો. (ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, એસ. વાય., એપ્રિલ ૨૦૦૩ પર આધારિત)

*(જવાબઃ મૂડી ઘટાડા ખાતે ₹ ૬,૪૦,૦૦૦/- (ઈક્વિટી શેરમૂડી ₹ ૩,૨૦,૦૦૦/- + પ્રેફરન્સ શેરમૂડી ₹ ૧,૬૦,૦૦૦/- + રોકાણો ₹ ૩૦,૦૦૦/- + લેણદારો ₹ ૨૦,૦૦૦/- + ડિબેન્ચર ₹ ૬૦,૦૦૦/- + જામીનગીરી પ્રીમિયમ ₹ ૨૦,૦૦૦/- + સામાન્ય અનામત ₹ ૩૦,૦૦૦/-); આ પૈકી માંડી વાળવાની રકમ ₹ ૫,૨૦,૦૦૦/- (પ્રેફરન્સ શેર ડિવિડન્ડ ₹ ૭૨,૦૦૦/- + પાઘડી ₹ ૧,૬૦,૦૦૦/- + પેટન્ટ ₹ ૭૫,૦૦૦/- + નફા-નુકશાન ખાતે ₹ ૧,૯૦,૦૦૦/- + જાહેરાત ઉપલક ખાતે ₹ ૨૩,૦૦૦/-) હવે બાકી ₹ ૧,૨૦,૦૦૦/-માંથી પ્લાન્ટ ₹ ૯૦,૦૦૦/- અને સ્ટોક ₹ ૩૦,૦૦૦/- માંડી વળાશે. નવા પાકા સરવૈયાનો સરવાળો ₹ ૧૧,૮૨,૦૦૦/-; આખરની ઈક્વિ. શેરમૂડી ₹ ૭,૦૨,૦૦૦/-; બેંક સિલક ₹ ૧,૦૦,૦૦૦/-.)*

૯. આનંદ લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડીઃ ₹ ૧૦/-નો | | પાઘડી | ૫૦૦૦૦ |
| એક એવા પૂર્ણ ભરપાઈ શેર | ૨૫૦૦૦૦ | જમીન-મકાન | ૩૫૦૦૦૦ |
| ૮%ની ક્યુ. પ્રેફ. શેરમૂડીઃ | | ફર્નિચર | ૫૦૦૦૦ |
| ₹ ૧૦૦/-નો એક એવા | | રોકાણો (બજાર | |
| પૂરા ભરપાઈ | ૨૦૦૦૦૦ | કિંમત ₹ ૮૦૦૦૦/-) | ૧૦૦૦૦૦ |
| શેર પ્રીમિયમ | ૫૦૦૦૦ | સ્ટોક | ૯૫૦૦૦ |
| ૧૨%ના ગીરો ડિબેન્ચર | ૨૦૦૦૦૦ | દેવાદારો | ૪૦૦૦૦ |
| લેણદારો | ૧૫૦૦૦૦ | બેંક સિલક | ૩૫૦૦૦ |
| સંચાલકોની લોન | ૩૦૦૦૦ | પ્રાથમિક ખર્ચા | ૧૦૦૦૦ |
| | | નફા-નુકશાન ખાતું | ૧૫૦૦૦૦ |
| | ૮૮૦૦૦૦ | | ૮૮૦૦૦૦ |

અદાલત દ્વારા મૂડી ઘટાડાની નીચેની યોજના મંજૂર કરવામાં આવી.

(૧) ઈક્વિટી શેર શેરદીઠ ₹ ૨/- સુધી ઘટાડવા જ્યારે પ્રેફરન્સ શેર શેરદીઠ ₹ ૨૦/-થી ઘટાડવા.
(૨) મૂડી ઘટાડા માટે શેર પ્રીમિયમનો ઉપયોગ કરવાનો છે.
(૩) ડિબેન્ચર ધારકોએ પોતાના દાવાના ૪૦% જતા કર્યા અને બાકીનાં દેવાની પતાવટ પેટે તેમને ૧૪%ના ડિબેન્ચર (₹ ૧૦૦/-નો એક) આપવા.
(૪) લેણદારોએ તેમના દાવા પૈકી ૨૦% જતા કરવાનું નક્કી કર્યું.
(૫) સંચાલકોએ તેમની લોનની અંતિમ પતાવટ પેટે ૮૦% રકમનાં ઈક્વિટી શેર તથા ૧૦% રકમ રોકડમાં સ્વીકારી.
(૬) નફા-નુકશાન ખાતું અને બધી જ અદૃશ્ય-અવાસ્તવિક મિલકતો માંડી વાળવાની છે.
(૭) રોકાણો તેમની બજાર કિંમતે દર્શાવવાનાં છે અને ફર્નિચરનું પુનઃમૂલ્યાંકન ₹ ૨૧૦૦૦/- કરવામાં આવ્યું.
(૮) મૂડી ઘટાડા ખાતાની બાકીની રકમ જમીન-મકાનમાં પુનઃમૂલ્યાંકન દ્વારા ઉપયોગમાં લેવાની છે.

આમનોંધ લખો અને ત્યાર પછીનું પાકું સરવૈયું બનાવો.

(સરદાર પટેલ યુનિવર્સિટી, નવેમ્બર ૨૦૧૨ પર આધારિત)

*(જવાબઃ (૧) મૂડી ઘટાડા ખાતે જમા રકમ ₹ ૪,૦૩,૦૦૦/-:*

*ઈક્વિટી શેરમૂડીમાં ઘટાડો ₹ ૨,૦૦,૦૦૦/-, પ્રેફરન્સ શેરમૂડીમાં ઘટાડો ₹ ૪૦,૦૦૦/-, ડિબેન્ચર ધારકોએ જતી કરેલ રકમ ₹ ૮૦,૦૦૦/-, શેર પ્રીમિયમ ₹ ૫૦,૦૦૦/-, લેણદારોએ જતી કરેલ રકમ ₹ ૩૦,૦૦૦/- અને સંચાલકોની લોન ₹ ૩,૦૦૦/-.*

*(૨) મૂડી ઘટાડા ખાતે ઉપયોગ ₹ ૪,૦૩,૦૦૦/-:*

*પાઘડી માંડી વાળી ₹ ૫૦,૦૦૦/-, પ્રાથમિક ખર્ચ માંડી વાળ્યો ₹ ૧૦,૦૦૦/-, નફા-નુકશાન ખાતાની ઉધાર બાકી માંડી વાળી ₹ ૧,૫૦,૦૦૦/-, રોકાણો ₹ ૨૦,૦૦૦/-, ફર્નિચર ₹ ૨૯,૦૦૦/- અને બાકીના જમીન-મકાન ખાતે ₹ ૧,૪૪,૦૦૦/-.*

*(૩) આખરની બેંક સિલક ₹ ૩૨,૦૦૦/-.*

*(૪) નવા પાકા સરવૈયાનો સરવાળો ₹ ૪,૭૪,૦૦૦/-.)*

૧૦. શિતલ લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૮%ના ક્યુમ્યુલેટીવ પ્રેફરન્સ | | પાઘડી | ૭૦૦૦૦ |
| શેર દરેક ₹ ૧૦૦/-નો એક | ૨૦૦૦૦૦ | પેટન્ટ્સ | ૩૫૦૦૦ |
| ૫૦૦૦૦ ઈક્વિટી શેર | ૫૦૦૦૦૦ | મશીનરી | ૮૦૦૦૦ |
| ૧૦%ના ડિબેન્ચર | ૧૫૦૦૦૦ | ફ્રીહોલ્ડ મિલકતો | ૩૭૫૦૦૦ |
| બેંક લોન | ૮૫૦૦૦ | રોકાણો | ૫૫૦૦૦ |
| ડિરેક્ટરની લોન | ૪૦૦૦૦ | સ્ટોક | ૬૦૦૦૦ |
| લેણદારો | ૨૦૦૦૦૦ | દેવાદારો | ૨૦૦૦૦૦ |
| | | પ્રાથમિક ખર્ચા | ૩૫૦૦૦ |
| | | નફા-નુકશાન ખાતું | ૨૬૫૦૦૦ |
| | ૧૧૭૫૦૦૦ | | ૧૧૭૫૦૦૦ |

પુનર્રચના અંગે નીચેની યોજનાનો અમલ કરવામાં આવ્યો.

(૧) ક્યુમ્યુલેટીવ પ્રેફરન્સ શેરમાં દરેક ₹ ૬૦/- સુધી ઘટાડો કરવો.
(૨) ઈક્વિટી શેરમાં દરેક ₹ ૩/- સુધી ઘટાડો કરવો.
(૩) તારીખઃ ૦૧૦૪-૨૦૧૬થી પ્રેફરન્સ શેર પર ડિવિડન્ડ જાહેર થયું નથી અને ચૂકવાયું નથી. બાકી પ્રેફરન્સ શેર ડિવિડન્ડમાં ૭૫% જતું કર્યું અને બાકીના ૨૫% માટે નવા ઈક્વિટી શેર આપવા.
(૪) રોકાણો ₹ ૯૧૦૦૦/-માં વેચવામાં આવ્યા.
(૫) ડિરેક્ટરે તેમની બાકી લોન પેટે ૮૦% રકમ ઈક્વિટી શેરમાં, ૧૦% રોકડમાં સ્વીકાર્યા અને બાકીના જતાં કર્યા.
(૬) તમામ અદશ્ય મિલકતો અને નુકશાન માંડી વાળવાનું છે.
(૭) બાકી રહેલ રકમનો ઉપયોગ મશીનરી અને સ્ટોકને તેમના મૂલ્યના પ્રમાણમાં માંડી વાળવા માટે કરવાનો છે.

ઉપરોક્ત વ્યવહારો નોંધવા જરૂરી આમનોંધો લખો.

(સરદાર પટેલ યુનિવર્સિટી, નવેમ્બર ૨૦૧૩ પર આધારિત)

*(જવાબઃ (૧) મૂડી ઘટાડા ખાતે જમા રકમ ₹ ૪,૭૦,૦૦૦/-:*

*ઈક્વિટી શેરમૂડીમાં ઘટાડો ₹ ૩,૫૦,૦૦૦/-, પ્રેફરન્સ શેરમૂડીમાં ઘટાડો ₹ ૮૦,૦૦૦/-, રોકાણ વેચાણનો નફો ₹ ૩૬,૦૦૦/- અને ડિરેક્ટરોએ જતી કરેલ રકમ ₹ ૪,૦૦૦/-.*

*(૨) મૂડી ઘટાડા ખાતે ઉપયોગ ₹ ૪,૭૦,૦૦૦/-:*

*પ્રેફરન્સ ડિવિડન્ડ ₹ ૧૬,૦૦૦/-, પાઘડી માંડી વાળી ₹ ૫૦,૦૦૦/-, પેટન્ટ ₹ ૩૫,૦૦૦/-, પ્રાથમિક ખર્ચ માંડી વાળ્યો ₹ ૩૫,૦૦૦/-, નફા-નુકશાન ખાતાની ઉધાર બાકી માંડી વાળી ₹ ૨,૬૫,૦૦૦/-, હવે મૂડી ઘટાડા ખાતે બાકી રહેલ રકમ ₹ ૪૯,૦૦૦/-નો ઉપયોગ મશીનરી અને સ્ટોક ૪:૩ના પ્રમાણમાં અનુક્રમે ₹ ૨૮,૦૦૦/- અને ₹ ૨૧,૦૦૦/- લેખે માંડી વાળવા માટે કરવો.*

*(૩) આખરની બેંક સિલક ₹ ૮૭,૦૦૦/-.*

*(૪) નવા પાકા સરવૈયાનો સરવાળો ₹ ૭,૫૩,૦૦૦/-.)*

૧૧. લાલુ લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૬%ના ક્યુમ્યુલેટીવ પ્રેફરન્સ | | પાઘડી | ૯૦૦૦૦ |
| શેર દરેક ₹ ૧૦/-નો | ૫૦૦૦૦૦ | પેટન્ટ્સ | ૨૦૦૦૦૦ |
| ઈક્વિ. શેર દરેક ₹ ૧૦/-નો | ૧૦૦૦૦૦૦ | સાંચા-યંત્રો | ૪૦૦૦૦૦ |
| ૭%ના ડિબેન્ચર | ૨૦૦૦૦૦ | જમીન-મકાન | ૪૦૦૦૦૦ |
| ડિબેન્ચર વ્યાજ | ૨૦૦૦૦ | વાહનો | ૪૦૦૦૦ |
| પરચૂરણ લેણદારો | ૧૦૦૦૦૦ | સ્ટોક | ૨૫૦૦૦૦ |
| ક્યુ. પ્રેફ. શેરનું બાકી | | પરચૂરણ દેવાદારો | ૧૦૦૦૦૦ |
| ડિવિડન્ડ ₹ ૧૦૦૦૦૦/- | | રોકડ-બેંક | ૨૭૦૦૦ |
| | | ડિબેન્ચર વટાવ | ૧૩૦૦૦ |
| | | નફા-નુકશાન ખાતું | ૩૦૦૦૦૦ |
| | ૧૮૨૦૦૦૦ | | ૧૮૨૦૦૦૦ |

કંપની નિષ્ફળ સાબિત થઈ અને ટ્રિબ્યુનલે મૂડી ઘટાડા અંગે નીચે મુજબની યોજના જાહેર કરીઃ

(અ) પ્રેફરન્સ શેરમાં દરેક ₹ ૪/-થી સુધી ઘટાડવો અને ઈક્વિટી શેર દરેક ₹ ૪/- સુધી ઘટાડવો.

(બ) ડિબેન્ચર હોલ્ડરો તેમનું બાકી વ્યાજ જતું કરવા સંમત થયા.

(ક) પાઘડી, નફા-નુકશાન ખાતું અને ડિબેન્ચર વટાવ માંડી વાળો.

(ડ) પ્રેફરન્સ શેર ધારકોએ તેમના ચઢેલ ડિવિડન્ડના હક્ક જતા કરવા અને તેના બદલામાં ₹ ૨૫૦૦૦/-ના ઈક્વિટી શેર આપવા.

(ઇ) બાકી રહેલ રકમનો ઉપયોગ મિલકતોની કિંમત ઘટાડવા નીચે મુજબ કરવો.

સાંચા-યંત્રો ₹ ૧૦૦૦૦૦/- પેટન્ટ્સ ₹ ૧૫૦૦૦૦/-

જમીન-મકાન ₹ ૧૦૦૦૦૦/- વાહનો ₹ ૨૦૦૦૦/-

દેવાદારો ₹ ૫૦૦૦/-

(ફ) જો કોઈ વધારો રહે તો સ્ટોકની કિંમત માંડી વાળવા માટે ઉપયોગમાં લેવો.

ઉપરની યોજના અમલમાં મૂકવા જરૂરી આમનોંધ લખો અને સુધારેલું પાકું સરવૈયું તૈયાર કરો.

(સરદાર પટેલ યુનિવર્સિટી, નવેમ્બર ૨૦૧૪ પર આધારિત)

*(જવાબઃ (૧) મૂડી ઘટાડા ખાતે જમા રકમ ₹ ૮,૨૦,૦૦૦/-:*

*ઈક્વિટી શેરમૂડીમાં ઘટાડો ₹ ૬,૦૦,૦૦૦/-, પ્રેફરન્સ શેરમૂડીમાં ઘટાડો ₹ ૨,૦૦,૦૦૦/- અને ડિબેન્ચર હોલ્ડરોએ જતું કરેલ વ્યાજ ₹ ૨૦,૦૦૦/-.*

*(૨) મૂડી ઘટાડા ખાતે ઉપયોગ ₹ ૮,૨૦,૦૦૦/-:*

*પાઘડી માંડી વાળી ₹ ૯૦,૦૦૦/-, ડિબેન્ચર વટાવ માંડી વાળ્યો ₹ ૧૩,૦૦૦/-, નફા-નુકશાન ખાતાની ઉધાર બાકી માંડી વાળી ₹ ૩,૦૦,૦૦૦/-, પ્રેફરન્સ ડિવિડન્ડ* ₹ ૨૫,૦૦૦/-, જમીન-મકાન ₹ ૧,૦૦,૦૦૦/-, સાંચા-યંત્રો ₹ ૧,૦૦,૦૦૦/-, પેટન્ટ ₹ ૧,૫૦,૦૦૦/-, વાહનો ₹ ૨૦,૦૦૦/-, દેવાદારો ₹ ૫,૦૦૦/- અને બાકી રહેલ રકમનો ઉપયોગ સ્ટોક ₹ *૧૭,૦૦૦/- માંડી વાળવા માટે કરવો.*

*(૩) નવા પાકા સરવૈયાનો સરવાળો ₹ ૧૦,૨૫,૦૦૦/-.)*

૧૨. આશા લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ઈક્વિટી શેર દરેક | | પાઘડી | ૨૦૦૦૦૦ |
| ₹ ૧૦/-નો | ૮૦૦૦૦૦ | પેટન્ટ્સ | ૧૦૦૦૦૦ |
| ૮%ના પ્રેફરન્સ શેર દરેક | | જમીન અને મકાન | ૪૦૦૦૦૦ |
| ₹ ૧૦/-નો | ૬૦૦૦૦૦ | સાંચા અને યંત્રો | ૩૦૦૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૧૦૦૦૦૦ | સ્ટોક | ૨૦૦૦૦૦ |
| ૧૦% ના ડિબેન્ચર | ૨૦૦૦૦૦ | દેવાદારો | ૩૦૦૦૦૦ |
| ડિબેન્ચર બાકી વ્યાજ | ૪૦૦૦૦ | રોકડ અને બેંક | ૬૦૦૦૦ |
| લેણદારો | ૧૬૦૦૦૦ | પ્રાથમિક ખર્ચા | ૧૪૦૦૦૦ |
| | | નફા-નુકશાન ખાતું | ૨૦૦૦૦૦ |
| | ૧૯૦૦૦૦૦ | | ૧૯૦૦૦૦૦ |

ટ્રિબ્યુનલે મૂડી ઘટાડાની નીચેની યોજના મંજૂર કરી.

(૧) દરેક ઈક્વિટી શેર ₹ ૮/-થી ઘટાડવો, જ્યારે પ્રેફરન્સ શેર ₹ ૬/- સુધી ઘટાડવો.
(૨) જામીનગીરી પ્રીમિયમ ખાતું માંડી વાળવું.
(૩) અદશ્ય અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવી.
(૪) ડિબેન્ચર ધારકોએ તેમનું ચઢેલું વ્યાજ જતું કર્યું.
(૫) જમીન-મકાન, સાંચા-યંત્રો અને સ્ટોકની કિંમતમાં અનુક્રમે ૪૦%, ૩૦% અન ૨૦% ઘટાડો કરવો.
(૬) ઘાલખાધના ₹ ૩૦૦૦૦/- માંડી વાળવા.

ઉપરની યોજનાને અમલમાં મૂકવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો અને મૂડી ઘટાડા પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(સરદાર પટેલ યુનિવર્સિટી, નવેમ્બર ૨૦૧૫ પર આધારિત)

*(જવાબ: (૧) મૂડી ઘટાડા ખાતે જમા રકમ ₹ ૧૦,૨૦,૦૦૦/-:*

*ઈક્વિટી શેરમૂડીમાં ઘટાડો ₹ ૬,૪૦,૦૦૦/-, પ્રેફરન્સ શેરમૂડીમાં ઘટાડો ₹ ૨,૪૦,૦૦૦/-, જામીનગીરી પ્રીમિયમ ₹ ૧,૦૦,૦૦૦/- અને ડિબેન્ચર ધારકોએ જતું કરેલું વ્યાજ ₹ ૪૦,૦૦૦/-.*

*(૨) મૂડી ઘટાડા ખાતે ઉપયોગ ₹ ૯,૬૦,૦૦૦/-:*

*પાઘડી માંડી વાળી ₹ ૨,૦૦,૦૦૦/-, પેટન્ટ્સ ₹ ૧,૦૦,૦૦૦/-, પ્રાથમિક ખર્ચ માંડી વાળ્યો ₹ ૧,૪૦,૦૦૦/-, નફા-નુકશાન ખાતાની ઉધાર બાકી માંડી વાળી ₹ ૨,૦૦,૦૦૦/-, જમીન-મકાન ₹ ૧,૬૦,૦૦૦/-, સાંચા-યંત્રો ₹ ૯૦,૦૦૦/-, સ્ટોક ₹ ૪૦,૦૦૦/- અને ઘાલખાધના માંડી વાળ્યા ₹ ૩૦,૦૦૦/-.*

*(૩) છેવટે મૂડી ઘટાડા ખાતાની જમા બાકી (વધારો) ₹ ૬૦,૦૦૦/- મૂડી અનામત ખાતે લઈ ગયા.*

*(૪) નવા પાકા સરવૈયાનો સરવાળો ₹ ૯,૪૦,૦૦૦/-.)*

☆ ☆ ☆

## પ્રકરણઃ ૪

# લિક્વિડેટરના હિસાબો

૧ પ્રસ્તાવના

૨ વિસર્જનની પદ્ધતિઓ

૩ લિક્વિડેટરની નિમણૂંક અને મહેનતાણું

૪ લિક્વિડેટરની સત્તા અને ફરજો

૫ લિક્વિડેટનું આવક-જાવક દર્શાવતું પત્રક

૬ લિક્વિડેટરની આવકો અને જાવકો

ઉદાહરણો

✍ સ્વાધ્યાય

## ૧ *પ્રસ્તાવનાઃ*


લિક્વિડેટર એટલે એવી વ્યક્તિ જેની નિમણૂંક ફડચામાં ગયેલ કંપનીની મિલકતોનો નિકાલ કરી કાયદા મુજબ દેવાં ચૂકવી આપવા માટે કરવામાં આવે છે. કંપની કાયદા મુજબની વ્યક્તિ છે, તેનું ભૌતિક અસ્તિત્વ નથી એટલે તે કુદરતી રીતે મૃત્યુ પામી શકે નહિ, પરંતુ કાયદા મુજબ તેનું અસ્તિત્વ બંધ કરી શકાય. આમ, કંપનીનું કંપની ધારા મુજબ વિસર્જન કરી શકાય. કંપનીનું વિસર્જન એટલે તેનો ધંધો બંધ કરવો, તેની મિલકતો વેચી દેવી, દેવાં ચૂકવી દેવાં અને નાણાં વધે તો સભ્યને પરત કરવાં.

કંપનીનું વિસર્જન કરવા માટેનાં કેટલાંક કારણો નીચે મુજબ હોઈ શકેઃ

(૧) પૂરતી મૂડી ન હોવાને કારણે કંપનીનું વિસર્જન કરવામાં આવે અને અન્ય કંપનીને તેનો ધંધો વેચી દેવામાં આવે.
(૨) કંપની સતત ખોટમાં ચાલતી હોય કે તેની નાણાંકીય પરિસ્થિતિ એટલી ખરાબ થઈ જાય કે કંપની નાદાર થઈ જાય.
(૩) કંપની જે હેતુ માટે સ્થપાઈ હોય તે હેતુ પૂરો થાય.
(૪) કોઈ કારણસર કંપનીની પુનઃરચના કરવામાં આવે.
(૫) સરકારી કારણોસર ધંધો ચાલુ રાખવો મુશ્કેલ હોય.

## ૨ *વિસર્જનની પદ્ધતિઓઃ*

કંપનીનું વિસર્જન કંપની ધારામાં જણાવ્યા મુજબ નીચેની ત્રણ રીતે થઈ શકે.




### ૨.૧ અદાલત દ્વારા ફરજીયાત વિસર્જનઃ

અમુક સંજોગોમાં કંપનીનું વિસર્જન અદાલત દ્વારા ફરજીયાત રીતે કરવું પડે છે. આવા સંજોગો નીચે મુજબ છે.

(૧) કંપનીએ પોતે જ અદાલત દ્વારા વિસર્જન કરવાનો ખાસ ઠરાવ કર્યો હોય.
(૨) અમુક કાયદેસરની જોગવાઈઓનું ઉલંઘન કરવામાં આવે તો.
   અ) જો પ્રાથમિક સભા કરવામાં ના આવે.
   બ) જો નોંધણીના પ્રમાણપત્રની તારીખથી એક વર્ષમાં ધંધો શરૂ ના કરે.
   ક) જો કંપની પોતાનાં દેવાં-જવાબદારી ચૂકવી શકે તેમ ના હોય.
   ડ) જો કંપની પોતાની કાયદેસરની લઘુત્તમ સભ્ય સંખ્યા કરતાં ઓછી સભ્ય સંખ્યાથી ચાલુ રહે તો.
(૩) જો અદાલતને એમ જણાય કે કંપનીનું વિસર્જન કરવું ન્યાયી અને વ્યાજબી છે તો વિસર્જન કરવામાં આવે છે.

સામાન્ય રીતે અદાલત દ્વારા કે ફરજીયાત વિસર્જન માટેની અરજી અદાલતને આપવાની હોય છે, આવી અરજી આપવાનો અધિકાર (૧) કંપનીને પોતાને જ, (૨) કંપનીના હિસ્સેદાર, (૩) કંપનીના લેણદાર, (૪) રજીસ્ટ્રાર ઑફ કંપનીઝ, (૫) મધ્યસ્થ સરકાર જેને આ રીતે સત્તા આપે તે વ્યક્તિને છે.

**૨.૨ અદાલતની દેખરેખ હેઠળ વિસર્જનઃ**

સ્વૈચ્છિક વિસર્જનની જ વ્યવસ્થા કરી હોય પરંતુ એવું લાગે કે અદાલતનું સુપરવિઝન કે દેખરેખ અનિવાર્ય છે, તો આવા સંજોગોમાં અદાલતની દેખરેખ સ્વીકારવી પડે છે અને તે મુજબ સ્વૈચ્છિક વિસર્જનની કામગીરી કરવાની રહે છે. અહીં અદાલતને અમુક અધિકાર આપવામાં આવે છે.

**૨.૩ સ્વૈચ્છિક વિસર્જન (સભ્યો દ્વારા અને લેણદારો દ્વારા):**

કંપનીનું સ્વૈચ્છિક વિસર્જન નીચેના સંજોગોમાં થઈ શકે.

(૧) કંપનીના આર્ટિકલ્સ / મેમોરેન્ડમમાં દર્શાવેલ ધ્યેય પૂરા થતાં કંપની બંધ કરવાનું નક્કી થયું હોય તો કંપની બંધ કરી શકાય છે.
(૨) કંપનીના આર્ટિકલ્સ / મેમોરેન્ડમમાં જણાવેલ કોઈ બનાવ કે ઘટના બને ત્યારે વિસર્જન કરવું તેવી જોગવાઈ હોય તો તેવી ઘટના બનતાં વિસર્જન કરવામાં આવે છે.
(૩) કંપની સભ્યોની સભામાં ખાસ ઠરાવ પસાર કરી વિસર્જનનો નિર્ણય લઈ શકે છે.
(૪) ઠરાવની તારીખથી ચૌદ દિવસમાં વિસર્જનના આ ઠરાવ અંગેની જાહેરાત સરકારના ગેઝેટમાં તથા રજીસ્ટર્ડ ઓફિસના જિલ્લામાં પ્રચલિત એવા વર્તમાનપત્રમાં કરવી ફરજીયાત છે.
(૫) સભ્યો દ્વારા સ્વૈચ્છિક વિસર્જનમાં કંપનીનાં સંચાલકોએ એફિડેવિટ દ્વારા જાહેરાત કરવાની હોય છે.
(૬) લેણદારો દ્વારા વિસર્જન હોય તો પણ તે સ્વૈચ્છિક વિસર્જન ગણાય છે. અહીં લેણદારોની મીટીંગ બોલાવાય છે. તેમાં નિર્ણય થાય છે તે પ્રમાણે સામાન્ય સભા નિર્ણય લે છે અને ત્યારબાદ જરૂરી જાહેરાત થતી હોય છે.

***૩ લિક્વિડેટરની નિમણૂંક અને મહેનતાણુંઃ***

**૩.૧ નિમણૂંકઃ**

કંપનીના વિસર્જન સમયે કંપનીના વિસર્જનની સંપૂર્ણ કામગીરી માટે અદાલત દ્વારા એક અધિકારીની નિમણૂંક કરવામાં આવે છે જેને લિક્વિડેટર કહે છે. લિક્વિડેટરની નિમણૂંક કંપનીની મિલકતોનો નિકાલ કરવા અને તેની ઉપજનમાંથી કંપનીનાં દેવાં ચૂકવવા અને વધેલાં નાણાં તેનાં શેરધારકોને પરત કરવા માટે કરવામાં આવે છે.

ફરજિયાત વિસર્જન સમયે અદાલત દ્વારા લિક્વિડેટરની નિમણૂંક કરવામાં આવે છે અને મરજિયાત વિસર્જનના સંજોગોમાં શેરધારકોની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરીને લિક્વિડેટરની નિમણૂંક કરવામાં આવે છે.

**૩.૨ મહેનતાણુંઃ**

લિક્વિડેટરનું મહેનતાણું જ્યારે તેની નિમણૂંક થાય ત્યારે જ નક્કી કરવામાં આવે છે અને એકવાર તેનું મહેનતાણું નક્કી થઈ જાય ત્યાર પછી કોઈપણ સંજોગોમાં તેમાં વધારો થઈ શકતો નથી.

***૪ લિક્વિડેટરની સત્તા અને ફરજોઃ***

**૪.૧ અધિકારો / સત્તાઃ**

કંપની વતી મિલકતોનો નિકાલ કરવાનો તેને અધિકાર છે. તે રોકડેથી વેચાણ આપે, શેર કે એવા કોઈ અવેજ સામે આપે, ધંધો કે ધંધાનો ભાગ કોઈ અન્ય કંપનીને વેચાણ આપે. આમ, તેને તટસ્થ રીતે વ્યાજબી લાગે તે રીતે નિકાલ કરવાનો અધિકાર છે. સભ્યો તેમાં વાંધો લઈ શકે નહીં.

વિસર્જનના ઠરાવમાં જેમણે સંમતિ નથી આપી તેવા અસંમત શેરધારકો લિક્વિડેટરને પોતાની અસંમતિ લેવી તેમ જણાવે ત્યારે કંપનીના વિસર્જન પહેલાં તેનો હિસ્સો ખરીદી લે છે અને બજાર કિંમતે અથવા સમાધાન દ્વારા નક્કી કરેલ કિંમતે અવેજ આપે છે.

### ૪.૨ ફરજો:

(૧) કંપનીની મિલકતોનો યોગ્ય રીતે નિકાલ કરી તેની કિંમત ઉપજાવી તેમાંથી નાણાં મેળવવા.
(૨) લેણદારોને તેમના અગ્રતાના ક્રમ મુજબ નાણાં ચૂકવવા.
(૩) વિસર્જનનો ખર્ચ, તેનું પોતાનું મહેનતાણું અને લેણદારોને નાણાં ચૂકવી દીધા બાદ નાણાં વધે તો કંપનીના શેરધાકરોને પરત કરવા.
(૪) મિલકતોની ઉપજ અને લેણદારોને કરેલ ચૂકવણી અંગેના હિસાબો તૈયાર કરવા અને આ હિસાબો શેરધારકો અને લેણદારો સમક્ષ રજૂ કરવા અને રજીસ્ટ્રાર સમક્ષ આ હિસાબો ફાઈલ કરવા.
(૫) સ્વૈચ્છિક વિસર્જનના સંજોગોમાં લિક્વિડેટર એ કંપનીનો પગારદાર એજન્ટ ગણાય છે.
(૬) લિક્વિડેટરને મિલકતની મળેલ ઉપજમાંથી રકમ એક અલગ બેંક ખાતામાં જમા કરાવવી.
(૭) જો લિક્વિડેટર પાસે ₹ ૫૦૦/-થી વધુ રકમ હાથ પર હોય તો તે ૧૦ દિવસથી વધુ સમય માટે રાખી શકે નહિ.
(૮) જ્યારે વિસર્જનની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થાય ત્યારે લિક્વિડેટરે છેવટનું આવક-જાવકનું પત્રક રજૂ કરવું.

## ૫ *લિક્વિડેટરનું આવક-જાવક દર્શાવતું પત્રક:*

| આવક | રકમ (₹) | જાવક | રકમ (₹) |
|---|---|---|---|
| (૧) રોકડ અને બેંકમાં સિલક | --- | (૧) સંપૂર્ણ સલામત લેણદારો (કામદારોનું બાકી લેણું) | --- |
| (૨) મિલકતોની ઉપજ કિંમત | --- | (૨) વિસર્જન ખર્ચ / કાનૂની ખર્ચ | --- |
| (૩) સંપૂર્ણ સલામત લેણદારો પાસેથી વધારો | --- | (૩) લિક્વિડેટરનું મહેનતાણું | --- |
| (૪) અપૂર્ણ ભરપાઈ શેર પર મળેલ હપ્તા | --- | (૪) પ્રેફરન્શિયલ લેણદારો (પસંદગીનાં) | --- |
| | | (૫) તરતા બોજધારી લેણદારો (ડિબેન્ચર + બાકી વ્યાજ + મોડી ચૂકવણીનું વ્યાજ) | --- |
| | | (૬) પ્રેફરન્સ શેરધારકો (બાકી પ્રેફ. ડિવિડન્ડ) | --- |
| | | (૭) ઈક્વિટી શેરધારકો | --- |
| | xxxx | | xxxx |

## ૬ *લિક્વિડેટરની આવકો અને જાવકોઃ*

### ૬.૧ લિક્વિડેટરની આવકોઃ

(૧) વિસર્જન સમયે કંપની પાસે રહેલી રોકડ અને બેંક સિલક.
(૨) મિલકતોનું વેચાણ કે નિકાલ કરે તેની ઊપજ.
(૩) સંપૂર્ણ સલામત લેણદારો પાસે જે ગીરો મિલકત હોય તેમાંથી તેઓ પોતાનું લેણું વસૂલ કર્યા બાદ વધારો પરત કરે તે મેળવવાનો હોય છે.
(૪) સંચાલકો કે અન્ય અધિકારીઓ પાસેથી કોઈ રકમ પરત લેવાની હોય કે તેઓએ પેનલ્ટીરૂપે પરત કરવાની હોય તેવી રકમની વસૂલાત કરે છે.
(૫) શેરધારકો પાસે મંગાવવાની કોઈ રકમ બાકી હોય કે વિસર્જન વખતે અમુક રકમ ચૂકવવાની બાંહેધરી કબૂલેલ હોય તો ખૂટતી રકમના પ્રમાણભાગ જેટલી રકમ જ મંગાવવામાં આવે છે.

### ૬.૨ લિક્વિડેટરની જાવકોઃ

લિક્વિડેટર મિલકતો / લેણાંના નિકાલ દ્વારા રોકડ એકઠી કરે છે અને તેમાંથી લેણદારોને ચૂકવણી કરવાની હોય છે માટે લિક્વિડેટર લેણદારોની યાદી તૈયાર કરે છે. યાદી મુજબના લેણદારોમાં ચૂકવણીના ક્રમની અગ્રતા નક્કી કરવામાં આવે છે.

(૧) <u>સંપૂર્ણ સલામત લેણદારોઃ</u>

સંપૂર્ણ સલામત લેણદારો એટલે એવા લેણદારો કે જેની પાસે તેની લેણી રકમ કરતાં વધુ મિલકત ગીરો કે ભારણરૂપે હોય છે. સંપૂર્ણ સલામત લેણદારો પોતાનું લેણું આ ગીરો મિલકતોમાંથી વસૂલ કરી લે છે અને બાકી વધતી રકમ કંપનીને પરત કરે છે.

(૨) <u>અપૂર્ણ સલામત લેણદારોઃ</u>

અપૂર્ણ સલામત લેણદારો એટલે એવા લેણદારો કે જે પોતાની લેણી રકમ કરતાં ઓછી ઉપજ કિંમત ધરાવતી કંપનીની મિલકતો પર ગીરોહક્ક ધરાવતા હોય છે. આ પ્રકારનાં લેણદારો પણ ગીરો મિલકતમાંથી જેટલી વસૂલ થઈ શકે તેટલી રકમ વસૂલ કરશે. નહિ વસૂલ થયેલ બાકી રકમ માટે તેઓ અન્ય સામાન્ય લેણદારો ગણાશે.

(૩) <u>વિસર્જન ખર્ચઃ</u>

વિસર્જન ખર્ચ જો રોકડ વધી હોય તો વિસર્જનની કામગીરી અંગે થયેલ ખર્ચ સૌ પ્રથમ સૂકવી આપવામાં આવે છે.

(૪) <u>લિક્વિડેટરનું મહેનતાણુંઃ</u>

વિસર્જન ખર્ચ પછી અન્ય કોઈ લેણદારોને ચૂકવતાં પહેલાં લિક્વિડેટર પોતાના મહેનતાણાની રકમ મેળવે છે. મહેનતાણું ગણવાની જે શરતો હોય તે પ્રમાણે તેની મળવાપાત્ર રકમની ગણતરી થાય છે.

(૫) <u>પસંદગીનાં (પ્રેફરન્શિયલ) લેણદારોઃ</u>

પસંદગીનાં લેણદારો એટલે એવા લેણદારો કે જે કંપનીની કોઈપણ મિલકત પર ગીરોહક્ક ધરાવતાં નથી છતાં કાયદાની જોગવાઈઓ દ્વારા તેને અન્ય બિનસલામત લેણદારો કરતાં પ્રથમ ચૂકવણી કરવામાં આવે છે.

(અ) સરકાર કે સ્થાનિક સંસ્થાઓને ચૂકવવાનાં બધાં કર, વેરા, મહેસૂલ વગેરે જે વિસર્જનના હુકમ કે ઠરાવથી અગાઉના બાર માસ દરમ્યાન ચૂકવવાનાં થયા હોય.

(બ) કંપનીના કોઈપણ કર્મચારીનો આ તારીખ અગાઉના બાર માસ દરમ્યાનમાં ચૂકવવાનો બાકી પગાર કે મજૂરી - વધુમાં વધુ રકમ ૪ માસ માટેનો પગાર કે ₹ ૨૦,૦૦૦/- જે ઓછું હોય તે.

(ક) વિસર્જન સમયે કે તે પહેલાં નોકરીમાંથી છૂટા થતા કર્મચારીનું રજાઓનું ચઢેલું વેતન.

(ડ) છેલ્લાં ૧૨ માસમાં લેણાં થયેલ વીમા યોજનામાં કંપનીનો ફાળો.

(ઈ) કામદાર વળતર કાયદા હેઠળ લેણી રકમ, પ્રોવિડન્ટ ફંડ, પેન્શન, ગ્રેચ્યુઈટી વગેરે.

(૬) તરતા બોજધારી લેણદારો / ડિબેન્ચર્સઃ

કંપનીની મિલકતો પર તરતો બોજ ધરાવનાર લેણદારો કે ડિબેન્ચર હોલ્ડર્સને કંપનીની બધી મિલકતો પર હક્ક હોય છે. આ મિલકતોની કિંમત બદલાતી રહે છે. દા. ત.ઃ માલકનો સ્ટોક. આ પ્રકારના લેણદારોને રકમ ચૂકવતાં પહેલાં પ્રેફરન્શિયલ લેણદારોને ચૂકવણી કરવામાં આવે છે. જો પ્રેફરન્શિયલ લેણદારોને ચૂકવવા માટે પૂરેપૂરી રકમ ન હોય તો તરતો બોજ ધરાવનાર લેણદારને કાંઈ મળતું નથી.

(૭) બિનસલામત લેણદારોઃ

બાકીનાં બધાં લેણદારોને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે જે રકમ વધે તે બિનસલામત લેણદારો વચ્ચે વહેંચી આપવામાં આવે છે. આ એવાં લેણદારો છે જેમની પાસે કોઈ જામીનગીરી હોતી નથી કે બીજા કોઈ ખાસ પ્રકારનાં હક્ક હોતાં નથી. અંશતઃ સલામત લેણદારોનું જામીનગીરી બાદ કરતા બાકી રહેતું દેવું બિનસલામત ગણાય છે. પ્રેફરન્શિયલ લેણદારોનું બાકી દેવું બિનસલામત ગણાય છે.

(૮) પ્રેફરન્સ શેરધારકોઃ

કંપની ધારા મુજબ પ્રેફરન્સ શેરને મૂડી પરત કરવા બાબતમાં અને ડિવિડન્ડ મેળવવવા બાબતમાં અગ્રહક્ક હોય છે, એટલે કે પ્રેફરન્સ શેરધારકોને વિસર્જનના સંજોગોમાં મૂડી પ્રથમ પરત કરવા અંગે આર્ટિકલ્સમાં જોગવાઈ કરવાની જરૂર નથી, કાયદા મુજબ જ તેમને ઈક્વિટી શેરધારકો કરતાં પ્રથમ મૂડી પરત કરવી પડે છે. જો તેમને મૂડી પરત કરવામાં નાણાં ખૂટે અને ઈક્વિટી શેર પર પૂરેપૂરાં નાણાં ભરાયા ન હોય તો ઈક્વિટી શેર પર કોલ કરીને નાણાં મંગાવી તેમાંથી પ્રેફરન્સ શેરધારકોને નાણાં ચૂકવી આપવામાં આવે છે.

(૯) ઈક્વિટી શેરધારકોઃ

જો બધાં દેવાં ચૂકવ્યા પછી અને પ્રેફરન્સ શેરમૂડી પરત કર્યા પછી નાણાં વધે તો ઈક્વિટી શેરધારકોને મૂડી પરત કરવામાં આવે છે. ઈક્વિટી શેર પર પૂરી રકમ પરત કર્યા પછી પણ જો નાણાં વધે તો બધાં નાણાં ઈક્વિટી શેરધારકોને આપી દેવામાં આવે છે. પરંતુ જો આર્ટિકલ્સ દ્વારા પ્રેફરન્સ શેરધારકોને વધારાની મિલકતમાં ભાગ લેવાનો હક્ક હોય તો બંને પ્રકારનાં શેરધારકોમાં વધારાની રકમ વહેંચી દેવામાં આવે છે.

(૧૦) બાકી હપ્તાઃ

પ્રેફરન્સ શેરધારકોને તેમની મૂડી પ્રથમ પરત કરવા પૂરતા નાણાં ન હોય તો અંશતઃ ભરાયેલા ઈક્વિટી શેર પર નહીં મંગાવેલ રકમ મંગાવવી પડે. જ્યારે કોઈ શેરધારક મંગાવેલ હપ્તા ભરવામાં

નિષ્ફળ જાય ત્યારે વિસર્જન સંપૂર્ણ થતાં જો શેરમૂડી પ્રથમ પરત કરવાની હોય તો શરૂઆતમાં આવા શેરધારકોને કોઈ નાણાં મળશે નહિ. તેના વર્ગના શેરધારકોને જરૂરી નાણાં પરત કરતાં તેમની ભરપાઈ થયેલી મૂડી ઉપરના શેરધારકોની ભરપાઈ થયેલી મૂડી જેટલી થાય, ત્યાર પછી જો નાણાં વધે તો બીજા શેરધારકો સાથે તેને પણ નાણાં પરત મળશે.

(૧૧) અગાઉથી મળેલ હપ્તાઃ

જ્યારે કોઈ શેર પર હપ્તાનાં નાણાં અગાઉથી મળ્યા હોય ત્યારે તે જ પ્રકારનાં શેર પર કોઈ રકમ પરત થાય તે પહેલાં અગાઉથી મળેલ હપ્તાનાં નાણાં પ્રથમ પરત કરવા પડે છે.

**:: ઉદાહરણો ::**

ઉદાહરણઃ ૧ મૃદુલ લિમિટેડનું તારીખઃ ૩૦-૦૯-૨૦૦૯ના રોજ સ્વૈચ્છિક વિસર્જન થયું હતું. તે દિવસે તેમની કુલ જવાબદારી ₹ ૧,૩૬,૮૫૦/- છે, જેમાં નીચેની રકમોનો સમાવેશ થાય છે. તેમાંથી પસંદગીના તથા અન્ય લેણદારોનું વર્ગીકરણ કરો.

| | (₹) |
|---|---|
| (૧) સ્થાનિક કરવેરા, ચઢેલા તથા ચૂકવવાને પાત્ર- તારીખઃ ૦૧-૧૦-૨૦૦૮ના રોજ ₹ ૭૫૦/- અને તારીખઃ ૦૧-૪-૨૦૦૯ના રોજ ₹ ૮૫૦/- | ૧,૬૦૦ |
| (૨) ધંધાના લેણદારો | ૨૫,૭૫૦ |
| (૩) મેનેજીંગ ડિરેક્ટરનો છેલ્લા ૬ માસનો પગાર | ૨૧,૦૦૦ |
| (૪) પાંચ કારકૂનનો છેલ્લા ૩ માસનો પગાર, દરેકનો માસિક ₹ ૧,૫૦૦/- લેખે | ૨૨,૫૦૦ |
| (૫) દર વર્ષ કામ કરેલા ત્રણ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડની રકમ | ૨૨,૫૦૦ |
| (૬) તારીખઃ ૩૦-૦૯-૨૦૦૯ સુધીનું કામદાર વીમા યોજના હેઠળ પ્રિમિયમ | ૬,૦૦૦ |
| (૭) છૂટા કરવામાં આવેલા ૨ કર્મચારીઓનો છેલ્લાં ૨ વર્ષનો રજાનો પગાર-દરેકનો વાર્ષિક ₹ ૩,૦૦૦/- લેખે | ૧૨,૦૦૦ |
| (૮) વેચાણવેરો : તારીખઃ ૩૦-૦૯-૨૦૦૯ના રોજ ચૂકવવાને પાત્ર ₹ ૨,૫૦૦/- તથા ચાલુ વર્ષના આજ દિન સુધીના ₹ ૩,૦૦૦/- | ૫,૫૦૦ |
| (૯) ૨૦૦૬-૨૦૦૭, ૨૦૦૭-૨૦૦૮ તથા ૨૦૦૮-૨૦૦૯ના આકારણી વર્ષનો સરકારને ચૂકવવાને પાત્ર થતો આવકવેરો અનુક્રમે ₹ ૫,૦૦૦/-, ₹ ૭,૦૦૦/- તથા ₹ ૮,૦૦૦/- થાય છે. (આકારણી દર વર્ષે તારીખ ૩૧મી જુલાઈ સુધીમાં પૂરી થાય છે.) | ૨૦,૦૦૦ |
| કુલ જવાબદારીઓ : | ૧,૩૬,૮૫૦ |

જવાબ :

પસંદગીના અને બિનસલામત લેણદારો દર્શાવતું પત્રક

| વિગત | પસંદગીનાં લેણદારો (₹) | બિનસલામત લેણદારો (₹) | કુલ લેણદારો (₹) |
|---|---|---|---|
| (૧) સ્થાનિક કરવેરા પઢેલા તથા ચૂકવવાને પાત્ર (૭૫૦ + ૮૫૦) | ૧,૬૦૦ | --- | ૧,૬૦૦ |
| (૨) ધંધાના લેણદારો | --- | ૨૫,૭૫૦ | ૨૫,૭૫૦ |
| (૩) મેનેજીંગ ડિરેક્ટરનો પગાર | --- | ૨૧,૦૦૦ | ૨૧,૦૦૦ |
| (૪) પાંચ કારકૂનનો પગાર (પસંદગીના ₹ ૪,૫૦૦ × ૫ કારકૂન) | ૨૨,૫૦૦ | --- | ૨૨,૫૦૦ |
| (૫) પ્રોવિડન્ટ ફંડની રકમ (દસ વર્ષ કામ કરેલ ૩ કર્મચારીઓના) | ૨૨,૫૦૦ | --- | ૨૨,૫૦૦ |
| (૬) કામદાર વીમા યોજના હેઠળ પ્રિમિયમ | ૬,૦૦૦ | --- | ૬,૦૦૦ |
| (૭) છૂટા કરવામાં આવેલા બે કર્મચારીઓનો છેલ્લાં ૨ વર્ષનો રજાનો પગાર દરેકનો વાર્ષિક ₹ ૩,૦૦૦ લેખે | ૧૨,૦૦૦ | ---- | ૧૨,૦૦૦ |
| (૮) વેચાણવેરો | ૩,૦૦૦ | ૨,૫૦૦ | ૫,૫૦૦ |
| (૯) આવકવેરો (છેલ્લા વર્ષનો પસંદગીના લેણદાર તરીકે) | ૮,૦૦૦ | ૧૨,૦૦૦ | ૨૦,૦૦૦ |
| કુલ ₹ | ૭૫,૬૦૦ | ૬૧,૨૫૦ | ૧૩૬,૮૫૦ |

સમજૂતીઃ

(૧) સ્થાનિક કરવેરા પસંદગીનાં લેણદારો ગણાય.

(૨) દરેક કારકૂનનો ચાર માસનો પગાર વધુમાં વધુ ₹ ૨૦,૦૦૦ સુધી પ્રેફરન્શિયલ છે. અહીં દરેક કારકૂનનો ૩ માસનો પગાર ₹ ૪,૫૦૦ (૧,૫૦૦ × ૩) પ્રેફરન્શિયલ ગણાશે, એટલે કે પૂરેપૂરી રકમ પ્રેફરન્શિયલ છે.

(૩) મેનેજીંગ ડિરેક્ટરનો પગાર બિનસલામત ગણાય.

(૪) પ્રોવિડન્ટ ફંડની રકમ, કામદાર વીમા યોજના હેઠળ પ્રિમિયમ, છૂટા કરેલ કર્મચારીઓની રજાનો પગાર પૂરેપૂરો પ્રેફરન્શિયલ છે.

(૫) આવકવેરો છેલ્લા ૧૨ માસ સુધીની મુદ્દત માટે જ પ્રેફરન્શિયલ છે.

ઉદાહરણઃ ૨ આકાશ કંપની લિમિટેડ તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજ ફડચામાં ગઈ તે તારીખનું તેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

પાકું સરવૈયું

| મૂડી તથા દેવાં | રકમ (₹) | મિલકતો તથા લેણાં | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડી ₹ ૧૦૦નો એક | | મકાનો | ૨૦૦૦૦૦ |
| એવા ૨૦૦૦ ઈ. શેર | | ફર્નિચર | ૪૦૦૦ |
| પૂરેપૂરા ભરપાઈ | ૨૦૦૦૦૦ | યંત્રો | ૨૪૦૦૦૦ |
| ૧૦%ની પ્રેફ. શેરમૂડીઃ | | રોકાણો | ૧૦૦૦૦૦ |
| ₹ ૧૦૦નો એક એવા | | સ્ટોક | ૩૨૨૯૦૦ |
| ૧૦૦૦ શેર | ૧૦૦૦૦૦ | દેવાદારો | ૨૪૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| સામાન્ય અનામત | ૪૦૦૦ | રોકડ | ૯૧૦૦ |
| ૧૫%નાં ડિબેન્ચર્સ (તરતા બોજવાળાં) | ૨૦૦૦૦૦ | | |
| ડિબેન્ચર વ્યાજ બાકી | ૩૦૦૦૦ | | |
| બેંક લોન (તારણ તરીકે કંપનીમાં રોકાણો છે) | ૮૦૦૦૦ | | |
| લેણદારો | ૨૦૦૦૦૦ | | |
| પ્રાવિડન્ટ ફંડ | ૫૦૦૦૦ | | |
| કર્મચારીઓનો પગાર બાકી (૩ કારકૂનોનો ૩ માસનો) | ૧૮૦૦૦ | | |
| કામદારોનો પગાર | ૧૮૦૦૦ | | |
| | ૯૦૦૦૦૦ | | ૯૦૦૦૦૦ |

બેંકે કંપનીનાં રોકાણો ચાપડે કિંમતે વેચ્યાં અને વધારો ₹ ૨૦,૦૦૦/- લિક્વિડેટરને આપ્યો. અન્ય મિલકતોના નીચે પ્રમાણે ઉપજ્યા.

મકાનો - ₹ ૩૦૦૦૦૦/- સ્ટોક - ₹ ૨૬૦૦૦૦/-

ફર્નિચર - ₹ ૨૦૦૦/- દેવાદારો - ₹ ૨૦૦૦૦/-

યંત્રો - ₹ ૩૦૦૦૦૦/-

વિસર્જન ખર્ચ ₹ ૧૫,૦૦૦/- થયો. લિક્વિડેટરને તેણે ઉપજાવેલ રકમ પર ૫% કમિશન આપવાનું છે. ડિબેન્ચર હોલ્ડરોને તારીખઃ ૩૦-૦૯-૨૦૧૯ના રોજ ચૂકવી આપવામાં આવ્યા. પ્રેફરન્સ શેર ક્યુમ્યુલેટીવ છે અને તેના પર છેલ્લાં ૨ વર્ષનું ડિવિડન્ડ બાકી છે.

લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક બનાવો.

જવાબઃ

(૧) લિક્વિડેટરને ઉપજેલ રકમ પર મહેનતાણું આપવાનું છે, તે માટે રોકડ સિલક પર મહેનતાણું ગણાશે નહિ. તે જ પ્રમાણે બેંક લોન સંપૂર્ણ સલામત છે અને બેંક જામીનગીરી તરીકે રાખેલાં રોકાણો ₹ ૧૦૦૦૦૦/-માં વેચી પોતાના ₹ ૮૦૦૦૦/- વસૂલ કરી બાકી ₹ ૨૦૦૦૦/- લિક્વિડેટરને આપે છે એટલે ₹ ૨૦૦૦૦૦/- પર જ તેનું મહેનતાણું ગણાય.

(૨) ૧૯૮૫ના કંપની ધારાના સુધારા મુજબ સલામત લેણદારોની જમીનગીરી પર કામદારોને તેમના બાકી પગાર માટે સમાન હક્ક છે, તેથી બેંકે વેચેલ રોકાણોની ઉપજ પર તેમનો પણ હક્ક છે. આમ, વધેલ ₹ ૨૦૦૦૦/-માંથી તેમનો પગાર ₹ ૧૮૦૦૦/- પૂરેપૂરા ચૂકવાશે, પરંતુ કર્મચારીઓનો પગાર તો દરેકનો ₹ ૨૦૦૦૦/- પર જ તેનું મહેનતાણું ગણાય.

(૩) પ્રેફરન્શિયલ લેણદારોમાં કર્મચારીઓનું પ્રોવિડન્ટ ફંડ ₹ ૫૦૦૦૦/- અને ૩ કારકૂનોનો પગાર ₹ ૧૮૦૦૦/- (દરેકનો ₹ ૬૦૦૦/- લેખે પૂરેપૂરા પ્રેફરન્શિયલ; દરેકના વધુમાં વધુ ₹ ૨૦૦૦૦/- પ્રેફરન્શિયલ ગણાશે.)

(૪) કંપની પોતાના બિનસલામત લેણદારોને પૂરા નાણાં ચૂકવી શકે છે, તેથી કંપની સદ્ધર છે, એટલે ડિબેન્ચરધારકોને ચૂકવણીની તારીખ સુધીનું પુરૂં વ્યાજ ચૂકવશે. આ વ્યાજ તારીખઃ ૩૧-૦૯-૨૦૧૯થી તારીખઃ ૩૦-૦૯-૨૦૧૯ સુધી છ માસનું ₹ ૧૫૦૦૦/- થશે.

(૫) પ્રેફરન્સ શેર પર ડિવિડન્ડ બાકી હોય તો ઈક્વિટી શેરધારકોને નાણાં પરત કરતા પહેલાં તે પુરેપુરૂં ચૂકવવું પડે. અહીં ૧૦% લેખે ૧૦૦૦૦૦ના પ્રેફરન્સ શેર પર એક વર્ષના ₹ ૧૦૦૦૦/- લેખે ૨ વર્ષનું ₹ ૨૦૦૦૦/- ડિવિડન્ડ બાકી છે, જે પુરેપુરૂં ચૂકવાશે.

લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક

| આવક | રકમ(₹) | જાવક | | રકમ (₹) |
|---|---|---|---|---|
| રોકડ સિલક | ૯૧૦૦ | કામદારોનો બાકી પગાર | | ૧૮૦૦૦ |
| મિલકતોની ઉપજઃ | | વિસર્જન ખર્ચ | | ૧૫૦૦૦ |
| રોકાણોનો વધારો | ૨૦૦૦૦ | લિક્વિડેટરનું મહેનતાણું | | |
| મકાન | ૩૦૦૦૦૦ | ₹ ૯૦૨૦૦૦/-ના ૫% | | ૪૫૧૦૦ |
| ફર્નિચર | ૨૦૦૦ | પ્રો. ફંડ | ૫૦૦૦૦ | |
| યંત્રો | ૩૦૦૦૦૦ | પગાર | ૧૮૦૦૦ | ૬૮૦૦૦ |
| સ્ટોક | ૨૬૦૦૦૦ | ડિબેન્ચર | ૨૦૦૦૦૦ | |
| દેવાદારો | ૨૦૦૦૦ | વ્યાજ | ૩૦૦૦૦ | |
| | | + ૬ માસનું | | |
| | | ડિ.ધારકોને | ૧૫૦૦૦ | ૨૪૫૦૦૦ |
| | | બિનસલામત લેણદારો | | ૨૦૦૦૦૦ |
| | | પ્રેફરન્સ શેરધારકોને | | ૧૦૦૦૦૦ |
| | | બાકી પ્રેફ. ડિવિડન્ડ | | ૨૦૦૦૦ |
| | | ઈક્વિટી શેરધારકોને | | ૨૦૦૦૦૦ |
| | ૯૧૧૧૦૦ | | | ૯૧૧૧૦૦ |

ઉદાહરણઃ ૩ તારીખઃ ૩૧-૦૩-૨૦૦૯ના રોજ એક કંપની સ્વચ્છિક ફડચામાં જાય છે. તે દિવસે તેનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

પાકું સરવૈયું

| મૂડી તથા દેવાં | રકમ (₹) | મિલકતો તથા લેણાં | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ | | બોજામુક્ત કારખાનું | ૫૮૦૦૦૦ |
| ૧) ૬૦૦૦ ૫% ક્યુ. પ્રે. | | પ્લાન્ટ અને મશીનરી | ૨૮૯૦૦૦ |
| શેર દરેક ₹ ૧૦૦નો | | મોટરવાહનો | ૫૭૫૦૦ |
| પૂર્ણ ભરાયેલ | ૬૦૦૦૦૦ | સ્ટોક | ૧૮૬૦૦૦ |
| ૨) ૫૦૦૦૦ ઈ. શેર | | દેવાદારો | ૭૪૦૦૦ |
| દરેક ₹ ૧૦ પૂર્ણ | | નફા-નુકશાન ખાતું | ૨૧૪૦૦૦ |
| મંગાવેલ (બાદઃ બાકી | | | |
| હપ્તા ₹ ૨૫૦૦૦) | ૪૭૫૦૦૦ | | |

| મૂડી તથા દેવાં | રકમ (₹) | મિલકતો તથા લેણાં | રકમ (₹) |
|---|---|---|---|
| જામીનગરી પ્રિમિ. ખાતું | ૫૦૦૦૦ | | |
| ૫% ડિબેન્ચર | ૧૦૦૦૦૦ | | |
| ડિબેન્ચર પર વ્યાજ | ૨૫૦૦ | | |
| બેંક ઓવરડ્રાફ્ટ | ૫૮૦૦૦ | | |
| લેણદારો | ૧૧૫૦૦૦ | | |
| | ૧૪૦૦૫૦૦ | | ૧૪૦૦૫૦૦ |

પ્રેફરન્સ શેર પર તારીખઃ ૦૧-૦૪-૨૦૦૭થી ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે. કંપનીના આર્ટિકલ્સ અનુસાર બહારનાં દેવાં અને લિક્વિડેશન ખર્ચ ચૂકવ્યા પછી પ્રથમ પ્રેફરન્સ શેરનું બાકી રહેલ તમામ ડિવિડન્ડ ચૂકવવું પછી પ્રેફરન્સ શેરની રકમ ₹ ૧૨.૫૦ના શેરદીઠ પ્રિમિયમ સાથે ચૂકવવી અને છેલ્લે જો રકમ બાકી રહે તો ઈક્વિટી શેરધારકોને ચૂકવવી.

બેંક ઓવરડ્રાફ્ટ અંગે સંચાલકોએ ગેરંટી આપી હતી અને તેઓએ પોતાની ગેરંટી પૂરી કરી છે.

લિક્વિડેટરે મિલકતોનાં નીચે મુજબનાં નાણાં ઉપજાવ્યા છે.

બોજામુક્ત કારખાનું - ₹ ૭૦૦૦૦૦/-, પ્લાન્ટ અને મશીનરી - ₹ ૨૪૦૦૦૦/-, મોટરવાહનો - ₹ ૫૯૦૦૦/-, સ્ટોક - ₹ ૧૫૦૦૦૦/-, દેવાદારો - ₹ ૬૦૦૦૦/-, બાકી કોલ હપ્તાનાં (calls in arrear) નાણાં વસૂલ કરી લીધાં છે.

લેણદારોને ૫% વટાવ કાપીને ચૂક્તે કર્યા છે. ડિબેન્ચર અને તે પર લેણું થયેલું વ્યાજ તારીખઃ ૩૧-૦૩-૨૦૧૦ના રોજ ચૂકવ્યું. લિક્વિડેશનનું ખર્ચ ₹ ૩૭૫૦/- છે. લિક્વિડેટરનું મહેનતાણું તેણે મિલકતોની ઉપજાવેલ રકમનાં ૨$^{૧}/_{૨}$% પ્રમાણે ગણવાનું છે. લિક્વિડેટરનું હિસાબી પત્રક તૈયાર કરો.

જવાબઃ

લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક

| આવક | રકમ (₹) | જાવક | | રકમ (₹) |
|---|---|---|---|---|
| મિલકતોની ઉપજઃ | | લિક્વિડેશન ખર્ચ | | ૩૭૫૦ |
| બોજામુક્ત કારખાનું | ૭૦૦૦૦૦ | લિક્વિડેટરનું મહેનતાણુંઃ | | |
| પ્લાન્ટ અને મશીનરી | ૨૪૦૦૦૦ | ₹ ૧૨૦૯૦૦૦/-ના | | |
| મોટરવાહનો | ૫૯૦૦૦ | ૨$^{૧}/_{૨}$% | | ૩૦૨૨૫ |
| સ્ટોક | ૧૫૦૦૦૦ | ડિબેન્ચર | ૧૦૦૦૦૦ | |
| દેવાદારો | ૬૦૦૦૦ | +બાકી વ્યાજ | ૨૫૦૦ | |
| બાકી હપ્તા | ૨૫૦૦૦ | +૩ માસનું વ્યાજ | ૧૨૫૦ | ૧૦૩૭૫૦ |
| | | બેંક ઓવરડ્રાફ્ટ | | ૫૮૦૦૦ |
| | | લેણદારો | ૧૧૫૦૦૦ | |
| | | -૫%વટાવ | ૫૭૫૦ | ૧૦૯૨૫૦ |
| | | પ્રેફરન્સ શેરધારકોને પરતઃ | | |
| | | મૂડી | ૬૦૦૦૦૦ | |
| | | +ડિવિડન્ડ | ૧૨૦૦૦૦ | |
| | | +પ્રિમિયમ | ૭૫૦૦૦ | ૭૯૫૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| | | ઈક્વિટી શેરધારકોને પરત | ૧૩૪૦૨૫ |
| | ૧૨૩૪૦૦૦ | | ૧૨૩૪૦૦૦ |

સમજૂતીઃ કુલ આવક ₹ ૧૨૩૪૦૦૦/-માંથી પ્રેફરન્સ શેરધારકોને ચૂકવેલ સુધીની રકમ ₹ ૧૦૯૯૯૭૫/- બાદ થતાં વધેલી રકમ ₹ ૧૩૪૦૨૫/- ઈક્વિટી શેરધારકોને ચૂકવાશે.

ઉદાહરણઃ ૪ મનન લિમિટેડ તારીખઃ ૩૧-૦૩-૨૦૦૯ના રોજ ફડચામાં ગઈ ત્યારે તેનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું.

પાકું સરવૈયું

| મૂડી તથા દેવાં | રકમ(₹) | મિલકતો તથા લેણાં | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ | | પાઘડી | ૨૫૦૦૦ |
| સત્તાવારઃ ઈક્વિટી શેર | | જમીન-મકાન | ૨૧૦૦૦૦ |
| ૪૦૦૦ × ₹ ૧૦૦ | ૪૦૦૦૦૦ | યંત્રો | ૧૬૫૦૦૦ |
| પૂર્ણ ભરપાઈ થયેલઃ | | ફર્નિચર | ૩૦૦૦ |
| ૩૦૦૦ ઈ. શેર | | સ્ટોક | ૧૭૦૦૦૦ |
| દરેક ₹ ૧૦૦નો | ૩૦૦૦૦૦ | દેવાદારો | ૨૫૦૦૦ |
| નફા-નુકશાન ખાતું | ૩૦૦૦ | રોકડ | ૧૨૦૦૦ |
| ૮%નાં ડિબેન્ચર | ૫૦૦૦૦ | | |
| ડિબેન્ચર પર બાકી વ્યાજ | ૪૦૦૦ | | |
| પ્રોવિડન્ટ ફંડ | ૩૦૦૦ | | |
| લેણદારો | ૨૩૬૫૦૦ | | |
| ૩ કારકૂનોનો ૨ માસનો | | | |
| પગાર | ૧૩૫૦૦ | | |
| | ૬૧૦૦૦૦ | | ૬૧૦૦૦૦ |

અન્ય માહિતીઃ

(૧) ડિબેન્ચર ધારકોને તારીખઃ ૩૦-૦૯-૨૦૦૯ના રોજ ચૂકવવામાં આવ્યા.

(૨) વિસર્જન ખર્ચ ₹ ૧૦૦૦/- થયો.

(૩) લિક્વિડેટરનું મહેનતાણું તેણે ઉપજાવેલ રકમ પર ૨% લેખે ઓર્ડિનરી શેરધારકોને વહેંચેલી રકમ પર ૧૦% લેખે અને પસંદગીના લેણદારો પર ૪% લેખે લગણવાનું છે.

(૪) મિલકતોનાં નીચે પ્રમાણે ઉપજ્યા.

જમીન-મકાન - ₹ ૧૫૦૦૦૦/- ફર્નિચર - ₹ ૪૦૦૦/-

યંત્રો - ₹ ૧૭૧૦૦૦/- દેવાદારો - ₹ ૨૩૦૦૦/-

સ્ટોક - ₹ ૧૫૫૦૦૦/-

લિક્વિડેટરનું છેવટનું પત્રક બનાવો.

જવાબઃ

મનન લિમિટેડ (સ્વૈચ્છિક ફડચામાં)નું લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક

| આવક | રકમ(₹) | જાવક | | રકમ (₹) |
|---|---|---|---|---|
| રોકડ | ૧૨૦૦૦ | વિસર્જન ખર્ચ | | ૧૦૦૦ |
| મિલકતોની ઉપજઃ | | લિક્વિડેટરનું મહેનતાણુંઃ | | |
| જમીન-મકાન | ૧૫૦૦૦૦ | ઉપજ ₹ ૫૦૩૦૦૦/-ના | | |
| યંત્રો | ૧૭૧૦૦૦ | ૨% લેખે | ૧૦૦૬૦ | |
| સ્ટોક | ૧૫૫૦૦૦ | પ્રેફ. લેણદારો | | |
| ફર્નિચર | ૪૦૦૦ | ₹ ૧૬૫૦૦ના ૪% | ૬૬૦ | |
| દેવાદારો | ૨૩૦૦૦ | ઑર્ડિનરી શેરધારકોને | | |
| | | ચૂકવેલ ₹ ૧૭૭૦૦૦ના | | |
| | | ૧૦% | ૧૭૬૬૨ | ૨૮૩૮૨ |
| | | પસંદગીના લેણદારો | | ૧૬૫૦૦ |
| | | ડિબેન્ચરધારકોઃ | | |
| | | ડિબેન્ચર | ૫૦૦૦૦ | |
| | | બાકી વ્યાજ | ૪૦૦૦ | |
| | | ૬માસનું વ્યાજ | ૨૦૦૦ | ૫૬૦૦૦ |
| | | બિનસલામત લેણદારો | | ૨૩૬૫૦૦ |
| | | ઑર્ડિ. શેરધારકોને પરત | | ૧૭૬૬૧૮ |
| | ૫૧૫૦૦૦ | | | ૫૧૫૦૦૦ |

સમજૂતીઃ

| | | (₹) | (₹) |
|---|---|---|---|
| (૧) પસંદગીનાં લેણદારોઃ | | | |
| | પ્રોવિડન્ટ ફંડના લેણદારો | ૩૦૦૦ | |
| | + ૩ કારકૂનોનો પગાર | ૧૩૫૦૦ | ૧૬૫૦૦ |
| (૨) ઑર્ડિનરી શેરધારકોને ચૂકવેલી રકમઃ | | | |
| | કુલ આવક | | ૫૧૫૦૦૦ |
| બાદઃ | ચૂકવેલ રકમઃ | | |
| | વિસર્જન ખર્ચ | ૧૦૦૦ | |
| | લિક્વિડેટરનું મહેનતાણું (૧૦૦૬૦+૬૬૦) | ૧૦૭૨૦ | |
| | પસંદગીના લેણદારો | ૧૬૫૦૦ | |
| | ડિબેન્ચર | ૫૬૦૦૦ | |
| | બિનસલામત લેણદારો | ૨૩૬૫૦૦ | ૩૨૦૭૨૦ |
| ઑર્ડિ. શેરધારકોને ચૂકવવા માટે વધેલી રકમઃ | | | ૧૯૪૨૮૦ |
| બાદઃ | લિક્વિડેટરનું મહેનતાણું (પૂરેપૂરી રકમ ચૂકવાતી નથી) | | |

₹ ૧૧૦ ચૂકવવાના હોય તો ₹ ૧૦ મહેનતાણું

₹ ૧૯૪૨૮૦ (?)

$$૧૯૪૨૮૦ \times \frac{૧૦}{૧૧૦} = \qquad ૧૭૬૬૨$$

ઓર્ડિનરી શેરધારકોને ચૂકવેલ રકમઃ **૧૭૬૬૧૮**

<u>ઉદાહરણઃ ૫</u> રામ લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે. તે જ દિવસે કંપનીનું સ્વૈચ્છિક વિસર્જન કરવામાં આવ્યું.

પાકું સરવૈયું

| મૂડી-દેવાં | રકમ(₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|
| <u>શેરમૂડીઃ</u> | | જમીન-મકાન | ૧૧૨૦૦૦ |
| ૧૦૦૦ ૭%ના પ્રેફ. | | યંત્રો | ૭૪૦૦૦ |
| શેર દરેક ₹ ૧૦૦ના | | રોકાણો | ૬૮૦૦૦ |
| પૂર્ણ ભરપાઈ થયેલ | ૧૦૦૦૦૦ | સ્ટોક | ૧૫૦૦૦ |
| 'A' પ્રકારના ૧૦૦૦ | | દેવાદારો | ૩૬૦૦૦ |
| ઈ. શેર દરેક ` ૧૦૦નો | | રોકડ-બેંક સિલક | ૨૭૫૦૦ |
| (₹ ૮૦ ભરપાઈ) | ૮૦૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૭૦૦૦૦ |
| 'B' પ્રકારના ૭૦૦ | | પ્રાથમિક ખર્ચ | ૭૫૦૦ |
| ઈ. શેર દરેક ₹ ૧૦૦નો | | | |
| (₹ ૬૦ ભરપાઈ) | ૪૨૦૦૦ | | |
| 'C' પ્રકારના ૮૦૦ | | | |
| ઈ. શેર દરેક ₹ ૧૦૦નો | | | |
| (₹ ૪૦ ભરપાઈ) | ૩૨૦૦૦ | | |
| ૫%ના ગીરો ડિબેન્ચર્સ | ૨૦૦૦૦ | | |
| ડિબેન્ચર પર ચઢેલ વ્યાજ | ૧૦૦૦ | | |
| લેણદારો | ૧૩૫૦૦૦ | | |
| | ૪૧૦૦૦૦ | | ૪૧૦૦૦૦ |

મિલકતોની ઉપજઃ જમીન-મકાન ₹ ૮૪૪૦૦/-, યંત્રો ₹ ૩૬૦૦૦/-, સ્ટોક ₹ ૯,૧૦૦/- તથા દેવાદારો ₹ ૨૮૫૦૦/-.

કુલ લેણદારોમાં ₹ ૫૦૦૦/- પસંદગીના છે. આ ઉપરાંત ` ૬૫૦૦૦/-ના લેણદારોને ત્યાં રોકાણો ગીરવે છે જે તેમણે ₹ ૭૧૦૦૦/-માં વેચ્યા અને વધારો લિક્વિડેટરને આપ્યો છે. ₹ ૨૫૦૦૦/-ના લેણદારોને ૩% ઓછા તથા ₹ ૧૦૦૦૦/-ના લેણદારોને ૩૫% ઓછા ચૂકવ્યા અને બાકીનાને પૂરેપૂરા ચૂકવ્યા.ડિબેન્ચરધારકોને તારીખઃ ૩૦-૦૯-૨૦૧૯ના રોજ નાણાં ચૂકવ્યા. લિક્વિડેશન ખર્ચ ₹ ૬૭૯૫/- થયો. લિક્વિડેટરનું મહેનતાણું તેણે ઉપજાવેલ રકમના ૩% (સલામત લેણદારો પાસેથી મળેલા વધારા સિવાયની) અને પસંદગીના લેણદારો સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના ૨% લેખે ગણવાનું છે.

લિક્વિડેટરનું છેવટનું પત્રક તૈયાર કરો. જરૂરી ગણતરી દર્શાવો.

<u>જવાબઃ</u>

રામ લિમિટેડ (સ્વૈચ્છિક ફડચામાં)નું લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક

| આવક | રકમ (₹) | જાવક | રકમ (₹) |
|---|---|---|---|
| રોકડ-બેંક સિલક | ૨૭૫૦૦ | વિસર્જન ખર્ચ | ૬૭૯૫ |
| મિલકતોની ઉપજઃ | | લિક્વિડેટરનું મહેનતાણુંઃ | |
| જમીન-મકાન | ૮૪૪૦૦ | મિલકતની ઉપજ | |
| યંત્રો | ૩૬૦૦૦ | ₹ ૧૫૮૦૦૦/-ના | |
| સ્ટોક | ૯૧૦૦ | 3% લેખે ૪૭૪૦ | |
| દેવાદારો | ૨૮૫૦૦ | બિનસ. લેણદાર | |
| સંપૂર્ણ સલામત | | ₹ ૬૦૭૫૦ના ૨% ૧૨૧૫ | ૫૯૫૫ |
| લેણદારો પાસેનો વધારો | | પસંદગીના લેણદારો | ૫૦૦૦ |
| (૭૧૦૦૦-૬૫૦૦૦) | ૬૦૦૦ | ડિબેન્ચર ૨૦૦૦૦ | |
| 'B' ઈ. શેર પર મંગાવેલ | | +બાકી વ્યાજ ૧૦૦૦ | |
| હપ્તાની રકમ (૭૦૦×૫) | ૩૫૦૦ | +૬માસનું વ્યાજ ૫૦૦ | ૨૧૫૦૦ |
| 'C' ઈ. શેર પર મંગાવેલ | | બિનસલામત લેણદારો | ૬૦૭૫૦ |
| હપ્તાની રકમ | | પ્રેફ. શેરધારકો ખાતે | ૧૦૦૦૦૦ |
| (૮૦૦×૨૫) | ૨૦૦૦૦ | 'A' ઈ. શેરધારકોને પરત | |
| | | (૧૦૦૦ × ૧૫) | ૧૫૦૦૦ |
| | ૨૧૫૦૦૦ | | ૨૧૫૦૦૦ |

**સમજૂતીઃ**

**બિનસલામત લેણદારોને ચૂકવવાની રકમઃ**

કુલ લેણદારો ₹ ૧૩૫૦૦૦ - પસંદગીના ₹ ૫૦૦૦ = ` ૧૩૦૦૦૦ બાદ સંપૂર્ણ સાલમત ₹ ૬૫૦૦૦ = ₹ ૬૫૦૦૦ બાકી.

**બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમઃ**

| | | |
|---|---|---|
| ૨૫૦૦૦ના લેણદારો | ૨૫૦૦૦ | |
| બાદઃ 3% | ૭૫૦ | ૨૪૨૫૦ |
| ૧૦૦૦૦ના લેણદારો | ૧૦૦૦૦ | |
| બાદઃ ૩૫% | ૩૫૦૦ | ૬૫૦૦ |
| બાકીના ૩૦૦૦૦ને | પૂરેપૂરા | ૩૦૦૦૦ |
| કુલ ચૂકવણી | | ૬૦૭૫૦ |

હવે આપણે અગાઉ કરેલી ચર્ચા મુજબ પાંચ તબક્કામાં ગણતરી કરીએ.

(૧) વધારોઃ બિનસલામત લેણદારોને ચૂક્વ્યા પછી વધેલી રકમ ગણીએ

વધારો = કુલ આવક - આજ સુધીની ચૂકવણી

= ૧૯૧૫૦૦ - ૧૦૦૦૦૦ = ₹ ૯૧૫૦૦

(૨) પરત કરવાની કુલ રકમઃ

પરત કરવાની કુલ રકમ = પ્રેફ. શેરમૂડી + વસૂલ આવેલ ઈ. શેરમૂડી

= ૧00000 +૮0000 + ૪૨000 + ૩૨000

= ₹ ૨૫૪000

(૩) મૂડીતૂટઃ

મૂડીતૂટી = પરત કરવાની કુલ રકમ - વધારો

= ૨૫૪000 - ૯૧૪00

= ₹ ૧૬૨૫00

(૪) મૂડીતૂટની વહેંચણીઃ

દરેક પ્રકારનાં ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત એકસરખી ₹ ૧00 છે, તેથી મૂડીતૂટ શેરની સંખ્યાના પ્રમાણમાં વહેંચાશે.

'A' ૧000 શેર  
'B' ૭00 શેર  
'C' ૮00 શેર

પ્રમાણ = ૧000 : ૭00 : ૮00  
= ૧0 : ૭ : ૮ = ૨૫

'A'ને ફાળે મૂડીતૂટ = ૧૬૨૫00 × $\frac{૧0}{૨૫}$ = ₹ ૬૫000

'B'ને ફાળે મૂડીતૂટ = ૧૬૨૫00 × $\frac{૭}{૨૫}$ = ₹ ૪૫૫00

'C'ને ફાળે મૂડીતૂટ = ૧૬૨૫00 × $\frac{૮}{૨૫}$ = ₹ ૫૨000

(૫) પરત કરવાની કે મંગાવવાની રકમોઃ

વસૂલ આવેલ મૂડી - મૂડીતૂટ = તફાવત

| | | |
|---|---|---|
| 'A' | ૮0000 - ૬૫000 | = + ₹ ૧૫000 પરત કરવાના |
| 'B' | ૪૨000 - ૪૫૫00 | = - ₹ ૩૫00 મંગાવવાના |
| 'C' | ૩૨000 - ૫૨000 | = - ₹ ૨0000 મંગાવવાના |

ઉદાહરણઃ ૬ લિક્વિડેટરનું મહેનતાણું અને મૂડીતૂટની ગણતરી.

રહીશ કંપની લિમિટેડનું તારીખઃ ૩૧-0૩-૨0૧૯ના રોજનું પાકું સરવૈયું

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૧૨%ની પ્રેફ. શેરમૂડી | ૧00000 | જમીન-મકાન | ૫૩0000 |
| ₹ ૫0નો એક એવા | | સ્ટોક | ૨૨000 |
| ૨000 'A' શેર | | રોકડ | ૨૭૫00 |

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરદીઠ ₹ ૨૫ ભરપાઈ | ૫૦૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૨૭૫૦૦ |
| ₹ ૨૦નો એક એવા ૪૦૦૦ 'B' ઈક્વિ. શેર શેરદીઠ ₹ ૮ ભરપાઈ | ૩૨૦૦૦ | | |
| ₹ ૧૦નો એક એવા ૨૦૦૦ 'C' ઈક્વિ. શેર શેરદીઠ ₹ ૬ ભરપાઈ | ૧૨૦૦૦ | | |
| ૧૨%નાં ડિબેન્ચર્સ | ૧૫૦૦૦૦ | | |
| ડિબેન્ચર્સનું બાકી વ્યાજ | ૯૦૦૦ | | |
| લેણદારો (સ્ટોકના તારણ પર) | ૩૦૦૦૦ | | |
| અન્ય લેણદારો | ૨૨૪૦૦૦ | | |
| | ૬૦૭૦૦૦ | | ૬૦૭૦૦૦ |

(૧) લિક્વિડેશન ખર્ચ ₹ ૩૧૨૦/-.

(૨) લિક્વિડેટરનું મહેનતાણુંઃ

- રોકડ સિવાયની મિલકતની ઉપજ પર $^{૧}/_{૫}$%.
- પસંદગી સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર ૨%.
- ઈક્વિટી શેરધારકોની કાયદેસરની વધુમાં વધુ જવાબદારીમાંથી થયેલી બચત પર ૨૫%.

(૩) મિલકતોનાં ઉપજ્યાઃ

| | | (₹) |
|---|---|---|
| જમીન-મકાન | | ૪૭૦૦૦૦/- |
| સ્ટોક | | ૩૦૦૦૦/- |
| | કુલ | ૫૦૦૦૦૦/- |

(૪) ઉપરોક્ત અન્ય લેણદારોમાં સમાયેલ છે.

- કર્મચારી અનંતને મહિને ₹ ૯૦૦૦/- લેખે ત્રણ માસનો પગાર ₹ ૨૭૦૦૦/-.
- કર્મચારી બકુલને મહિને ₹ ૪૦૦૦/- લેખે છ માસનો પગાર ₹ ૨૪૦૦૦/-.
- કર્મચારી કનુને મહિને ₹ ૭૦૦૦/- લેખે બે માસનો પગાર ₹ ૧૪૦૦૦/-.
- કર્મચારી વીમા યોજના હેઠળનો ફાળો ₹ ૬૦૦૦/-.
- કામદારોનું (workmen's) પ્રોવિડન્ટ ફંડ ₹ ૨૪૦૦૦/-.

(૫) પ્રેફરન્સ શેર પર ડિવિડન્ડ એક વર્ષનું ચૂકવવાનું બાકી છે.

(૬) બધી જ ચૂકવણી તારીખઃ ૩૧-૦૧-૨૦૨૦ના રોજ કરવામાં આવી.

ઉપરની વિગતો પરથી કંપની તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ એમ માની લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક બનાવો.

**જવાબઃ**

**રહીશ કંપની લિમિટેડનું લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક**

| આવક | રકમ (₹) | જાવક | | રકમ (₹) |
|---|---|---|---|---|
| રોકડ સિલક | ૨૭૫૦૦ | સંપૂર્ણ સલામત લેણદારોઃ | | |
| મિલકતોની ઉપજઃ | | સ્ટોક | | ૩૦૦૦૦ |
| જમીન-મકાન | ૪૭૦૦૦૦ | કામદારોનું પ્રોવિડન્ટ ફંડ | | ૨૪૦૦૦ |
| સ્ટોક | ૩૦૦૦૦ | લિક્વિડેશન ખર્ચ | | ૩૧૨૦ |
| 'A' ઈક્વિટી શેર પાસે | | લિક્વિડેટરનું મહેનતાણુંઃ | | |
| મંગાવેલ હપ્તા | ૧૦૦૦૦ | મિલકતની ઉપજ | | |
| 'B' ઈક્વિટી શેર પાસે | | ₹ ૫૦૦૦૦૦/- પર | | |
| મંગાવેલ હપ્તા | ૧૬૦૦૦ | ૧/૫% લેખે | ૧૦૦૦ | |
| | | પસંદ. સિવાયના બિનસ. | | |
| | | લેણદારોને ચૂકવેલ રકમ | | |
| | | ₹ ૧૪૪૦૦૦/- પર | | |
| | | ૨% લેખે | ૨૮૮૦ | |
| | | ઈ. શેરધારકોની બચત | | |
| | | પર ૨૫% લેખે | ૨૦૦૦૦ | ૨૩૮૮૦ |
| | | પસંદગીનાં લેણદારોઃ | | |
| | | વીમાફાળો | ૬૦૦૦ | |
| | | અનંતનો પગાર | ૨૦૦૦૦ | |
| | | બકુલનો પગાર | ૧૬૦૦૦ | |
| | | કનુનો પગાર | ૧૪૦૦૦ | ૫૬૦૦૦ |
| | | ડિબેન્ચરધારકો ખાતેઃ | | |
| | | ડિબેન્ચર | ૧૫૦૦૦૦ | |
| | | ડિ.નું બાકી વ્યાજ | ૯૦૦૦ | |
| | | ડિ.નું વ્યાજ ૧ માસનું | ૧૫૦૦ | ૧૬૦૫૦૦ |
| | | બિનસલામત લેણદારો | | ૧૪૪૦૦૦ |
| | | પ્રેફરન્સ શેરધારકો ખાતેઃ | | |
| | | પ્રેફ. શેરમૂડી | ૧૦૦૦૦૦ | |
| | | પ્રે. ડિવિ. ૧ વર્ષનું | ૧૨૦૦૦ | ૧૧૨૦૦૦ |
| | ૫૫૩૫૦૦ | | | ૫૫૩૫૦૦ |

(૧) પ્રેફરન્શિયલ લેણદારોઃ

(અ) કર્મચારીઓનો પગારઃ

| કર્મચારીનું નામ | ખરેખર બાકી પગાર (₹) | ચાર માસનો પગાર (₹) | વધુમાં વધુ (₹) | પ્રેફરન્શિયલ (₹) | બિનસલામત (₹) |
|---|---|---|---|---|---|
| અનંત | ૨૭૦૦૦ | ૩૬૦૦૦ | ૨૦૦૦૦ | ૨૦૦૦૦ | ૭૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| બકુલ | ૨૪૦૦૦ | ૧૬૦૦૦ | ૨૦૦૦૦ | ૧૬૦૦૦ | ૮૦૦૦ |
| કનુ | ૧૪૦૦૦ | ૨૮૦૦૦ | ૨૦૦૦૦ | ૧૪૦૦૦ | --- |
| | ૬૫૦૦૦ | --- | --- | ૫૦૦૦૦ | ૧૫૦૦૦ |

ખરેખર બાકી પગાર, ચાર માસનો પગાર કે વધુમાં વધુ ₹ ૨૦૦૦૦/- એ ત્રણ પૈકી જે ઓછી રકમ હોય તે પ્રેફરન્શિયલ ગણવામાં આવશે. તે મુજબ કર્મચારીઓનો ₹ ૫૦૦૦૦/- પગાર પ્રેફરન્શિયલ ગણાશે.

(બ) કર્મચારી વીમા યોજના હેઠળનો ફાળો ₹ ૬૦૦૦/-.

કુલ પ્રેફરન્શિયલ લેણદારો ₹ ૫૬૦૦૦/- (૫૦૦૦૦+૬૦૦૦)

(૨) બિનસલામત લેણદારોઃ

| | | | |
|---|---|---|---|
| અન્ય લેણદારો | | | ૨૨૪૦૦૦ |
| બાદઃ | પ્રેફ. લેણદારો | ૫૬૦૦૦ | |
| | પ્રાવિડન્ટ ફંડ | ૨૪૦૦૦ | ૮૦૦૦૦ |
| કુલ બિનસલામત લેણદારો | | | ૧૪૪૦૦૦ |

(૩) લિક્વિડેટરનું મહેનતાણુંઃ

| | | | |
|---|---|---|---|
| (અ) | રોકડ સિવાયની મિલકતની ઉપજ પર ¹/₅% લેખે (મિલકતની ઉપજ ₹ ૫૦૦૦૦૦/-ના ¹/₅% લેખે) | | ૧૦૦૦ |
| (બ) | પસંદગી સિવાયના બિનસલામત લેણદારો પર ૨% લેખે (₹ ૧૪૪૦૦૦ના ૨% લેખે) | | ૨૮૮૦ |
| (ક) | ઈક્વિટી શેરધારકોની કાયદેસરની વધુમાં વધુ જવાબદારીમાંથી થયેલી બચત પર ૨૫% લેખે | | |
| | કુલ આવકઃ | ₹ | |
| | રોકડ સિલક | ૨૭૫૦૦ | |
| | મિલકતોની ઉપજ | ૫૦૦૦૦૦ | ૫૨૭૫૦૦ |
| | બાદઃ બિનસલામત લેણદારો સુધી ચૂકવેલ રકમઃ | | |
| | સંપૂર્ણ સલામત લેણદારો | ૫૪૦૦૦ | |
| | લિક્વિડેશન ખર્ચ | ૩૧૨૦ | |
| | લિક્વિ.નું મહેનતાણું (૧૦૦૦+૨૮૮૦) | ૩૮૮૦ | |
| | પ્રેફરન્શિયલ લેણદારો | ૫૬૦૦૦ | |
| | ડિબેન્ચરધારકો | ૧૬૦૫૦૦ | |
| | બિનસલામત લેણદારો | ૧૪૪૦૦૦ | ૪૨૧૫૦૦ |
| | વધેલી રકમઃ | | ૧૦૬૦૦૦ |
| + | નહિ ભરાયેલ રકમઃ | | |
| | ‘A’ ઈક્વિટી શેર ૨૦૦૦×૨૫ = | ૫૦૦૦૦ | |
| | ‘B’ ઈક્વિટી શેર ૪૦૦૦×૧૨ = | ૪૮૦૦૦ | |
| | ‘C’ ઈક્વિટી શેર ૨૦૦૦×૪ = | ૮૦૦૦ | ૧૦૬૦૦૦ |
| | કુલ રકમ | | ૨૧૨૦૦૦ |
| બાદઃ | પ્રેફરન્સ શેરમૂડી | ૧૦૦૦૦૦ | |

| | | |
|---|---|---|
| પ્રેફરન્સ ડિવિડન્ડ | ૧૨૦૦૦ | ૧૧૨૦૦૦ |
| ઈક્વિટી શેરધારકો માટે બાકી વધેલ રકમ | | ૧૦૦૦૦૦ |

બાકી વધેલ રકમ પર મહેનતાણું ૨૫% લેખે ગણવાનું છે.

$\therefore$ મહેનતાણું (૧૦૦૦૦૦ × $\frac{૨૫}{૧૨૫}$) = ₹ ૨૦,૦૦૦/- ગણાશે.

(૪) મૂડીતૂટની ગણતરીઃ

| | | | (₹) |
|---|---|---|---|
| કુલ ભરપાઈ ઈક્વિટી શેરમૂડીઃ | | | |
| 'A' ઈક્વિટી શેર | ૨૦૦૦ × ૨૫ = ૫૦૦૦૦ | | |
| 'B' ઈક્વિટી શેર | ૪૦૦૦ × ૮ = ૩૨૦૦૦ | | |
| 'C' ઈક્વિટી શેર | ૨૦૦૦ × ૬ = ૧૨૦૦૦ | | ૯૪૦૦૦ |
| + પ્રેફરન્સ શેરમૂડી | ૧૦૦૦૦૦ | | |
| પ્રેફરન્સ ડિવિડન્ડ | ૧૨૦૦૦ | | ૧૧૨૦૦૦ |
| | | | ૨૦૬૦૦૦ |
| બાદઃ બાકી વધેલ રકમઃ | | | |
| બિનસલામત લેણદારો સુધી ચૂકવેલ | | | |
| (૫૨૭૫૦૦ - ૪૨૧૫૦૦) | | ૧૦૬૦૦૦ | |
| બાદઃ ઈક્વિટી શેરધારકોને ચૂકવતાં | | | |
| બચત પર મહેનતાણું | | ૨૦૦૦૦ | ૮૬૦૦૦ |
| મૂડીતૂટ | | | ૧૨૦૦૦૦ |

મૂડીતૂટ ઈક્વિટી શેરની કુલ દાર્શનિક કિંમતના પ્રમાણમાં એટલે કે A, B અને C શેર વચ્ચે અનુક્રમે (૧૦૦૦૦૦:૮૦૦૦૦:૨૦૦૦૦) = ૫:૪:૧ના પ્રમાણમાં વહેંચાશે. 'A' ઈક્વિટી શેરને ફાળે ₹ ૬૦૦૦૦, 'B' ઈક્વિટી શેરને ફાળે ₹ ૪૮૦૦૦ અને 'C' ઈક્વિટી શેરને ફાળે ₹ ૧૨૦૦૦ આવશે. આથી 'A' ઈક્વિટી શેરધારકો પાસેથી ₹ ૧૦૦૦૦ મંગાવવામાં આવશે (ભરપાઈ મૂડી ૫૦૦૦૦ બાદ મૂડીતૂટ ૬૦૦૦૦ = ૧૦૦૦૦), 'B' ઈક્વિટી શેરધારકો પાસેથી ₹ ૧૬૦૦૦ મંગાવવામાં આવશે (ભરપાઈ મૂડી ૩૨૦૦૦ બાદ મૂડીતૂટ ૪૮૦૦૦ = ૧૬૦૦૦) જ્યારે 'C' ઈક્વિટી શેરધારકોને કોઈ જ રકમ પરત મળી શકશે નહીં (ભરપાઈ મૂડી ૧૨૦૦૦ બાદ મૂડીતૂટ ૧૨૦૦૦ = શૂન્ય).

## *સ્વાધ્યાય*

૧. પ્રકાશ લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજ સ્વૈચ્છિક વિસર્જન થયું. કંપનીનું તે તારીખનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે.

પ્રકાશ લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| દરેક ₹ ૧૦૦નો એવા | | રોકડ/બેંક | ૮૨૫૦૦ |
| ૨૨૫૦, ૧૦%ના પ્રેફ. શેર | ૨૨૫૦૦૦ | રોકાણો | ૩૦૦૦૦૦ |
| ૧૫૦૦ 'A' ઈક્વિ. શેર | | ફર્નિચર | ૧૫૦૦૦૦ |

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| દરેક ` ૧૦૦ પૂરો ભરાયેલ | ૧૫૦૦૦૦ | મકાન | ૭૫૦૦૦૦ |
| ૨૨૫૦ 'B' ઈક્વિ. શેર | | મશીનરી | ૧૫૦૦૦૦ |
| દરેક ₹ ૧૦૦નો | | સ્ટોક | ૩૦૦૦૦૦ |
| શેરદીઠ ₹ ૬૦ ભરાયેલા | ૧૩૫૦૦૦ | | |
| ૧૫%નાં ડિબેન્ચર્સ | ૩૦૦૦૦૦ | | |
| ડિબેન્ચર બાકી વ્યાજ | ૨૨૫૦૦ | | |
| લેણદારો | ૯૦૦૦૦૦ | | |
| | ૧૭૩૨૫૦૦ | | ૧૭૩૨૫૦૦ |

વધારાની વિગતોઃ

(૧) ડિબેન્ચરધારકોને તારીખઃ ૩૦-૦૪-૨૦૧૯ના રોજ ચૂકવવામાં આવે છે.

(૨) લેણદારોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

અ) પ્રોવિડન્ટ ફંડ ₹ ૧૫૦૦૦/-.

બ) આવકવેરો ૩૧-૦૩-૨૦૧૮ અને ૩૧-૦૩-૨૦૧૯ના રોજ પૂરાં થતાં આકારણી વર્ષ માટે અનુક્રમે ₹ ૨૨૫૦૦/- અને ₹ ૧૫૦૦૦/-.

ક) પાણી અને વીજળીનાં બિલો ₹ ૧૫૦૦૦/-.

ડ) ચાર કારકૂનનો છેલ્લા બે મહિનાનો માસિક પગાર ₹ ૭૫૦૦/- લેખે.

ઈ) રોકાણો સામે ગીરો લોન ₹ ૧૨૦૦૦૦/- તથા ફર્નિચર સામે ગીરો લોન ₹ ૩૭૫૦૦/-.

(૩) મિલકતોની ઉપજ કિંમત નીચે મુજબ છે.

| | |
|---|---|
| રોકાણો | ₹ ૯૭૫૦૦ |
| ફર્નિચર | ₹ ૧૦૫૦૦૦ |
| મકાન | ₹ ૬૦૦૦૦૦ |
| મશીનરી | ₹ ૪૫૦૦૦ |
| સ્ટોક | ₹ ૭૫૦૦૦ |

(૪) વિસર્જન ખર્ચ ₹ ૭૫૦૦/- થયેલ છે. લિક્વિડેટરને તેણે મિલકતોની ઉપજાવેલ કિંમત પર ૪% તથા પસંદગીના લેણદારો સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર ૨% મહેનતાણું આપવાનું છે. ગીરો મિલકતો સહિતની મિલકતોનું વેચાણ લિક્વિડેટરે કરેલ છે.

ઉપરની વિગતો પરથી લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, એસ. વાય., એપ્રિલ ૨૦૦૩, સુધારેલ)

*(જવાબઃ લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૪૬૭૬૪/- (મિલકતની ઉપજ પર ૪% લેખે ₹ ૩૬૯૦૦/- + બિનસલામત લેણદારો પર ૨% લેખે ₹ ૯૮૬૪/-); પસંદગીના લેણદારો ₹ ૯૦૦૦૦/- (પ્રોવિડન્ટ ફંડ ₹ ૧૫૦૦૦/- + આવકવેરો ₹ ૧૫૦૦૦/- + પગાર ₹ ૬૦૦૦૦/-); ડિબેન્ચરધારકોને ₹ ૩૨૨૫૦૦/-; શેરધારકો પાસેથી મંગાવેલ હપ્તો ₹ ૯૦૦૦૦/-; ડિબેન્ચરધારકોને પરત ચૂકવ્યા બાદ વધતી રકમ ₹ ૪૧૩૧૦૦/- + ઈક્વિટી શેરધારકો પાસેથી*

*મંગાવેલ હપ્તો ₹ ૯૦૦૦૦/- = ₹ ૫૦૩૧૦૦/- જેના પર લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૯૮૬૪/- ચૂકવાશે (₹ ૫૦૩૧૦૦/- × $\frac{૨}{૧૦૨}$) અને બાકીના ₹ ૪૯૩૨૩૬/- બિનસલામત લેણદારોને ચૂકવાશે.)*

૨. નિરાશા લિમિટેડ તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ. આ દિવસે કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

નિરાશા લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૧૦%ની ક્યુ. પ્રેફ. | | મકાન | ૮૦૦૦૦ |
| શેરમૂડી | ૬૦૦૦૦ | યંત્રો | ૧૦૦૦૦૦ |
| ઈક્વિટી શેરમૂડી | | ફર્નિચર | ૧૦૦૦૦ |
| ₹ ૧૦નો એક એવા | | રોકાણો | ૭૦૦૦૦ |
| શેરદીઠ ₹ ૮ ભરપાઈ | ૨૪૦૦૦૦ | સ્ટોક | ૫૦૦૦૦ |
| ૮%નાં ડિબેન્ચર્સ | ૫૦૦૦૦ | દેવાદારો | ૭૮૦૦૦ |
| (તરતો બોજ) | | રોકડ અને બેંક | ૨૪૦૦૦ |
| ડિબેન્ચરનું બાકી વ્યાજ | ૪૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૮૮૦૦૦ |
| પરચૂરણ જવાબદારીઓ | ૧૪૬૦૦૦ | | |
| | ૫૦૦૦૦૦ | | ૫૦૦૦૦૦ |

પરચૂરણ જવાબદારીમાં પસંદગીનાં લેણદારો ₹ ૧૨૦૦૦/- અને રોકાણોનાં ગીરોહક્ક દ્વારા સુરક્ષિત ₹ ૪૦૦૦૦/-નાં એક લેણદારનો સમાવેશ થાય છે. જેમણે વેચાણનાં ₹ ૫૫૦૦૦/- ઉપજાવ્યા અને વધારાની રકમ ફડચા અધિકારીને પરત કરી.

મિલકતોની ઉપજ કિંમતઃ મકાન ₹ ૮૮૦૦૦/-, યંત્રો ₹ ૮૨૦૦૦/-, ફર્નિચર ₹ ૧૨૦૦૦/-, સ્ટોક ₹ ૪૦૦૦૦/- અને દેવાદારો ₹ ૭૮૦૦૦/-.

પ્રેફરન્સ શેરનું એક વર્ષનું ડિવિડન્ડ બાકી છે. ડિબેન્ચરધારકોએ તારીખઃ ૩૦-૦૬-૨૦૧૯ના રોજ નાણાં ચૂકવાયા હતા.

ફડચાના ખર્ચ ₹ ૫૨૪૦/- થયા. ફડચા અધિકારીને સલામત લેણદારો પાસેથી મળેલ વધારા સિવાયની મિલકતોની તેણે ઉપજાવેલ રકમનાં ૫%, બિનસલામત લેણદારો (પસંદગીના લેણદારો સિવાય)ને ચૂકવેલ રકમનાં ૪% તથા ઈક્વિટી શેરધારકોને વહેંચેલ રકમનાં ૧૦% પ્રમાણે મહેનતાણું આપવાનું છે.

લિક્વિડેટર (ફડચા અધિકારી)નું અંતિમ હિસાબી પત્રક તૈયાર કરો.

(સરદાર પટેલ યુનિવર્સિટી, નવેમ્બર ૨૦૧૨ આધારિત)

*(જવાબઃ બિનસલામત લેણદારો ₹ ૯૪૦૦૦/- (કુલ લેણદારો ₹ ૧૪૬૦૦૦/- - (પસંદગીનાં લેણદારો ₹ ૧૨૦૦૦/- + રોકાણો પર ગીરો લેણદારો ₹ ૪૦,૦૦૦/-)); લિક્વિડેટરની કુલ આવકો ₹ ૩૩૯૦૦૦/- (રોકડ ₹ ૨૪૦૦૦/- + મિલકતોની ઉપજ ₹ ૩૦૦૦૦૦/- + રોકાણોનો વધારો ₹ ૧૫૦૦૦/- (₹ ૫૫૦૦૦/- - ₹ ૪૦૦૦૦/-)); લિક્વિડેટરની જાવકોઃ વિસર્જન ખર્ચ ₹ ૫૨૪૦/-; લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૨૬૭૬૦/- (મિલકતોની ઉપજના ૫% લેખે ₹ ૧૫૦૦૦/- + બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના ૫% લેખે ₹ ૩૭૬૦/- + ઈક્વિટી*

*શેરધારકોને ચૂકવેલ રકમના ૧૦% લેખે ₹ ૮૦૦૦/-); પસંદગીના લેણદારો ₹ ૧૨૦૦૦/-, તરતા બોજધારી લેણદારોઃ ૮%ના ડિબેન્ચર (₹ ૫૦૦૦૦/- + બાકી વ્યાજ ₹ ૪૦૦૦/- + ચૂકવણી તારીખ સુધીનું વધારાનું ૩ માસનું વ્યાજ ₹ ૧૦૦૦/- = ₹ ૫૫૦૦૦/-; બિનસલામત લેણદારો ₹ ૯૪૦૦૦/-; પ્રેફરન્સ શેરધારકોને ચૂકવણીઃ પ્રેફરન્સ શેરમૂડી ₹ ૬૦૦૦૦/- + બાકી ડિવિડન્ડ ₹ ૬૦૦૦ = ₹ ૬૬૦૦૦; ઈક્વિટી શેરધારકોને ₹ ૮૦૦૦૦/.*

*પ્રેફરન્સ શેરધારકોને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે કુલ ₹ ૮૮૦૦૦ વધારો રહે છે, જેમાંથી ઈક્વિટી શેરધારકોને તથા તેના ૧૦% લેખે તેના મહેનતાણાં તરીકે ચૂકવવાના છે, તેથી ઈક્વિટી શેરધારકોને ચૂકવેલ રકમ = ₹ ૮૮૦૦૦/- × $\frac{૧૦૦}{૧૧૦}$ = ₹ ૮૦૦૦૦/- એન ઈક્વિટી શેરધારકોને ચૂકવેલ રકમ પર મહેનતાણું = ₹ ૮૮૦૦૦/- × $\frac{૧૦}{૧૧૦}$ = ₹ ૮૦૦૦/-.)*

૩. બાદશાહ કંપની લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું

પાકું સરવૈયું

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૧૨%ની પ્રેફરન્સ | | કાયમી મિલકતો | ૧૭૬૦૦૦ |
| શેરમૂડી (₹ ૧૦૦) | ૧૦૦૦૦૦ | સ્ટોક | ૧૭૦૦૦ |
| ઈ. શેરમૂડી (₹ ૧૦૦) | ૨૦૦૦૦૦ | રોકાણ | ૨૪૦૦૦ |
| ડિબેન્ચર્સ | ૭૪૦૦૦ | રોકડ સિલક | ૨૬૦૦૦૦ |
| બેંક ઓવરડ્રાફ્ટ | | | |
| (સ્ટોકના તારણ પર) | ૨૨૦૦૦ | | |
| ગીરો લોન (રોકાણ ગીરવે) | ૧૩૦૦૦ | | |
| લેણદારો | ૩૧૦૦૦ | | |
| કર્મચારીની ગ્રેચ્યુઈટી | ૨૫૦૦૦ | | |
| કામદારોનો બાકી પગાર | ૧૨૦૦૦ | | |
| | ૪૭૭૦૦૦ | | ૪૭૭૦૦૦ |

કંપનીનું સ્વૈચ્છિક વિસર્જન થયું. નીચેની માહિતી ધ્યાનમાં લઈ લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક બનાવો.

(૧) પ્રેફરન્સ શેર પર એક વર્ષનું ડિવિડન્ડ ચૂકવવું.

(૨) મિલકતોનાં ઉપજ્યાઃ

| | |
|---|---|
| કાયમી મિલકતો | ₹ ૨૫૦૦૦૦/- |
| સ્ટોક | ₹ ૧૮૦૦૦/- |
| કુલ | ₹ ૨૬૮૦૦૦/- |

(૩) ગીરો લોનનાં લેણદારોએ રોકાણો ₹ ૨૫૦૦૦/-માં વેચી દીધાં. વધારાની રકમ લિક્વિડેટરને પરત કરી જેના પર મહેનતાણું ગણવાનું નથી.

(૪) ₹ ૧૫૦૦૦/- કર્મચારીનું પ્રોવિડન્ટ ફંડનો સમાવેશ લેણદારોમાં થયેલ છે.

(૫) વિસર્જન ખર્ચ ₹ ૩૬૮૦/-.

(૬) લિક્વિડેટરનું મહેનતાણું:

- લિક્વિડેટરે ઉપજાવેલ રકમ પર ૫%
- પસંદગીનાં લેણદારોને ચૂકવેલ રકમ પર ૪%
- પસંદગીનાં સિવાયનાં બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર ૩%
- પ્રેફરન્સ શેરધારકોને ચૂકવેલ રકમ પર ૨%
- ઈક્વિટી શેરધારકોને ચૂકવેલ રકમ પર ૧%

(૭) આર્ટિકલ્સ ઑફ એસોસીએશનમાં જોગવાઈ છે કે ઈક્વિટી શેરમૂડી પરત કર્યા બાદ જો કાંઈ વધારો રહે તો તેના ૨૦% ભાગ પ્રેફરન્સ શેરધારકો લેવા હક્કદાર છે.

(દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, એસ. વાય., એપ્રિલ ૨૦૦૦, સુધારેલ)

*(જવાબ: લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૨૦૩૨૦/- (મિલકતની ઉપજ ₹ ૨૬૮૦૦૦/- પર ૫% લેખે ₹ ૧૩૪૦૦/- + પસંદગીનાં લેણદારો ₹ ૪૦૦૦૦/- પર ૪% લેખે ₹ ૧૬૦૦/- + પસંદગીનાં લેણદારો સિવાયનાં બિનસલામત લેણદારો ₹ ૨૦૦૦૦/- પર 3% લેખે ₹ ૬૦૦/- + પ્રેફરન્સ શેરધારકોને ₹ ૧૧૨૦૦૦/- પર ૨% લેખે ₹ ૨૨૪૦/- + બાકી વધેલ રકમ ₹ ૮૦૦૦/- પર ૨૦% લેખે ₹ ૧૬૦/- + ઈક્વિટી શેરધારકોને ₹ ૨૦૦૦૦૦/- પર ૧% લેખે ₹ ૨૦૦૦/- + બાકી વધેલ રકમ ₹ ૩૨૦/-); પસંદગીના લેણદારો ₹ ૪૦૦૦૦/- (કર્મચારીની ગ્રેચ્યુઈટી ₹ ૨૫૦૦૦/- + પ્રોવિડન્ટ ફંડ ₹ ૧૫૦૦૦/-); ઈક્વિટી શેરધારકોને પરત કર્યા પછી ₹ ૪૦૪૮૦/- વધશે.*

*ધારોકે વધારો ₹ ૧૦૦/- હોય તો પ્રેફરન્સ શેરધારકોને ૨૦ + ૨% કમિશન = ₹ ૦.૪૦ અને ઈક્વિટી શેરધારકોને ૮૦ + ૧% કમિશન = ₹ ૦.૮૦ તેથી ૨૦૪:૮૦૮ = ૫૧:૨૦૨, તેથી પ્રેફરન્સ શેરધારકોને ₹ ૮૧૬૦/- (₹ ૪૦૪૮૦/- × $\frac{૫૧}{૨૫૩}$) અને ઈક્વિટી શેરધારકોને ₹ ૩૨૩૨૦/- (₹ ૪૦૪૮૦/- × $\frac{૨૦૨}{૨૫૩}$); પ્રેફરન્સ શેરધારકોને વધારાનું મહેનતાણું ₹ ૧૬૦/- (₹ ૮૧૬૦/- × $\frac{૨}{૧૦૨}$) અને ઈક્વિટી શેરધારકોને વધારાનું મહેનતાણું ₹ ૩૨૦ (₹ ૩૨૩૨૦/- × $\frac{૧}{૧૦૧}$) ચૂકવાશે.)*

૪. મોદી લિમિટેડ તારીખ: ૩૧-૦૩-૨૦૧૯ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ. તે તારીખનું કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

મોદી લિમિટેડનું તારીખ: ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડી: | | પાઘડી | ૩૦૦૦૦૦ |

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૧૮૦૦૦૦ ઈ. શેર દરેક | | જમીન અને મકાન | ૧૦૮૦૦૦૦ |
| ₹ ૧૦નો શેરદીઠ | | યંત્રો | ૧૨૦૦૦૦૦ |
| ₹ ૭.૫૦ ભરપાઈ | ૧૩૫૦૦૦૦ | રોકાણો | ૪૮૦૦૦૦ |
| ૧૨૦૦૦૦ ઈ. શેર દરેક | | સ્ટોક | ૪૫૦૦૦૦ |
| ₹ ૧૦નો શેરદીઠ | | દેવાદારો | ૫૨૮૦૦૦ |
| ₹ ૫ ભરપાઈ | ૬૦૦૦૦૦ | રોકડ અને બેંક | ૭૨૦૦૦ |
| ૧૨૦૦૦ ૧૦%ના પ્રેફ. શેર | | નફા-નુકશાન ખાતું | ૫૭૧૫૦૦ |
| દરેક ₹ ૧૦૦નો | | | |
| પૂરા ભરાયેલા | ૧૨૦૦૦૦૦ | | |
| ૭%નાં ડિબેન્ચર્સ | ૪૫૦૦૦૦ | | |
| ડિબેન્ચરનું બાકી વ્યાજ | ૩૧૫૦૦ | | |
| તારણવાળી લોન | | | |
| (રોકાણોના તારણ ઉપર) | ૩૬૦૦૦૦ | | |
| બેંક ઓવરડ્રાફ્ટ (સ્ટોકના | | | |
| તારણ ઉપર) | ૩૭૨૦૦૦ | | |
| પરચૂરણ લેણદારો | ૨૬૫૨૦૦ | | |
| પ્રોવિડન્ટ ફંડ | ૫૨૮૦૦ | | |
| | ૪૬૮૧૫૦૦ | | ૪૬૮૧૫૦૦ |

મિલકતોનાં નીચે મુજબ ઉપજ્યાઃ

| | (₹) | | (₹) |
|---|---|---|---|
| જમીન અને મકાન | ૮૪૦૦૦૦/- | સ્ટોક | ૩૫૪૦૦૦/- |
| યંત્રો | ૭૪૪૦૦૦/- | દેવાદારો | ૩૭૩૨૦૦/- |

ગીરો લોનનાં લેણદારોએ રોકાણો ₹ ૪૫૦૦૦૦/-માં વેચ્યા અને વધારાની રકમ લિક્વિડેટરને પરત કરી.

પરચૂરણ લેણદારોમાં નીચેની રકમોનો સમાવેશ થાય છે.

(૧) નહીં ચૂકવાયેલ વીજળી ખર્ચના ₹ ૧૨૫૦૦/-.

(૨) ચાર કારકૂનોનો દરેકનો માસિક ₹ ૧૨૦૦/- લેખે ચાર માસનો નહિ ચૂકવાયેલ પગાર.

(૩) રજાઓનું ચઢેલું મહેનતાણું ₹ ૪૮૦૦/-.

(૪) ચૂકવવાનાં બાકી મ્યુનિસિપલ વેરાઃ

૨૦૧૭-૨૦૧૮ના ₹ ૪૦૦૦/-

૨૦૧૮-૨૦૧૯ના ₹ ૬૦૦૦/-.

ડિબેન્ચરધારકોને તારીખઃ ૩૧-૦૭-૨૦૦૯ના રોજ ચૂકવવામાં આવ્યા.

લિક્વિડેટરને તેણે મિલકતોની ઉપજાવેલી રકમ ઉપર ૧% લેખે અને પસંદગીના લેણદારો સહિતના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ ઉપર ૨% લેખે મહેનતાણું ચૂકવવાનું છે.

વિસર્જન ખર્ચ ₹ ૩૧૩૬૮/- થયો.

લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

(ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, એસ. વાય., એપ્રિલ ૨૦૦૪, સુધારેલ)

*(જવાબ: લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૨૯૮૩૨/- (મિલકતની ઉપજ પર ₹ ૨૩૧૧૨/- + પસંદગીના લેણદારો પર ₹ ૧૬૫૬/- + બિનસલામત લેણદારો પર ₹ ૫૦૬૪/-); પસંદગીના લેણદારો ₹ ૮૨૮૦૦/- (કારકૂનનો પગાર ₹ ૧૯૨૦૦/- + રજાઓનો પગાર ₹ ૪૮૦૦/- + મ્યુનિસિપલ વેરાં ₹ ૬૦૦૦/- + પ્રોવિડન્ટ ફંડ ₹ ૫૨૮૦૦/-); ડિબેન્ચરધારકોને ₹ ૪૯૨૦૦૦/- (ડિબેન્ચર્સ ₹ ૪૫૦૦૦૦/- + વ્યાજ બાકી ₹ ૩૧૫૦૦/- + વ્યાજ ₹ ૧૦૫૦૦/-); બિનસલાતમ લેણદારોને ₹ ૨૫૩૨૦૦/- (બેંક ઓવરડ્રાફ્ટ ₹ ૧૮૦૦૦/- + પરચૂરણ લેણદારો ₹ ૨૩૫૨૦૦/-); પ્રેફરન્સ શેરધારકોને ચૂકવ્યા પછી વધારો ₹ ૩૦૦૦૦/-; મૂડીતૂટ ₹ ૧૯૨૦૦૦૦/- (કુલ ભરપાઈ ઈક્વિટી શેરમૂડી ₹ ૧૯૫૦૦૦૦/- બાદ વધારો ₹ ૩૦૦૦૦/-) જે બે પ્રકારનાં ઈક્વિટી શેરધારકો વચ્ચે ૩:૨ના પ્રમાણમાં વહેંચાશે તેથી ૧૮૦૦૦૦ ઈક્વિટી શેરધારકોને ₹ ૧૯૮૦૦૦/- પરત (₹ ૧૩૫૦૦૦૦/- - ₹ ૧૧૫૨૦૦૦/- મૂડીતૂટ) અને ૧૨૦૦૦૦ ઈક્વિટી શેરધારકો પાસેથી મંગાવાશે ₹ ૧૬૮૦૦૦/-.)*

૫. દર્શન લિમિટેડ તારીખ: ૩૧-૦૩-૨૦૧૯ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ. તે તારીખનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

દર્શન લિમિટેડનું તારીખ: ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૨૦૦૦, ૬%ના | | સાંચા અને યંત્રો | ૧૦૦૦૦૦ |
| પ્રેફેરન્સ શેર | ૨૦૦૦૦૦ | જમીન અને મકાન | ૨૫૦૦૦૦ |
| ૧૦૦૦, 'અ' ઈ. શેર | | પેટન્ટ્સ | ૪૦૦૦૦ |
| ₹ ૧૦૦, ₹ ૭૫ ભરપાઈ | ૭૫૦૦૦ | સ્ટોક | ૫૦૦૦૦ |
| ૩૦૦૦, 'બ' ઈ. શેર | | દેવાદારો | ૧૧૫૦૦૦ |
| ₹ ૧૦૦, ₹ ૬૦ ભરપાઈ | ૧૮૦૦૦૦ | બેંક સિલક | ૩૦૦૦૦ |
| ૫%ના ડિબેન્ચર | ૧૦૦૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૧૦૦૦૦૦ |
| ડિબેન્ચર બાકી વ્યાજ | ૫૦૦૦ | પ્રાથમિક ખર્ચા | ૨૦૦૦૦ |
| લેણદારો | ૧૪૫૦૦૦ | | |
| | ૭૦૫૦૦૦ | | ૭૦૫૦૦૦ |

લેણદારોમાં સાંચા અને યંત્રોના તારણ પર લોન ₹ ૫૦૦૦૦/- તથા પસંદગીનાં લેણદારો ₹ ૧૫૦૦૦/- સમાયેલ છે.

મિલકતોનો નિકાલ નીચે મુજબ થયો.

| | (₹) |
|---|---|
| જમીન અને મકાન | ૨૦૦૦૦૦/- |
| પેટન્ટ્સ | ૩૦૦૦૦/- |
| દેવાદારો | ૮૦૦૦૦/- |
| સાંચા અને યંત્રો | ૧૨૦૦૦૦/- |

સ્ટોક ૬0000/-

લિક્વિડેશન ખર્ચ ₹ ૧0૯00/- થયો. લિક્વિડેટર રોકડ સિવાય કુલ મિલકતોની ઉપજના ૩% લેખે અને બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના ૨% લેખે કમિશન મેળવવા હક્કદાર છે.

લિક્વિડેટરનું છેવટનું પત્રક તૈયાર કરો.

(સરદાર પટેલ યુનિવર્સિટી, નવેમ્બર ૨૦૧૩ જેવો સુધારેલ)

*(જવાબઃ કુલ લેણદારો ₹ ૧૪૫000/- પૈકી યંત્રોના તારણ પર સંપૂર્ણ સલામત લેણદારો ₹ ૫0000/-, પસંદગીનાં લેણદારો ₹ ૧૫000/- અને બાકીના બિનસલામત લેણદારો ₹ ૮0000/-.*

*લિક્વિડેટરની કુલ આવકો ₹ ૫૨0000/-, જેમાં રોકડ-બેંક ₹ 30000/- અને મિલકતોની ઉપજ ₹ ૪૯0000/-; લિક્વિડેટરની જાવકોઃ યંત્રોના તારણ પર સંપૂર્ણ સલામત લેણદારો ₹ ૫0000/-, લિક્વિડેશન ખર્ચ ₹ ૧0૯00/-, લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૧૬૬00/- (મિલકતોની ઉપજ પર ₹ ૧૪૭00/-, પસંદગીનાં લેણદારો પર ₹ 300/- અને બિનસલામત લેણદારો પર ₹ ૧૬00/-); પસંદગીનાં લેણદારો ₹ ૧૫00/-; તરતા બોજધારી લેણદારોઃ ડિબેન્ચર ₹ ૧00000/- + બાકી વ્યાજ ₹ ૫000/- = ₹ ૧0૫000/-); બિનસલામત લેણદારો ₹ ૮0000/-; પ્રેફરન્સ શેરધારકોને ₹ ૨00000/-; પ્રેફરન્સ શેરધારકોને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે ₹ ૪૨૫00/- વધારો રહે છે; ચૂકવવાની બાકી રકમ ₹ ૭૫000/- + ₹ ૧૮0000/- = ₹ ૨૫૫000/-; મૂડીતૂટ ₹ ૨૧૨૫00/- જે બંને પ્રકારનાં ઈક્વિટી શેર વચ્ચે ૧:૩ના પ્રમાણમાં ફાળવતા ભાગે આવેલ મૂડીતૂટ અનુક્રમે ₹ ૫૩૧૨૫/- અને ₹ ૧૫૯૩૭૫/-; છેવટે બંને પ્રકારના ઈક્વિટી શેરધારકોને અનુક્રમે ₹ ૨૧૮૭૫/- અને ₹ ૨0૬૨૫/- ચૂકવાશે.)*

૬. તારીખઃ ૩૧-0૩-૨૦૧૯ના રોજ શેતાન લિમિટેડ સ્વૈચ્છિક ફડચામાં ગઈ. આ દિવસે તેની સ્થિતિ નીચે મુજબ હતી.

(૧) શેરમૂડીઃ

(અ) ₹ ૧00/-નો એક એવા ૧000 પૂર્ણ ભરપાઈ પ્રેફરન્સ શેર

(બ) ₹ ૧0/-નો એક એવા ૧0000 પૂર્ણ ભરપાઈ ઈક્વિટી શેર

(ક) ₹ ૧0/-નો એક એવા શેરદીઠ ₹ ૮/- ભરપાઈ થયેલ ૮000 ઈક્વિટી શેર

(ડ) ₹ ૧0/-નો એક એવા શેરદીઠ ₹ ૭/- ભરપાઈ થયેલ ૭000 ઈક્વિટી શેર

(૨) ₹ ૫000/-ના પસંદગીનાં લેણદારો સહિત કુલ લેણદારો ₹ ૧0૫000/-

(૩) ફડચાનાં ખર્ચ ` 3000/-

(૪) મિલકતોની ઉપજનાં ૨% લેખે ફડચા અધિકારીનું મહેનતાણું ₹ ૪000/-

લિક્વિડેટર (ફડચા અધિકારી)નું અંતિમ હિસાબી પત્રક તૈયાર કરો.

(સરદાર પટેલ યુનિવર્સિટી, નવેમ્બર ૨૦૧૨ સુધારેલ)

*(જવાબઃ લિક્વિડેટરનું મહેનતાણું મિલકતોની ઉપજના ૨% લેખે ₹ ૪000/- આપેલ છે, તેથી મિલકતોની ઉપજ = ૪000/- $\times \frac{૧00}{૨}$ = ₹ ૨00000/-; કુલ લેણદારો ₹ ૧0૫000/- જેમાં પસંદગીનાં લેણદારો ₹ ૫000/- તેથી બાકીના બિનસલામત લેણદારો ₹ ૧00000/-.*

*હવે, મિલકતોની ઉપજ ₹ ૨૦૦૦૦૦/-માંથી ફડચાનાં ખર્ચ ₹ ૩૦૦૦/-, લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૪૦૦૦/-, પસંદગીનાં લેણદારો ₹ ૫૦૦૦/- અને બિનસલામત લેણદારો ₹ ૧૦૦૦૦૦/- ચૂકવતા લિક્વિડેટર પાસે ₹ ૮૮૦૦૦/- વધારો રહે છે, જ્યારે ચૂકવવાની બાકી રકમ ₹ ૩૧૩૦૦૦/- (₹ ૧૦૦૦૦૦/- + ₹ ૧૦૦૦૦૦/- + ₹ ૬૪૦૦૦/- + ₹ ૪૯૦૦૦/-), તેથી મૂડીતૂટ ₹ ૨૨૫૦૦૦/- આવે છે. જે દરેક પ્રકારનાં ઈક્વિટી શેર ખાતે ૧૦:૮:૭ના પ્રમાણમાં વહેંચતા તેમના ભાગે આવેલ મૂડીતૂટ અનુક્રમે ₹ ૯૦૦૦૦/-, ₹ ૭૨૦૦૦/- અને ₹ ૬૩૦૦૦/-; છેવટે પૂર્ણ ભરપાઈ ઈક્વિટી શેરને ₹ ૧૦૦૦૦/- ચૂકવાશે અને અપૂર્ણ ભરપાઈ ઈક્વિટી શેર પાસેથી અનુક્રમે ₹ ૮૦૦૦/- અને ₹ ૧૪૦૦૦/- મંગાવવામાં આવશે. લિક્વિડેટરના આવક-જાવક ખાતાનો સરવાળો ₹ ૨૨૨૦૦૦/-).*

૭. અરમાન લિમિટેડના લિક્વિડેટર પાસે (પ્રેફરન્સ શેરધારકોને ચૂકવ્યા પછી) ₹ ૬૭૨૦૦૦/- હાથ પર રોકડા છે. ઈક્વિટી શેરમૂડીનું માળખું નીચે પ્રમાણે છે.

| ઈક્વિટી શેરનો પ્રકાર | ઈક્વિટી શેરની સંખ્યા | શેરદીઠ મૂળકિંમત (₹) | શેરદીઠ ભરપાઈ કિંમત (₹) |
|---|---|---|---|
| P | ૮૦૦૦ | ૧૦૦ | ૭૫ |
| Q | ૪૦૦૦ | ૫૦ | ૩૫ |
| R | ૬૦૦૦ | ૭૫ | ૬૦ |
| S | ૨૦૦૦૦ | ૧૦ | ૫ |

જરૂરી ગણતરી સાથે લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

(સરદાર પટેલ યુનિવર્સિટી, નવેમ્બર ૨૦૧૩ જેવો સુધારેલ)

*(જવાબ: વધારો ₹ ૬૭૨૦૦૦/-; ચૂકવવાની બાકી રકમ ₹ ૧૨૦૦૦૦૦/- (₹ ૬૦૦૦૦૦/- + ₹ ૧૪૦૦૦૦ + ₹ ૩૬૦૦૦૦/- + ₹ ૧૦૦૦૦૦); મૂડીતૂટ ₹ ૫૨૮૦૦૦/-; અહીં દરેક પ્રકારનાં શેરની મૂળકિંમત જુદી-જુદી હોવાથી તેમની કુલ ભરપાઈ શેરમૂડીના પ્રમાણમાં મૂડીતૂટ વહેંચાશે. ભરપાઈ મૂડી P = ૮૦૦૦ × ₹ ૧૦૦/- = ₹ ૮૦૦૦૦૦/-, Q = ૪૦૦૦ × ₹ ૫૦/- = ₹ ૨૦૦૦૦૦/-, R = ૬૦૦૦ × ₹ ૭૫/- = `૪૫૦૦૦૦/-, S = ૨૦૦૦૦ × ₹ ૧૦/- = ₹` ૨૦૦૦૦૦/-; આમ, ભરપાઈ મૂડીનું પ્રમાણ = ૧૬:૪:૯:૪, મૂડીતૂટની વહેંચણી P = ₹ ૨૪૬૦૦૦/-, Q = ₹ ૬૪૦૦૦/-, R = ₹ ૧૪૪૦૦૦/-, S = ₹ ૬૪૦૦૦/-; છેવટે દરેક પ્રકારનાં ઈક્વિટી શેરધારકોને અનુક્રમે ₹ ૩૪૪૦૦૦/-, ₹ ૭૬૦૦૦/-, ₹ ૨૧૬૦૦૦/- અને ₹ ૩૬૦૦૦/- ચૂકવાશે.)*

૮. નિરાશા લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

નિરાશા લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| શેરમૂડીઃ | | જમીન-મકાન | ૧૦૦૦૦૦ |
| ૨૦૦૦ ૬%ના પ્રેફ. | | યંત્રો | ૨૫૦૦૦૦ |
| શેર, ₹ ૧૦૦નો એક | ૨૦૦૦૦૦ | પેટન્ટ | ૪૦૦૦૦ |
| (A) ૧૦૦૦ ઈક્વિટી શેર | | સ્ટોક | ૫૦૦૦૦ |
| ₹ ૧૦૦નો એક, શેરદીઠ | | દેવાદારો | ૧૧૫૦૦૦ |

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ₹ ૭૫ ભરપાઈ | ૭૫૦૦૦ | બેંકમાં રોકડ | ૩૦૦૦૦ |
| (B) ૩૦૦૦ ઈક્વિટી શેર | | નફા-નુકશાન ખાતું | ૧૦૦૦૦૦ |
| ₹ ૧૦૦નો એક, શેરદીઠ | | પ્રાથમિક ખર્ચા | ૨૦૦૦૦ |
| ₹ ૬૦ ભરપાઈ | ૧૮૦૦૦૦ | | |
| ૫%ના ડિબેન્ચર | ૧૦૦૦૦૦ | | |
| (મિલકતો પર તરતો બોજ) | | | |
| ડિબેન્ચર બાકી વ્યાજ | ૫૦૦૦ | | |
| લેણદારો | ૧૪૫૦૦૦ | | |
| | ૭૦૫૦૦૦ | | ૭૦૫૦૦૦ |

કંપનીનું તારીખઃ ૦૧-૦૪-૨૦૧૯ના રોજ વિસર્જન થયું. લેણદારોમાં જમીન-મકાનના તારણ પર સમાયેલી લોન ₹ ૫૦૦૦૦/-ની છે. મિલકતોની ઉપજ નીચે મુજબ થઈ.

| | (₹) |
|---|---|
| જમીન-મકાન | ૧૨૦૦૦૦/- |
| યંત્રો | ૨૦૦૦૦૦/- |
| પેટન્ટ્સ | ૩૦૦૦૦/- |
| સ્ટોક | ૬૦૦૦૦/- |
| દેવાદારો | ૮૦૦૦૦/- |

લિક્વિડેશન ખર્ચ ₹ ૧૦૯૦૦/- થયો. લિક્વિડેટરને રોકડ સિવાયની મિલકતોની ઉપજ પર ૩% લેખે અને બિનસલામત લેણદારોને વહેંચેલ રકમ પર ૨% લેખે મહેનતાણું આપવાનું છે. પસંદગીનાં લેણદારો ₹ ૧૫૦૦૦/- લેણદારોમાં સમાયેલ છે.

લિક્વિડેટરનું છેવટનું પત્રક તૈયાર કરો.

(ગુજરાત યુનિવર્સિટી, એસ. વાય., માર્ચ ૨૦૦૪ સુધારેલ)

*(જવાબઃ લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૧૬૬૦૦/- (મિલકતની ઉપજેલ કિંમત ₹ ૪૯૦૦૦૦/- પર ૩% લેખે ₹ ૧૪૭૦૦/- + બિનસલામત લેણદારો ₹ ૯૫૦૦૦/- (પ્રેફરન્શિયલ લેણદારો સહિત) પર ૨% લેખે ₹ ૧૯૦૦/-); ડિબેન્ચરધારકોને `૧૦૫૦૦૦/- (₹ ૧૦૦૦૦૦/- + ₹ ૫૦૦૦/-); બિનસલામત લેણદારોને ₹ ૮૦૦૦૦/-; હવે ઈક્વિટી શેરધારકોને પરત કરવા` ૪૨૫૦૦/- વધે છે, તેથી મૂડીતૂટ ₹ ૨૧૨૫૦૦/- (વસૂલ આવેલી મૂડી ₹ ૭૫૦૦૦/- + ₹ ૧૮૦૦૦૦/- = ₹ ૨૫૫૦૦૦/- બાદ વધારો ₹ ૪૨૫૦૦/-); તેથી શેરદીઠ મૂડીતૂટ ₹ ૫૩.૧૨૫ (₹ ૨૧૨૫૦૦/- ÷ ૪૦૦૦ શેર) ₹ ૭૫/- ભરાયેલા ઈક્વિટી શેરધારકોને શેરદીઠ ₹ ૨૧.૮૭૫ (₹ ૭૫/- - ₹ ૫૩.૧૨૫) પરત થશે અને ₹ ૬૦/- ભરાયેલા ઈક્વિટી શેરધારકોને શેરદીઠ ૬.૮૭૫ (₹ ૬૦/- -₹ ૫૩.૧૨૫) પરત થશે.)*

*કુલ મૂડી તૂટ ₹ ૨૧૨૫૦૦ ૧:૩ના પ્રમાણમાં (A) અને (B) માટે અનુક્રમે ₹ ૫૩૧૨૫ અને ૧૫૯૩૭૫ થશે. પરત રકમ (A) ₹ ૭૫૦૦૦ - તૂટ ૫૩૧૨૫ = ₹ ૨૧૮૭૫/૧૦૦૦ = ₹ ૨૧.૮૭૫ (B) ૧૮૦૦૦૦ - તૂટ ૧૫૯૩૭૫ = ₹ ૨૦૬૨૫/૩૦૦૦ = ₹ ૬.૮૭૫*

૯. અંજના લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

અંજના લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| દેવાં | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૧૦%ની પ્રેફ. શેરમૂડી | | જમીન-મકાન | ૧૫૦૦૦૦૦ |
| ₹ ૧૦૦નો એક એવા | ૨૦૦૦૦૦ | ફર્નિચર | ૭૦૦૦૦ |
| ૪૦૦૦ 'અ' ઈક્વિટી શેર | | રોકડ | ૬૪૪૦૦ |
| દરેક ₹ ૧૦૦નો શેરદીઠ | | સ્ટોક | ૨૯૬૦૦ |
| ₹ ૯૦ ભરાયેલા | ૩૬૦૦૦૦ | | |
| ૪૦૦૦ 'બ' ઈક્વિટી શેર | | | |
| ₹ ૧૦૦નો શેરદીઠ | | | |
| ₹ ૫૦ ભરાયેલા | ૨૦૦૦૦૦ | | |
| ૬%ના ડિબેન્ચર્સ | ૪૦૦૦૦૦ | | |
| ડિબેન્ચરનું બાકી વ્યાજ | ૨૪૦૦૦ | | |
| લેણદારો (ફર્નિચરના | | | |
| તારણ પર) | ૮૦૦૦૦ | | |
| અન્ય લેણદારો | ૪૦૦૦૦૦ | | |
| | ૧૬૬૪૦૦૦ | | ૧૬૬૪૦૦૦ |

(૧) વિસર્જન ખર્ચ ₹ ૧૬૮૦૦/- થયો.

(૨) પ્રેફરન્સ શેર ડિવિડન્ડ એક વર્ષનું ચૂકવવાનું બાકી છે.

(૩) મિલકતોનાં ઉપજ્યાઃ (₹)

| | |
|---|---|
| જમીન-મકાન | ૯૨૦૦૦૦/- |
| ફર્નિચર | ૬૦૦૦૦/- |
| સ્ટોક | ૨૦૦૦૦/- |
| | ૧૦૦૦૦૦૦/- |

(૪) લિક્વિડેટરનું મહેનતાણુંઃ

- રોકડ સિવાયની મિલકતોની ઉપજ પર ૨%.
- પસંદગી સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર ૨%.
- ઈક્વિટી શેરધારકોની કાયદેસરની વધુમાં વધુ જવાબદારીમાંથી થયેલી બચત પર ૨૫%.

(૫) અન્ય લેણદારોમાં સમાયેલ છેઃ

(અ) કર્મચારી અખિલને મહિને ₹ ૬૦૦૦/- લેખે ત્રણ માસનો પગાર.

(બ) કર્મચારી ગોપાલને મહિને ₹ ૭૦૦૦/- લેખે ત્ર માસનો પગાર.

(ક) કર્મચારી નટુને મહિને ₹ ૩૦૦૦/- લેખે પાંચ માસનો પગાર.

(ડ) કામદારની ગ્રેચ્યુઈટી ₹ ૧૦૦૦૦૦/-.

(ઙ) બધી જ ચૂકવણી તારીખઃ ૩૧-૦૧-૨૦૨૦ના રોજ કરવામાં આવી. કંપની તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ. લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક બનાવો.

(દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, એસ. વાય., માર્ચ ૨૦૦૧ સુધારેલ)

*(જવાબઃ લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૫૨૬૪૦/- (મિલકતોની ઉપજ ₹ ૧૦૦૦૦૦૦/-ના ૨% લેખે ₹ ૨૦૦૦૦/- + બિનસલામત લેણદારો ₹ ૨૭૦૦૦૦/-ના ૨% લેખે ₹ ૫૪૦૦/- + ઈક્વિટી બચત ₹ ૧૩૬૨૦૦ પર ૨૫% લેખે ₹ ૨૭૨૪૦/-); સંપૂર્ણ સલામત દેવાં ₹ ૧૬૦૦૦૦/- (ફર્નિચર સામે ગીરો લોન ₹ ૬૦૦૦૦/- + ગ્રેચ્યુઈટી ₹ ૧૦૦૦૦૦/-); પસંદગીનાં દેવાં ` ૫૦૦૦૦/- (પગારઃ અખિલ ₹ ૧૮૦૦૦/- + ગોપાલ ₹ ૨૦૦૦૦/- + નટુ ₹ ૧૨૦૦૦/-); ડિબેન્ચર્સ ` ૪૨૬૦૦૦/- (₹ ૪૦૦૦૦૦/- + ₹ ૨૪૦૦૦/- + ₹ ૨૦૦૦/-); બિનસલામત દેવાં ₹ ૨૭૦૦૦૦/- (ફર્નિચર સામેની લોન પૈકી ₹ ૨૦૦૦૦/- + અન્ય લેણદારો પૈકી ₹ ૨૫૦૦૦૦/-); પ્રેફરન્સ શેરધારકો ₹ ૨૦૦૦૦૦/- અને પ્રેફરન્સ ડિવિડન્ડ ₹ ૨૦૦૦૦/-; ઈક્વિટી શેરધારકોને બચત પર ૨૫% લેખે ₹ ૨૭૨૪૦/-; લિક્વિડેટરને વધારાનું મહેનતાણુંઃ કુલ આવક ₹ ૧૦૬૪૪૦૦/- બાદ બિનસલામત લેણદારો સુધી ચૂકવેલ રકમ ₹ ૯૪૮૨૦૦/- = વધેલ રકમ ₹ ૧૧૬૨૦૦/- + નહીં ભરપાઈ રકમ 'અ' ઈક્વિટી શેર ₹ ૪૦૦૦૦/- 'બ' ઈક્વિટી શેર ₹ ૨૦૦૦૦૦ = ₹ ૩૫૬૨૦૦/- બાદ પ્રેફરન્સ શેરમૂડી અને ડિવિડન્ડ ₹ ૨૨૦૦૦૦/- = ₹ ૧૩૬૨૦૦ તેના પર મહેનતાણું ₹ ૨૭૨૪૦/- (₹ ૧૩૬૨૦૦ ×* $\frac{૨૫}{૧૨૫}$*). થ*

*મૂડીતૂટની ગણતરીઃ બાકી વધેલ ₹ ૧૧૬૨૦૦/- બાદ લિક્વિડેટરની મહેનતાણું ₹ ૨૭૨૪૦/- = બાકી વધતી રકમ ₹ ૮૮૯૬૦/- (પ્રેફરન્સ શેરમૂડી અને ડિવિડન્ડ ₹ ૨૨૦૦૦૦/- + 'અ' શેરમૂડી ₹ ૩૬૦૦૦૦/- + 'બ' શેરમૂડી ₹ ૨૦૦૦૦૦/- = ૭૮૦૦૦૦/-); મૂડીતૂટ ₹ ૬૯૧૦૪૦/- જે સરખે ભાગે વહેંચતા દરેકને ભાગે ₹ ૩૪૫૫૨૦/-, ઈક્વિટી શેરધારકોને પરત કરેલ રકમ ₹ ૧૪૪૮૦/- (ભરપાઈ મૂડી ₹ ૩૬૦૦૦૦/- - મૂડીતૂટ ₹ ૩૪૫૫૨૦/- = ₹ ૧૪૪૮૦/-), 'બ' ઈક્વિટી શેરધારકો પાસે મંગાવેલ રકમ ₹ ૧૪૨૨૫૦/- (ભરપાઈ મૂડી ₹ ૨૦૦૦૦૦/- - મૂડીતૂટ ₹ ૩૪૫૫૨૦/- = ₹ ૧૪૫૫૨૦/-).)*

૧૦. કૃણાલ લિમિટેડ તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ. તે દિવસનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

કૃણાલ લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---:|---|---:|
| ૩૦૦૦ ઈક્વિટી શેર | | પાઘડી | ૫૫૦૦૦ |
| ₹ ૧૦૦નો પૂરા ભરપાઈ | ૩૦૦૦૦૦ | જમીન અને મકાન | ૨૧૦૦૦૦ |
| નફા-નુકશાન ખાતું | ૩૦૦૦ | યંત્રો | ૧૬૫૦૦૦ |
| ૧૨%ના ડિબેન્ચર | ૭૫૦૦૦ | ફર્નિચર | ૩૦૦૦ |
| ડિબેન્ચર પર બાકી વ્યાજ | ૯૦૦૦ | સ્ટોક | ૧૭૦૦૦૦ |
| પ્રાવિડન્ટ ફંડ | ૩૦૦૦ | દેવાદારો | ૨૫૦૦૦ |

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| લેણદારો | ૨૩૬૫૦૦ | રોકડ | ૧૨૦૦૦ |
| ૩ ક્લાર્કનો ૨ માસનો પગાર | ૧૩૫૦૦ | | |
| | ૬૪૦૦૦૦ | | ૬૪૦૦૦૦ |

વધારાની માહિતીઃ

(૧) લિક્વિડેટરે મિલકતોનાં નીચે પ્રમાણે ઉપજાવ્યાઃ

| | (₹) |
|---|---|
| જમીન અને મકાન | ૧૫૧૦૦૦/- |
| યંત્રો | ૧૬૫૦૦૦/- |
| સ્ટોક | ૧૬૦૦૦૦/- |
| ફર્નિચર | ૫૦૦૦/- |
| દેવાદારો | ૨૨૦૦૦/- |

(૨) લિક્વિડેશન ખર્ચ ₹ ૨૭૮૦/- થયો.

(૩) ડિબેન્ચરધારકોને તારીખઃ ૩૦-૦૯-૨૦૧૯ના રોજ ચૂકવ્યા.

(૪) લિક્વિડેટરનું મહેનતાણું તેણે ઉપજાવેલ રકમ પર ૨% અને પસંદગીનાં લેણદારોને ચૂકવેલ રકમ પર ૪% અને ઈક્વિટી શેરધારકોને વહેંચેલ રકમ પર ૧૦% આપવાનું છે.

લિક્વિડેટરનું છેવટનું પત્રક તૈયાર કરો.

(સરદાર પટેલ યુનિવર્સિટી, નવેમ્બર ૨૦૧૫ સુધારેલ)

*(જવાબઃ બિનસલામત લેણદારો ₹ ૨૩૬૫૦૦/- ; પસંદગીનાં લેણદારો ₹ ૧૬૫૦૦/-; લિક્વિડેટરની કુલ આવકો ₹ ૫૧૫૦૦૦/-, રોકડ ₹ ૧૨૦૦૦/-, મિલકતોની ઉપજ ₹ ૫૦૩૦૦૦/-; લિક્વિડેટરની જાવકોઃ વિસર્જન ખર્ચ ₹ ૨૭૮૦/-, લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૨૫૨૬૫/- (મિલકતોની ઉપજના ૨% લેખે ₹ ૧૦૦૬૦/-, પસંદગીનાં લેણદારોને ચૂકવેલ રકમના ૪% લેખે ₹ ૬૬૦/- અને ઈક્વિટી શેરધારકોને ચૂકવેલ રકમના ૧૦% લેખે ₹ ૧૪૫૪૫/-); પસંદગીનાં લેણદારો ₹ ૧૬૫૦૦/-; તરતા બોજધારી લેણદારોઃ ૧૨%ના ડિબેન્ચર ₹ ૭૫૦૦૦/- + બાકી વ્યાજ ₹ ૯૦૦૦/- + ચૂકવણી તારીખ સુધીનું વધારાનું ૬ માસનું વ્યાજ ₹ ૪૫૦૦/- = ₹ ૮૮૫૦૦/-; બિનસલામત લેણદારો ₹ ૨૩૬૫૦૦/-; ઈક્વિટી શેરધારકોને ₹ ૧૪૫૪૫૫/-.*

*બિનસલામત લેણદારોને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે કુલ ₹ ૧૬૦૦૦૦/- વધારો રહે છે; જેમાંથી ઈક્વિટી શેરધારકોને તથા તેના ૧૦% લેખે તેના મહેનતાણાં તરીકે ચૂકવવાના છે, તેથી*

*ઈક્વિટી શેરધારકોને ચૂકવેલ રકમ = ₹ ૧૬૦૦૦૦/- $\times \frac{૧૦૦}{૧૧૦}$ = ₹ ૧૪૫૪૫૫/- અને ઈક્વિટી*

*શેરધારકોને ચૂકવેલ રકમ પર મહેનતાણું = ₹ ૧૬૦૦૦૦/- $\times \frac{૧૦}{૧૧૦}$ = ₹ ૧૪૫૪૫/-.)*

*અથવા ૧૪૫૪૫૫ના ૧૦% = ₹ ૧૪૫૪૫*

૧૧. નવાબ લિમિટેડ તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ તે દિવસનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

નવાબ લિમિટેડનું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૯ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૧૫૦૦ ઈક્વિટી શેર | | પાઘડી | ૧૨૫૦૦ |
| ₹ ૧૦૦નો પૂરા ભરપાઈ | ૧૫૦૦૦૦ | જમીન અને મકાન | ૧૦૫૦૦૦ |
| નફા-નુકશાન ખાતું | ૧૫૦૦ | યંત્રો | ૮૨૫૦૦ |
| ૮%ના ડિબેન્ચર | ૨૫૦૦૦ | ફર્નિચર | ૧૫૦૦ |
| ડિબેન્ચર પર બાકી વ્યાજ | ૨૦૦૦ | સ્ટોક | ૮૫૦૦૦ |
| કર્મચારી પ્રાવિડન્ટ ફંડ | ૧૫૦૦ | દેવાદારો | ૧૨૫૦૦ |
| લેણદારો | ૧૧૮૨૫૦ | રોકડ | ૬૦૦૦ |
| ૩ ક્લાર્કનો ૨ માસનો પગાર | ૬૭૫૦ | | |
| | ૩૦૫૦૦૦ | | ૩૦૫૦૦૦ |

વધારાની માહિતીઃ

(૧) લિક્વિડેશન ખર્ચ ₹ ૫૦૦/- થયો.

(૨) લિક્વિડેટરનું મહેનતાણું તેણે ઉપજાવેલ રકમ પર ૨% અને ઈક્વિટી શેરધારકોને વહેંચેલ રકમ પર ૧૦% અને પસંદગીનાં લેણદારોને ચૂકવેલ રકમ પર ૪% આપવાનું છે.

(૩) ડિબેન્ચરધારકોને તારીખઃ ૩૦-૦૯-૨૦૧૯ના રોજ ચૂકવ્યા.

(૧) લિક્વિડેટરે મિલકતોનાં નીચે પ્રમાણે ઉપજાવ્યાઃ

| | (₹) |
|---|---|
| જમીન અને મકાન | ૭૫૦૦૦/- |
| યંત્રો | ૮૫૦૦૦/- |
| દેવાદારો | ૧૧૫૦૦/- |
| સ્ટોક | ૭૭૫૦૦/- |
| ફર્નિચર | ૨૦૦૦/- |

લિક્વિડેટરનું છેવટનું પત્રક તૈયાર કરો.

*(જવાબઃ બિનસલામત લેણદારો ₹ ૧૧૮૨૫૦/- ; પસંદગીનાં લેણદારો ₹ ૮૨૫૦/-; લિક્વિડેટરની કુલ આવકો ₹ ૨૫૭૦૦૦/-, રોકડ ₹ ૬૦૦૦/-, મિલકતોની ઉપજ ₹ ૨૫૧૦૦૦/-; લિક્વિડેટરની જાવકોઃ વિસર્જન ખર્ચ ₹ ૫૦૦/-, લિક્વિડેટરનું મહેનતાણું ₹ ૧૪૧૩૬/- (મિલકતોની ઉપજના ૨% લેખે ₹ ૫૦૨૦/-, પસંદગીનાં લેણદારોને ચૂકવેલ રકમના ૪% લેખે ₹ ૩૩૦/- અને ઈક્વિટી શેરધારકોને ચૂકવેલ રકમના ૧૦% લેખે ₹ ૮૭૮૬/-); પસંદગીનાં લેણદારો ₹ ૮૨૫૦/-; તરતા બોજધારી લેણદારોઃ ૮%ના ડિબેન્ચર ₹ ૨૫૦૦૦/- + બાકી વ્યાજ ₹ ૨૦૦૦/- + ચૂકવણી તારીખ સુધીનું વધારાનું ૬ માસનું વ્યાજ ₹ ૧૦૦૦/- = ₹ ૨૮૦૦૦/-; બિનસલામત લેણદારો ₹ ૧૧૮૨૫૦/-; ઈક્વિટી શેરધારકોને ₹ ૮૭૮૬૪/-.*

*બિનસલામત લેણદારોને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે કુલ ₹ ૯૬૬૫૦/- વધારો રહે છે; જેમાંથી ઈક્વિટી શેરધારકોને તથા તેના ૧૦% લેખે તેના મહેનતાણાં તરીકે ચૂકવવાના છે, તેથી ઈક્વિટી શેરધારકોને ચૂકવેલ રકમ = ₹ ૯૬૬૫૦/- × $\frac{૧૦૦}{૧૧૦}$ = ₹ ૮૭૮૬૪/- અને ઈક્વિટી શેરધારકોને ચૂકવેલ રકમ પર મહેનતાણું = ₹ ૯૬૬૫૦/- × $\frac{૧૦}{૧૧૦}$ =₹ ૮૭૮૬/-.)*

☆ ☆ ☆

## પ્રકરણઃ ૫

## કરારના હિસાબો


૧. પ્રસ્તાવના

૨. કરારના હિસાબોની લાક્ષણિકતાઓ

૩. કરારના ખર્ચા

૩.૧. માલસામાન

૩.૨. મજુરી

૩.૪. પ્રત્યેક્ષ ખર્ચા

૩.૫. પરોક્ષ ખર્ચાઓ

૩.૬. સાંચા અને યંત્રો

૩.૭. પેટા કરાર ખર્ચાઓ

૩.૮. વધારાના કામ અંગેના ખર્ચાઓ

૩.૯. મિલકત નીભાવ અંગેના ખર્ચા

૩.૧૦. અન્ય ખર્ચાઓ

૩.૧૧. કરારમાં દંડની જોગવાઈ

૪. ચાલુ કામ ખાતું

૪.૧. પ્રમાણીત કામ

૪.૨. બિન પ્રમાણિત કામ

૫. રાખી મુકેલ રકમ (Retetion Money)

૬. કરાર નો નફો કે નુકશાન

૬.૧. કરાર પૂરો થયેલ હોય ત્યારે

૬.૨. કરાર અધુરો હોય ત્યારે

૭. કરારમાં સ્વયમ્-ભાવવર્ધક કલમ

૮. કરાર ખાતાનો નમુનો

૯. ઉદાહરણના દાખલાઓ

૧૦. સ્વાધ્યાયના દાખલાઓ

## ૧. પ્રસ્તાવના :

પડતર હિસાબી પધ્ધતિની જુદી જુદી પધ્ધતિઓમાંની એક કરારના હિસાબો એટલે કરાર હિસાબી પડતર પધ્ધતિ.

કરારના હિસાબો જે લોકો કરાર આધારીત ધંધા સાથે જોડાયેલા છે જેવા કે કોન્ટ્રાક્ટનો ધંધો કરનાર, મકાનનું બાંધકામ કરનાર, વહાણ બાંધનાર, યંત્રો બનાવી આપનાર, બંધ, પુલ, રેલ્વે સેડ, રસ્તાઓ વગેરે બાંધવાનો કરાર લેનારાઓ આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. સામાન્ય રીતે તે એકાદ વર્ષ અથવા એક વર્ષ કરતા વધુ સમય માટે કરાર મુજબ કામ ચાલે છે. કરાર પડતર પદ્ધતિનો ઉપયોગ કરાર માં નફો થાય કે ખોટ તે જાણવા દરેક કરારનું જુદું જુદું ખાતું કરાર ખાતુ બનાવવામાં આવે છે અને તેનાથી પરથી વર્ષના અંતે દરેક કરારમાં નફો કે નુકશાન જાણી શકાય છે.

એક વ્યક્તિ બીજી વ્યક્તિને ચોક્કસ કાર્ય નક્કી કરેલ કિંમત પૂરું કરવાની જવાબદારીએ સોપવામાં આવે તે કાર્યને કરાર તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે એક કરાર લેનાર - કોન્ટ્રાક્ટર અને કરાર આપનાર કોન્ટ્રાક્ટી કહેવાય છે.

## ૨. કરારના હિસાબોની લાક્ષણિકતાઓઃ

૧. દરેક કરાર મુજબ અલગ કરાર ખાતુ બનાવવામાં આવે છે.

૨. કરારમાં મોટાભાગના ખર્ચા પ્રત્યેક્ષ ખર્ચા હોય છે.

૩. કરારમાં મોટાભાગનું કામ કરારના સ્થળ પર જ કરવામાં આવે છે.

૪. કરારમાં પરોક્ષ ખર્ચાઓ જેવા કે વહીવટી ખર્ચ, ઓફિસ ખર્ચ વગેરેને લગતા ખર્ચા હોય છે.

૫. આ પ્રકારની પડતર પદ્ધતિમાં પડતરનું એકમ કરાર પોતે જ હોય છે.

## ૩. કરાર ના ખર્ચાઃ

જો કરાર એક કરતાં વધારે હોય તો દરેક કરારને અલગ નંબર આપી અને કરારના હિસાબો અને તે કરારનો વહીવટ તેમજ નફો-નુકશાન જાણવા માટે અલગ અલગ કરાર ખાતુ બનાવવામાં આવે છે અને તમામ કરાર ને લગતા ખર્ચા પેટે કરાર ખાતે ઉતારવામાં આવે છે.

### ૩.૧. માલસામાનઃ

૧. તમામ માલસામાન કે જે કરારને માટે ખરીદવામાં આવેલ હોય કે સ્ટોર્સમાંથી પૂરો પાડવામાં આવેલ હોય તે કરાર ખાતે ઉધારવામાં આવે છે. એ માલસામાન કરારના સ્થળે થી પરત કરવામાં આવે તો તે કરાર ખાતે જમા કરવામાં આવે છે.

૨. એક કરાર પરથી બીજા કરાર પર માલસામાન ની ફેરબદલી કરવામાં આવી હોય તો તે માલસામાન જે કરાર માંથી જાય છે તે કરાર ખાતે જમા કરવામાં આવે છે અને જે કરાર માં આવેલ હોય ત્યાં ઉધાર કરવામાં આવે છે.

૩. જે માલસામાન વર્ષના અંતે કરારના સ્થળે વણવપરાયેલ હોય તેવો માલસામાન કરાર ખાતે જમા દર્શાવી અને પછી નાણાકીય વર્ષમાં બાકી આગળ લઈ ગયા તે રીતે દર્શાવવામાં આવે છે.

૪. કોઈપણ માલસામાનની ચોરી, અસામાન્ય બગાડ કે ઘટ થાય તો તેવા માલસામાનને અસામાન્ય નુકશાન ગણી તેની પડતર કિંમત નફા નુકશાન ખાતે ઉધારવામાં આવે છે અને કરાર ખાતે જમા કરવામાં આવે છે.

૫. કરારના સ્થળે માલસામાનો વધારો કે બિનઉપયોગી માલસામાનનું વેચાણ કરવામાં આવે તો તે માલસામાન ની પડતર કિંમતે કરાર ખાતે જમા કરવામાં આવે છે અને તેના પર થયેલ નફો કે નુકશાન સામાન્ય નફા નુકશાન ખાતે લઈ જવામાં આવે છે.

**૩.૨. મજુરીઃ**

૧. કરારના સ્થળ પર કામ કરતા કામદારોની મજૂરી સીધો ખર્ચ ગણવામાં આવે છે અને જે તે કરાર ખાતે ઉધારવામાં આવે છે.

૨. વર્ષના અંતે ચૂકવવા બાકી મજૂરી કરાર ખાતે ઉધારવામાં આવે છે.

૩. અસામાન્ય ઘટનાને કારણે મજૂરોને ચુકવેલ મજુરી નફા નુકશાન ખાતે ઉધાર કરવામાં આવે છે.

**૩.૪. પ્રત્યેક્ષ ખર્ચાઃ**

કરારના સ્થળ પર કરાર ને લગતા માલસામાન અને મજૂરી સિવાયના ખર્ચા એટલે પ્રત્યેક્ષ ખર્ચા જે તે કરાર ખાતે ઉધારવામાં આવે છે.

**૩.૫. પરોક્ષ ખર્ચાઓઃ**

ઘણા ખર્ચાઓ જેવા કે ઈજનેરનો પગાર, નીરીક્ષણનો પગાર, ઓફિસ ખર્ચા તેમજ વહીવટી ખર્ચા વગેરે કોઈ એક કરાર માટે નહીં પરંતુ એક સાથે એક કરતાં વધુ કરાર માટે થયેલ હોય તેવા ખર્ચાને કરાર મુજબ ગણી તેમજ યોગ્ય વહેંચણી કરીને જે તે કરાર ખાતે ઉધારવામાં આવે છે.

**૩.૬. સાંચા અને યંત્રોઃ**

૧. જ્યારે સાંચા અને યંત્રો ભાડે લઈને કરાર માટે વપરાતા હોય ત્યારે ફક્ત ભાડું કરાર ખાતે ઉધારવામાં આવે છે.

૨. જો સાંચા અને યંત્રો ફક્ત ચોક્કસ કરાર માટે ખરીદવામાં આવ્યા હોય ત્યારે તે સાંચા અને યંત્રો ની ખરીદ કિંમત કરાર ખાતે ઉધારવામાં આવે છે.

૩. જો સાંચા અને યંત્રો કરારને લગતી પ્રવૃત્તિમાં એક કરતાં વધારે કરારમાં ઉપયોગ થતા હોય ત્યારે સાંચા અને યંત્રોની કિંમત (શરૂ બાકી) કરાર ખાતે ઉધારવામાં આવે છે અને તેના પર નક્કી કરેલ દરે ઘસારો બાદ કર્યા પછી તેની આખર બાકી કરાર ખાતે જમા બાજુ ચાલુ કામ હેઠળ દર્શાવવામાં આવે છે.

૪. ઘણી વખત સાંચા અને યંત્રો નો ફક્ત ઘસારો કરાર ખાતે ઊતારવામાં આવતો હોય છે.

૫. સાંચા અને યંત્રોમાં નુકશાન જેવું કે અકસ્માત થવું કે આગથી નાશ થઈ જવું તેવા સંજોગોમાં સાંચા અને યંત્રોની ઘસારા બાદ કિંમત ગણિ એ રકમને નફા નુકશાન ખાતે ઉધારવામાં આવે છે. અને સાંચા અને યંત્રો ખાતે જમા કરવામાં આવે છે.

**૩.૭. પેટા કરાર ખર્ચાઓઃ**

કરારમાં ઘણા બધા કામ પેટા કરાર હેઠળ અન્યને સોંપવામાં આવતા હોય છે. ઉ.દા. તરીકે મકાન બાંધકામમાં લાદી, બારી-બારણાનું કામ પેટા કરાર હેઠળ બીજા પાસે કરાવવાનું થાય ત્યારે તેવા તમામ પેટા કરારના ખર્ચાને કરાર ખાતે ઉધારવામાં આવે છે.

**૩.૮. વધારાના કામ અંગે ના ખર્ચાઓઃ**

કરાર આપનાર કરાર અંગે વધારાનું કામ કરાર લેનાર પાસે કરાવે ત્યારે કરાર લેનાર તેને વધારાનું કામ ગણી તેની પાસે વધારાના કામ પેટે નાણાં વસૂલ કરે છે. તે રકમ ને કરાર ખાતે પેટા કરાર ગણી આવક તરીકે જમા દર્શાવવામાં આવે છે.

### ૩.૯. મિલકત નીભાવ અંગેના ખર્ચાઃ

મિલકત નીભાવ અંગેના ના ખર્ચા જેવા કે મિલકતો અંગે નિભાવ ખર્ચ, મરામત ખર્ચ વગેરે કરાર ખાતે ઉધારવામાં આવે છે.

### ૩.૧૦. અન્ય ખર્ચાઓઃ

કરાર અંગેના અન્ય ખર્ચા જેવા કે આર્કિટેકની ફી, આડકતરા ખર્ચ, વહીવટી ખર્ચા, સુપરવાઇઝર નો પગાર વગેરે કરાર સંબંધિત ખર્ચ કરાર ખાતે ઉધારવામાં આવે છે.

### ૩.૧૧. કરારમાં દંડની જોગવાઈઃ

કરાર આપનાર કરારમાં કોઈપણ નિયત સમયમર્યાદામાં ખામી જણાય તો તે કરાર લેનાર પાસેથી નાણાકીય દંડ વસૂલ કરી શકે છે તેવા દંડની રકમ કરાર ખાતે ઉધારવામાં આવે છે.

### ૪. ચાલુ કામ ખાતુંઃ

ચાલુ કામ એટલે કે નાણાકીય વર્ષ પૂર્ણ થયું હોય પરંતુ કામ હજુ ચાલુ છે તે પૂર્ણ થયું નથી જેને આપણે અધૂરા કાર્ય તરીકે પણ ઓળખાય છે તેવા ચાલુ કામ નું મૂલ્ય પાકા સરવૈયામાં ચાલુ કામ મિલકત તરીકે દર્શાવવામાં આવે છે અને કરાર ખાતામાં જમા બાજુએ ચાલુ કામમાં પ્રમાણીત કામ અને અપ્રમાણિત કામ તેમ અલગ દર્શાવવામાં આવે છે.

### ૪.૧. પ્રમાણિત કામઃ

કરાર લેનારને કરાર આપનાર પાસેથી નાણાની રકમ પ્રમાણિત કામને આધારે મળતી હોય છે. પ્રમાણિત કામ એટલે કે નિયુક્ત કરેલ મોજણી અધિકારી દ્વારા કરારના સ્થળે વખતોવખત તપાસ કરીને કાર્યને પ્રમાણિત કરવામાં આવે છે અને તેના બદલામાં મોજણી અધિકારી દ્વારા એક પ્રમાણપત્ર આપવામાં આવે છે તેને પ્રમાણિત કામ તરીકે ઓળખવામાં આવે છે. જે કરાર ખાતાની જમા બાજુ ચાલુ કામ ખાતા નીચે પ્રમાણિત કામનું મૂલ્ય દર્શાવવામાં આવે છે.

### ૪.૨. બિન પ્રમાણિત કામઃ

બિન પ્રમાણિત કામ એટલે કે જે કામ કરાર લેનાર દ્વારા કરવામાં આવ્યું છે પરંતુ મોજણી અધિકારી એ કામને પ્રમાણિત કરેલ નથી તેવા કામને બિન પ્રમાણે કામ કહેવાય. બિન પ્રમાણિત કામ નું મૂલ્ય પડતર કિંમતે ચાલુ કામ ખાતે દર્શાવવામાં આવે છે.

### ૫. રાખી મુકેલ રકમ (Retetion Money):

કરાર આપનાર તરફથી પ્રમાણિત કામની કિંમતના ૮૦ થી ૯૦ ટકા રકમ કરાર લેનારને ચૂકવવામાં આવે છે અને બાકીની રકમ સમયસર કરાર પૂરો થવાની ગેરંટી અંગે અનામત રાખી મુકવામાં આવે છે તેને રાખી મુકેલ રકમ કહે છે.

જ્યારે કરાર આપનાર રકમ ચૂકવે ત્યારે તે રકમ તેના ખાતે જમા કરવામાં આવે છે. આમ તેના ખાતે એના તરફથી મળેલ રકમ જમા થતી જાય છે, અને તેનું ખાતું જમા બાકી દર્શાવે છે. આ જમા બાકી વર્ષના અંતે પાકા સરવૈયામાં ચાલુ કામની બાકી માંથી બાદ કરવામાં આવે છે, જ્યારે કરાર પૂરો થાય ત્યારે કરારની રકમ કરાર આપનાર ખાતે ઉધારવામાં આવે છે, અને ત્યારબાદ કરાર આપનારનું ખાતુ રકમ પૂરેપૂરી મળતા બંધ થાય છે, પરંતુ જો રકમ પૂરેપૂરી ન મળેલ હોય તો કરાર આપનાર દેવાદાર તરીકે પાકા સરવૈયામાં દર્શાવાય છે.

## ૬. કરાર નો નફો કે નુકશાનઃ

વર્ષના અંતે અધુરા કરારમાં કેટલો નફો કે નુકશાન થયો તેનો આધાર કરાર માટે કરેલા ખર્ચાઓ ઉપરાંત કેટલા પ્રમાણમાં કરાર નું કામ થયું છે તેના પર રહેલો છે.

### ૬.૧. કરાર પૂરો થયેલ હોય ત્યારેઃ

જ્યારે કરાર પૂરો થાય ત્યારે કરારની કિંમત કરાર આપનાર ખાતે ઉધારીને કરાર ખાતે જમા કરવામાં આવે છે, કરાર પૂરો થાય ત્યારે જો કોઈ માલ સામાન, સાંચા કે યંત્રો વધેલા હોય તો સ્ટોર્સ ખાતે યંત્ર ખાતે ઉધારી તેની કિંમત પણ કરાર ખાતે જમા કરવામાં આવે છે, કરારનું કામ બાકી ન હોવાથી વધેલા માલસામાન કે યંત્રો ચાલુ કામ ખાતે ઉધારવામાં આવતા નથી, અને કરાર ખાતાની બાકી રકમ કે જે નફો કે નુકશાન દર્શાવે છે, તે બધીજ રકમ સામાન્ય નફા નુકશાન ખાતે લઈ જવામાં આવે છે.

### ૬.૨. કરાર અધુરો હોય ત્યારે

ઘણા કરારો એક કરતા વધુ વર્ષ ચાલતા હોય છે આવા કરાર પર નો નફો તે કરાર જે વર્ષે પૂરો થાય તે જ વર્ષે નફા નુકશાન ખાતે લઈ જવો એ યોગ્ય નથી, વર્ષ દરમિયાન પણ કરાર નો નફો કે નુકશાન ધ્યાનમાં લેવા જોઈએ.

કરાર ખાતાની બાકી રકમ નુકશાન માલુમ પડે તો તે પૂરેપૂરી રકમ નફા નુકશાન ખાતે લઈ જવામાં આવે છે.

કરાર ખાતાની બાકી રકમ નફો હોય તો તેનો અમુક ભાગ અનામત રાખી બાકીનો નફો સામાન્ય નફા નુકશાન ખાતે લઈ જવામાં આવે છે.

અધૂરા કરાર પરનો નફો સામાન્ય નફા નુકશાન ખાતે નીચે મુજબ ની જોગવાઈ પ્રમાણે લઈ જવામાં આવે છે.

| કામ પૂર્ણ થયા નું પ્રમાણ | નફા નુકશાન ખાતે લઇ જવાની ગણતરી |
|---|---|
| ૨૫ % કરતા ઓછું કામ | નફાની કોઈ રકમ લઇ જવાની નથી તેનો અર્થ બધીજ રકમ કરાર ખાતે રાખવાની |
| ૨૫ % થી વધારે અને ૭૫ % કે તેથી ઓછું કામ | ૨/૩ X કુલ નફો X મળેલ રોકડ/પ્રમાણિત કામ |
| ૭૫ % થી વધુ કામ થયું હોય ત્યારે | અંદાજીત નફો X પ્રમાણિત કામ/કરાર કીમત |

કામ નું પ્રમાણ નક્કી કરવા માટે = પ્રમાણિત કામ / કરાર કીમત X ૧૦૦

## ૭. કરારમાં સ્વયમ્ ભાવવર્ધક કલમઃ

સ્થિર ભાવના કરારમાં, કરારની કિંમત નિશ્ચિત અને પૂર્વ-નિર્ધારિત હોય છે. જો કરારના સમયગાળા દરમિયાન માલસામાન, મજૂરી ખર્ચ વગેરેમાં અસામાન્ય કિંમતોમાં વધારો થાય, તો કરારના કુલ ખર્ચમાં વધારો થઈ શકે છે અને કોન્ટ્રાક્ટરને નુકશાન થઈ શકે છે. તેવામાં કોન્ટ્રાક્ટરને તેના નફાના ગાળાને જાળવવા માટે નીચી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરવા પ્રેરે છે. આવી પરિસ્થિતિને પહોંચી વળવા, કરારમાં સામાન્ય રીતે એક એવી શરત હોય છે કે જો માલસામાન, વેતન વગેરેના ભાવમાં કોઈ ચોક્કસ મર્યાદાથી વધી જાય તો કરારની કિંમતમાં સહમતી મુજબ રકમમાં અથવા ટકાવારીમાં વધારવામાં આવશે, આવી શરતને સ્વયમ્-ભાવવર્ધક કલમ કહેવામાં આવે છે.

આ કલમનો ઉદ્દેશ્ય કિંમતમાં બિનતરફેણકારી પરિવર્તન સામે બંને પક્ષના હિતની રક્ષા કરવાનો છે.

**૮. કરાર ખાતાનો નમુનોઃ**

પેઢીનું નામઃ ..........................................................................

કરાર નંબર ...................... તા. ............................ ના રોજ પુરા થતા વર્ષ નું કરાર ખાતું

| વિગત | રકમ રૂ | વિગત | રકમ રૂ |
|---|---|---|---|
| માલસામાન ખર્ચઃ | | માલસામાનઃ | |
| ૧. પ્રત્યક્ષ ખરીદી | | ૧. વેપારીને પરત કરેલ | |
| ૨. સ્ટોરમાંથી આવેલ | | ૨. સ્ટોરમાં પરત આપેલ | |
| ૩. અન્ય કરારમાંથી આવેલ | | ૩. અન્ય કરારમાં મોકલેલ | |
| મજુરી | | ૪. વેચાણ કરેલ | |
| સાંચા અને યંત્રો | | ૫. હાથ પર સ્ટોક | |
| ૧. કરાર માટે લીધેલ | | સાંચા અને યંત્રો | |
| ૨. સામાન્ય ઘસારો | | ૧. સ્ટોરમાં પરત કરેલ | |
| પ્રત્યક્ષ ખર્ચાઓ | | ૨. અન્ય કરાર પર મોકલેલ માલ | |
| પેટા કરાર ખર્ચ | | ૩. વેચાણ કરેલ | |
| વધારા કામની પડતર | | ૪. હાથ પર સ્ટોક | |
| પરોક્ષ ખર્ચાઓ | | સામાન્ય નફા નુકશાન ખાતે | |
| અન્ય કરાર આધારિત ખર્ચાઓ | | ૧. માલસામાન નું નુકશાન | |
| | | ૨. સાંચા અને યંત્રો નું નુકશાન | |
| | | કરાર કિમત (જો કરાર પૂર્ણ થયેલ હોય ત્યારે) | |
| | | અથવા | |
| નફો | | ચાલુ કામ ખાતેઃ (જો કરાર અધુરો હોય ત્યારે) | |
| ૧. નફા નુકશાન ખાતે | | ૧. પ્રમાણિત કામનું મૂલ્ય | |
| ૨. ચાલુ કામ ખાતે (અનામત નફો) | | ૩. બિન પ્રમાણિત કામ ની પડતર | |

**૯. ઉદાહરણના દાખલાઓઃ**

ઉદાહરણઃ ૦૧.

નીચેની માહિતી એક કરાર ને લગતી છે. જે કરાર તારીખ : ૦૧/૦૧/૨૦૧૮ ના રોજ હાથ ધરવામાં આવ્યો છે.

| | |
|---|---|
| માલસામાનની ખરીદી | રૂ. ૧,૧૦,૦૦૦ |
| કરાર પૂર્ણ થયે માલસામાન | રૂ. ૧,૨૫૦ |
| પ્રત્યક્ષ મજુરી | રૂ. ૧૫,૦૦૦ |

| | |
|---|---|
| મોકલેલ પ્લાન્ટ | રૂ. ૫,૦૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચાઓ | રૂ. ૮,૦૦૦ |

કરાર કિંમત રૂ. ૧,૫૦,૦૦૦ હતી. જેના નાણા તારીખ ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ કરાર પૂર્ણ થયે મળેલ છે. મજુરી ના ૧૫ % પરોક્ષ ખર્ચ તરીકે વસુલ કરવા અને રૂ. ૧,૦૦૦ યંત્રો નો ઘસારો ગણવો.

કરાર ખાતું અને કરાર આપનારનું ખાતું તૈયાર કરો.

જવાબ:૦૧.

**તા. ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર કરાર ખાતું જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| માલસામાન | ૧,૧૦,૦૦૦ | કરાર આપનાર ખાતે | ૧,૫૦,૦૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | ૧૫,૦૦૦ | માલસામાન | ૧,૨૫૦ |
| પ્રત્યક્ષ ખર્ચા | ૮,૦૦૦ | પ્લાન્ટની આખર બાકી (૫૦૦૦-૧૦૦૦) | ૪,૦૦૦ |
| પરોક્ષ ખર્ચા (૧૫% X ૧૫,૦૦૦) | ૨,૨૫૦ | | |
| મોકલેલ પ્લાન્ટ | ૫,૦૦૦ | | |
| નફા - નુકશાન ખાતે | ૧૫,૦૦૦ | | |
| **કુલ** | **૧,૫૫,૨૫૦** | **કુલ** | **૧૫૫,૨૫૦** |

**તા. ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર કરાર આપનારનું ખાતું જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| કરાર ખાતે | ૧,૫૦,૦૦૦ | બેંક ખાતે | ૧,૫૦,૦૦૦ |
| **કુલ** | **૧,૫૦,૦૦૦** | **કુલ** | **૧,૫૦,૦૦૦** |

**નોંધ : આ પૂર્ણ કરાર છે એટલે તમામ નફાની રકમ નફા નુકશાન ખાતે લઈ ગયા છે.**

ઉદાહરણ:૦૨.

શ્રી તેંદુલકરે એક મકાન બાંધવાનો કરાર રૂ. ૧૦,૦૦,૦૦૦ માં સ્વીકાર્યો, કરાર આપનારે પ્રમાણિત કામ ના ૯૦ ટકા નાણા આપવાની સહમતી આપી છે. પ્રથમ વર્ષે નીચે મુજબ ખર્ચ થયો હતો.

માલસામાન રૂ. ૧,૨૦,૦૦૦, મજુરી રૂ. ૧,૫૦,૦૦૦, યંત્રો રૂ. ૩૦,૦૦૦ અને અન્ય ખર્ચાઓ રૂ. ૯૦,૦૦૦

વર્ષના અંતે યંત્રોનું મુલ્ય રૂ. ૨૦,૦૦૦ આંકવામાં આવ્યું છે. સ્થળ પર માલસામાન રૂ. ૫,૦૦૦, ચાલુ વર્ષે પ્રમાણિત કામ રૂ. ૪,૦૦,૦૦૦ થયું તે ઉપરાંત કામ ચાલુ છે પરંતુ પ્રમાણિત થયેલ નથી તેની પડતર રૂ. ૧૫,૦૦૦.

ઉપરની માહિતી પરથી શ્રી તેંદુલકર ના ચોપડામાં કરાર ખાતું તૈયાર કરો અને વ્યાજબી નફો નફા નુકશાન ખાતે લઈ જવાની રકમ નક્કી કરો.

જવાબઃ૦૨.

**શ્રી તેંદુલકરના ચોપડે**
**તા. ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

| ઉધાર | | કરાર ખાતું | જમા |
|---|---|---|---|
| **વિગત** | **રકમ રૂ.** | **વિગત** | **રકમ રૂ.** |
| માલસામાન | ૧,૨૦,૦૦૦ | ચાલુ કામ ખાતેઃ | |
| પ્રત્યક્ષ મજુરી | ૧,૫૦,૦૦૦ | - પ્રમાણિત કામ | ૪,૦૦,૦૦૦ |
| યંત્રો | ૩૦,૦૦૦ | - બિન પ્રમાણિત કામ | ૧૫,૦૦૦ |
| અન્ય ખર્ચા | ૯૦,૦૦૦ | સ્થળ પર યંત્રો | ૨૦,૦૦૦ |
| કરારનો નફો | ૫૦,૦૦૦ | સ્થળ પર માલસામાન | ૫,૦૦૦ |
| કુલ | ૪,૪૦,૦૦૦ | કુલ | ૪,૪૦,૦૦૦ |
| સામાન્ય નફા નુકશાન ખાતે | ૧૫,૦૦૦ | કરારનો નફો | ૫૦,૦૦૦ |
| અનામત ખાતે (ચાલુ કામ ખાતે) | ૩૫,૦૦૦ | | |
| | **૫૦,૦૦૦** | | **૫૦,૦૦૦** |

નોંધ નં. ૧, સામાન્ય નફા નુકશાન ખાતે લઈ જવાની રકમ ની ગણતરી :

કરાર નફો X ૧/૩ X ૯૦%

૫૦,૦૦૦ X ૧/૩ X ૯૦% = રૂ. ૧૫,૦૦૦.

ઉદારહણઃ૦૩.

શ્રી રામ કન્ટ્રકશન કંપની મોટા કરારો હાથ ધરે છે. નીચેની માહિતી તા. ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષની કરાર નં. ૧૨૫ ને લગતી છે.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| પ્રમાણિત કામ | ૧,૪૩,૦૦૦ | તા. ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ ચુકવવા બાકી મજુરી | ૧,૮૦૦ |
| બિન પ્રમાણિત કામ ની પડતર | ૩,૪૦૦ | પ્રત્યેક્ષ ખર્ચાઓ | ૨,૪૦૦ |
| સ્થળ પર સ્થાપિત યંત્ર | ૧૧,૩૦૦ | તા. ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ હાથ પર માલસામાન | ૧,૪૦૦ |
| તા. ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ યંત્રો નું મુલ્ય | ૮,૨૦૦ | સ્ટોર પર પરત કરેલ માલસામાન | ૪૦૦ |
| કરારના સ્થળે મોકલેલ માલસામાન | ૬૪,૫૦૦ | તા. ૩૧/૦૩/૨૦૧૮ ના ચુકવવા બાકી પ્રત્યક્ષ ખર્ચ | ૨૦૦ |
| મજુરી | ૫૪,૮૦૦ | કરાર કિંમત | ૨,૦૦,૦૦૦ |
| મહેકમ ખર્ચ | ૩,૨૫૦ | કરાર આપનાર પાસેથી મળેલ | |

| | |
|---|---|
| રોકડ રકમ | ૧,૩૦,૦૦૦ |

તા. ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું કરાર ખાતું તૈયાર કરો અને નફો ૨/૩ મળેલ રોકડના ધોરણે નફા નુકશાન ખાતે લઈ જવાનો છે.

જવાબઃ ૦૩.

**શ્રી રામ કન્ટ્રકશન કંપનીના ચોપડે**

**તા. ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર** **કરાર ખાતું** **જમા**

| વિગત | | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|---|
| માલસામાન | | ૬૪,૫૦૦ | માલસામાન પરત | ૪૦૦ |
| મજુરી | | | સ્થળ પર માલસામાન | ૧,૪૦૦ |
| - ચૂકવેલ | ૫૪,૮૦૦ | | ચાલુ કામ ખાતેઃ | |
| - ચુકવવાબાકી | ૧,૮૦૦ | ૫૬,૬૦૦ | - પ્રમાણિત કામ | ૧,૪૩,૦૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચા | | | - બિન પ્રમાણિત કામ | ૩,૪૦૦ |
| - ચૂકવેલ | ૨,૪૦૦ | | સ્થળ પર યંત્રો | ૮,૨૦૦ |
| - ચુકવવા બાકી | ૨૦૦ | ૨,૬૦૦ | | |
| યંત્રો | | ૧૧,૩૦૦ | | |
| મહેકમ ખર્ચ | | ૩,૨૫૦ | | |
| કરારનો નફો | | ૧૮,૧૫૦ | | |
| કુલ | | ૧,૫૬,૪૦૦ | કુલ | ૧,૫૬,૪૦૦ |
| સામાન્ય નફા નુકશાન ખાતે | | ૧૧,૦૦૦ | કરારનો નફો | ૧૮,૧૫૦ |
| અનામત ખાતે (ચાલુ કામ ખાતે) | | ૭,૧૫૦ | | |
| | | ૧૮,૧૫૦ | | ૧૮,૧૫૦ |

**નોંધ નં. ૧, સામાન્ય નફા નુકશાન ખાતે લઈ જવાની રકમ ની ગણતરી :**

કરાર નફો x ૨/૩ x મળેલ રકમ / પ્રમાણિત કામ

૧૮,૧૫૦ x ૨/૩ x ૧,૩૦,૦૦૦/ ૧,૪૩,૦૦૦ = રૂ. ૧૧,૦૦૦.

ઉદાહરણઃ ૦૪.

L & L કન્સ્ટ્રકશન કંપની લી. યમુના નદી પર પુલ બાંધવાનો કરાર નગરપાલિકા પાસેથી હાથ ધારે છે. કરારની કિંમત રૂ. ૧૫,૦૦,૦૦૦ જેમાંથી ૨૦ % રકમ પ્રમાણિત કામ પછી એક વર્ષ માટે રાખી મુકવાની છે. નીચેની માહતી કંપની ના ચોપડેથી તા. ૩૦/૦૬/૨૦૧૮ ના રોજની છે.

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| મજુરી | ૪,૦૫,૦૦૦ | તા.૩૦/૦૬/૨૦૧૮ ના રોજ હાથ પર માલસામાન | ૬,૩૦૦ |
| સ્થળ પર ખરીદેલ માલસામાન | ૪,૨૦,૦૦૦ | તા. ૩૦/૦૬/૨૦૧૮ ના ચુક્વવાબાકી મજુરી | ૭,૮૦૦ |
| સ્ટોર પરથી મોકલેલ માલસામાન | ૮૧,૨૦૦ | તા. ૩૦/૦૬/૨૦૧૮ ના ચુક્વવાના બાકી પ્રત્યક્ષ ખર્ચ | ૧,૬૦૦ |

| | | | |
|---|---|---|---|
| ભાડે રાખેલ યંત્ર | ૧૨,૧૦૦ | બિન પ્રમાણિત કામની પડતર | ૧૬,૫૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચ | ૨૩,૦૦૦ | પ્રમાણિત કામ | ૧૧,૦૦,૦૦૦ |
| કરાર ને લગતા સામાન્ય ખર્ચ | ૩૭,૧૦૦ | મળેલ રોકડ | ૮,૮૦,૦૦૦ |

તૈયાર કરો (અ) કરાર ખાતું (બ) કરાર આપનારનું ખાતું અને (ક) ચાલુ કામ ખાતાની બાકી પાકા સરવૈયામાં બતાઓ.

જવાબ: ૦૪.

**L & L કન્સ્ટ્રકશન કંપની લી. ના ચોપડે**

**તા. ૩૦/૦૬/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર — કરાર નં. કરાર ખાતું — જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| મજુરી: | | સ્થળ પર માલસામાન | ૬,૩૦૦ |
| - ચૂકવેલ: રૂ.૪,૦૫,૦૦૦ | | ચાલુ કામ ખાતેઃ | |
| - ચુકવવા બાકી રૂ. ૭,૮૦૦ | ૪,૧૨,૮૦૦ | - પ્રમાણિત કામ | ૧૧,૦૦,૦૦૦ |
| | | - બિન પ્રમાણિત કામ | ૧૬,૫૦૦ |
| સ્થળ પર ખરીદેલ માલસામાન | ૪,૨૦,૦૦૦ | | |
| સ્ટોર પરથી મોકલેલ માલસામાન | ૮૧,૨૦૦ | | |
| ભાડે રાખેલ યંત્ર | ૧૨,૧૦૦ | | |
| પ્રત્યક્ષ ખર્ચ | | | |
| - ચૂકવેલ રૂ. ૨૩,૦૦૦ | | | |
| - ચુકવવા બાકી રૂ. ૧,૬૦૦ | ૨૪,૬૦૦ | | |
| કરાર ને લગતા સામાન્ય ખર્ચ | ૩૭,૧૦૦ | | |
| કરારનો નફો | ૧,૩૫,૦૦૦ | | |
| કુલ | ૧૧,૨૨,૮૦૦ | કુલ | ૧૧,૨૨,૮૦૦ |
| સામાન્ય નફા નુકશાન ખાતે | ૭૨,૦૦૦ | કરારનો નફો | ૧,૩૫,૦૦૦ |
| અનામત ખાતે | ૬૩,૦૦૦ | | |
| (ચાલુ કામ ખાતે) | | | |
| | **૧,૩૫,૦૦૦** | | **૧,૩૫,૦૦૦** |

**નોંધ નં. ૧, સામાન્ય નફા નુકશાન ખાતે લઈ જવાની રકમ ની ગણતરી :**

કરાર નફો X ૨/૩ X મળેલ રકમ / પ્રમાણિત કામ

૧,૩૫,૦૦૦ X ૨/૩ X ૮,૮૦,૦૦૦ / ૧૧,૦૦,૦૦૦ = રૂ. ૭૨,૦૦૦.

**તા. ૩૦/૦૬/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર — કરાર આપનારનું ખાતું — જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| કરાર ખાતે | ૮,૮૦,૦૦૦ | બેંક ખાતે | ૮,૮૦,૦૦૦ |
| કુલ | **૮,૮૦,૦૦૦** | કુલ | **૮,૮૦,૦૦૦** |

### તા. ૩૦/૦૬/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું પાકું સરવૈયું

| મૂડી - દેવા | રકમ રૂ. | મિલકત | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ચાલુ જવાબદારીઃ | | ચાલુ કામ ખાતેઃ | | |
| ચુકવવા બાકી ખર્ચાઓઃ | | પ્રમાણિત કામ | રૂ. ૧૧,૦૦,૦૦૦ | |
| - મજુરી | ૭,૮૦૦ | બિન પ્રમાણિત કામ | રૂ.૧૬,૫૦૦ | |
| - પ્રત્યેક્ષ ખર્ચ | ૧,૬૦૦ | | રૂ. ૧૧,૧૬,૫૦૦ | |
| | | બાદઃ મળેલ રોકડ | રૂ. ૮,૮૦,૦૦૦ | |
| | | | રૂ. ૨,૩૬,૫૦૦ | |
| | | બાદઃ અનામત | રૂ. ૬૩,૦૦૦ | ૧,૭૩,૫૦૦ |

ઉદાહરણઃ ૦૫.

એક કોન્ટ્રાક્ટ પાસે રૂ. ૩૭,૫૦,૦૦૦નો કરાર છે. તેને વખતોવખત પ્રમાણિત કામના ૯૦ ટકા રોકડ મળે છે. આ કરારને લગતી વિગતો નીચે મુજબ છે.

| વિગત | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ |
|---|---|---|---|
| | રૂ. | રૂ. | રૂ. |
| માલસામાન | ૪,૫૦,૦૦૦ | ૫,૫૦,૦૦૦ | ૩,૧૫,૦૦૦ |
| મજુરી | ૪,૨૫,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૪,૨૫,૦૦૦ |
| પ્રત્યક્ષ | ૧૭,૫૦૦ | ૬૨,૫૦૦ | ૨૨,૫૦૦ |
| આડકતરા ખર્ચા | ૭,૫૦૦ | ૧૦,૦૦૦ | -- |
| પ્રમાણિત કામ | ૮,૭૫,૦૦૦ | ૨૮,૨૫,૦૦૦ | ૩૭,૫૦,૦૦૦ |
| અપ્રમાણીત કામ | -- | ૫૦,૦૦૦ | -- |
| આપેલ યંત્ર | ૫૦,૦૦૦ | -- | -- |
| યંત્રની આખર કિંમત | ૪૦,૦૦૦ | ૨૫,૦૦૦ | ૧૦,૦૦૦ |

જરૂરી ખાતા તૈયાર કરો અને આંકડા પાકા સરવૈયામાં બતાવો.

જવાબઃ ૦૫.

### કન્સ્ટ્રકશન કંપની લી. ના ચોપડે
### તા. ૩૧/૧૨/૨૦૧૬ ના રોજ પુરા થતા વર્ષનું

ઉધાર — કરાર ખાતું — જમા

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| માલસામાન | ૪,૫૦,૦૦૦ | ચાલુ કામ ખાતેઃ | |
| મજુરી | ૪,૨૫,૦૦૦ | - પ્રમાણિત કામ | ૮,૭૫,૦૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચ | ૧૭,૫૦૦ | - બિન પ્રમાણિત કામ | -- |
| આડકતરા ખર્ચ | ૭,૫૦૦ | - હાથ પર યંત્ર | ૪૦,૦૦૦ |
| આપેલ યંત્ર | ૫૦,૦૦૦ | બાકીઃ ખોટ નફા નુકશાન ખાતે લઈ ગયા (?) | ૩૫,૦૦૦ |
| | ૯,૫૦,૦૦૦ | | ૯,૫૦,૦૦૦ |

**તા. ૩૧/૧૨/૨૦૧૬ ના રોજ પુરા થતા વર્ષનું**

| ઉધાર | ચાલુ કામ ખાતું | | જમા |
|---|---|---|---|
| **વિગત** | **રકમ રૂ.** | **વિગત** | **રકમ રૂ.** |
| કરાર ખાતે | ૯,૧૫,૦૦૦ | બાકી આગળ લઇ ગયા ? | ૯,૧૫,૦૦૦ |
| | **૯,૧૫,૦૦૦** | | **૯,૧૫,૦૦૦** |

**તા. ૩૧/૧૨/૨૦૧૬ ના રોજ પુરા થતા વર્ષનું**

| ઉધાર | કરાર આપનારનું ખાતું | | જમા |
|---|---|---|---|
| **વિગત** | **રકમ રૂ.** | **વિગત** | **રકમ રૂ.** |
| બાકી આગળ લઇ ગયા | ૭,૮૭,૫૦૦ | રોકડ ખાતે (૯૦ % પ્રમાણિત કામના) | ૭,૮૭,૫૦૦ |
| | **૭,૮૭,૫૦૦** | | **૭,૮૭,૫૦૦** |
| | | બાકી આગળ લઇ ગયા | ૭,૮૭,૫૦૦ |

**તા. ૩૧/૧૨/૨૦૧૬ ના રોજ પુરા થતા વર્ષનું પાકું સરવૈયું**

| મૂડી - દેવા | રકમ રૂ. | મિલકત | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| | | ચાલુ કામ ખાતેઃ | | |
| | | બાકી | રૂ. ૯,૧૫,૦૦૦ | |
| | | બાદઃ કરાર | | |
| | | આપનાર ખાતે | રૂ. ૭,૮૭,૫૦૦ | ૧,૨૭,૫૦૦ |

વર્ષ ૨૦૧૬ માં પ્રમાણિત કામ રૂ. ૮,૭૫,૦૦૦ છે અને કરાર કિંમત રૂ. ૩૭,૫૦,૦૦૦ છે. તેથી ૨૩.૧/૩% એટલે કે ચોથા ભાગથી ઓછું કામ થયું હોવાથી નફો નફા નુકશાન ખાતે લઇ જવાનો નથી, પરંતુ ખોટ હોવાથી અહી પુરેપુરી ખોટ નફા નુકશાન ખાતે લઇ જવાશે.

**કન્સ્ટ્રકશન કંપની લી. ના ચોપડે**

**તા. ૩૧/૧૨/૨૦૧૭ ના રોજ પુરા થતા વર્ષનું**

| ઉધાર | કરાર ખાતું | | જમા |
|---|---|---|---|
| **વિગત** | **રકમ રૂ.** | **વિગત** | **રકમ રૂ.** |
| બાકી આગળ લાવ્યા (ચાલુ કામ ખાતાની બાકી) | ૯,૧૫,૦૦૦ | ચાલુ કામ ખાતેઃ | |
| | | - પ્રમાણિત કામ | ૨૮,૨૫,૦૦૦ |
| માલસામાન | ૫,૫૦,૦૦૦ | - બિન પ્રમાણિત કામ | ૫૦,૦૦૦ |
| મજુરી | ૫,૭૫,૦૦૦ | - હાથ પર યંત્ર | ૨૫,૦૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચ | ૬૨,૫૦૦ | | |
| આડકતરા ખર્ચ | ૧૦,૦૦૦ | | |
| નફા નુકશાન ખાતે (રોકડ ના ધોરણે નફો) | ૪,૭૨,૫૦૦ | | |
| ચાલુ કામ ખાતેઃ (અનામત નફો) | ૩,૧૫,૦૦૦ | | |
| | **૨૯,૦૦,૦૦૦** | | **૨૯,૦૦,૦૦૦** |

### તા. ૩૧/૧૨/૨૦૧૭ ના રોજ પુરા થતા વર્ષનું

| ઉધાર | ચાલુ કામ ખાતું | | જમા |
|---|---|---|---|
| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
| બાકી આગળ લાવ્યા (શરૂની) | ૯,૧૫,૦૦૦ | કરાર ખાતે | ૯,૧૫,૦૦૦ |
| કરાર ખાતે | ૨૯,૦૦,૦૦૦ | કરાર ખાતે (અનામત નફો) | ૩,૧૫,૦૦૦ |
| | | બાકી આગળ લઈ ગયા (?) | ૨૫,૮૫,૦૦૦ |
| | **૩૮,૧૫,૦૦૦** | | **૩૮,૧૫,૦૦૦** |
| બાકી આગળ લાવ્યા | ૨૫,૮૫,૦૦૦ | | |

### તા. ૩૧/૧૨/૨૦૧૭ ના રોજ પુરા થતા વર્ષનું

| ઉધાર | કરાર આપનારનું ખાતું | | જમા |
|---|---|---|---|
| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
| બાકી આગળ લઈ ગયા | ૨૫,૪૨,૫૦૦ | બાકી આગળ લાવ્યા | ૭,૮૭,૫૦૦ |
| | | રોકડ ખાતે | ૧૭,૫૫,૦૦૦ |
| | **૨૫,૪૨,૫૦૦** | | **૨૫,૪૨,૫૦૦** |
| | | બાકી આગળ લઈ ગયા | ૨૫,૪૨,૫૦૦ |

### તા. ૩૧/૧૨/૨૦૧૭ ના રોજ પુરા થતા વર્ષનું પાકું સરવૈયું

| મૂડી - દેવા | રકમ રૂ. | મિલકત | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| | | ચાલુ કામ ખાતેઃ | | |
| | | બાકી | રૂ. ૨૫,૮૫,૦૦૦ | |
| | | બાદઃ | | |
| | | કરાર આપનાર ખાતે | રૂ.૨૫,૪૨,૫૦૦ | ૪૨,૫૦૦ |

વર્ષ ૨૦૧૭ માં પ્રમાણિત કામ રૂ. ૨૮,૨૫,૦૦૦ છે અને કરાર કિંમત રૂ. ૩૭,૫૦,૦૦૦ છે. તેથી ૭૫ ૧/૩% એટલે કે સારું એવું કામ થયું હોવાથી નફો નફા નુકશાન ખાતે લઈ ૨/૩ રોકડના ધોરણે ગણાશે.

### કન્સ્ટ્રકશન કંપની લી. ના ચોપડે
### તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું

| ઉધાર | કરાર ખાતું | | જમા |
|---|---|---|---|
| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
| બાકી આગળ લાવ્યા (ચાલુ કામ ખાતાની બાકી) | ૨૮,૮૫,૦૦૦ | કરાર આપનાર ખાતે (કરાર કિંમત) | ૩૭,૫૦,૦૦૦ |
| માલસામાન | ૩,૧૫,૦૦૦ | | |
| મજુરી | ૪,૨૫,૦૦૦ | | |
| પ્રત્યક્ષ ખર્ચ | ૨૨,૫૦૦ | | |
| નફા નુકશાન ખાતે (?) (રોકડ ના ધોરણે નફો) | ૪,૧૨,૫૦૦ | | |
| | **૩૭,૬૦,૦૦૦** | | **૩૭,૬૦,૦૦૦** |

**તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર કરાર આપનારનું ખાતું જમા**

| **વિગત** | **રકમ રૂ.** | **વિગત** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| કરાર ખાતે | ૩૭,૫૦,૦૦૦ | બાકી આગળ લાવ્યા | ૨૫,૪૨,૫૦૦ |
| | | રોકડ ખાતે | ૧૨,૦૭,૫૦૦ |
| | **૩૭,૫૦,૦૦૦** | | **૩૭,૫૦,૦૦૦** |

ઉદાહરણઃ ૦૬.

વિશાલ લી. એક કરાર રૂ. ૩૫,૦૦,૦૦૦ લીધો હતો જે કરારની તારીખ ૦૧/૦૪/૨૦૧૭ હતી. તારીખઃ ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ નીચે મુજબ બાકીઓ હતીઃ

| **વિગત** | **રકમ રૂ.** |
|---|---|
| માલ સ્ટોક | ૩૫,૦૦૦ |
| યંત્ર (ઘસારા બાદ) | ૭૫,૦૦૦ |
| ચૂકવવાનો બાકી પગાર | ૨૦,૦૦૦ |
| કરાર આપનારનું ખાતું | ૬,૦૦,૦૦૦ |
| બિન પ્રમાણિત કામ | ૯૦,૦૦૦ |
| ચાલુ કામ (અનામત નફો) | ૫૦,૦૦૦ |

૨૦૧૮-૧૯ના વર્ષ દરમિયાન માહિતી નીચે મુજબ છે.

| **વિગત** | **રકમ રૂ.** |
|---|---|
| મોકલેલ માલ | ૪,૫૦,૦૦૦ |
| ચૂકવેલ પગાર | ૧,૭૦,૦૦૦ |
| અન્ય પ્રત્યક્ષ ખર્ચા | ૨૦,૦૦૦ |
| પરોક્ષ ખર્ચા | ૨૦,૦૦૦ |
| મોકલેલ ખાસ યંત્ર (તા. ૦૧/૧૦/૨૦૧૮) | ૫૦,૦૦૦ |
| સ્ટોર્સમાં માલ પરત | ૫,૦૦૦ |
| કરારના સ્થળથી ચોરાયેલ માલ | ૪,૫૦૦ |
| કરારની જગ્યાએ આગથી નાશ પામેલ ખાસ યંત્ર (તા.૩૧/૦૩/૨૦૧૯) | ૪૭,૫૦૦ |

તા. ૩૧/૦૩/૨૦૧૯ના રોજ બાકીઓ નીચે મુજબ હતીઃ

| **વિગત** | **રકમ રૂ.** |
|---|---|
| માલ સ્ટોક | ૧૫,૦૦૦ |
| ચૂકવવાનો બાકી પગાર | ૧૦,૦૦૦ |
| બિન પ્રમાણિત કામ | ૧,૨૫,૦૦૦ |
| મળેલ રોકડ | ૧૦,૦૦,૦૦૦ |

દર વર્ષ પ્રમાણિત કામના ૮૦% પ્રમાણે વિશાલ લી. ને રોકડ મળે છે. યંત્ર પર ઘટતી જતી બાકીની રીતે ૧૦% ઘસારો ગણાય છે.

ઉપરોક્ત વિગતો પરથી ૨૦૧-૧૯ના વર્ષ માટેનું કરાર ખાતું તૈયાર કરો. નફો ૨/૩ મળેલ રોકડના ધોરણે ન. નું. ખાતે લઈ જવાનો છે. તા. ૩૧/૦૩/૨૦૧૯ ના રોજ ચાલુ કામ ખાતાની બાકી પાકા સરવૈયામાં બતાવો.

### તા. ૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું

**ઉધાર** **ચાલુ કામ ખાતું** **જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| કરાર ખાતેઃ | | કરાર ખાતેઃ | |
| પ્રમાણિત કામ | ૭,૫૦,૦૦૦ | (અનામત નફો) | ૫૦,૦૦૦ |
| બિન પ્રમાણિત કામ | ૯૦,૦૦૦ | બાકી આગળ લઇ ગયા (?) | ૯,૦૦,૦૦૦ |
| યંત્રો (ઘસારા બાદ) | ૭૫,૦૦૦ | | |
| માલ સ્ટોક | ૩૫,૦૦૦ | | |
| | ૯,૫૦,૦૦૦ | | ૯,૫૦,૦૦૦ |

### તા. ૩૧/૦૩/૨૦૧૯ ના રોજ પુરા થતા વર્ષનું

**ઉધાર** **કરાર ખાતું** **જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | | સ્ટોર્સમાં પરત કરેલ માલ | ૫,૦૦૦ |
| (ચાલુ કામ ખાતાની) | ૯,૦૦,૦૦૦ | નફા નુકશાન ખાતે | |
| મોકલેલ માલસામાન | ૪,૫૦,૦૦૦ | (ચોરાઈ ગયેલ માલસામાન) | ૪,૫૦૦ |
| ચૂકવેલ પગાર રૂ.૧,૭૦,૦૦૦ | | ચાલુ કામ ખાતેઃ | |
| + ચાલુ વર્ષનો બાકી રૂ. ૧૦,૦૦૦ | | પ્રમાણિત કામ રૂ.૨૦,૦૦,૦૦૦ | |
| રૂ.૧,૮૦,૦૦૦ | | બી. પ્ર.કામ રૂ.૧,૨૫,૦૦૦ | |
| - ગયા વર્ષનો | | યંત્રો ઘસારા બાદ રૂ.૬૭,૫૦૦ | |
| ચૂક. બાકી રૂ. ૨૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | વધેલ માલ રૂ.૧૫,૦૦૦ | ૨૨,૦૭,૫૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચા | ૨૦,૦૦૦ | | |
| પરોક્ષ ખર્ચા | ૨૦,૦૦૦ | | |
| અન્ય ખર્ચા રૂ. ૫૦,૦૦૦ | | | |
| - અન્ય કરારના રૂ. ૨૦,૦૦૦ | ૩૦,૦૦૦ | | |
| મોકલેલ ખાસ યંત્ર | ૫૦,૦૦૦ | | |
| નફો : નફા નુકશાન ખાતે | | | |
| (૨/૩ રોકડના ધોરણે) | | | |
| રૂ. ૩,૧૩,૦૬૬ | | | |
| ચાલુ કામ ખાતે રૂ. ૨,૭૩,૯૩૪ | ૫,૮૭,૦૦૦ | | |
| (અનામત નફો) | | | |
| | ૨૨,૧૭,૦૦૦ | | ૨૨,૧૭,૦૦૦ |

**નોધઃ**

૧. અહી વર્ષ ૨૦૧૭-૧૮ની આખરની બાકીઓ આપી છે. તેને આધારે ૨૦૧૭-૧૮નું ચાલુ કામ ખાતું બનાવીએ, જેથી ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે શરૂઆતની બાકી મળશે અને તે ૦૧/૦૪/૨૦૧૮ના રોજ કરાર ખાતાની ઉધાર બાજુ ટ્રાન્સફર થશે.

૨. મળેલ રોકડ પ્રમાણિત કામના ૮૦ % છે. કરાર આપનાર ખાતા મુજબ મળેલ રોકડ રૂ. ૬,૦૦,૦૦૦ છે. જેને આધારે પ્રમાણિત કામ રૂ. ૭,૫૦,૦૦૦.

= ૬,૦૦,૦૦૦ X ૧૦૦/૮૦ = રૂ. ૭,૫૦,૦૦૦

૩. નફા નુકસાન ખાતે લઇ જવાની રકમ = ૫૮૭૦૦૦ X ૨/૩ X ૮૦/૧૦૦ = ૩૧૩૦૬૬

૪. મોકલેલ ખાસ યંત્ર કરાર માટે ખાસ ખરીદવામાં આવ્યું હોય તેનું નુકશાન કરાર ખાતે જ ગણવાનું હોય તે અંગે કોઈ નોંધ કરાર ખાતાની જમા બાજુ દર્શાવવાની નથી.

ઉદાહરણ : ૦૭.

એક કોન્ટ્રાક્ટરે કોલેજનું મકાન બાંધવા માટે રૂ. ૧૨,૦૦,૦૦૦ નો કોન્ટ્રાક્ટ લીધો. તા. ૦૧ લી જાન્યુઆરી, ૨૦૧૮ ના રોજ કામ શરુ કર્યું અને તા. ૩૧/૧૨/૨૦૧૮ સુધી નીચેનો ખર્ચ કર્યોઃ

| વિગત | રકમ રૂ. |
|---|---|
| માલસામાનનો વપરાશ | ૩,૦૦,૦૦૦ |
| સાંચા અને યંત્રો | ૧,૪૦,૦૦૦ |
| મજુરી | ૩,૭૦,૦૦૦ |
| વહીવટી ખર્ચ | ૧,૦૦,૦૦૦ |
| પરચુરણ ખર્ચ | ૫૪,૦૦૦ |

રૂ. ૪૦,૦૦૦ ની કીમતે ખરીદ કરેલ સાંચા અને યંત્રો કામ લાગે તેવા ન હતાં. આથી તરત જ રૂ. ૬,૦૦૦ના નફે વેચી નાખ્યા. વર્ષ દરમિયાન તેને રૂ. ૯,૦૦,૦૦૦ કે જે પ્રમાણિત કામની કિમતના ૯૦% હતા, તે મળ્યા અને તા. ૩૧/૧૨/૨૦૧૮ ના દિવસે પ્રમાણિત નહિ કરેલા કામની કિંમત રૂ. ૮૦,૦૦૦ની હતી. તે દિવસે માલનો સ્ટોક રૂ. ૪૦,૦૦૦નો હતો અને સાંચા અને યંત્રની કિંમત રૂ. ૩૪,૦૦૦ આંકી હતી.

તા. ૩૧/૧૨/૨૦૧૮ સુધીના નફાની ગણતરી કરવા માટે તેણે અંદાજ કર્યો કે જાન્યુઆરી ૨૦૧૯ માં કામ પૂરું કરવા માટે બીજો વધુ ખર્ચ રૂ. ૬૬,૦૦૦નો થશે અને બાકી રહેલા સાંચા અને યંત્રો ની કિંમત રૂ. ૩૦,૦૦૦ થશે અને પ્રમાણિત કરેલા કામની કિંમતનું જે પ્રમાણ કરારની કિંમત સાથે આવે તે પ્રમાણમાં પુરા કરારનો અંદાજી ચોખ્ખો નફો ૨૦૧૭ ના ૫ વર્ષના નફા નુકશાન ખાતે લેવો. તા. ૩૧/૧૨/૨૦૧૮ ના દિવસે પુરા થતા વર્ષનું કરાર ખાતું બનાવો. જે નફા નુકશાન ખાતે જમા કરવાનો છે. તેની ગણતરી કરી બતાવો.

**તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર** **કરાર ખાતું** **જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| માલસામાન | ૩,૦૦,૦૦૦ | સાંચા અને યંત્રોનું વેચાણ | ૪૬,૦૦૦ |
| સાંચા અને યંત્રો | ૧,૪૦,૦૦૦ | ચાલુ કામ ખાતેઃ | |
| મજુરી | ૩,૭૦,૦૦૦ | - પ્રમાણિત કામ | ૧૦,૦૦,૦૦૦ |
| વહીવટી ખર્ચ | ૧,૦૦,૦૦૦ | - બી. પ્રમાણિત કામ | ૮૦,૦૦૦ |
| પરચુરણ ખર્ચ | ૫૪,૦૦૦ | - માલસમાન | ૪૦,૦૦૦ |
| નફા નુકશાન ખાતે : | | - યંત્રો | ૩૪,૦૦૦ |
| - સાંચા અને યંત્રોના વેચાણ પર નફો | ૬,૦૦૦ | | |
| કરાર નો નફો | ૨,૩૦,૦૦૦ | | |
| ન. નું. ખાતે રૂ.૨,૦૦,૦૦૦ | | | |
| ચાલુ કામ ખાતે | | | |
| (અનામત નફો) રૂ. ૩૦,૦૦૦ | | | |
| | **૧૨,૦૦,૦૦૦** | | **૧૨,૦૦,૦૦૦** |

નોંધ નં. ૦૧

જયારે કરારનું કામ ૯૦% કે વધારે થયું હોય ત્યારે નફા નુકશાન ખાતે લઈ જવાનો નફો નીચે મુજબ કાચું કરાર ખાતું બનાવીને અંદાજીત નફો શોધી પછી તે મુજબ લઈ જવાનો થાય છે.

**તા. ૩૧/૦૧/૨૦૧૯ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર** **કાચું કરાર ખાતું** **જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ચાલુ કામ ખાતેઃ | | કરાર કિંમત | ૧૨,૦૦,૦૦૦ |
| બાકી આગળ લાવ્યા | | | |
| - પ્રમાણિત કામ | ૧૦,૦૦,૦૦૦ | સાંચા અને યંત્રો | ૩૦,૦૦૦ |
| - બી. પ્રમાણિત કામ | ૮૦,૦૦૦ | કરારનો નફો | ૨,૩૦,૦૦૦ |
| - માલસમાન | ૪૦,૦૦૦ | | |
| - યંત્રો | ૩૪,૦૦૦ | | |
| વધારાનો ખર્ચ | ૬૬,૦૦૦ | | |
| કરારનો અંદાજીત નફો | ૨,૪૦,૦૦૦ | | |
| | **૧૪,૬૦,૦૦૦** | | **૧૪,૬૦,૦૦૦** |

ન. નું. ખાતે લઈ જવાની રકમ = અંદાજીત નફો X પ્રમાણિત કામ / કરાર કિંમત

૨,૪૦,૦૦૦ X ૧૦,૦૦,૦૦૦ / ૧૨,૦૦,૦૦૦ = ૨,૦૦,૦૦૦

ઉદાહરણ : ૦૮.

તા. ૦૧/૦૧/૨૦૧૮ ના રોજ શ્રી ગજાનંદે બે મકાનો બાંધવા માટેનો કરાર મેળવ્યો. તેમને કરારને લગતી માહિતી નીચે આપવામાં આવી છે.

| વિગત | મકાન અ | મકાન બ |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૧૮ ના રોજ ચાલુ કામઃ | ૩૨,૦૦૦ | ૬૦,૦૦૦ |
| ગયા વર્ષનો અનામત નફો | ૪,૦૦૦ | ૬,૦૦૦ |
| માલસામાનની ખરીદી | ૧,૪૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| સાંચા અને ઓજારોની ખરીદી | ૩૬,૦૦૦ | -- |
| મજુરી | ૮૦,૪૦૦ | ૯૫,૬૦૦ |
| પેટાકરાર અંગે ચૂકવેલ રકમ | ૩૨,૦૦૦ | -- |
| વહીવટી ખર્ચા | ૨૪,૬૦૦ | ૨૮,૪૦૦ |
| | ૩,૪૫,૦૦૦ | ૩,૬૪,૦૦૦ |
| કરાર કિંમત | ૩,૪૪,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૩૧/૧૨/૨૦૧૮ સુધી મળેલ રોકડ | ૩,૪૪,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| આર્કિટેકટે પ્રમાણિત કરેલ કામના ટકા લેખે મળેલ રોકડ | ૧૦૦ % | ૭૫ % |
| પ્રમાણિત નહિ થયેલ કામની કિંમત | -- | ૨૦,૦૦૦ |
| હાથ પર સ્ટોર્સ | ૩,૦૦૦ | ૪,૪૦૦ |
| પાછલા વર્ષમાં નફા નુકશાન કહતે જમા લીધેલ નફો | ૨,૦૦૦ | ૨,૦૦૦ |

મકાન અ ના કરારના અંતે સાંચા અને ઓજારોની કિંમત રૂ. ૨૫,૨૦૦ અંદાજવામાં આવી છે. મકાન બ ના બાંધકામમાં ઉપયોગમાં લીધેલ યંત્રનું ભાડું રૂ. ૧૯,૨૦૦ ચૂકવવાનું બાકી છે.

કોન્ટ્રાક્ટરે પ્રમાણિત કરેલા કામની કિમતનું જે પ્રમાણ કરારની કિંમત સાથે આવે તે પ્રમાણમાં કરાર પર નફો નફાનુકશાન ખાતે લઈ જવાનું નક્કી કર્યું છે.

તમારે તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષ માટેનો નફો કે નુકશાન દર્શાવતા કરાર ખાતા તૈયાર કરવાનાં છે. અને નફા નુકશાન ખાતે કેટલો નફો લઈ જવો તેની ગણતરી કરવાની છે.

**તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર** **મકાન અ નું કરાર ખાતું** **જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ચાલુ કામ ખાતેઃ (શરુ બાકી) | ૩૨,૦૦૦ | હાથ પર સ્ટોર્સ | ૩,૦૦૦ |
| માલસામાનની ખરીદી | ૧,૪૦,૦૦૦ | સાંચા અને ઓજારોનો અંદાજે | ૨૫,૨૦૦ |
| સાંચા અને યંત્રો ની ખરીદી | ૩૬,૦૦૦ | વધારો | |
| મજુરી | ૮૦,૪૦૦ | કરાર આપનાર ખાતે | ૩,૪૪,૦૦૦ |
| પેટા કોન્ટ્રાક્ટર ને ચૂકવ્યા | ૩૨,૦૦૦ | (કરાર કિંમત) | |
| વહીવટી ખર્ચા | ૨૪,૬૦૦ | | |
| નફો - ન. નું. ખાતે લઇ ગયા | ૨૭,૨૦૦ | | |
| | **૩,૭૨,૨૦૦** | | **૩,૭૨,૨૦૦** |

**તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર** **મકાન બ નું કરાર ખાતું** **જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ચાલુ કામ ખાતેઃ (શરુ બાકી) | ૬૦,૦૦૦ | ચાલુ કામ ખાતેઃ | |
| માલસામાનની ખરીદી | ૧,૮૦,૦૦૦ | પ્રમાણિત કામ | ૪,૦૦,૦૦૦ |
| મજુરી | ૯૫,૬૦૦ | અપ્રમાણીત કામ | ૨૦,૦૦૦ |
| વહીવટી ખર્ચા | ૨૮,૪૦૦ | હાથ પર સ્ટોર્સ | ૪,૪૦૦ |
| યંત્રનું ભાડું - ચૂક. બાકી | ૧૯,૨૦૦ | | |
| નફો - ન. નું. ખાતે લઇ ગયા | ૩૨,૯૬૦ | | |
| ચાલુ કામ ખાતે (અનામત નફો) | ૮,૨૪૦ | | |
| | **૪,૨૪,૪૦૦** | | **૪,૨૪,૪૦૦** |

નોંધ :

૧. અહીં મકાન અ તથા મકાન બ ની ચાલુ ખાતાની બાકી ગયા વર્ષનો અનામત નફો બાદ કરીને આપી છે.

૨. મકાન અ પૂરું થયું હોવાથી તેના પરનો પુરેપુરો નફો ન. નું. ખાતે લઇ ગયા છે, જયારે મકાન બ ના નફામાંથી નીચે મુજબ રકમ નફા નુકશાન ખાતે જમા લીધી છે.

કરાર નો નફો X પ્રમાણિત કામ / કરાર કિંમત

= ૪૧,૨૦૦ X ૪,૦૦,૦૦૦/૫,૦૦,૦૦૦ = ૩૨,૯૬૦

ઉદાહરણ : ૦૯.

મેસર્સ પરીખ એન્ડ કંપની તા. ૦૧/૦૧/૨૦૧૮ ના રોજ એક કરાર રાખે છે. તે પોતાના વાર્ષિક હિસાબો દર વર્ષે ૩૧ ડીસેમ્બરના રોજ તૈયાર કરે છે. તેમના પડતરના હિસાબો તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ નીચેની વિગતો દર્શાવે છે.

| વિગત | રકમ રૂ. |
|---|---:|
| કરારના સ્થળ પર મોકલેલ માલસામાન | ૮૬,૦૦૦ |
| ફોરમેનનો પગાર | ૨૫,૨૪૦ |
| ચૂકવેલ મજુરી | ૨,૦૦,૪૪૦ |

કરાર માટે રૂ. ૬૦,૦૦૦ ની કિમતનું એક મશીન ઉપયોગમાં લીધેલું હતું જેનું આયુષ્ય ૫ વર્ષનું અને આયુષ્યના અંતે તેની ભંગારકિંમત રૂ. ૪,૦૦૦ ગણવામાં આવેલી હતી. મશીન વર્ષના ૧/૫ ભાગના સમય માટે જ ઉપયોગમાં લેવાયલ હતું.

એક સુપરવાઈઝર જે પોતાનો ૧/૨ ભાગનો સમય કરારના સ્થળ ઉપર વિતાવે છે. તેમેને માસિક રૂ. ૩,૦૦૦ નો પગાર ચુકવવામાં આવે છે.

કરારના અન્ય ખર્ચા રૂ. ૨૮,૦૦૦ના છે. કરારના સ્થળ ઉપર માલસામાન રૂ. ૫,૦૦૦ છે.

કરાર કિંમત રૂ. ૮,૦૦,૦૦૦ની હતી તા. ૩૧ મી ડીસેમ્બર, ૨૦૧૮ ના રોજ કરાર કિમતના ૨/૩ ભાગનું કામ પૂરું થયું હતું. પરંતુ આર્કીટિકટે રૂ. ૪,૦૦,૦૦૦નું કામ પ્રમાણિત કર્યા પ્રમાણપત્ર આપેલું હતું જેના ૮૦% લેખે રોકડ ચૂકવાયેલ છે.

ઉપરની વિગતો પરથી કરાર ખાતું તૈયાર કરી પાકા સરવૈયામાં ચાલુ કામ ખાતું દર્શાવો.

**મેસર્સ પરીખ એન્ડ કંપનીના ચોપડે**

**તા. ૩૧/૧૨/૨૦૧૮ના રોજ પુરા થતા વર્ષનું**

**ઉધાર** **કરાર ખાતું** **જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---:|---|---:|
| મોકલેલ માલસામાન | ૮૬,૦૦૦ | ચાલુ કામ ખાતેઃ | |
| ફોરમનનો પગાર | ૨૫,૨૪૦ | પ્રમાણિત કામ | ૪,૦૦,૦૦૦ |
| મજુરી | ૨,૦૦,૪૪૦ | અપ્રમાણીત કામ (નોંધ ૧) | ૮૮,૭૩૦ |
| મશીન | ૬૦,૦૦૦ | મશીન (નોંધ ૨) | ૫૭,૭૬૦ |
| સુપરવાઈઝરનો પગાર | ૧૮,૦૦૦ | માલસામાન | ૫,૦૦૦ |
| (૩,૦૦૦x૧૨=૩૬૦૦૦/૨) | | | |
| અન્ય ખર્ચા | ૨૮,૦૦૦ | | |
| કરાર નો નફો | ૧,૩૩,૮૧૦ | | |
| - ન.નું. ખાતે રૂ. ૭૧,૩૬૬ | | | |
| - ચાલુ કામ ખાતે રૂ.૬૨,૪૪૪ | | | |
| (અનામત નફો) | | | |
| | ૫,૫૧,૪૯૦ | | ૫,૫૧,૪૯૦ |

નોંધ : ૦૧.

અપ્રમાણીત કામ ની પડતરઃ

કરાર કિંમત રૂ. ૮,૦૦,૦૦૦ના ૨/૩ ભાગનું કામ પૂરું થયું = રૂ. ૫,૩૩,૩૩૩ જેમાંથી પ્રમાણિત કામ રૂ. ૪,૦૦,૦૦૦ અને બિન પ્રમાણિત કામનું મુલ્ય રૂ. ૧,૩૩,૩૩૩ થાય પરંતુ બિન પ્રમાણિત કામની નોંધ પડતર કીમતે કરવામાં આવે એટલે આપને પડતર શોધવી પડશે.

કુલ પડતરઃ

| | |
|---|---|
| કરાર ખાતાની ઉધાર બાજુનો સરવાળો = | રૂ. ૪,૧૭,૬૮૦ |
| બાદઃ - મશીન | - ૫૭,૭૬૦ |
| - માલસામાન | - ૫,૦૦૦ |
| કુલ પડતર | રૂ. ૩,૫૪,૯૨૦ |

તેથી બિન પ્રમાણિત કામની પડતર રૂ. ૮૮,૭૩૦ (૩,૫૪,૯૨૦ x ૧,૩૩,૩૩૩/૫,૩૩,૩૩૩)

નોંધ : ૦૨. મશીન ની આખર બાકીઃ

| | |
|---|---|
| મશીન ની કિંમત | રૂ. ૬૦,૦૦૦ |
| બાદ : વપરાશ (૬૦,૦૦૦-૪,૦૦૦=૫૬,૦૦૦/૫ વર્ષ = ૧૧,૨૦૦/૫ ભાગ) = | ૨,૨૪૦ |
| | રૂ. ૫૭,૭૬૦ |

## ૧૦. સ્વાધ્યાયના દાખલાઓ

દાખલા નં. ૦૧.

એક કોન્ટ્રાક્ટરે તા. ૧ લી જાન્યુઆરી, ૨૦૧૮ ના રોજ કરાર નં. ૫૦૫ શરુ કર્યો અને તા. ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ પૂરો કર્યો. આ કરારને લગતી માહિતી નીચે મુજબ છે.

| વિગત | રકમ રૂ. |
|---|---|
| સીધો ખરીદેલ માલસામાન | ૪,૬૦૦ |
| સ્ટોર્સમાંથી પૂરો પાડેલ માલસામાન | ૧,૨૦૦ |
| સ્ટોર્સમાં પરત કરેલ માલસામાન | ૨૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | ૪,૮૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચા | ૪,૦૦ |
| કરાર કિંમત | ૧૫,૦૦૦ |

કારખાનાના પરોક્ષ ખર્ચા - મજુરીના ૨૫ ટકા લેખે

ઓફીસ પરોક્ષ - કારખાનાના પડતરના ૧૦ ટકા લેખે

ઉપરની માહિતી પરથી કોન્ટ્રાક્ટ નં. ૫૦૫ નું ખાતું તૈયાર કરો.

જવાબ નં. ૦૧ : કુલ પડતર રૂ. ૧૩,૨૦૦; નફો રૂ. ૧૮૦૦ બધોજ નફો ન. નું. ખાતે લઈ ગયા કારણ કે પૂર્ણ કરાર છે.

દાખલા નં. ૦૨.

એક કોન્ટ્રાક્ટરે કરાર નં. ૫૫૫ તા. ૦૧/૦૬/૨૦૧૮ ના રોજ રૂ. ૧૦,૦૦,૦૦૦ની કીમતે સ્વીકાર્યો. તા. ૩૧/૧૨/૨૦૧૮ના રોજ પુરા થતા નાણાકીય વર્ષ માટે આ કરાર અંગે નીચેની માહિતી મેળવવામાં આવી છે.

| વિગત | રકમ રૂ. |
|---|---|
| કરારની જગ્યા પર સીધો ખરીદેલ માલસામાન | ૬૮,૦૦૦ |
| સ્ટોર્સમાંથી મોકલેલ માલસામાન | ૧૦,૦૦૦ |
| મજુરી ચૂકવી | ૬૦,૦૦૦ |
| અન્ય ખર્ચા | ૪,૦૦૦ |
| ગ્રાહક પાસેથી મળેલ રકમ (પ્રમાણિત કામના ૭૫ ટકા લેખે) | ૧,૫૦,૦૦૦ |
| બિન પ્રમાણિત કામ | ૧૦,૦૦૦ |
| મોકલેલ યંત્રો (૦૧/૦/૨૦૧૮ ના રોજ) | ૪૮,૦૦૦ |
| તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ કરારની જગ્યા પર વધેલ માલસામાન | ૪,૦૦૦ |
| તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ નહિ ચૂકવેલ મજુરી | ૧૦,૦૦૦ |

યંત્ર પર ૧૦ ટકા ઘસારો ગણો. કરાર ખાતું તૈયાર કરો અને નફા નુકશાન ખાતે લઈ જવાની રકમ શોધી કાઢો.

જવાબ નં. ૦૨ : કરારનો નફો રૂ. ૬૦,૦૦૦. બધો જ નફો અનામત રાખવામાં આવશે.

દાખલા નં. ૦૩

નીચેની વિગતો પરથી રોકડના ધોરણે ૨/૩ ભાગ જેટલો નફો ધ્યાનમાં લઈ કરાર ખાતું તૈયાર કરોઃ

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| માલસામગ્રી | ૨,૬૦,૦૦૦ | કરાર કિંમત | ૧૦,૦૦,૦૦૦ |
| મજૂરી | ૨,૦૦,૦૦૦ | ભંગારનું વેચાણ | ૪,૦૦૦ |
| પરોક્ષ ખર્ચ | ૧,૦૦,૦૦૦ | માલસામગ્રીનું વેચાણ (પડતર રૂ. ૧૦,૦૦૦) | ૧૨,૦૦૦ |
| સ્થળ પર માલસામગ્રી (વર્ષના અંતે) | ૨૦,૦૦૦ | વર્ષને અંતે વધેલ પ્લાન્ટની કિંમત | ૬૦,૦૦૦ |
| અકસ્માતથી નુકશાન | ૪૦,૦૦૦ | પ્લાન્ટ | ૧,૦૦,૦૦૦ |
| બિન પ્રમાણિત કામ | ૬૦,૦૦૦ | મળેલ રોકડ (પ્રમાણિત કામના ૯૦ %) | ૩,૬૦,૦૦૦ |

જવાબ નં. ૦૩ : કરારનો નફો રૂ. ૩,૩૪,૦૦૦, રોકડના ધોરણે ૨/૩ નફો રૂ. ૨,૦૦,૪૦૦; અનામત નફો રૂ. ૧,૩૩,૬૦૦.

દાખલા નં. ૦૪

શ્રી હરી એ તા. ૦૧/૧૦/૨૦૧૮ ના રોજ રૂ. ૧,૦૦,૦૦૦ માં એક મકાન બાંધવાનો કરાર લીધો. આ કરાર ને લગતી તા. ૩૧ મી ડીસેમ્બર, ૨૦૧૮ સુધીના ખર્ચા વગેરેની માહિતી નીચે મજબ હતી.

| વિગત | રકમ રૂ. |
|---|---|
| કામના સ્થળે મોકલેલ માલસામાન | ૩૬,૦૦૦ |

| | |
|---|---|
| કરાર પર મોકલેલ યંત્રો | ૬,૦૦૦ |
| ચૂકવેલ મજુરી | ૩૦,૦૦૦ |
| ચૂકવેલ સીધા ખર્ચા | ૨,૦૦૦ |
| ફાળવેલ આડકતરા ખર્ચા | ૧,૦૦૦ |
| સ્ટોર્સમાં પરત કરેલ માલસામગ્રી | ૨,૦૦૦ |
| નવેમ્બર, ૨૦૧૮ દરમ્યાન રૂ. ૨,૦૦૦ ની કિમતમાં વેચેલ યંત્રો | ૧,૮૦૦ |
| પ્રમાણિત કામ | ૮૦,૦૦૦ |
| મળેલ રોકડ | ૭૦,૦૦૦ |
| પુરા થયેલ પણ પ્રમાણિત નહિ થયેલ કામ | ૧૦,૦૦૦ |
| જગ્યા પર માલસામગ્રી - કિંમત તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ | ૬૦૦ |
| જગ્યા પર યંત્રોની કિંમત તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ | ૩,૦૦૦ |
| કરારને લગતી ચુકવવાની બાકી મજુરી તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ | ૧,૦૦૦ |

કરારનો ૨/૩ ભાગનો નફો મળેલ રોકડના ધોરણે નફા નુકશાન ખાતે લઇ જવાનો છે. શ્રી હરિના ચોપડે કરાર ખાતું તૈયાર કરો.

**જવાબ નં. ૦૪ : કરારનો નફો રૂ. ૨૧,૬૦૦, રોકડના ધોરણે ૨/૩ નફો ન. નું. ખોટ રૂ. ૧૨,૬૦૦ અનામત નફો રૂ. ૯,૦૦૦**

**દાખલા નં. ૦૫**

મકાન બાંધકામ કરનાર એક પેઢીએ તા. ૦૧/૦૧/૨૦૧૮ ના રોજ ધંધો શરુ કર્યો. રૂ. ૧૨,૦૦,૦૦૦ ના એક કરાર પર નીચે મુજબ ખર્ચા થયા હતાઃ

| વિગત | રકમ રૂ. |
|---|---|
| સ્ટોર્સમાંથી પૂરો પાડેલ માલસામાન | ૨,૦૦,૦૦૦ |
| કરાર માટે ખરીદેલ માલસામાન | ૧,૮૦,૦૦૦ |
| મોકલેલ પ્લાન્ટ પડતર કીમતે | ૧,૪૦,૦૦૦ |
| ચૂકવેલ મજુરી | ૪,૦૦,૦૦૦ |
| ચુકવવા બાકી મજુરી | ૧,૯૦,૦૦૦ |
| ચૂકવેલ સીધા ખર્ચા | ૪૦,૦૦૦ |
| ચૂકવવાના બાકી સીધા ખર્ચા | ૧૦,૦૦૦ |
| વહીવટી ખર્ચા | ૨૬,૦૦૦ |

કરાર પર મોકલેલ પ્લાન્ટ અને માલસામાન પૈકી રૂ. ૮,૦૦૦ની કિમતનો પ્લાન્ટ અને રૂ. ૬,૦૦૦ ની કિમતનો માલસામાન ચોરાઈ ગયો હતો. રૂ. ૮,૦૦૦ની કીમતનો કેટલોક માલસામાન રૂ. ૧૦,૦૦૦માં વેચ્યો હતો. તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ રૂ. ૨,૦૦૦ની કિમતનો પ્લાન્ટ સ્ટોર્સમાં પરત કરવામાં આવ્યો હતો, જયારે રૂ. ૮૦૦ ની કિમતનો પ્લાન્ટ નુકશાન થવાથી તે બિન ઉપયોગી માલુમ પડ્યો હતો.

પ્રમાણિત કામની રકમ મળેલ રોકડ કરતા ૨૫ % વધુ હતી. કોન્ટ્રાક્ટરને તા. ૩૧/૧૨/૨૦૧૮ સુધીમાં રૂ. ૭,૬૮,૦૦૦ની રોકડ મળી હતી. બિન પ્રમાણિત કામની પડતર રૂ. ૪,૦૦૦ હતી. પ્લાન્ટ પર વાર્ષિક ૧૦% ઘસારો ગણવામાં આવે છે.

તમને વાજબી લાગે તેટલો નફો નફા નુકશાન ખાતે લઇ જઈને તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું કરાર ખાતું તૈયાર કરો. તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ સરવૈયામાં કરારને લગતી વિગતો દર્શાવો.

**જવાબ નં. ૦૫ : કરારની ખોટ રૂ. ૫૧,૨૦૦, પ્રમાણિત કામ રૂ. ૯,૬૦,૦૦૦**

**દાખલા નં. ૦૬**

**શ્રી જય અને વીરુ એ એક કરાર રૂ. ૭૮,૦૦,૦૦૦ મળ્યો હરો. પ્રમાણિત કામના ૮૦ % પ્રમાણે પ્રથમ અને બીજા વર્ષ અનુક્રમે રૂ. ૧૪,૪૦,૦૦૦ અને ૨૪,૦૦,૦૦૦ મળેલ છે.**

**પ્રથમ વર્ષને અંતે બાકીના નીચે મુજબ હતીઃ**

| વિગત | રકમ રૂ. |
|---|---|
| બિન પ્રમાણિત કામ | ૨,૪૦,૦૦૦ |
| માલનો સ્ટોક | ૬૦,૦૦૦ |
| યંત્ર (ઘસારા બાદ) | ૧,૮૦,૦૦૦ |
| ચાલુ કામ ખાતે (અનામત નફો) | ૧,૨૦,૦૦૦ |
| ચુકવવાની બાકી મજુરી | ૪૮,૦૦૦ |
| **બીજા વર્ષની માહિતી નીચે પ્રમાણે છેઃ** | |
| પૂરો પાડેલ માલસામાન | ૮,૪૦,૦૦૦ |
| ચૂકવેલ મજુરી | ૫,૦૪,૦૦૦ |
| ખાસ યંત્ર (૬ માસ પછી) | ૧,૨૦,૦૦૦ |
| પ્રરોક્ષ ખર્ચા | ૧,૨૦,૦૦૦ |
| અન્ય ખર્ચા (બીજા કરારના રૂ. ૨૪,૦૦૦ સહીત) | ૯૬,૦૦૦ |
| સ્ટોર્સમાં પરત કરેલ માલ | ૧૨,૦૦૦ |
| કરારની જગ્યા પરથી ચોરાઈ ગયેલ માલ | ૧૦,૮૦૦ |
| કરારની જગ્યા પરથી ચોરાઈ ગયેલ ખાસ યંત્ર (વર્ષના અંતે) | ૨૪,૦૦૦ |
| બીજા વર્ષને અંતે બાકીઓઃ | |
| બિન પ્રમાણિત કામ | ૩,૦૦,૦૦૦ |
| માલનો સ્ટોક | ૩૬,૦૦૦ |
| ચુકવવાની બાકી મજુરી | ૨૪,૦૦૦ |

**યંત્ર પર ઘટતી જતી બાકીની રીતે ૧૦% ઘસારો માંડી વાળવાનો છે. બીજા વર્ષને લાગતું કરાર ખાતું બનાવી યોગ્ય નફો નફા નુકશાન ખાતે લઈ જાવ.**

**જવાબ નં. ૦૬ : કરારનો કુલ નફો રૂ. ૧૬,૨૦,૦૦૦, રોકડના ધોરણે ૨/૩ નફો ન. નું. નફો રૂ. ૮,૬૪,૦૦૦ અનામત નફો રૂ. ૭,૫૬,૦૦૦**

**દાખલા નં. ૦૭**

**શ્રી રવિ રાજ કન્સ્ટ્રકશન કંપની એ તા. ૦૧/૦૪/૨૦૧૮ ના રોજ એક મકાન બંધાવાનો કરાર રૂ. ૧૦,૦૦,૦૦૦ માં લીધો. કંપની દર વર્ષે ૩૧ મી ડીસેમ્બરના રોજ પોતાના હિસાબો બંધ કરે છે. હિસાબી ચોપડાઓ માંથી તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ નીચેની માહિતી મળી હતી.**

| | |
|---|---|
| જગ્યા પર મોકલેલ માલસામગ્રી | ૧,૧૦,૦૦૦ |
| કરાર માટે ચૂકવેલ મજુરી | ૧,૫૨,૦૦૦ |
| ફોરમેનને મહેનતાણું | ૩૦,૦૦૦ |
| કરાર માટે ખરીદેલ યંત્રો | ૭૦,૦૦૦ |

| | |
|---|---|
| કરાર માટે વહીવટી અને અન્ય ખર્ચા | ૬૪,૦૦૦ |
| પ્રમાણિત કામના ૮૦ ટકા લેખે મળેલ રકમ | ૪,૮૦,૦૦૦ |
| હાથ પર માલસામગ્રીની કિંમત | ૧૨,૦૦૦ |
| તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ યંત્ર ની કિંમત | ૬૨,૦૦૦ |
| સ્ટોર્સમાં પરત કરેલ માલસામગ્રી | ૪,૦૦૦ |

સુપરવાઈઝરને માસિક રૂ. ૪,૦૦૦ લેખે મહેનતાણું આપવામાં આવે છે. જેણે પોતાનો અડધો સમય આ કરાર પર વિતાવ્યો છે. તા. ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ ૭/૧૦ ભાગનું કામ પૂરું થયું છે.

રોકડના ધોરણે ૨/૩ ભાગનો નફો નફા નુકશાન ખાતે લઈ જઈને કંપનીના ચોપડે કરાર ખાતું તૈયાર કરો.

**જવાબ નં. ૦૭ : કરારનો કુલ નફો રૂ. ૨,૦૦,૫૭૨, રોકડના ધોરણે ૨/૩ નફો ન. નું. નફો રૂ. ૧,૦૬,૯૭૨ અનામત નફો રૂ.૯૩,૬૦૦**

દાખલા નં. ૦૮

ભારત બિલ્ડર્સ તા. ૦૧ લી જાન્યુઆરીના રોજ નીચેના બે કરાર લીધા

| વિગત | કરાર અ | કરાર બ |
|---|---|---|
| સ્થળ પર મોકલેલ માલ | ૧,૭૦,૬૯૮ | ૧,૪૬,૫૩૪ |
| સ્થળ પર ચૂકવેલ મજુરી | ૧,૪૮,૭૫૦ | ૧,૩૭,૦૪૬ |
| સ્થળ પર ગોઠવેલ પ્લાન્ટ (પડતર કીમતે) | ૩૦,૦૦૦ | ૨૫,૦૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચા | ૬,૩૩૪ | ૫,૭૧૮ |
| પરોક્ષ ખર્ચા | ૮,૨૫૨ | ૭,૭૦૪ |
| સ્ટોરમાં પરત માલ | ૧,૦૯૮ | ૧,૨૬૪ |
| પ્રમાણિત કામ | ૩,૯૦,૦૦૦ | ૨,૯૦,૦૦૦ |
| બિન પ્રમાણિત કામ (પડતર કીમતે) | ૯,૦૦૦ | ૬,૦૦૦ |
| હાથ પર માલ | ૩,૭૬૬ | ૩,૪૭૨ |
| ચુકવવાની બાકી મજુરી | ૪,૮૦૦ | ૪,૨૦૦ |
| ચૂકવવાના બાકી પ્રત્યક્ષ ખર્ચ | ૪૮૦ | ૩૬૦ |
| સ્થળ પર પ્લાન્ટની કિંમત | ૨૨,૦૦૦ | ૧૯,૦૦૦ |

કરાર કિંમત કરાર - અ માટે રૂ. ૫,૦૦,૦૦૦ અને કરાર - બ માટે રૂ. ૪,૦૦,૦૦૦ નક્કી કરવામાં આવી હતી. કરાર આપનાર પાસેથી મળેલી રોકડ કરાર - અ માટે રૂ. ૩,૬૦,૦૦૦ અને કરાર-બ માટે રૂ. ૨,૮૦,૦૦૦ હતી.

કરાર ખાતા અને કરાર આપનારના ખાતા તૈયાર કરો. યોગ્ય નફો/નુકશાન ન. નું. ખાતે લઈ જવાની ગણતરી દર્શાવો અને પાકા સરવૈયામાં અસરો દર્શાવો.

**જવાબ નં. ૦૮ : કરાર 'અ' નો કુલ નફો રૂ. ૫૬,૫૫૦, રોકડના ધોરણે ૨/૩ નફો ન. નું. નફો રૂ. ૩૪,૮૦૦ અનામત નફો રૂ. ૨૧,૭૫૦**

**કરાર 'બ' નો કુલ ખોટ રૂ. ૬,૮૨૬**

દાખલા નં. ૦૯

એક કોન્ટ્રાક્ટર પાસે રૂ. ૪૦,૦૦,૦૦૦નો કરાર છે. તેને વખતોવખત પ્રમાણિત કામ ૮૦ ટકા રોકડ મળે છે. આ કરારને લગતી વિગતો નીચે મુજબ છે.

| વિગત | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ |
|---|---|---|---|
| | રૂ. | રૂ. | રૂ. |
| માલસામાન | ૪,૮૦,૦૦૦ | ૫,૮૦,૦૦૦ | ૩,૩૬,૦૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | ૪,૪૦,૦૦૦ | ૬,૨૦,૦૦૦ | ૪,૪૦,૦૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચાઓ | ૨૦,૦૦૦ | ૬૮,૦૦૦ | ૨૪,૦૦૦ |
| પરોક્ષ ખર્ચાઓ | ૮,૦૦૦ | ૧૦,૪૦૦ | ૨,૦૦૦ |
| કરાર આપનાર પાસેથી મળેલ રોકડ | ૭,૫૨,૦૦૦ | ૧૬,૪૮,૦૦૦ | બાકી પુરેપુરી |
| અપ્રમાણીત કામ | ૧૨,૦૦૦ | ૩૨,૦૦૦ | --- |
| મોકલેલ પ્લાન્ટ | ૫૬,૦૦૦ | -- | -- |
| સ્થળ પર માલસામાન | ૮,૦૦૦ | ૨૦,૦૦૦ | ૩૨,૦૦૦ |

વર્ષ ૨૦૧૬,૨૦૧૭ અને ૨૦૧૮ ના અંતે પ્લાન્ટની કિંમત અનુક્રમે રૂ. ૪૪,૮૦૦, રૂ.૨૮,૦૦૦ અને રૂ. ૧૨,૦૦૦ હતી.

આ વર્ષો માટે કરાર ખાતા, કરાર આપનારનું ખાતું બનાઓ અને પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશે તે બતાઓ. (૨/૩ નફો મળેલ રોકડના ધોરણે ન. નું. ખાતે લઈ જવાય છે. તેમ ધારીને)

જવાબ નં. ૦૯ : કરારનો નફો : ૨૦૧૬ રૂ. ૮૦૦, જે પુરેપુરા અનામત રાખી ચાલુ કામ ખાતે લઈ જવાશે; ૨૦૧૭ રૂ. ૭,૯૭,૬૦૦ અને વર્ષ ૨૦૧૮ રૂ. ૫,૩૪,૨૧૪

દાખલા નં. ૧૦

વિલાસે તા. ૦૧ લી જાન્યુઆરી, ૨૦૧૮ ના રોજ ઘર બાંધવાનો કરાર રૂ. ૮,૦૦,૦૦૦માં મેળવ્યો. તા. ૩૧/૧૨/૨૦૧૮ સુધીમાં નીચેનો ખર્ચ થયો.

| | |
|---|---|
| માલસામગ્રી | રૂ. ૧,૭૦,૦૦૦ |
| યંત્ર નું ભાડું | રૂ. ૪૪,૦૦૦ |
| મજુરી | રૂ. ૨,૨૦,૦૦૦ |
| વહીવટી ખર્ચા | રૂ. ૩૦,૦૦૦ |

તા. ૩૧/૧૨/૨૦૧૮ના રોજ કામના સ્થળ પરથી માલસામગ્રીની કિંમત રૂ. ૩૮,૦૦૦ હતી. પ્રમાણિત કામના ૯૦ ટકા લેખે રૂ. ૫,૪૦,૦૦૦ રોકડ મળી હતી. પુરા થયેલ પરંતુ પ્રમાણિત નહિ થયેલ કામની પડતર રૂ. ૨૦,૦૦૦ હતી.

વિલાસે અંદાજયું કે બીજા ત્રણ મહિનામાં કરાર પૂરો થશે અને વધારાના ખર્ચ નીચે મુજબ થશે.

| | |
|---|---|
| માલસામગ્રી | રૂ. ૬૧,૦૦૦ |
| મજુરી | રૂ. ૪૮,૦૦૦ |
| યંત્ર નું ભાડું | રૂ. ૬,૦૦૦ |

વહીવટી ખર્ચ વર્ષ ૨૦૧૮ માં જેટલો દર મહીને હતો તે મુજબ થશે. નફાની ગણતરી અંદાજી નફો અને પ્રમાણિત કામના ધોરણે કરવાની છે.

૨૦૧૮ માટે કરાર ખાતું તૈયાર કરો. તે જ વર્ષના નફા નુકશાન કહતે જમા કરવાના નફાની તમારી ગણતરી દર્શાવો.

## પ્રકરણઃ ૬

# સેવા પડતર પધ્ધતિ

૧. પ્રસ્તાવના

૨. સેવા પડતર પધ્ધતિનો અર્થ

૩. સેવા પડતર પધ્ધતિની લાક્ષણિકતાઓ

૪. સેવા દીઠ પડતર

૫. સેવા પડતર પત્રકનો નમુનો

૬. ઉદાહરણના દાખલાઓ

૭. સ્વાધ્યાયના દાખલાઓ

**૧. પ્રસ્તાવના :**

પડતર હિસાબી પધ્ધતિ ની જુદી જુદી પધ્ધતિઓમાની એક સેવાકિય પ્રવૃત્તિની પડતર એટલે સેવા પડતર પધ્ધતિ.

પડતર હિસાબી પધ્ધતિ મુખ્ય ઉદ્વેશ વસ્તુ કે સેવા ની પડતર શોધવાનું છે તેના માટે પડતર હિસાબી પધ્ધતિ માં જુદી જુદી પડતર પધ્ધતિ દ્વારા વસ્તુઓને સેવાની એકમ દીઠ પડતર શોધવામાં આવે છે.

**પડતર પધ્ધતિઓઃ-**

૧. એકમ પડતર પધ્ધતિ

૨. જોબ પડતર પધ્ધતિ

૩. બેચ પડતર પધ્ધતિ

૪. પ્રક્રિયા પડતર પધ્ધતિ

૫. કરાર પડતર પધ્ધતિ

૬. સેવા પડતર પધ્ધતિ

ઉપરોક્ત પડતર પધ્ધતિમાંથી સેવા પડતર પધ્ધતિ તે અલગ પ્રકારની પધ્ધતિ છે જેમાં વસ્તુની કે ઉત્પાદનની પડતર શોધવાને બદલે સેવા આપવા અંગેની પડતર કેટલી થાય તે શોધવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે વાહન વ્યવ્હાર સેવા, વિધ્યુત સેવા, દવાખાનાઓની સેવા, સિનેમાઘરો તથા હોટેલ દ્વારા આપવામાં આવતી સેવાઓ, આ તમામ સેવાકીય સંસ્થામાં એકમ દીઠ સેવાની પડતર શોધવા માટે સેવાકીય પડતર પધ્ધતિ નો ઉપયોગ થાય છે.

**૨. સેવા પડતર પધ્ધતિ નો અર્થઃ-**

ઘણા બધા ઔદ્યોગિક એકમો એવા છે કે જેમાં વસ્તુનું ઉત્પાદન થતું નથી પરંતુ એ સેવા આપે છે તેવા ઉદ્યોગોમાં જે પડતર પધ્ધતિ નો ઉપયોગ પડતર શોધવા માટે કરવામાં આવે છે, તેને સેવા પડતર પધ્ધતિ કહેવાય. જે ધંધાકીય એકમો આવી સેવા પડતર પધ્ધતિ નો ઉપયોગ કરે છે તે વિધ્યુત સેવા આપનારી કંપનીઓ, વાહન વ્યવહાર અને પેસેન્જર વહન કરતી કંપનીઓ, હોસ્પિટલ, સિનેમા ઘરો, હોટેલ તથા કેન્ટીન ચલાવતી કંપનીઓ આ સેવા પ્રકારની પડતર પધ્ધતિનો ઉપયોગ કરે છે.

''સેવા પડતર એટલે કે એક સેવા આપવાની પડતર''

''ઈન્સ્ટિટયૂટ ઓફ કોસ્ટ એન્ડ વર્ક એકાઉન્ટ ઇંગ્લેન્ડની મુજબ સેવા પૂરી પાડવાની પડતર એટલે સેવા પડતર''

**૩. સેવા પડતર પધ્ધતિ ની લાક્ષણિકતાઓઃ**

૧. એકસરખી પ્રમાણિત સેવાઓ બધા જ પ્રકારના ગ્રાહકોને આપવામાં આવે છે.

૨. કુલ ખર્ચ ને સ્થિર ખર્ચ અને ચલિત ખર્ચમાં વિભાજિન કરવામાં આવે છે. એકમ દીઠ સેવાની પડતર શોધવામાં જરૂરી છે.

૩. સેવા આપનારી પેઢીઓનું મોટા ભાગનું રોકાણ જંગમ મિલકતોમાં હોય છે જેવી કે બસ, ટ્રક, જહાજ, એરોપ્લેન, રેલવે એન્જિન, વેગન અન્ય સાધનો વગેરે.

૪. સેવા આપનારી પેઢીઓને રોજ-બરોજના ખર્ચાઓ ચૂકવવા માટે મોટા પ્રમાણમાં કાર્યશીલ મૂડી જરૂરિયાત પ્રમાણમાં ઓછી રહેતી હોય છે.

૫. સેવા પડતર પધ્ધતિમાં માલની પડતરને બદલે સેવાની પડતર શોધવામાં આવે છે.

**૪. સેવા દીઠ પડતરઃ-**

નીચે આપેલ પરથી દરેક સેવાની એકમ દીઠ પડતરનું માપ અને એકમ સહેલાઇથી નક્કી કરી શકાય છે

| સેવાનો પ્રકાર | પડતરનો એકમ |
|---|---|
| વાહન વ્યવહારની સેવા | પ્રતિ મુસાફર - પ્રતિ કિલોમીટર દીઠ |
| માલના વહનની સેવા | પ્રતિ માલ પ્રતિ - કિલોમીટર દીઠ |
| હોટેલ ની સેવા | પથારી દીઠ કે મુસાફરી દીઠ |
| હોસ્પિટલની સેવા | દર્દી દીઠ કે દિવસ દીઠ |
| સિનેમા થિયેટરની સેવા | સો વર્ગદીઠ |
| કેન્ટીન ની સેવા | પ્રતિ વ્યક્તિ દીઠ અથવા ભોજન દીઠ |
| વીજળી ની સેવા | એકમ દીઠ કે કિલો વોટ દીઠ |
| પાણી ની સેવા | લિટર દીઠ |
| ગેસ ની સેવા | સિલિન્ડર દીઠ/એકમ દીઠ |

**૫. સેવા પડતર પત્રકનો નમુનોઃ-**

| વિગત | વાર્ષિક કે માસિક ખર્ચ (રૂ.) | કિલોમીટર દીઠ (રૂ.) |
|---|---|---|
| (અ સ્થિર ખર્ચાઓઃ- | | |
| ૧. વીમા પ્રીમીયમ | **** | |
| ૨. લાઇસન્સ ફી | **** | |
| ૩. ગેરેજ ભાડું | **** | |
| ૪. રોડ ટેક્સ (આર. ટી. ઓ. ટેક્સ) | **** | |
| ૫. ડ્રાઈવરનો પગાર | **** | |
| ૬. કિલનરનો પગાર | **** | |
| ૭. સુપરવિઝન ખર્ચ | **** | |
| ૮. અન્ય સ્થિર વહીવટી ખર્ચાઓ | **** | |
| | **** | |
| કુલ સ્થિર ખર્ચાઓ | **** | **** |
| (બ) ચલિત ખર્ચાઓઃ- | | |
| ૧. ઘસારો | **** | |
| ૨. સમારકામ અને નિભાવ ખર્ચ | **** | |
| ૩. પેટ્રોલ અને ડીઝલ ખર્ચ | **** | |
| ૪. ટાયર તથા ટ્યુબનો ખર્ચ | **** | |
| ૫. ઓઈલ, લુબ્રિકન્ટ વગેરે | **** | |
| કુલ ચલિત ખર્ચ | **** | **** |
| કિલોમીટરદીઠ ખર્ચ | | **** |

## ૬. સેવા પડતર પધ્ધતિના દાખલાઓ: (વાહન વ્યવહાર અને માલ વહનની સેવાઓનાં અંગેના દાખલાઓ):

ઉદાહરણ : ૦૧

અમર અને બલવીર નામનાં બે જુદા જુદા વાહનો અંગે નીચે આપેલી માહિતી પરથી દરેકની માઈલદીઠ પડતર શોધો:

| વિગત | અમર રૂ. | બલવીર રૂ. |
|---|---|---|
| માઈલ (વાર્ષિક) | ૧૫,૦૦૦ | ૬,૦૦૦ |
| વાહન કિંમત | ૨૫,૦૦૦ | ૧૫,૦૦૦ |
| રોડ લાઈસન્સ (વાર્ષિક) | ૭૫૦ | ૭૫૦ |
| વીમો (વાર્ષિક) | ૭૦૦ | ૪૦૦ |
| ગેરેજનું ભાડું (વાર્ષિક) | ૬૦૦ | ૫૦૦ |
| સુપરવિઝન અને પગાર (વાર્ષિક) | ૧,૨૦૦ | ૧,૨૦૦ |
| લીટર દીઠ પેટ્રોલનો ખર્ચ | ૩ | ૩ |
| ડ્રાઈવરનો પગાર ખર્ચ | ૩ | ૩ |
| લીટરદીઠ માઈલેજ | ૨૦ માઈલ | ૧૫ માઈલ |
| માઈલદીઠ સમારકામ અને નિભાવ | ૧.૬૫ | ૨.૦૦ |
| માઈલદીઠ ટાયર ખર્ચ | ૦.૮૦ | ૦.૬૦ |
| વાહનોનું અંદાજે આયુષ્ય | ૧,૦૦,૦૦૦ માઈલ | ૭૫,૦૦૦ માઈલ |

તમારે વાહનોની કિંમત પર વાર્ષિક ૫ ટકા લેખે વ્યાજ ઉધારવાનું છે. વાહન કલાકદીઠ સરેરાશ ૨૦ માઈલ ચાલે છે.

જવાબ : ૦૧

**સેવા પડતર પત્રક**

| વિગત | વાહન અમર (૧૫૦૦૦ માઈલ) | | વાહન બલવીર (૬,૦૦૦ માઈલ) | |
|---|---|---|---|---|
| સ્થીર ખર્ચા: | વાર્ષિક (રૂ.) | માઈલ દીઠ (રૂ.) | વાર્ષિક (રૂ.) | માઈલ દીઠ (રૂ.) |
| રોડ લાઈસન્સ | ૭૫૦ | | ૭૫૦ | |
| વીમો | ૭૦૦ | | ૪૦૦ | |
| ગેરેજનું ભાડું | ૬૦૦ | | ૫૦૦ | |
| સુપરવિઝન અને પગાર | ૧,૨૦૦ | | ૧,૨૦૦ | |
| વ્યાજ : ૫ ટકા લેખે | ૧,૨૫૦ | | ૭૫૦ | |
| કુલ સ્થાયી ખર્ચા | ૪,૫૦૦ | ૦.૩૦ | ૩,૬૦૦ | ૦.૬૦ |
| ચલિત ખર્ચ: | | | | |
| ડ્રાઈવરનો પગાર (૧ કલાકના ૨૦ માઈલ = રૂ. ૩) | | ૦.૧૫ | | ૦.૧૫ |
| પેટ્રોલ ખર્ચ (૧ ગેલનના ૨૦ માઈલ = રૂ. ૩ અને ૧ ગેલનના ૧૫ માઈલ = રૂ. ૩) | | ૦.૧૫ | | ૦.૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| સમારકામ | | ૧.૬૫ | | ૨.૦૦ |
| ઘસારોઃ | | ૦.૨૫ | | |
| અમર= રૂ. ૨૫,૦૦૦/૧,૦૦,૦૦૦ માઈલ | | | | |
| બલવીર = રૂ. ૧૫,૦૦૦/૭૫,૦૦૦ માઈલ | | | | ૦.૨૦ |
| ટાયર ખર્ચ | | ૦.૮૦ | | ૦.૬૦ |
| કુલ ચલિત ખર્ચ | | ૩.૦૦ | | ૩.૧૫ |
| કુલ ખર્ચ | | ૩.૩૦ | | ૩.૭૫ |

**ઉદાહરણ : ૦૨**

**નીચેની માહિતી પરથી એક વાહન માટે કિલોમીટર દીઠ પડતર શોધોઃ**

| | |
|---|---|
| વાર્ષિક કિલોમીટર | ૬૦,૦૦૦ |
| વાહનની કિંમત | ૧૦,૦૦,૦૦૦ |
| **વાર્ષિક ખર્ચાઃ** | |
| લાઈસન્સ ફી | ૩૨,૦૦૦ |
| વિમો | ૨૮,૦૦૦ |
| ગેરેજ ભાડું | ૨૪,૦૦૦ |
| સુપરવાઈઝર પગાર | ૪૮,૦૦૦ |
| ડ્રાઈવર પગાર કલાકદીઠ | ૫૦ |
| લીટરદીઠ પેટ્રોલની કિંમત | ૭૫ |
| કિલોમીટરદીઠ સમારકામ | ૨૦ |
| કિલોમીટરદીઠ ટાયર ખર્ચ | ૧૦.૫૦ |
| લીટરદીઠ કિલોમીટર | ૧૦ |
| વાહનનું આયુષ્ય | ૨,૦૦,૦૦૦ |

વાહનની ઝડપ કલાકદીઠ ૨૦ કિલોમીટર

જવાબ : ૦૨

**સેવા પડતરનું પત્રક (વાર્ષિક ૬૦,૦૦૦ કિલોમીટર)**

| **વિગત** | **વાર્ષિક** | **કિલોમીટર દીઠ** |
|---|---|---|
| **સ્થિર ખર્ચાઃ** | | |
| ૧. લાઈસન્સ | ૩૨,૦૦૦ | |
| ૨. વિમો | ૨૮,૦૦૦ | |
| ૩. ગેરેજ ભાડું | ૨૪,૦૦૦ | |
| ૪. સુપરવાઈઝરનો પગાર | ૪૮,૦૦૦ | |
| કુલ સ્થિર ખર્ચા | ૧,૩૨,૦૦૦ | |
| કિલોમીટરદીઠ સ્થિર ખર્ચ (૧,૩૨,૦૦૦ / ૬૦,૦૦૦) = | | ૨.૨૦ |
| **ચલિત ખર્ચાઃ** | | |
| ૧. ડ્રાઈવરનો પગાર (૧ કલાક = ૨૦ કિલોમીટર ના રૂ. ૫૦) | | ૨.૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૨. પેટ્રોલ ખર્ચ (૧ લીટર = ૨૦ કિલોમીટર ના રૂ. ૭૫) | | | ૩.૭૫ |
| ૩. સમારકામ - કિલોમીટર દીઠ | | | ૨૦.૦૦ |
| ૪. ટાયર ખર્ચ - કિલોમીટર દીઠ | | | ૧૦.૫૦ |
| ૫. ઘસારો (રૂ. ૧૦,૦૦,૦૦૦/૨,૦૦,૦૦૦ કિલોમીટર) | | | ૫.૦૦ |
| કિલોમીટરદીઠ પડતર | | | ૪૩.૯૫ |

ઉદાહરણઃ ૦૩

જય જલારામ ટ્રાન્સપોર્ટ કંપની ૫ ટન શક્તિ ધરાવતી એક ટ્રક સંબંધી નીચેની વિગતો પૂરી પડે છે.

| | |
|---|---|
| ટ્રકની પડતર | રૂ. ૧૦,૦૦,૦૦૦ |
| ટ્રકનું અંદાજીત આયુષ્ય | ૧૦ વર્ષ |
| ભંગાર કિંમત | ૧૦ ટકા |
| ડીઝલ, ઓઈલ, ગ્રીઝ વગેરે | ટ્રીપદીઠ રૂ. ૨૦ દરેક બાજુએ |
| મરામત અને નિભાવ | માસિક રૂ. ૫૦૦૦ |
| ડ્રાઈવરનો પગાર | માસિક રૂ. ૫,૦૦૦ |
| કિલનરનો પગાર | માસિક રૂ. ૪,૦૦૦ |
| વિમો | વાર્ષિક રૂ. ૮,૪૦૦ |
| કર | વાર્ષિક રૂ.૪,૨૦૦ |
| સામાન્ય સુપરવિઝન ખર્ચ (આ ટ્રકને લગતો) | વાર્ષિક રૂ. ૮,૪૦૦ |

આ ટ્રક શહેરથી અને શહેર તરફ એક બાજુના ૮૦ કિલોમીટરના અંતરે માલનું વાહન કરે છે. જતા ફેરામાં પૂર્ણ ક્ષમતા સુધીનું નુર મળે છે અને વળતા ફેરામાં ક્ષમતાના ૫૦ ટકા મળે છે. દરરોજ એક રાઉન્ડ ટ્રીપ શક્ય છે.

ટ્રક મહિનામાં સરેરાશ ૨૫ દિવસ દોડે છે, ટન - કિલોમીટરદીઠ સેવા પડતર શોધો.

નોંધ નં. ૦૧ઃ ટન - કિલોમીટરની ગણતરી

જતા ટન - કિલોમીટર =૮૦ કી.મી. X ૫ ટન X ૧૦૦ % શક્તિ X ૧ ટ્રીપ X ૨૫ દિવસ = ૧૦,૦૦૦

આવતા ટન - કિલોમીટર =૮૦ કી.મી. X ૫ ટન X ૫૦ % શક્તિ X ૧ ટ્રીપ X ૨૫ દિવસ = ૫,૦૦૦

કુલ ટન કિલોમીટર = ૧૫,૦૦૦

**જય જલારામ ટ્રાન્સપોર્ટ કંપની**

**સેવા પડતરનું પત્રક**

| વિગત | માસિક રૂ. | ટન કી.મી. દીઠ રૂ. |
|---|---|---|
| સ્થિર ખર્ચાઓઃ | | |
| ૧. ડ્રાઈવરનો પગાર | ૫,૦૦૦ | |
| ૨. કિલનરનો પગાર | ૪,૦૦૦ | |
| ૩. વિમો (રૂ. ૮,૪૦૦ / ૧૨) | ૭,૦૦ | |
| ૪. કર (રૂ. ૪,૨૦૦ / ૧૨) | ૩૫૦ | |
| ૫. સુપરવિઝન ખર્ચ (રૂ. ૮,૪૦૦ / ૧૨) | ૭૦૦ | |
| કુલ સ્થિર ખર્ચા | ૧૦,૭૫૦ | |

| | | |
|---|---|---|
| ટન કી.મી. દીઠ (રૂ. ૧૦,૭૫૦ / ૧૫,૦૦૦) | | ૦.૭૨ |
| ચલિત ખર્ચાઓઃ | | |
| ૧. ઘસારો | ૭,૫૦૦ | |
| (રૂ.૧૦,૦૦,૦૦૦-૧,૦૦,૦૦૦ ભંગાર કિંમત=૯,૦૦,૦૦૦/૧૦ વર્ષ/૧૨ માસ) | | |
| ૨. ડીઝલ, ઓઈલ, ગ્રીઝ ( ૨૫ દિવસ x ૨ ટ્રીપ = ૫૦ x રૂ. ૨૦) | ૧,૦૦૦ | |
| ૩. મરામત અને નિભાવ ખર્ચ | ૫,૦૦૦ | |
| કુલ ચલિત ખર્ચ | ૧૩,૫૦૦ | |
| ટન કી.મી. દીઠ (રૂ. ૧૩,૫૦૦ / ૧૫,૦૦૦) | | ૦.૯૦ |
| ટન કી.મી. દીઠ કુલ પડતર | | ૧.૬૨ |

ઉદાહરણઃ ૦૪

જે. પી. ટ્રાન્સપોર્ટ કંપની પાસે નીચે મુજબના વાહનો છે.

| **વાહનોની સંખ્યા** | **વાહનનો પ્રકાર** |
|---|---|
| ૨૫ | ૫ ટનની ટ્રકો |
| ૨૫ | ૪ ટનની ટ્રકો |
| ૬૦ | ૩ ટનની ટ્રકો |
| ૪૦ | ૨ ટનની ટ્રકો |

દરેક ટ્રક દિવસની સરેરાશ ૬ ટ્રીપ કરે છે અને દરેક ટ્રીપમાં સરેરાશ પાંચ માઈલનું અંતર કાપે છે. ટ્રક તેની શક્તિના ૯૦ ટકા જેટલું વજન ઊંચકે છે. વાર્ષિક સરેરાશ ગણતા ૧૦ ટકા જેટલી ટ્રકો દરરોજ રિપેરમાં હોય છે. માલવહનનું કામ દરરોજ ચાલે છે.

તેના માસિક ખર્ચ નીચે મુજબ છેઃ

| | |
|---|---|
| સુપરવિજન ખર્ચ | રૂ. ૧૦,૦૦૦ |
| ૪ ફોરમેનનો પગાર | દરેકનો રૂ. ૫૦૦૦ |
| ૧૫૦ ડ્રાઈવરનો પગાર | દરેકનો રૂ. ૨૦૦૦ |
| ૩૦૦ મજૂરોનો પગાર | દરેકનો રૂ. ૧૦૦૦ |
| માલસામગ્રીનો વપરાશ | ૧,૦૦,૦૦૦ |
| પેટ્રોલ | ૧૮,૦૦,૦૦૦ |
| ઓઈલ, ગ્રીઝ વગેરે | ૪,૦૦,૦૦૦ |
| ટાયર, ટ્યુબ વગેરેનો ખર્ચ | ૧,૮૦,૦૦૦ |
| ગેરેજનું ભાડું | ૧,૨૦,૦૦૦ |
| ગેસ અને વીજળી | ૫૦,૦૦૦ |
| પરચુરણ ખર્ચા | ૧,૦૫,૬૫૦ |

સમારકામ વિભાગનો માસિક ખર્ચ રૂ. ૧,૫૦,૦૦૦ છે. મહિનાના ૩૦ દિવસ ગણીને એક ટન માઈલની કુલ પડતર શોધો.

જવાબઃ ૦૪

નોંધઃ ૦૧. પ્રથમ ટન માઈલ ની ગણતરી જરૂરી છે.

**ટન ની ગણતરીઃ વાહનોની સંખ્યા x ટન**

**૨૫x૫= ૧૨૫ + ૨૫x૪= ૧૦૦ + ૬૦ x ૩ = ૧૮૦ + ૪૦ x ૨ = ૮૦ = કુલ ૪૮૫ ટન**

**ટન માઈલ = અંતર x વાહન શક્તિ x ટ્રીપની સંખ્યા x દિવસો x શક્તિ નો ઉપયોગ**

**૫ માઈલ x ૪૮૫ ટન x ૬ ટ્રીપ x ૩૦ દિવસો x ૯૦ % = ૩,૯૨,૮૫૦ બાદ ૧૦ % રીપેર ૩૯,૨૮૫**

**= ૩,૫૩,૫૬૫**

**જે. પી. ટ્રાન્સપોર્ટ કંપની**
**સેવા પડતર પત્રક**

| વિગત | રકમ રૂ. |
|---|---|
| સુપરવિજન ખર્ચ | ૧૦,૦૦૦ |
| ૪ ફોરમેનનો પગાર (૪ x ૫૦૦૦) | ૨૦,૦૦૦ |
| ૧૫૦ ડ્રાઈવરનો પગાર (૧૫૦ x ૨૦૦૦) | ૩,૦૦,૦૦૦ |
| ૩૦૦ મજૂરોનો પગાર (૩૦૦ x ૧૦૦૦) | ૩,૦૦,૦૦૦ |
| માલસામગ્રીનો વપરાશ | ૧,૦૦,૦૦૦ |
| પેટ્રોલ | ૧૮,૦૦,૦૦૦ |
| ઓઈલ, ગ્રીઝ વગેરે | ૪,૦૦,૦૦૦ |
| ટાયર, ટયુબ વગેરેનો ખર્ચ | ૧,૮૦,૦૦૦ |
| ગેરેજનું ભાડું | ૧,૨૦,૦૦૦ |
| ગેસ અને વીજળી | ૫૦,૦૦૦ |
| પરચુરણ ખર્ચા | ૧,૦૫,૬૫૦ |
| સમારકામ વિભાગનો ખર્ચ | ૧,૫૦,૦૦૦ |
| કુલ પડતર | ૩૫,૩૫,૬૫૦ |

**ટન માઈલદીઠ ખર્ચ = રૂ. ૩૫,૩૫,૬૫૦/૩,૫૩,૫૬૫ = રૂ. ૧૦**

**ઉદાહરણઃ ૦૫**

**રામ ટ્રાન્સપોર્ટ કંપનીને બસો દોડાવવા માટે ૪૦ કિલોમીટર લાંબો (એક તરફ) માર્ગ આપવામાં આવેલ છે. જે દરેકની કિંમત રૂ. ૧૧,૦૦,૦૦૦ છે. તથા દરેક બસની ભંગાર કિંમત રૂ. ૧૪,૦૦૦ સહીત ૧૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે. નીચે આપેલ અંદાજેલ ખર્ચા અને અન્ય વિગતો પરથી પેસેન્જર કિલોમીટરદીઠ પડતર અને ભાડાની આવક પર ૫૦ ટકા નફો મળે એમ ધારી, પેસેન્જર પાસેથી એક બાજુની મુસાફરી માટે લેવાના બસ ભાડાની રકમની ગણતરી કરોઃ**

| વિગત | રકમ રૂ. |
|---|---|
| વીમાના ખર્ચ વાર્ષિક | ૩ ટકા લેખે |
| દરેક બસનો વાર્ષિક ટેક્ષ | ૨૧,૦૦૦ |
| કુલ ગેરેજ ભાડું (બે બસ માટેનું) - માસિક | ૧૨,૦૦૦ |
| દરેક બસનો વાર્ષિક મરામત ખર્ચ | ૩૦,૦૦૦ |
| દરેક બસના ડ્રાઈવરનો પગાર - માસિક | ૯,૦૦૦ |
| દરેક બસ ના કંડકટરનો પગાર - માસિક | ૬,૦૦૦ |
| વહીવટી ખર્ચ (બંને બસ માટેનો) - માસિક | ૪૮,૦૦૦ |

ડીઝલ અને ઓઈલ ૧૦૦ કિલોમીટરદીઠ ૫૦૦

દરેક બસ દરેક ટ્રીપ વખતે સરેરાશ ૫૦ પેસેન્જરોને લઈ જઈને દરરોજ ચાર જતા-આવતાંની ટ્રીપો કરશે. મહિનામાં સરેરાશ ૨૫ દિવસો બસ દોડશે.

જવાબઃ ૦૫

નોંધઃ ૦૧. એક બસનું માસિક કિલોમીટરની ગણતરી :

૪૦ કિલોમીટર x ૪ ટ્રીપ x ૨ રાઉન્ડ ટ્રીપ x ૨૫ દિવસ = ૮,૦૦૦ કિલોમીટર

નોંધઃ ૦૨. માસિક પેસેન્જર કિલોમીટરની ગણતરીઃ

૮,૦૦૦ કિલોમીટર x ૫૦ મુસાફર = ૪,૦૦,૦૦૦ મુસાફર કિલોમીટર

| વિગત | માસિક ખર્ચ રૂ. | મુસાફર કી.મી. દીઠ રૂ. |
|---|---|---|
| **(અ) સ્થિર ખર્ચાઓ :** | | |
| ૧. વીમા પ્રીમીયમ (૧૧,૦૦,૦૦૦ ના 3%= ૩૩,૦૦૦/૧૨ માસ) | ૨,૭૫૦ | |
| ૨. ગેરેજ ભાડું (૧૨,૦૦૦ / ૨ બસ) | ૬,૦૦૦ | |
| ૩. ટેક્ષ (૨૧,૦૦૦/૧૨ માસ) | ૧,૭૫૦ | |
| ૪. ડ્રાઈવરનો પગાર | ૯,૦૦૦ | |
| ૫. કંડકટરનો પગાર | ૬,૦૦૦ | |
| ૬. વહીવટી ખર્ચ (૪૮,૦૦૦ / ૨ બસ) | ૨૪,૦૦૦ | |
| કુલ સ્થિર ખર્ચા | ૪૯,૫૦૦ | |
| પેસેન્જર કી. મી. દીઠ = રૂ. ૪૯,૫૦૦ / ૪,૦૦,૦૦૦ | | ૦.૧૨૪ |
| **(બ) ચલિત ખર્ચાઓઃ** | | |
| ૧. ઘસારો = મૂળ કિંમત - ભંગાર કિંમત/મિલકત નું આયુષ્ય | | |
| = ૧૧,૦૦,૦૦૦ - ૧,૪૦,૦૦૦/૧૦ વર્ષ = ૯૬,૦૦૦ વાર્ષિક | | |
| = ૯૬,૦૦૦ વાર્ષિક/૧૨ માસ | ૮,૦૦૦ | |
| ૨. મરામત ખર્ચ (રૂ. ૩૦,૦૦૦/૧૨ માસ) | ૨,૫૦૦ | |
| ૩. ડીઝલ અને ઓઈલ (૧૦૦ કી.મી. = રૂ. ૫૦૦ તો ૮,૦૦૦ કી.મી.) | ૪૦,૦૦૦ | |
| કુલ ચલિત ખર્ચા | ૫૦,૫૦૦ | |
| પેસેન્જર કી. મી. દીઠ = રૂ. ૫૦,૫૦૦ / ૪,૦૦,૦૦૦ | | ૦.૧૨૬ |
| મુસાફર કિલોમીટર દીઠ પડતર | | ૦.૨૫૦ |
| ઉમેરો : નફો (ભાડાની આવક ના ૫૦ ટકા એટલે પડતરના ૧૦૦ ટકા) | | ૦.૨૫૦ |
| ભાડાની આવક | | ૦.૫૦૦ |

દરેક પેસેન્જર પાસેથી એક બાજુની મુસાફરી માટે લેવાનું બસ ભાડું = ૪૦ કી.મી. x ૦.૫૦૦ = રૂ. ૨૦ થાય.

ઉદાહરણઃ ૦૬

રાજા એક બસના માલિક છે. જે મહિનાના ૧૦ દિવસ દિલ્હી થી જયપુર અને વળતી ટ્રીપ એ રીતે બસ દોડાવે છે. દિલ્હી થી જયપુર નું અંતર ૧૫૦ માઈલ છે. બસ દિલ્હી થી જયપુર અને વળતા એમ ટ્રીપ એ

દિવસે પૂરી કરે છે. બસ મહિનાના બીજા ૧૦ દિવસ દિલ્હી થી હરિદ્વાર તરફ જાય છે. દિલ્હીથી હરિદ્વાર વચ્ચેનું અંતર ૧૨૦ માઈલ છે. આ વળતી ટ્રીપ એ જ દિવસે પૂરી કરે છે.મહિનાના ચાલુ કામના દિવસોમાં હવે બાકીના ૪ દિવસોમાં તે શહેરમાં સ્થાનિક દોડાવે છે. તે શહેરમાં સ્થાનિક દરરોજ ૪૦ માઈલ દોડે છે. જ્યારે રાજા તેની ચોખ્ખી કામની પર ૩૩.૩૩ ટકા નફો મેળવવા માંગતો હોય તો તેને પેસેન્જર માઈલદીઠ શું દર નક્કી કરવો જોઈએ ?

પેસેન્જર દીઠ જયપુરનું અને હરિદ્વારનું બસ ભાડું શોધો. અન્ય માહિતી નીચે મુજબ છે.

મહિનાન કુલ સ્થિર ખર્ચા રૂ. ૧૧,૩૩૬; ડીઝલ વપરાશ લીટરદીઠ ૪ માઈલ અને લીટરદીઠ ભાવ રૂ. ૬૦; લુબ્રીકિટીંગ ઓઈલ ૧૦૦ મીઈલ દીઠ રૂ. ૨૦૦. બુસની સામાન્ય ક્ષમતા ૫૦ પેસેન્જરોની છે. પેસેન્જર ટેક્સ તેની ચોખ્ખી કમાણીના ૨૦ ટકા છે. સામાન્ય રીતે બસ જયરે જયપુર જાય છે ત્યારે તેની ક્ષમતાના ૯૦ ટકા ભરાયેલ રહે છે. અને હરિદ્વાર જાય છે. ત્યારે ૮૦ ટકા ભરાયેલ છે. પરતું પુરેપુરી ક્ષમતાએ શહેરમાં સ્થાનિક દોડે છે.

જવાબઃ ૦૬.

પ્રથમ આપણે પેસેન્જર માઈલની ગણતરી કરીએઃ

માઈલ અંતર x ટ્રીપ x દિવસો = માઈલ x પેસેન્જર x વહન શક્તિ = પેસેન્જર માઈલ

| **વિગત** | **માઈલ** | **ટ્રીપ** | **દિવસો** | **માઈલ** | **પેસેન્જર** | **વહન શક્તિ** | **પેસેન્જર માઈલ** |
|---|---|---|---|---|---|---|---|
| દિલ્હી થી જયપુર | ૧૫૦ | ૨ | ૧૦ | ૩,૦૦૦ | ૫૦ | ૯૦ % | ૧,૩૫,૦૦૦ |
| દિલ્હી થી હરિદ્વાર | ૧૨૦ | ૨ | ૧૦ | ૨,૪૦૦ | ૫૦ | ૮૦ % | ૯૬,૦૦૦ |
| સ્થાનિક | ૪૦ | -- | ૪ | ૧૬૦ | ૫૦ | ૧૦૦ % | ૮,૦૦૦ |
| | | | | ૫,૫૬૦ | | | ૨,૩૯,૦૦૦ |

**સેવા પડતર પત્રક**

| વિગત | રકમ રૂ. |
|---|---|
| ૧. સ્થિર ખર્ચા | ૧૧,૩૩૬ |
| ૨. ચલિત ખર્ચાઃ | |
| (અ) ડીઝલ (૫,૫૬૦ માઈલ x ૧/૪ = ૧,૩૯૦ લીટર x રૂ. ૬૦) | ૮૩,૪૦૦ |
| (બ) લુબ્રીકિટીંગ ઓઈલ (૫,૫૬૦ x ૨૦૦/૧૦૦) | ૧૧,૧૨૦ |
| કુલ પડતર | ૧,૦૫,૮૫૬ |
| ઉમેરોઃ નફો (વેચાણના ૩૩.૩૩% એટલે પડતરના ૫૦ ટકા) - (૧,૦૫,૮૫૬ x ૫૦%) | ૫૨,૯૨૮ |
| વેચાણ (ચોખ્ખી કમાણી) | ૧,૫૮,૭૮૪ |
| ઉમેરોઃ પેસેન્જર ટેક્સ (૧,૫૮,૭૮૪ ના ૨૦%) | ૩૧,૭૫૬.૮૦ |
| કુલ ભાડું | ૧,૯૦,૫૪૦.૮૦ |

પેસેન્જર માઈલદીઠ ભાડું = રૂ. ૧,૯૦,૫૪૦.૮૦ / ૨,૩૯,૦૦૦ = રૂ. ૦.૮૦

દિલ્હી થી જયપુર ભાડું = ૧૫૦ માઈલ x ૦.૮૦ = રૂ. ૧૨૦

દિલ્હી થી હરિદ્વાર ભાડું = ૧૨૦ માઈલ x ૦.૮૦ = રૂ. ૯૬

## ૭. સ્વાધ્યાયના દાખલાઓ

દાખલા નં. ૦૧:

નીચેની માહિતી પરથી એક વાહનની કિલોમીટર દીઠ પડતર શોધો.

| વિગત | રકમ રૂ. |
|---|---|
| ૧. વાહનની કિંમત | ૩,૦૦,૦૦૦ |
| ૨. વર્ષ માટે રોડ ટેક્ષ | ૧૦,૦૦૦ |
| ૩. ડ્રાઈવરનો પગાર (માસિક) | ૪,૦૦૦ |
| ૪. ગેરેજ ભાડું (વાર્ષિક) | ૧૨,૦૦૦ |
| ૫. લીટરદીઠ પેટ્રોલનો ખર્ચ (લીટરદીઠ ૧૦ કિલોમીટર) | ૬૦ |
| ૬. પ્રમાણસર ટાયર અને નિભાવ ખર્ચ કિલોમીટરદીઠ રૂ. ૫.૦૦ લેખે | |
| ૭. અંદાજીત આયુષ્ય : ૧,૫૦,૦૦૦ કિલોમીટર | |
| ૮. અંદાજીત વાર્ષિક કિલોમીટર ૬,૦૦૦ | |
| ૯. વાર્ષિક વીમા પ્રીમીયમ | ૨,૦૦૦ |

જવાબ નં. ૦૧ : કિલોમીટર દીઠ પડતર રૂ. ૨.૫૦, સ્થિર ખર્ચા રૂ. ૧.૨૦ અને ચલિત ખર્ચા રૂ. ૧.૩૦

દાખલા નં. ૦૨:

લાલજી ટ્રાન્સપોર્ટ કંપનીની નીચે આપેલ માહિતી પરથી તેની ૨૦૧૯ના વર્ષની એક પેસેન્જર માઈલની પડતર શોધો.

૧. ૫ ઉતારું બસો જેની કુલ કિંમત રૂ. ૩૫,૦૦,૦૦૦ છે

૨. વાર્ષિક ઘસારાનો દર : કિંમત પર ૨૦ ટકા

૩. વાર્ષિક સમારકામ અને નિભાવખર્ચ : ઘસારાના ૮૦ ટકા

૪. ૧૦ ડ્રાઈવરનો પગાર : દરેકનો મહીને રૂ. ૨,૦૦૦

૫. ૨૦ કિલનરનો પગાર : દરેકનો મહીને રૂ. ૧,૦૦૦

૬. વ્યાજનો દર : મૂડી પર ૫ ટકા લેખે

૭. ગેરેજનું ભાડું : માસિક રૂ. ૫,૦૦૦

૮. ડિરેક્ટરોની ફી માસિક રૂ. ૪,૦૦૦

૯. વહીવટી ખર્ચ : માસિક રૂ. ૧૦,૦૦૦

૧૦. જુના ટાયર વેચતા ઉપજ : દર ૬ મહીને રૂ. ૧૦,૦૦૦

૧૧. વર્ષ દરમ્યાન ૧,૦૦૦ ઉતારુઓને ૧,૫૦૦ માઈલ લઈ જવામાં આવ્યા હતા.

જવાબ નં. ૦૨ : એક પેસેન્જર - માઈલદીઠ ખર્ચ રૂ. ૧.૧૪૬

દાખલા નં. ૦૩:

કોલસાની મોટા પ્રમાણમાં વપરાશ કરતુ એક કારખાનું, કોલસાની બે ખાણો 'અ' અને 'બ' વચ્ચે સ્થિત છે. કારખનાથી 'અ' ૧૦ કિલોમીટર અને 'બ' કિલોમીટર દુર છે. ખાણોમાંથી કોલસો વાહન કરવા માટે ૫ ટનની શક્તિવાળા વાહનોનો ઉપયોગ કરવામાં આવે છે. વાહનો ચાલુ હોય ત્યારે તેની સરેરાશ ગતિ કલાક

દીઠ ૩૦ કિલોમીટર હોય છે. કારખાનામાં માલ ઉતરતાં નિયમિત ૧૦ મીનીટનો સમય લાગે છે. 'અ' ખાણમાં માલ ચડાવવામાં દરેક બોજોદીઠ સરેરાશ ૩૦ મિનીટ લાગે છે. જયારે 'બ' માં ૨૦ મિનીટ લાગે છે.

ડ્રાઈવરનો પગાર, ઘસારો, વિમો અને વેરાનો ખર્ચ વાહનના ચાલુ વાહનના કલાકદીઠ રૂ. ૯૦ થાય છે એમ જાણવા મળે છે. બળતણ, ઓઈલ, ટાયરો અને મરામત તથા જાળવણીનો ખર્ચ ફરેલા કિલોમીટરદીઠ રૂ. ૧૨ થાય છે.

દરેક ખાણમાંથી કોલસો વાહન કરવા માટે એક ટન કિલોમીટરદીઠ પડતર દર્શાવતું પત્રક તૈયાર કરો.

જવાબ નં. ૦૩ : 'અ' ખાણમાંથી વાહન કરવાનો ટન - કિલોમીટર દીઠ ખર્ચ રૂ. ૭.૨૦ અને 'બ' ખાણમાંથી રૂ. ૬.૬૦.

દાખલા નં. ૦૪:

રાજ ટ્રાન્સપોર્ટ કંપની ૫ ટનની શ્કાતીવાળી એક ટ્રકને લાગતીન માહિતી નીચે મુજબ આપે છે.

| | |
|---|---|
| ટ્રકની મૂળકિંમત | રૂ. ૧૦,૦૦,૦૦૦ |
| અંદાજી આયુષ્ય | ૧૦ વર્ષ |
| ભંગાર કિંમત | ૧૦ ટકા |
| ડીઝલ, ઓઈલ, ગ્રીઝ | રૂ. ૧૫૦ એક બાજુની ટ્રીપદીઠ |
| સમારકામ | માસિક રૂ. ૩,૭૫૦ |
| ડ્રાઈવર નો પગાર | માસિક રૂ. ૬,૨૫૦ |
| કિલનરનો પગાર | માસિક રૂ. ૨,૫૦૦ |
| વિમો | વાર્ષિક રૂ. ૪૮,૦૦૦ |
| ટેક્ષ | વાર્ષિક રૂ. ૨૪,૦૦૦ |
| સામાન્ય દેખરેખ ખર્ચ | વાર્ષિક રૂ. ૪૮,૦૦૦ |

ટ્રક ૫૦ કિલોમીટરના અંતરે આવેલા બે શહેરો વચ્ચે માલની હેરફેર કરે છે. દરરોજની એક રાઉન્ડ ટ્રીપ શક્ય છે.

જતી વખતે ટ્રકની પૂરી શક્તિ જેટલું ભાડું મળે છે. જયારે વળતી વખતે ૨૦ ટકા શક્તિ જેટલું ભાડું મળે છે.

ટ્રક મહિનાના ૨૫ દિવસ દોડે છે એમ માનીને -

૧. ટન કી. મીટરદીઠ પડતર શોધો.

૨. જો ટ્રાન્સપોર્ટ કંપની ભાડાના ૫૦ ટકા નફો મેળવવા માગતી હોય તો એક રાઉન્ડ ટ્રીપનું શું ભાડું વસુલ કરવું જોઈએ.

જવાબ નં. ૦૪ : રાઉન્ડ ટ્રીપનું ભાડું રૂ. ૩૦૦

દાખલા નં. ૦૫:

સુવિધા લક્ઝરી બસ મહિનામાં દસ દિવસ નવસારી થી આણંદ અને વળતી ટ્રીપ એ રીતે બસ દોડાવે છે. નવસારી થી આણંદ નું અંતર ૨૨૫ માઈલ છે. બસ નવસારી થી આણંદ અને વળતા એમ ટ્રીપ એ દિવસે પૂરી કરે છે. બસ મહિનાના બીજા ૧૦ દિવસ નવસારી થી અમદાવાદ તરફ જાય છે. નવસારી થી અમદાવાદ વચ્ચેનું અંતર ૨૫૦ માઈલ છે. આ વળતી ટ્રીપ એ જ દિવસે પૂરી કરે છે. મહિનાના ચાલુ કામના

દિવસોમાં હવે બાકીના ૪ દિવસોમાં તે નવસારી થી સુરત બસ દોડાવે છે. નવસારી થી સુરત ૩૦ માઈલ છે. નવસારી થી સુરત એક દિવસમાં ત્રણ રાઉન્ડ ટ્રીપ કરે છે.

કંપની તેની ચોખ્ખી કામાણી પર ૩૩.૩૩ ટકા નફો મેળવવા માંગતો હોય તો તેને પેસેન્જર માઈલદીઠ શું દર નક્કી કરવો જોઈએ ?

પેસેન્જર દીઠ આણંદ, અમદાવાદ અને સુરતનું બસ ભાડું શોધો.

અન્ય માહિતી નીચે મુજબ છે.

મહિનાના કુલ સ્થિર ખર્ચા રૂ. ૬૨,૧૫૦; ડીઝલ વપરાશ લીટરદીઠ ૫ માઈલ અને લીટરદીઠ ભાવ રૂ. ૬૦; લુબ્રીકિટીંગ ઓઈલ ૧૦૦ મીઈલ દીઠ રૂ. ૭૦. બસની સામાન્ય ક્ષમતા ૫૦ પેસેન્જરોની છે. પેસેન્જર ટેક્સ તેની ચોખ્ખી કમાણીના ૨૦ ટકા છે. સામાન્ય રીતે બસ આણંદ જાય છે ત્યારે તેની ક્ષમતાના ૯૦ ટકા ભરાયેલ રહે છે. અને અમદાવાદ જાય છે. ત્યારે ૮૦ ટકા ભરાયેલ છે. પરતું જયારે સુરત્ત પુરેપુરી ક્ષમતાથી દોડે છે.

જવાબ નં. ૦૫ : પેસેન્જર કી.મી. દીઠ ભાડું ૦.૩૬ પૈસા, નવસારી થી આણંદ રૂ. ૮૧, નવસારી થી અમદાવાદ રૂ. ૯૦.૦૦, નવસારી થી સુરત રૂ. ૧૦.૮૦

દાખલા નં. ૦૬:

તમ્મના ટ્રાવેલ્સ ટેક્ષીઓ ધરાવે છે. તેણે રાખેલા હિસાબોમાંથી નીચેની માહિતી મળે છે.

| | |
|---|---|
| ૧. ટેક્ષીની સંખ્યા | ૧૦ |
| ૨. દરેક ટેક્ષીની કિંમત | રૂ. ૮,૦૦,૦૦૦ |
| ૩. મેનેજરનો પગાર | માસિક રૂ. ૨૦,૦૦૦ |
| ૪. એકાઉન્ટન્ટનો પગાર | માસિક રૂ. ૧૦,૦૦૦ |
| ૫. કિલનરનો પગાર | માસિક રૂ. ૪,૦૦૦ |
| ૬. મીકિનીકનો પગાર | માસિક રૂ. ૮,૦૦૦ |
| ૭. ગેરેજનું ભાડું | માસિક રૂ. ૧૦,૦૦૦ |
| ૮. વીમા પ્રીમીયમ | ૫ % વાર્ષિક |
| ૯. વાર્ષિક ટેક્ષ | રૂ. ૬,૦૦૦ ટેક્ષીદીઠ |
| ૧૦. ડ્રાઈવરનો પગાર | માસિક રૂ. ૫,૦૦૦ ટેક્ષીદીઠ |
| ૧૧. વાર્ષિક સમારકામ | રૂ. ૧૫,૦૦૦ ટેક્ષીદીઠ |

દરેક ટેક્ષીનું આયુષ્ય ૨,૦૦,૦૦૦ કી.મી. છે. દરેક ટેક્ષી મહિનામાં ૪,૦૦૦ કી. મી. દોડે છે. જેમાંથી ૨૫% ખાલી દોડે છે. ડીઝલનો ખર્ચ ૧૦ કી. મી. દીઠ રૂ. ૬૦ છે. ઓઈલ અને અન્ય પરચુરણ ખર્ચ દર ૧૦૦ કી.મી. દીઠ રૂ. ૧૦૦ છે.

ટેક્ષી ચલાવવાની કી.મી. દીઠ પડતર શોધો.

જવાબ નં. ૦૬ : કિલોમીટર દીઠ પડતર રૂ. ૬૭.૧૦

## પ્રકરણઃ ૭

## પ્રક્રિયાના હિસાબો

૧. પ્રસ્તાવના

૨. પ્રક્રિયા પડતર પધ્ધતિની લાક્ષણિકતાઓ

૩. પ્રક્રિયા પધ્ધતિના ફાયદાઓ

૪. પડતર પધ્ધતિના ગેરફાયદાઓ

૫. પડતરના તત્વો

 ૫.૧ માલસામાન

 ૫.૨ મજૂરી ખર્ચ

 ૫.૩ પ્રત્યેક્ષ ખર્ચા

 ૫.૪ ઉત્પાદન શિરોપરી ખર્ચા

૬. પ્રક્રિયા પડતરમાં ઘટ અને બગાડ

 ૬.૧ સામાન્ય બગાડ

 ૬.૨ અસામાન્ય બગાડ

 ૬.૩ અસામાન્ય વધારો

૭. સંયુક્ત પેદાશના હિસાબો

૮. ઉપપેદાશની પ્રક્રિયાના હિસાબોમાં નોંધ


૯. ઉદાહરણ દાખલાઓ

૧૦. સ્વાધ્યાયના દાખલાઓ

## ૧. પ્રસ્તાવના :

પ્રક્રિયાના હિસાબો એ પડતર હિસાબી પધ્ધતિની એક પધ્ધતિ છે. જે પધ્ધતિનો ઉપયોગ વસ્તુની દરેક તબક્કે ઉત્પાદન પડતર શોધવાનો છે.

આ પ્રક્રિયા પડતરમાં એક તબક્કાનું ઉત્પાદન બીજા તબક્કામાં નિવેશ હોય છે. અને આ સતત પ્રક્રિયા ચાલતી રહે છે અને અંતે તૈયાર માલ (વસ્તુ) બધી જ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મળે છે.




પ્રક્રિયા પડતર પધ્ધતિનો ઉપયોગ ખાસ કરીને કાચામાલમાંથી તૈયારમાલમાં બે કે વધુ ઉત્પાદનના તબક્કામાંથી પસાર કરવાનો ત્યાં વપરાય છે. દા.ત. કાપડ બનાવવા મિલમાં, રંગ બનાવવા માટે, રસાયણ ઉદ્યોગ, પેટ્રોલિયમ પ્રોડક્ટ, ખાંડ, સાબુ તથા તેલ વગેરે ઉદ્યોગોમાં આ પ્રક્રિયા પડતર પધ્ધતિનો ઉપયોગ થાય છે.

## ૨. પ્રક્રિયા પડતર પધ્ધતિની લાક્ષણિકતાઓઃ

પ્રક્રિયા પડતર પધ્ધતિમાં ઉત્પાદન તબક્કાવાર હોય છે, અને સતત હોય છે. જેમાં ઉત્પાદનનું એકમ એટલે કાચોમાલ દાખલ થયા બાદ એક પ્રક્રિયામાંથી બીજી પ્રક્રિયામાં અને બીજી પ્રક્રિયામાંથી ત્રીજી પ્રક્રિયામાં પસાર થાય છે અને અંતે તૈયાર માલમાં રૂપાંતર થાય છે. આ પધ્ધતિમાં ઉત્પાદન એક સરખું થાય છે અને તેના ઉત્પાદનના એકમનો તફાવત જોવા મળતો નથી. પ્રક્રિયા પડતર પધ્ધતિની નીચે મુજબની લાક્ષણિકતાઓ છે.

૧. પ્રક્રિયા પડતર પધ્ધતિનો ઉપયોગ ખાસ કરીને એવા ઉદ્યોગોમાં થાય છે જેનું ઉત્પાદન તબક્કાવાર સતત પ્રક્રિયાથી થતું હોય, જેવા કે તેલ શુદ્ધિકરણ, રબર, રસાયણ, ખાંડ, કાગળ બનાવવા માટે આ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે કે જ્યાં ચોક્કસ વરદીની પ્રાથમિક પડતર ન શોધી શકાય.

૨. ઉત્પાદનનું એકમ એકસરખું અને સમાન હોય ત્યાં આ પધ્ધતિનો ઉપયોગ થાય છે અને તેને પરિણામે એક પ્રક્રિયાની પડતર સરેરાશ પડતરના આધારે શોધી શકાય છે.

૩. દરેક પ્રક્રિયાના અંતે પ્રક્રિયાની પડતર તેના સમય આધારે શોધી શકાય છે.

૪. પડતર પ્રક્રિયાને અનુસરે છે એટલે કે એક પ્રક્રિયામાં થયેલ પડતર પ્રક્રિયાના અંતે બીજી પ્રક્રિયામાં ઉત્પાદનના એકમો સાથે તબદીલ કરવામાં આવે છે.

૫. સમગ્ર ઉત્પાદનની પ્રવૃત્તિને તેના તબક્કાવાર વિભાજિત કરવામાં આવે છે એટલે કે તેને પ્રક્રિયા પ્રમાણે વેચવામાં આવે છે અને દરેક પ્રક્રિયાને તેના કામ પ્રમાણે ખર્ચા, મજૂરી અને માલસામાન તેમજ જરૂરી યંત્રો અને સામગ્રી નક્કી કરવામાં આવે છે.

૬. ઉત્પાદનની વસ્તુ અને પ્રક્રિયા નિયત પ્રમાણ મુજબ થાય છે.

૭. ઉત્પાદનની પ્રક્રિયા સતત ચાલે છે એટલે કે એક પ્રક્રિયાનું ઉત્પાદન બીજી પ્રક્રિયાનો કાચો માલ બને છે એવી જ રીતે બીજી પ્રક્રિયાનું ઉત્પાદન ત્રીજી પ્રક્રિયાનો કાચોમાલ ગણાય છે અને અંતે તૈયાર માલ રૂપાંતર થાય છે.

૮. પ્રક્રિયાની કુલ પડતર શોધતી વખતે પ્રક્રિયામાં થયેલ સામાન્ય બગાડ, અસામાન્ય બગાડ અને અસામાન્ય વધારો તેમજ ભંગાર થી ઉપજેલ કિંમત ધ્યાને લઇ નક્કી કરવામાં આવે છે.

**૩. પ્રક્રિયા પધ્ધતિના ફાયદાઓઃ**

૧. પ્રક્રિયા પડતરમાં પડતર નક્કી કરવાનું સરળ અને ઓછું ખર્ચાળ છે.

૨. પ્રક્રિયા પડતર ઉત્પાદન પધ્ધતિ નિયત અને પ્રમાણિત હોવાથી સંચાલન, અંકુશ તથા નિરક્ષરતામાં સરળ રહે છે.

૩. દરેક પ્રક્રિયા દીઠ તેમજ તૈયાર માલની પડતર શોધવી અનુકૂળ અને સરળ છે તેથી દૈનિક પડતર માસિક પડતર, કે વાર્ષિક પડતર મળી રહે છે.

૪. પ્રક્રિયાની પડતર નક્કી કરવાનું સરળ હોવાથી ગ્રાહકોને ભાવ આપવાનું અથવા કોટેશન આપવાનું સરળ બને છે તેમાં પ્રમાણ પડતર પધ્ધતિનો ઉપયોગ કરી શકાય છે.

**૪. પડતર પધ્ધતિના ગેરફાયદાઃ**

૧. પ્રક્રિયા પડતરમાં ચાલુ કામનું મૂલ્ય અંદાજિત કરવામાં આવે છે અને તે પરિણામે આગળ જતાં અચોક્કસ સાબિત થાય છે.

૨. પ્રક્રિયા પડતરમાં કોઈ ભૂલ એક પ્રક્રિયામાં થાય તો તે ભૂલ આગળ જતાં અન્ય પ્રક્રિયામાં રૂપાંતર થાય છે.

૩. પ્રક્રિયા પડતરમાં પડતર શોધવા માટે સરેરાશ પધ્ધતિનો ઉપયોગ થાય છે અને તેથી તેમાં મોટી ગણતરીમાં ભૂલ રહેવાની શક્યતા છે અને વર્ગીકરણ મૂલ્યાંકન તેમજ અંકુશ માટે યોગ્ય નથી.

૪. પ્રક્રિયા પડતર પધ્ધતિમાં વ્યક્તિગત કામદાર કે નિરીક્ષકની કાર્યક્ષમતાનું મૂલયાંકન થતું નથી.

૫. પ્રક્રિયા પડતરમાં અમુક મુદત પૂરી થયા પછી પડતર નક્કી થાય છે. જે ઐતિહાસિક પડતર હોય છે. અને અંકુશ માટે તે બિનઉપયોગી છે.

**૫. પડતર ના તત્વોઃ**

દરેક પ્રક્રિયાની કુલ પડતર શોધવા માટે અલગ પ્રક્રિયાનું ખાતું બનાવી જે તે ખર્ચ જે તે પ્રક્રિયા ખાતે ઉધારવામાં આવે છે. નીચે મુજબના મુખ્ય પડતરના તત્વો પ્રક્રિયા પડતર પધ્ધતિમાં ધ્યાને લેવામાં આવે છે.

**૫.૧ માલસામાનઃ**

દરેક પ્રક્રિયા માટે માલસામાન ખર્ચની વિગત અલગ આપવામાં આવે છે. દરેક પ્રક્રિયા માટે જરૂરી માલસામાન માંગણી પત્રક દ્વારા મંગાવી લેવામાં આવે છે. માંગણી પત્રકને આધારે જુદા જુદા પ્રક્રિયા ખાતે ઉધારવામાં આવે છે અહીંયા પ્રત્યક્ષ કે પરોક્ષ માલસામાન એમ અલગ કરવામાં આવતા નથી.

**૫.૨ મજૂરી ખર્ચઃ**

જે મજૂરો ઉત્પાદન કાર્યમાં રોકાયેલ છે. તેવા મજૂરોને જે મજૂરી ચૂકવવામાં આવે તે જે તે પ્રક્રિયા ખાતે ઉધારવામાં આવે છે. જે મજૂરો સંયુક્ત પ્રક્રિયા સાથે જોડાયેલ હોય તો તેનો મજૂરી ખર્ચ જે તે પ્રક્રિયા ખાતે રોકાયેલ સમય પ્રમાણે વહેચણી કરી પ્રક્રિયા ખાતે ઉધારવામાં આવે છે.

**૫.૩ પ્રત્યક્ષ ખર્ચાઃ**

પ્રત્યક્ષ ખર્ચા કે જે તે પ્રક્રિયા માટે જ થયેલ હોય, તે જે તે પ્રક્રિયા ખાતે ઉધારવામાં આવે છે ઉદા. ઘસારો, વીમો, વીજળી, મરામત ખર્ચ વગેરે.

### ૫.૪ ઉત્પાદન શિરોપરીખર્ચાઃ

ઉત્પાદન શિરોપરીખર્ચા એ પ્રક્રિયાના હિસાબનો મુખ્ય ખર્ચ છે. પ્રક્રિયા પડતર પધ્ધતિમાં ખર્ચની વહેંચણી કરી જે તે પ્રક્રિયા ખાતે ઉધારવામાં આવે છે. ઉદા. ભાડું, ટેલિફોન બિલ, લાઇટ, ગેસ, પાણી વગેરે સામાન્ય રીતે ઉત્પાદન ખર્ચની વહેચણીનો આધાર પ્રાથમિક પડતર, પ્રત્યેક મજૂરીના પ્રમાણે વહેંચણી કરી છે જે તે પ્રક્રિયા ખાતે ઉધારવામાં આવે છે.

### ૬. પ્રક્રિયા પડતરમાં ઘટ અને બગાડઃ

દરેક પ્રક્રિયામાં મોકલેલ કાચામાલના પ્રમાણમાં જેટલું જ તૈયાર માલનું ઉત્પાદન થતું નથી. તેની પાછળના મુખ્ય કારણો ઉત્પાદનની પ્રક્રિયામાં રાસાયણિક ફેરફારને લીધે, બાષ્પીભવનને લીધે, હવામાં ભેજના પ્રમાણમાં ફેરફાર થવાને લીધે વગેરે, આ કારણોથી પ્રક્રિયા દરમિયાન માલસામાનનો જથ્થામાં ફેરફાર પડે છે તેને માલસામાનની ઘટ્ટ કે બગાડ તરીખે ઓળખવામાં આવે છે.

**ઘટ કે બગાડના પ્રકારોઃ**

### ૬.૧ સામાન્ય ઘટ કે બગાડઃ

સામાન્ય બગાડ થવા પાછળ આંતરિક પરિબળો જવાબદાર હોય છે. દા.ત. બાષ્પીભવન, ગરમી, વરાળ વગેરેને કારણે માલસામાનના જથ્થામાં વધ-ઘટ જોવા મળે છે. પરંતુ આ ઘટ અંદાજિત હોય છે તેમજ પૂર્વ નિર્ધારીત દાખલ કરેલ માલની ચોક્કસ ટકાવારીના પ્રમાણમાં થાય છે જે બગાડને અટકાવી શકાતો નથી. સામાન્ય ઘટ બે પ્રકારની હોય.

- સામાન્ય ભંગારઃ જેની કોઈ કિંમત ઉપજી શકે છે.
- જથ્થામાં ઘટઃ જેની કોઈ કિંમત ઉપજતી નથી અને તે અદ્રશ્ય હોય છે.

સામાન્ય બગાડને પ્રક્રિયા ખાતે તેનો જથ્થો જમા કરવામાં આવે છે. અને તેનું મૂલ્યાંકન કુલ પડતરમાં સમાવેશ કરવામાં આવે છે. તેનું અલગથી પડતર શોધવામાં આવતી નથી.

### ૬.૨ અસામાન્ય ઘટ કે બગાડઃ

અસામાન્ય બગાડ થવા પાછળ બાહ્ય પરિબળો જવાબદાર હોય છે. જેવા કે કુદરતી આફતો, આગ, ચોરી, યંત્રમાં ખરાબી વગેરે જે અણધાર્યું નુકસાન કહેવાય, અસામાન્ય બગાડના કારણોનું વિશ્લેષણ કરતા જણાશે કે અસરકારક સંચાલનથી આવો બગાડમાં ઘટાડો શક્ય છે. આવા બગાડના કારણો માનવીના અંકુશમાં હોય છે. અસામાન્ય બગાડનું નુકશાન ઉત્પાદન થયેલ એકમની કિંમતના ધોરણે જ ગણવામાં આવે છે. અને અસામાન્ય બગાડની પડતર જે તે પ્રક્રિયા ખાતે જમા કરાય છે. જો સામાન્ય બગાડ વેચતા કોઈ ઉપજ મળે તો તે અસામાન્ય બગાડ ખાતે જમા થાય છે અને પછી આ ખાતાની ચોખ્ખી બાકી નફા નુકસાન ખાતે લઈ જવામાં આવે છે. અસામાન્ય બગાડના એકમોની કિંમત ઉત્પાદનની પડતરના ધોરણે ગણવામાં આવે છે. આ બગાડના એકમો વેચતા જે ઉપજ મળે તે રોકડ ખાતે ઉધારીને અસામાન્ય બગાડ ખાતે જમા કરવામાં આવે છે. ત્યારબાદ બાકી રકમ નફા નુકસાન ખાતે લઈ જવામાં આવે છે.

### ૬.3 અસામાન્ય વધારોઃ

અસામાન્ય વધારો એટલે ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન સામાન્ય બગાડ કરતાં પણ ઓછો બગાડ થતાં સામાન્ય ઉત્પાદન કરતાં વધુ ઉત્પાદન થાય તો તેને અસામાન્ય વધારો કહેવામાં આવે છે. ઉત્પાદનમાં આ વધારો લાભ ગણાય છે. અસામાન્ય વધારાના એકમોની કિંમત સામાન્ય ઉત્પાદનના એકમોની કિંમતના

ધોરણે જ ગણવામાં આવે છે. આ કિંમત પ્રક્રિયા ખાતે ઉધારવામાં આવે છે અને અસામાન્ય વધારા ખાતે જમા કરવામાં આવે છે. આ પરિસ્થિતિમાં ખરેખર બગાડ સામાન્ય કરતા ઓછો થયેલ હશે પરિણામે જેટલા ઓછા એકમોનો બગાડ થયો એટલા એકમોની ભંગારની ઉપજ મળશે નહીં, તેથી અસામાન્ય વધારાને કારણે ગુમાવેલી આ ઉપજ અસામાન્ય વધારા ખાતે ઉધારાશે, અસામાન્ય વધારા ખાતાનું ચોખ્ખું બાકી નફા નુકસાન ખાતે જમા કરવામાં આવે છે.

### ૭. સંયુક્ત પેદાશના હિસાબોઃ

સંયુક્ત પેદાશ એટલે એક પ્રક્રિયામાંથી એકી સાથે બે કે વધુ વસ્તુઓનું ઉત્પાદન થતું હોય અને બંને વસ્તુઓ સરખા મહત્વની હોય ત્યારે તેને સંયુક્ત પેદાશ કહેવાય છે. ઉદા. ડેરી ઉદ્યોગમાં દૂધનો પાવડર, માખણ, ક્રીમ વગેરે સંયુક્ત પેદાશો છે. એવી જ રીતે પેટ્રોલિયમ ઉદ્યોગમાં પેટ્રોલ, ડિઝલ, કેરોસીન વગેરે સંયુક્ત પેદાશ મળે છે. આવી સંયુક્ત પેદાશમાં અમુક હદ સુધી ખર્ચ સંયુક્ત થતા હોય છે અને ત્યારબાદ પ્રક્રિયાઓના ખર્ચ જુદા ગણાય છે.

સંયુક્ત ખર્ચ એટલે કે બે કે વધુ પેદાશો કોઈ પ્રક્રિયામાંથી છૂટી પડે ત્યાં સુધી થયેલો ખર્ચ. સંયુક્ત પેદાશ જ્યારે છૂટી પડે ત્યારે તે દરેકની અલગ અલગ પડતર ગણવી આવશ્યક છે. કારણ કે દરેક પેદાશમાંથી કેટલો નફો કે ખોટ થાય છે તે શોધવી જરૂરી છે. એટલા માટે સંયુક્ત ખર્ચને ફાળવણી જરૂરી છે.

**સંયુક્ત ખર્ચની ફાળવણીની પધ્ધતિઓઃ**

**૧. ઉત્પાદનના જથ્થાના પ્રમાણમાંઃ**

આ પધ્ધતિ મુજબ દરેક સંયુક્ત પેદાશના ઉત્પાદનના જથ્થાના પ્રમાણમાં સંયુક્ત પડતર વેચવામાં આવે છે. આ પધ્ધતિ સરળ હોવાથી કેટલીક વાર તેનો ઉપયોગ થાય છે. પરંતુ આ પધ્ધતિ સંતોષકારક નથી કારણ કે કુલ ઉત્પાદનને તેમની અંગત પડતર સાથે સંબંધ નથી. તેમજ જુદી જુદી સંયુક્ત પેદાશની નફો કરવાની સંભવિતતા ધ્યાનમાં લેતી નથી એટલે તેમને ઉત્પાદનના જથ્થાનું પ્રમાણ એકસરખું રહેતું હોય અને તેમની વેચાણકિંમતમાં પણ ભારે તફાવત પડતો ન હોય ત્યારે જ આ પધ્ધતિનો ઉપયોગ થાય છે.

**૨. સાપેક્ષ વેચાણ મૂલ્યના પ્રમાણમાંઃ**

આ પધ્ધતિ મુજબ જ્યારે સંયુક્ત પ્રક્રિયા પૂરી થાય અને સંયુક્ત પેદાશ અલગ પડે ત્યારે બજારમાં વેચતાં જે પેદાશની કિંમત ઉપજી શકે તેનો અંદાજ મૂકી તેના પ્રમાણમાં સંયુક્ત ખર્ચ ફાળવવામાં આવે છે. ખાસ કરીને ત્યાં સંયુક્ત પેદાશ અલગ પાડયા પછી બંને ઉપર વધુ પ્રક્રિયા કરવાની હોય અને તેનો ખર્ચ અપ્રમાણસર હોય ત્યારે આ પધ્ધતિ ઉપયોગી છે.

**૩. અલગ પ્રક્રિયાના ખર્ચા બાદ કર્યા પછીના વેચાણ મૂલ્યના પ્રમાણમાંઃ**

કેટલીકવાર બંને સંયુક્ત પેદાશો જે તબક્કે સામાન્ય પ્રક્રિયામાંથી અલગ પડે તે તબક્કે બંને નું વેચાણ મૂલ્ય નક્કી કરી શકાય એમ ન હોય, પરંતુ તેના પર વધુ પ્રક્રિયા કર્યા પછી જ તે વેચી શકાય અને તેનું વેચાણ મૂલ્ય નક્કી કરી શકાય આવા સંજોગોમાં દરેક પેદાશના કુલ વેચાણ મૂલ્યમાંથી તેમનો અલગ ખર્ચ બાદ કરવામાં આવે છે અને પછી જે વેચાણ મૂલ્ય વધે તેના પ્રમાણમાં સંયુક્ત ખર્ચની ફાળવણી કરવામાં આવે છે.

**૪. એકમોની ભારિત સરેરાશ પધ્ધતિઃ**

કેટલીકવાર દરેક પેદાશને ઉત્પાદનનો અમુકભાર આપીને જે છેવટના આંકડા આવે તેના પ્રમાણમાં સંયુક્ત ખર્ચ ફાળવવામાં આવે છે. આ ભાર નક્કી કરતાં તેમના ઉત્પાદનનું પ્રમાણ, તેમની ઉપયોગિતા, વેચતા પહેલા દરેક પાછળ થતો વધારાનો ખર્ચ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.

**૫. એકમ દીઠ વેચાણ કિંમતના પ્રમાણમાંઃ**

આ પધ્ધતિ અનુસાર જેની કિંમત સૌથી વધુ ઉપજે તેણે સૌથી વધુ ખર્ચ સહન કરવો એ સિદ્ધાંતને આધારે ફાળવણી કરવામાં આવે છે.

## ૮. ઉપપેદાશની પ્રક્રિયાના હિસાબોમાં નોંધઃ

ઉપપેદાશઃ જ્યારે અમુક પ્રક્રિયામાંથી મુખ્ય વસ્તુ ઉપરાંત ઓછા પ્રમાણમાં બીજી વસ્તુ મળી શકતી હોય તેને ઉપપેદાશ કહેવામાં આવે છે. મુખ્ય વસ્તુના પ્રમાણમાં ઉપપેદાશની કિંમત ખૂબ ઓછી હોય છે. પરંતુ જ્યારે એક પ્રક્રિયામાંથી બે મુખ્ય વસ્તુઓનું ઉત્પાદન થાય ત્યારે તેને સંયુક્ત પેદાશ ગણાય.

ઉપપેદાશની પ્રક્રિયાના હિસાબોમાં નોંધ કરવાની પધ્ધતિઓ જુદી જુદી છે જે નીચે મુજબ છે.

**૧. બજાર મૂલ્ય ની પધ્ધતિઃ**

સામાન્ય રીતે ઉપપેદાશ ની કિંમત ઓછી હોય છે. તેથી તેને અલગ પડતર ગણવામાં આવતી નથી. પરંતુ તેની વેચાણની જે ઉપજ આવે તેને નફો ગણિ નફા નુકસાન ખાતે લઈ જવામાં આવે છે. અથવા ઉપપેદાશના વેચાણનો વેચાણની રકમ જે પ્રક્રિયામાંથી મળે તે પ્રક્રિયા ખાતે જમા કરવામાં આવે છે. જો ઉપપેદાશોના વેચાણ અને વેચાણ ખર્ચ કરવો જરૂરી હોય તો પ્રક્રિયા ખાતે ઉપપેદાશની ઊપજમાંથી વેચાણ ખર્ચ જેટલી ઓછી રકમ જમા થાય છે. અથવા તો પૂરી વેચાણ કિંમત તે પ્રક્રિયા ખાતે જમા કરી વેચાણ ખર્ચ તે પ્રક્રિયા ખાતુ ખાતે ઉતારવામાં આવે છે.

**૨. પ્રમાણ પડતર પધ્ધતિઃ**

ઉપપેદાશ ની પ્રમાણપડતર નક્કી કરી પ્રક્રિયા ખાતે જમા કરવામાં આવે છે. પ્રમાણપત્ર માટે ભૂતકાળની પડતરની સરેરાશ લઈ શકાય અથવા અંદાજે પડતર નક્કી કરી શકાય આમ કરવાથી દરેક વખતે ઉપપેદાશની એક સરખી જ ઉપજ પ્રક્રિયા ખાતે જમા કરવામાં આવે છે.

**૩. ઉપર જ મૂલ્ય નફા નુકસાન ખાતે જમાઃ**

જ્યારે ઉપપેદાશ ખૂબ નજીક નજીવી કિંમતની હોય ત્યારે તે અંગે અલગ પડતર ગણવાનું કે તે અંગે કોઈ હિસાબ રાખવાનું પરવડે નહીં તેથી તેની ઉપજને અન્ય આવક ગણી નફા નુકસાન ખાતે જમા કરી દેવામાં આવે છે.

**૪. અવેજી વસ્તુ ની પડતરઃ**

ઉપપેદાશની કિંમત નક્કી કરવા માટે કેટલીક વાર તેના જેવી જ કે તેની અવેજીમાં વપરાતી વસ્તુની કિંમત શોધવામાં આવે છે. અને તે કિંમત ઉપપેદાશની ગણવામાં આવે છે.

**૫. ટેકનિકલ બાબતોના આધારેઃ**

જે ધંધામાં ઉપપેદાશ એવી વસ્તુ હોય કે જેને મુખ્ય પેદાશ ગણી શકાય તે ધંધામાં વધુ ચોકસાઈભરી પધ્ધતિની જરૂર છે. જે તબક્કે મુખ્ય પેદાશ અને ઉપપેદાશ જુદી પડે ત્યાં સુધીના ખર્ચની બંને વચ્ચે ફાળવણી કરવામાં આવે છે. ટેકનીકલ બાબતોની માહિતી મેળવ્યા પછી જ ખર્ચની વહેચણી કરવી જોઈએ. ત્યાર પછી ઉપપેદાશની નક્કી કરેલી પડતર એક પેદાશ ખાતું ખોલી તે ખાતે ઉધારવી જોઈએ.

**૬. વિપરીત પડતર પધ્ધતિઃ**

ઉપપેદાશના વેચાણ મૂલ્યમાંથી તેનો અંદાજે નફો બાદ થાય છે. ત્યાર પછી સંયુક્ત પ્રક્રિયાથી અલગ થયા પછી તેના પર થયેલ અલગ ખર્ચ બાદ કરવામાં આવે છે. આ રીતે પડતર આવે તે ઉપપેદાશની સંયુક્ત પડતર નો ભાગ ગણાય છે. અને તે પ્રક્રિયા ખાતે જમા કરવામાં આવે છે.

**૯. પ્રક્રિયા પડતર પધ્ધતિના દાખલાઓઃ**

ઉદાઃ૦૧. એક વસ્તુ બનાવતાં તે ત્રણ પ્રકિયામાંથી પસાર થાય છે. માર્ચ ૨૦૨૦ દરમિયાન ૨૦૦૦ એકમોનું ઉત્પાદન કરવામાં આવ્યું. તેના ઉત્પાદન ખર્ચને લગતા આંકડા નીચે મુજબ છે.

| વિગત | પ્રક્રિયા ૧ (રૂ.) | પ્રક્રિયા ૨ (રૂ.) | પ્રક્રિયા ૩ (રૂ.) |
|---|---|---|---|
| માલસામાન | ૩૮,૦૦૦ | ૧૨,૦૦૦ | ૫,૦૦૦ |
| મજુરી | ૨૦,૦૦૦ | ૨૫,૦૦૦ | ૧૫,૦૦૦ |
| સીધા ખર્ચા | ૮,૦૦૦ | ૧૦,૦૦૦ | ૪,૦૦૦ |

પરોક્ષ ખર્ચા રૂ. ૧૨,૦૦૦ થયા અને તે ત્રણે પ્રક્રિયાઓ વચ્ચે મજુરીના પ્રમાણમાં ફાળવવાના છે. શરૂઆતનો કે આખરનો સ્ટોક પ્રક્રિયાઓમાં નથી.

જવાબઃ ૦૧.

**પ્રક્રિયા ૧ નું ખાતું**

ઉધાર (ઉત્પાદન ૨,૦૦૦ એકમો) જમા

| વિગત | એકમ દીઠ રૂ. | કુલ પડતર રૂ. | | એકમ દીઠ રૂ. | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| માલસામાન | ૧૯.૦૦ | ૩૮,૦૦૦ | પ્રક્રિયા ૨ ખાતે લઇ ગયા | ૩૫.૦૦ | ૭૦,૦૦૦ |
| મજુરી | ૧૦.૦૦ | ૨૦,૦૦૦ | | | |
| સીધા ખર્ચા | ૪.૦૦ | ૮,૦૦૦ | | | |
| પરોક્ષ ખર્ચા | ૨.૦૦ | ૪,૦૦૦ | | | |
| (રૂ. ૧૨,૦૦૦/૧૨x૪) | | | | | |
| | ૩૫.૦૦ | ૭૦,૦૦૦ | | ૩૫.૦૦ | ૭૦,૦૦૦ |

**પ્રક્રિયા ૨ નું ખાતું**

ઉધાર (ઉત્પાદન ૨,૦૦૦ એકમો) જમા

| વિગત | એકમ દીઠ રૂ. | કુલ પડતર રૂ. | | એકમ દીઠ રૂ. | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રક્રિયા ૧ ખાતેથી લાવ્યા | ૩૫.૦૦ | ૭૦,૦૦૦ | પ્રક્રિયા ૩ ખાતે લઇ ગયા | ૬૧.૦૦ | ૧,૨૨,૦૦૦ |
| માલસામાન | ૬.૦૦ | ૧૨,૦૦૦ | | | |
| મજુરી | ૧૨.૫૦ | ૨૫,૦૦૦ | | | |
| સીધા ખર્ચા | ૫.૦૦ | ૧૦,૦૦૦ | | | |
| પરોક્ષ ખર્ચા | ૨.૫૦ | ૫,૦૦૦ | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (રૂ. ૧૨,૦૦૦/૧૨x૫) | | | | | |
| | **૬૧.૦૦** | **૧,૨૨,૦૦૦** | | **૬૧.૦૦** | **૧,૨૨,૦૦૦** |

**પ્રક્રિયા ૩ નું ખાતું**

ઉધાર (ઉત્પાદન ૨,૦૦૦ એકમો) જમા

| વિગત | એકમ દીઠ રૂ. | કુલ પડતર રૂ. | | એકમ દીઠ રૂ. | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રક્રિયા ૨ ખાતેથી લાવ્યા | ૬૧.૦૦ | ૧,૨૨,૦૦૦ | તૈયાર માલના સ્ટોક ખાતે | ૭૪.૫૦ | ૧,૪૯,૦૦૦ |
| માલસામાન | ૨.૫૦ | ૫,૦૦૦ | | | |
| મજુરી | ૭.૫૦ | ૧૫,૦૦૦ | | | |
| સીધા ખર્ચા | ૨.૦૦ | ૪,૦૦૦ | | | |
| પરોક્ષ ખર્ચા | ૧.૫૦ | ૩,૦૦૦ | | | |
| (રૂ. ૧૨,૦૦૦/૧૨x૩) | | | | | |
| | **૭૪.૫૦** | **૧,૪૯,૦૦૦** | | **૭૪.૫૦** | **૧,૪૯,૦૦૦** |

ઉદાઃ૦૨. એક વસ્તુ તૈયાર થતા પહેલા ત્રણ જુદી જુદી પ્રક્રિયામાંથી પસાર થાય છે. ૨૦૨૦ ના માર્ચ માસમાં ઉત્પાદનની પડતર નીચે મુજબ હતી.

| વિગત | પ્રક્રિયા ૧ (રૂ.) | પ્રક્રિયા ૨ (રૂ.) | પ્રક્રિયા ૩ (રૂ.) |
|---|---|---|---|
| અન્ય પ્રત્યક્ષ માલસામાન | ૨૦,૦૦૦ | ૩૦,૨૦૦ | ૩૪,૬૨૦ |
| પ્રત્યક્ષ મજુરી | ૩૫,૦૦૦ | ૪૨,૨૬૦ | ૫૦,૦૦૦ |
| ઉત્પાદન પરોક્ષ ખર્ચા | ૧૫,૦૦૦ | ૨૦,૦૦૦ | ૨૫,૦૦૦ |

પ્રક્રિયા નં. ૧ માં માલસામાનના ૧,૦૦૦ એકમો એકમદીઠ રૂ. ૫૦ લેખે દાખલ કરવામાં આવ્યા હતા.

| | પ્રક્રિયા ૧ | પ્રક્રિયા ૨ | પ્રક્રિયા ૩ |
|---|---|---|---|
| સામાન્ય બગાડ (દાખલ કરેલ એકમના) | ૧૦% | ૫% | ૧૦% |
| બગાડની વેચાણકિંમત (એકમદીઠ) | રૂ. ૩૦ | રૂ. ૫૦ | રૂ. ૬૦ |
| ખરેખર ઉત્પાદન (એકમમાં) | ૯૨૦ | ૮૭૦ | ૮૦૦ |

કોઈ પણ પ્રક્રિયામાં અધૂરું કામ નથી.

ઉપરની માહિતી પરથી પ્રક્રિયાની પડતર દર્શાવતા ખાતા તૈયાર કરો અને અસામાન્ય બગાડ અને અસામાન્ય વધારા અંગેના ખાતા તૈયાર કરો.

જવાબઃ ૦૨.

ઉધાર **પ્રક્રિયા ૧ નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| માલસામાન | ૧,૦૦૦ | ૫૦,૦૦૦ | સામાન્ય બગાડ | ૧૦૦ | ૩,૦૦૦ |
| અન્ય પ્રત્યક્ષ માલસામાન | | ૨૦,૦૦૦ | પ્રક્રિયા નં. ૨ ખાતે લઇ ગયા (એકમદીઠ રૂ. ૧૩૦ લેખે) | ૯૨૦ | ૧,૧૯,૯૬૦ |
| પ્રત્યક્ષ મજુરી | | ૩૫,૦૦૦ | | | |
| ઉત્પાદન પરોક્ષ ખર્ચા | | ૧૫,૦૦૦ | | | |
| અસામાન્ય વધારા ખાતે | ૨૦ | ૨,૬૦૦ | | | |
| | **૧,૦૨૦** | **૧,૨૨,૬૦૦** | | **૧,૦૨૦** | **૧,૨૨,૬૦૦** |

ઉધાર **પ્રક્રિયા ૧ ના અસામાન્ય વધારાનું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| સામાન્ય બગાડની ઓછી ઉપજ | ૨૦ | ૬૦૦ | પ્રક્રિયા ૧ ખાતેથી લાવ્યા | ૨૦ | ૨,૬૦૦ |
| ન. નુ. ખાતે નફો | | ૨,૦૦૦ | | | |
| | **૨૦** | **૨,૬૦૦** | | **૨૦** | **૨૬૦૦** |

ઉધાર **પ્રક્રિયા ૨ નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રક્રિયા ૧ ખાતેથી લાવ્યા | ૯૨૦ | ૧,૧૯,૬૦૦ | સામાન્ય બગાડ | ૪૬ | ૨,૩૦૦ |
| અન્ય પ્રત્યક્ષ માલસામાન | | ૩૦,૨૦૦ | અસામાન્ય બગાડ | ૪ | ૯૬૦ |
| પ્રત્યક્ષ મજુરી | | ૪૨,૨૬૦ | પ્રકિયા નં.૨ ખાતે લઇ ગયા (એકમદીઠ રૂ. ૨૪૦ લેખે) | ૮૭૦ | ૨,૦૮,૮૦૦ |
| ઉત્પાદન પરોક્ષ ખર્ચા | | ૨૦,૦૦૦ | | | |
| | **૯૨૦** | **૨,૧૨,૦૬૦** | | **૯૨૦** | **૨,૧૨,૦૬૦** |

ઉધાર **પ્રક્રિયા ૨ ના અસામાન્ય બગાડનું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રક્રિયા ૨ ખાતેથી લાવ્યા | ૪ | ૯૬૦ | રોકડ ખાતે (ઉપજ) | ૪ | ૨૦૦ |
| | | | ખોટ ન. નુ. ખાતે | | ૭૬૦ |
| | **૪** | **૯૬૦** | | **૪** | **૯૬૦** |

ઉધાર **પ્રક્રિયા ૩ નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રક્રિયા ૨ ખાતેથી લાવ્યા | ૮૭૦ | ૨,૦૮,૮૦૦ | સામાન્ય બગાડ | ૮૭ | ૫,૨૨૦ |
| અન્ય પ્રત્યક્ષ માલસામાન | | ૩૪,૬૨૦ | તૈયાર માલ ખાતે લઇ ગયા (એકમદીઠ રૂ. ૪૦૦ લેખે) | ૮૦૦ | ૩,૨૦,૦૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | | ૫૦,૦૦૦ | | | |
| ઉત્પાદન પરોક્ષ ખર્ચા | | ૨૫,૦૦૦ | | | |
| અસામાન્ય વધારો | ૧૭ | ૬,૮૦૦ | | | |
| | **૮૮૭** | **૩,૨૫,૨૨૦** | | **૮૮૭** | **૩,૨૫,૨૨૦** |

ઉધાર **પ્રક્રિયા ૩ ના અસામાન્ય વધારાનું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| સામાન્ય બગાડની ઓછી ઉપજ | ૧૭ | ૧,૦૨૦ | પ્રક્રિયા ૩ ખાતેથી લાવ્યા | ૧૭ | ૬,૮૦૦ |
| ન. નુ. ખાતે નફો | | ૫,૭૮૦ | | | |
| | **૧૭** | **૬,૮૦૦** | | **૧૭** | **૬,૮૦૦** |

ગણતરીઃ

**સામાન્ય બગાડ, અસામાન્ય બગાડ અને અસામાન્ય વધારોઃ**

| વિગત | પ્રક્રિયા ૧ | પ્રક્રિયા ૨ | પ્રક્રિયા ૩ |
|---|---|---|---|
| દાખલ કરેલ એકમ | ૧,૦૦૦ | ૯૨૦ | ૮૭૦ |
| બાદઃ સામાન્ય બગાડ | ૧૦૦ | ૪૬ | ૮૭ |
| સામાન્ય ઉત્પાદન | ૯૦૦ | ૮૭૪ | ૭૮૩ |
| ખરેખર ઉત્પાદન | ૯૨૦ | ૮૭૦ | ૮૦૦ |
| અસામાન્ય બગાડ / (વધારો) | (૨૦) | ૪ | (૧૭) |
| સામાન્ય ઉત્પાદનની એકમદીઠ પડતર | રૂ. ૧૩૦ | રૂ. ૨૪૦ | રૂ. ૪૦૦ |
| (સામાન્ય પડતર - સામાન્ય બગાડની ઉપજ /સામાન્ય ઉત્પાદન) | (૧,૨૦,૦૦૦ - ૩,૦૦૦/૯૦૦) | (૨,૧૨,૦૬૦- ૨,૩૦૦/૮૭૪) | (૩,૧૮,૪૨૦- ૫,૫૨૦/૭૮૩) |
| અસામાન્ય બગાડ / (વધારાની) કિંમત | રૂ. ૨,૬૦૦ | રૂ. ૯૬૦ | રૂ. ૬,૮૦૦ |
| | (૨૦ એકમ x રૂ.૧૩૦) | (૪ એકમ x રૂ. ૨૪૦) | (૧૭ એકમ x રૂ. ૪૦૦) |

ઉદા:૦૩. એક કેમીકલ કંપની વસ્તુંનું ઉત્પાદન કરે છે. જેમાં દરેક પ્રક્રિયામાં ૨ % વજનની ઘટ અને ૧૦% ભંગાર થાય છે. જેની વેચાણ કિંમત પ્રક્રિયા ૧ અને ૨ માં રૂ. ૧૦૦ એકમદીઠ અને પ્રક્રિયા ૩ માં રૂ. ૨૦ એકમદીઠ થાય છે.

દરેક પ્રક્રિયામાં દાખલ કરેલ એકમો અનુક્રમે ૧,૦૦૦, ૧૪૦ અને ૧,૩૪૮

| | પ્રક્રિયા ૧ | પ્રક્રિયા ૨ | પ્રક્રિયા ૩ |
|---|---|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | ૧,૨૦,૦૦૦ | ૨૮,૦૦૦ | ૧,૦૭,૮૪૦ |
| ઉત્પાદન મજુરી | ૨૦,૫૦૦ | ૧૮,૫૨૦ | ૧૫,૦૦૦ |
| સામાન્ય ખર્ચા | ૧૦,૩૦૦ | ૭,૨૪૦ | ૩,૧૦૦ |
| વેચાણ માટે રાખેલ સ્ટોક | ૨૫ % | ૫૦% | ૧૦૦% |
| આગળની પ્રક્રિયા ખાતે લઇ ગયા | ૭૫% | ૫૦% | શૂન્ય |

ઉપરની માહિતી પરથી પ્રક્રિયા હિસાબો તૈયાર કરો.

જવાબ:૦૩

ઉધાર **પ્રક્રિયા ૧ નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | ૧,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | સામાન્ય બગાડ | | |
| ઉત્પાદન મજુરી | | ૨૦,૫૦૦ | - વજનમાં ઘટ | ૨૦ | -- |
| સામાન્ય ખર્ચા | | ૧૦,૩૦૦ | - ભંગાર | ૧૦૦ | ૧૦,૦૦૦ |
| | | | ઉત્પાદન આગળ લઇ ગયા (એકમદીઠ રૂ. ૧૬૦ લેખે) | ૮૮૦ | ૧,૪૦,૮૦૦ |
| | ૧,૦૦૦ | ૧,૫૦,૮૦૦ | | ૧,૦૦૦ | ૧,૫૦,૮૦૦ |
| ઉત્પાદન આગળ લાવ્યા | ૮૮૦ | ૧,૪૦,૮૦૦ | વેચાણ (૨૨૦ x રૂ. ૧૬૦) | ૨૨૦ | ૩૫,૨૦૦ |
| | | | પ્રકિયા નં.૨ ખાતે લઇ ગયા | ૬૬૦ | ૧,૦૫,૬૦૦ |
| | ૮૮૦ | ૧,૪૦,૮૦૦ | (એકમદીઠ રૂ. ૧૬૦ લેખે) | ૮૮૦ | ૧,૪૦,૮૦૦ |

નોંધ: ઘટની ઉપજ ન હોય.

ઉધાર **પ્રક્રિયા ૨ નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રકિયા નં.૧ ખાતેથી લાવ્યા | ૬૬૦ | ૧,૦૫,૬૦૦ | સામાન્ય બગાડ | | |
| પ્રત્યક્ષ માલસામાન | ૧૪૦ | ૨૮,૦૦૦ | - વજનમાં ઘટ | ૧૬ | -- |
| ઉત્પાદન મજુરી | | ૧૮,૫૨૦ | - ભંગાર | ૮૦ | ૮,૦૦૦ |
| સામાન્ય ખર્ચા | | ૭,૨૪૦ | ઉત્પાદન આગળ લઇ ગયા | ૭૦૪ | ૧,૫૧,૩૬૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | (એકમદીઠ રૂ. ૨૧૫ લેખે) | | |
| | ૮૦૦ | ૧,૫૯,૩૬૦ | | ૮૦૦ | ૧,૫૯,૩૬૦ |
| ઉત્પાદન આગળ લાવ્યા | ૭૦૪ | ૧,૫૧,૩૬૦ | વેચાણ (૩૫૨x રૂ. ૨૧૫) | ૩૫૨ | ૭૫,૬૮૦ |
| | | | પ્રક્રિયા નં.૩ ખાતે લઇ ગયા | ૩૫૨ | ૭૫,૬૮૦ |
| | ૭૦૪ | ૧,૫૧,૩૬૦ | (એકમદીઠ રૂ. ૨૧૫ લેખે) | ૭૦૪ | ૧૫૧,૩૬૦ |

ઉધાર **પ્રક્રિયા ૩ નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રક્રિયા નં.૨ ખાતેથી લાવ્યા | ૩૫૨ | ૭૫,૬૮૦ | સામાન્ય બગાડ | | |
| પ્રત્યક્ષ માલસામાન | ૧૩૪૮ | ૧,૦૭,૮૪૦ | - વજનમાં ઘટ | ૩૪ | -- |
| ઉત્પાદન મજુરી | | ૧૫,૦૦૦ | - ભંગાર | ૧૭૦ | ૩,૪૦૦ |
| સામાન્ય ખર્ચા | | ૩,૧૦૦ | ઉત્પાદન આગળ લઇ ગયા (એકમદીઠ રૂ. ૧૩૨.૫૦ લેખે) | ૧,૪૯૬ | ૧,૯૮,૨૨૦ |
| | ૧,૭૦૦ | ૨,૦૧,૬૨૦ | | ૧,૭૦૦ | ૨,૦૧,૬૨૦ |
| ઉત્પાદન આગળ લાવ્યા | ૧,૪૯૬ | ૧,૯૮,૨૨૦ | વેચાણ (૧,૪૯૬ X રૂ. ૧૩૨.૫૦) | ૧,૪૯૬ | ૧,૯૮,૨૨૦ |
| | **૧,૪૯૬** | **૧,૯૮,૨૨૦** | | **૧,૪૯૬** | **૧,૯૮,૨૨૦** |

**ઉદા:૦૪. એક વસ્તુ બે જુદી જુદી પ્રક્રિયા ‘અ’ અને ‘બ’ માંથી પસાર થાય છે અને ત્યાર પછી તેને તૈયાર માલના સ્ટોક ખાતે લઇ જવામાં આવે છે. ‘અ’ નું ઉત્પાદન ‘બ’ ખાતે જાય છે અને ‘બ’ નું ઉત્પાદન તૈયાર માલના સ્ટોક ખાતે જાય છે.**

તા.૩૧/૦૩/૨૦૨૦ ના રોજ પુરા થતા માસ દરમ્યાન પ્રક્રિયા ‘અ’ માં માલસામાનના ૧,૦૦૦ એકમો એકમદીઠ રૂ. ૨૦ લેખે દાખલ કરવામાં આવ્યા હતા. અન્ય જરૂરી માહિતી નીચે મુજબ છે.

| વિગત | પ્રક્રિયા ‘અ’ | પ્રક્રિયા ‘બ’ |
|---|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | ૧,૧૦૦ | ૨,૬૫૦ |
| પ્રત્યક્ષ મજુરી | ૧૦,૦૦૦ | ૧૧,૦૦૦ |
| ઉત્પાદન ખર્ચા | ૭,૦૦૦ | ૭,૫૦૦ |
| ખરેખર ઉત્પાદન (એકમો) | ૯૦૦ | ૮૩૦ |
| સામાન્ય બગાડ (દાખલ કરેલ એકમના ટકા) | ૫% | ૧૦% |
| બગાડની વેચાણકિંમત (એકમદીઠ) | રૂ. ૨ | રૂ. ૫ |

ઉપરની માહિતી પરથી પ્રક્રિયાના ખાતા તૈયાર કરી અને દરેક પ્રક્રીયાદીઠ પડતર કિંમત શોધો. તદ્ઉપરાંત અસામાન્ય બગાડ કે વધારા અંગેના ખાતા તૈયાર કરો.

જવાબઃ ૦૪.

ઉધાર **પ્રક્રિયા 'અ' નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| દાખલ કરેલ માલસામાન | ૧,૦૦૦ | ૨૦,૦૦૦ | સામાન્ય બગાડ | ૫૦ | ૧૦૦ |
| પ્રત્યક્ષ માલસામાન | | ૧,૧૦૦ | અસામાન્ય બગાડ | ૫૦ | ૨,૦૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | | ૧૦,૦૦૦ | પ્રક્રિયા નં.બ ખાતે લઇ ગયા | | |
| ઉત્પાદન ખર્ચા | | ૭,૦૦૦ | (એકમદીઠ રૂ. ૪૦ લેખે) | ૯૦૦ | ૩૬,૦૦૦ |
| | **૧,૦૦૦** | **૩૮,૧૦૦** | | **૧,૦૦૦** | **૩૮,૧૦૦** |

ઉધાર **પ્રક્રિયા 'બ' નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રક્રિયા અ ખાતેથી લાવ્યા | ૯૦૦ | ૩૬,૦૦૦ | સામાન્ય બગાડ | ૯૦ | ૪૫૦ |
| પ્રત્યક્ષ માલસામાન | | ૨,૬૫૦ | તૈયાર માલ ખાતે લઇ ગયા | ૮૩૦ | ૫૮,૧૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | | ૧૧,૦૦૦ | (એકમદીઠ રૂ. ૭૦ લેખે) | | |
| ઉત્પાદન ખર્ચા | | ૭,૫૦૦ | | | |
| અસામાન્ય વધારો | ૨૦ | ૧,૪૦૦ | | | |
| | **૯૨૦** | **૫૮,૫૫૦** | | **૯૨૦** | **૫૮,૫૫૦** |

**પ્રક્રિયા 'અ' ના અસામાન્ય બગાડનું ખાતું**

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રક્રિયા અ ખાતેથી લાવ્યા | ૫૦ | ૨,૦૦૦ | રોકડ ખાતે (ઉપજ) | ૫૦ | ૧૦૦ |
| | | | ખોટ ન. નુ. ખાતે | | ૧,૯૦૦ |
| | **૫૦** | **૨,૦૦૦** | | **૫૦** | **૨,૦૦૦** |

**પ્રક્રિયા 'બ' ના અસામાન્ય વધારાનું ખાતું**

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| સામાન્ય બગાડની ઓછી ઉપજ | ૨૦ | ૧૦૦ | પ્રક્રિયા બ ખાતેથી લાવ્યા | ૨૦ | ૧,૪૦૦ |
| | ૨૦ | ૧,૪૦૦ | | ૨૦ | ૧,૪૦૦ |

ગણતરીઃ

સામાન્ય બગાડ, અસામાન્ય બગાડ અને અસામાન્ય વધારોઃ

| વિગત | પ્રક્રિયા અ | પ્રક્રિયા બ |
|---|---|---|
| દાખલ કરેલ એકમ | ૧,૦૦૦ | ૯૦૦ |
| બાદઃ સામાન્ય બગાડ | ૫૦ | ૯૦ |
| સામાન્ય ઉત્પાદન | ૯૫૦ | ૮૧૦ |
| ખરેખર ઉત્પાદન | ૯૦૦ | ૮૩૦ |
| અસામાન્ય બગાડ / (વધારો) | ૫૦ | (૨૦) |
| સામાન્ય ઉત્પાદનની એકમદીઠ પડતર | રૂ. ૪૦ | રૂ. ૭૦ |
| (સામાન્ય પડતર - સામાન્ય બગાડની ઉપજ/ સામાન્ય ઉત્પાદન) | (૩૮,૧૦૦ - ૧૦૦/૯૦૦) | (૫૭,૧૫૦- ૪૫૦/૮૧૦) |
| અસામાન્ય બગાડ / (વધારાની) કિંમત | રૂ. ૨,૦૦૦ | રૂ. ૧,૪૦૦ |
| | (૫૦ એકમ x રૂ.૪૦) | (૨૦ એકમ x રૂ. ૭૦) |

ઉદાઃ૦૫. એક કંપનીનું ઉત્પાદન ત્રણ પ્રક્રિયામાંથી પસાર થઇ તૈયાર માલના સ્ટોક ખાતે લઈ જવામાં આવે છે. ભૂતકાળના અનુભવ ઉપથી એવી ધારણા કરવામાં આવેલ છે કે દરેક પ્રક્રિયાના સામાન્ય બગાડ તથા તેની વેચાણકિંમત નીચે પ્રમાણે રહેશેઃ

| પ્રક્રિયા | સામાન્ય બગાડ (એકમો) | સામાન્ય ની વેચાણકિંમત |
|---|---|---|
| અ | ૨ % | રૂ. ૨.૫ એકમદીઠ |
| બ | ૪ % | રૂ. ૫ એકમદીઠ |
| ક | ૨.૫ % | રૂ. ૬ એકમદીઠ |

પ્રક્રિયાના ખર્ચાઓ નીચે મુજબ હતાઃ

| | પ્રક્રિયા અ | પ્રક્રિયા બ | પ્રક્રિયા ક |
|---|---|---|---|
| માલસામાન | ૧,૨૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | ૯૦,૦૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | ૧,૬૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૪૯,૦૦૦ |
| ઉત્પાદન ખર્ચા | ૨૦,૦૦૦ | ૩૪,૦૦૦ | ૩૫,૯૦૦ |
| કારખાનાના ખર્ચા | ૩૫,૦૦૦ | ૨૦,૦૫૦ | ૨૦,૦૪૦ |

પ્રક્રિયા અ માં કાચા માલના ૪,૦૦૦ એકમો રૂ. ૧,૩૫,૬૦૦ની કિંમતે મુકેલા હતા. દરેક પ્રક્રિયાનું ખરેખર ઉત્પાદન નીચે પ્રમાણે હતુંઃ

| પ્રક્રિયા | ઉત્પાદિત એકમો |
|---|---|
| અ | ૩,૮૫૦ |
| બ | ૩,૬૦૦ |
| ક | ૩,૫૦૦ |

પ્રક્રિયા ખાતાંઓ તૈયાર કરો અને વેચાણકિંમત પર ૨૦% નફો મેળવવા એકમદીઠ વેચાણ કિંમત કેટલી રાખવી જોઈએ તે દર્શાવો.

જવાબઃ ૦૫.

ઉધાર **પ્રક્રિયા અ નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| દાખલ કરેલ માલસામાન | ૪,૦૦૦ | ૧,૩૫,૬૦૦ | સામાન્ય બગાડ | ૮૦ | ૨૦૦ |
| માલસામાન | | ૧,૨૦,૦૦૦ | અસામાન્ય બગાડ | ૭૦ | ૮,૪૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | | ૧,૬૦,૦૦૦ | પ્રકિયા નં.બ ખાતે લઈ ગયા | | |
| ઉત્પાદનના ખર્ચા | | ૨૦,૦૦૦ | (એકમદીઠ રૂ. ૧૨૦ લેખે) | ૩,૮૫૦ | ૪,૬૨,૦૦૦ |
| કારખાનાના ખર્ચા | | ૩૫,૦૦૦ | | | |
| | **૪,૦૦૦** | **૪,૭૦,૬૦૦** | | **૪,૦૦૦** | **૪,૭૦,૬૦૦** |

ઉધાર **પ્રક્રિયા બ નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રકિયા નં.અ ખાતેથી લાવ્યા | ૩,૮૫૦ | ૪,૬૨,૦૦૦ | સામાન્ય બગાડ | ૧૫૪ | ૭૭૦ |
| માલસામાન | | ૧,૦૦,૦૦૦ | અસામાન્ય બગાડ | ૯૬ | ૧૭,૨૮૦ |
| પ્રત્યક્ષ મજુરી | | ૫૦,૦૦૦ | પ્રકિયા નં.ક ખાતે લઈ ગયા | | |
| ઉત્પાદનના ખર્ચા | | ૩૪,૦૦૦ | (એકમદીઠ રૂ. ૧૮૦ લેખે) | ૩,૬૦૦ | ૬,૪૮,૦૦૦ |
| કારખાનાના ખર્ચા | | ૨૦,૦૫૦ | | | |
| | **૩,૮૫૦** | **૬,૬૬,૦૫૦** | | **૩,૮૫૦** | **૬,૬૬,૦૫૦** |

ઉધાર **પ્રક્રિયા ક નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રકિયા નં.બ ખાતેથી લાવ્યા | ૩,૬૦૦ | ૬,૪૮,૦૦૦ | સામાન્ય બગાડ | ૯૦ | ૫૪૦ |
| માલસામાન | | ૯૦,૦૦૦ | અસામાન્ય બગાડ | ૧૦ | ૨,૪૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | | ૪૯,૦૦૦ | તૈયારમાલ ખાતે લઈ ગયા | | |
| ઉત્પાદનના ખર્ચા | | ૩૫,૯૦૦ | (એકમદીઠ રૂ. ૨૪૦ લેખે) | ૩,૫૦૦ | ૮,૪૦,૦૦૦ |
| કારખાનાના ખર્ચા | | ૨૦,૦૪૦ | | | |
| | **૩,૬૦૦** | **૮,૪૨,૯૪૦** | | **૩,૬૦૦** | **૮,૪૨,૯૪૦** |

ઉધાર **તૈયારમાલ નું ખાતું** જમા

| **વિગત** | **એકમ** | **કુલ પડતર રૂ.** | **વિગત** | **એકમ** | **કુલ પડતર રૂ.** |
|---|---|---|---|---|---|
| પ્રક્રિયા નં. ક ખાતેથી લાવ્યા | ૩,૫૦૦ | ૮,૪૦,૦૦૦ | વેચાણ ખાતે | ૩,૫૦૦ | ૧૦,૫૦,૦૦૦ |
| ન. નું. ખાતે લઇ ગયા (નફો) | | ૨,૧૦,૦૦૦ | (એકમ દીઠ રૂ. ૩૦૦) | ૧૦ | ૨,૪૦૦ |
| | **૩,૫૦૦** | **૧૦,૫૦,૦૦૦** | | **૩,૫૦૦** | **૧૦,૫૦,૦૦૦** |

**અસામાન્ય બગાડનું ખાતું**

| **વિગત** | **એકમ** | **કુલ પડતર રૂ.** | **વિગત** | **એકમ** | **કુલ પડતર રૂ.** |
|---|---|---|---|---|---|
| પ્રકિયા અ ખાતેથી લાવ્યા | ૭૦ | ૮,૪૦૦ | રોકડ ખાતે (ઉપજ) | ૭૦ | ૧૭૫ |
| પ્રકિયા બ ખાતેથી લાવ્યા | ૯૬ | ૧૭,૨૮૦ | રોકડ ખાતે (ઉપજ) | ૯૬ | ૪૮૦ |
| પ્રકિયા ક ખાતેથી લાવ્યા | ૧૦ | ૨,૪૦૦ | રોકડ ખાતે (ઉપજ) | ૧૦ | ૬૦ |
| | | | ખોટ ન. નુ. ખાતે | | ૨૭,૩૬૫ |
| | **૧૭૬** | **૨૮,૦૮૦** | | **૧૭૬** | **૨૮,૦૮૦** |

ગણતરીઃ

સામાન્ય બગાડ, અસામાન્ય બગાડ અને અસામાન્ય વધારોઃ

| **વિગત** | **પ્રક્રિયા અ** | **પ્રક્રિયા બ** | **પ્રક્રિયા ક** |
|---|---|---|---|
| દાખલ કરેલ એકમ | ૪,૦૦૦ | ૩,૮૫૦ | ૩,૬૦૦ |
| બાદઃ સામાન્ય બગાડ | ૮૦ | ૧૫૪ | ૯૦ |
| સામાન્ય ઉત્પાદન | ૩,૯૨૦ | ૩,૬૯૬ | ૩,૫૧૦ |
| ખરેખર ઉત્પાદન | ૩,૮૫૦ | ૩,૬૦૦ | ૩,૫૦૦ |
| અસામાન્ય બગાડ / (વધારો) | ૭૦ | ૯૬ | ૧૦ |
| સામાન્ય ઉત્પાદનની એકમદીઠ પડતર | રૂ. ૧૨૦ | રૂ. ૧૮૦ | રૂ. ૨૪૦ |
| (સામાન્ય પડતર - સામાન્ય બગાડની ઉપજ /સામાન્ય ઉત્પાદન) | (૪,૭૦,૬૦૦ - ૨૦૦/૩૯૨૦) | (૬,૬૬,૦૫૦ - ૭૭૦/૩૬૯૬) | (૮,૪૨,૯૪૦ - ૫૪૦/૩૫૧૦) |
| અસામાન્ય બગાડ / (વધારાની) કિંમત | રૂ. ૮,૪૦૦ | રૂ. ૧૭,૨૮૦ | રૂ. ૨,૪૦૦ |
| | (૭૦ એકમ x રૂ.૧૨૦) | (૯૬ એકમ x રૂ. ૧૮૦) | (૧૦ એકમ x રૂ. ૨૪૦) |

**ઉદાઃ૦૬. એક વસ્તુ 'અ', 'બ' અને 'ક' નામની ત્રણ પ્રક્રિયામાંથી પસાર થાય છે. પ્રક્રિયા 'અ' માં ૧૦,૦૦૦ એકમો એકમદીઠ રૂ. ૧૦૦ ના ભાવે દાખલ કરવામાં આવે છે. પ્રત્યક્ષ ખર્ચા નીચે મુજબ છે.**

| **વિગત** | **પ્રક્રિયા 'અ'** | **પ્રક્રિયા 'બ'** | **પ્રક્રિયા 'ક'** |
|---|---|---|---|
| પરચુરણ માલસામાગ્રી | ૧,૦૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | ૫,૦૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| પ્રત્યક્ષ ખર્ચા | ૧,૦૫,૦૦૦ | ૧,૧૮,૭૫૦ | ૨,૦૦,૯૦૦ |
| વધારાની માહિતીઃ | | | |
| ખરેખર ઉત્પાદન (એકમોમાં) | ૯,૫૦૦ | ૯,૧૦૦ | ૮,૧૦૦ |
| સામાન્ય બગાડ | ૩ % | ૫ % | (?) |
| સામાન્ય બગાડના એકમદીઠ વેચાણ કિંમત | રૂ. ૨૫ | ૫૦ | ૧૦૦ |

તૈયાર માલના સ્ટોકમાંથી એકમદીઠ રૂ. ૫૧૦ લેખે એકમો વેચવામાં આવે છે, જેથી વેચાણકિંમત પર ૧૬ ૨/૩% નફો મળી શકે. પ્રક્રિયાઓના ખાતા તૈયાર કરો અને પ્રક્રિયા 'ક' ના સામાન્ય બગાડની ટકાવારી શોધો.

જવાબઃ૦૬.

ઉધાર **પ્રક્રિયા અ નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| દાખલ કરેલ માલસામાન | ૧૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | સામાન્ય બગાડ | ૩૦૦ | ૭,૫૦૦ |
| પરચુરણ માલસામાગ્રી | | ૧,૦૦,૦૦૦ | અસામાન્ય બગાડ | ૨૦૦ | ૩૫,૦૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | | ૫,૦૦,૦૦૦ | પ્રકિયા નં.બ ખાતે લઇ ગયા | | |
| પ્રત્યક્ષ ખર્ચા | | ૧,૦૫,૦૦૦ | (એકમદીઠ રૂ. ૧૭૫ લેખે) | ૯,૫૦૦ | ૧૬,૬૨,૫૦૦ |
| | **૧૦,૦૦૦** | **૧૭,૦૫,૦૦૦** | | **૧૦,૦૦૦** | **૧૭,૦૫,૦૦૦** |

ઉધાર **પ્રક્રિયા બ નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રકિયા નં.અ ખાતેથી લાવ્યા | ૯,૫૦૦ | ૧૬,૬૨,૫૦૦ | સામાન્ય બગાડ | ૪૭૫ | ૨૩,૭૫૦ |
| પરચુરણ માલસામાગ્રી | | ૧,૫૦,૦૦૦ | | | |
| પ્રત્યક્ષ મજુરી | | ૮,૦૦,૦૦૦ | પ્રકિયા નં. ક ખાતે લઇ ગયા | | |
| પ્રત્યક્ષ ખર્ચા | | ૧,૧૮,૭૫૦ | (એકમદીઠ રૂ. ૩૦૦ લેખે) | ૯૧૦૦ | ૨૭,૩૦,૦૦૦ |
| અસામાન્ય વધારો | ૭૫ | ૨૨,૫૦૦ | | | |
| | **૯,૫૭૫** | **૨૭,૫૩,૭૫૦** | | **૯,૫૭૫** | **૨૭,૫૩,૭૫૦** |

ઉધાર **પ્રક્રિયા ક નું ખાતું** જમા

| વિગત | એકમ | કુલ પડતર રૂ. | વિગત | એકમ | કુલ પડતર રૂ. |
|---|---|---|---|---|---|
| પ્રક્રિયા નં.બ ખાતેથી લાવ્યા | ૯,૧૦૦ | ૨૭,૩૦,૦૦૦ | સામાન્ય બગાડ | ૭૨૮ | ૭૨,૮૦૦ |
| પરચુરણ માલસામાગ્રી | | ૫૦,૦૦૦ | અસામાન્ય બગાડ | ૨૭૨ | ૧,૧૫,૬૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | | ૬,૫૦,૦૦૦ | તૈયાર ખાતે લઇ ગયા | | |
| પ્રત્યક્ષ ખર્ચા | | ૨,૦૦,૯૦૦ | (એકમદીઠ રૂ. ૪૨૫ લેખે) | ૮૧૦૦ | ૩૪,૪૨,૫૦૦ |
| | **૯,૧૦૦** | **૩૬,૩૦,૯૦૦** | | **૯,૧૦૦** | **૩૬,૩૦,૯૦૦** |

ગણતરીઃ

**સામાન્ય બગાડ, અસામાન્ય બગાડ અને અસામાન્ય વધારોઃ**

| વિગત | પ્રક્રિયા અ | પ્રક્રિયા બ | પ્રક્રિયા ક |
|---|---|---|---|
| દાખલ કરેલ એકમ | ૧૦,૦૦૦ | ૯,૫૦૦ | ૯,૧૦૦ |
| બાદઃ સામાન્ય બગાડ | ૩૦૦ | ૪૭૫ | ૭૨૮ |
| સામાન્ય ઉત્પાદન | ૯,૭૦૦ | ૯,૦૨૫ | ૮,૩૭૨ |
| ખરેખર ઉત્પાદન | ૯,૫૦૦ | ૯,૧૦૦ | ૮,૧૦૦ |
| અસામાન્ય બગાડ / (વધારો) | ૨૦૦ | (૭૫) | ૨૭૨ |
| સામાન્ય ઉત્પાદનની એકમદીઠ પડતર | રૂ. ૧૭૫ | રૂ. ૩૦૦ | રૂ. ૪૨૫ |
| (સામાન્ય પડતર - સામાન્ય બગાડની ઉપજ /સામાન્ય ઉત્પાદન) | (૧૭,૦૫,૦૦૦-૭,૫૦૦/૯,૭૦૦) | (૨૭,૩૧,૨૫૦-૨૩,૭૫૦/૯,૦૨૫) | (૩૬,૩૦,૯૦૦-૭૨૮૦૦/૮૩૭૨) |
| અસામાન્ય બગાડ / (વધારાની) કિંમત | રૂ. ૩૫,૦૦૦ | રૂ. ૨૨,૫૦૦ | રૂ. ૧,૧૫,૬૦૦ |
| | (૨૦૦ એકમ x રૂ.૧૭૫) | (૭૫ એકમ x રૂ. ૩૦૦) | (૨૭૨ એકમ x રૂ. ૪૨૫) |

**પ્રક્રિયા 'ક' સામાન્ય બગાડ માટેની ગણતરીઃ**

તૈયાર માલના સ્ટોકમાંથી એકમદીઠ રૂ. ૫૧૦ લેખે એકમો વેચવામાં આવે છે, જેથી વેચાણકિંમત પર ૧૬ ૨/૩% નફો મળી શકે. એટલે વેચેલ એકમોની પડતર રૂ. રૂ.૪૨૫ (૫૧૦-૮૫ નફો) પ્રક્રિયા ક ના સામાન્ય બગાડના એકમો નીચે મુજબ મળી શકે.

સામાન્ય ઉત્પાદન ની કુલ પડતર = ઉત્પાદનનો કુલ ખર્ચ - સામાન્ય બગાડની ઉપજ

ધારો કે સામાન્ય બગાડના એકમો x છે.

તેથી ૪૨૫ (૯૧૦૦ - x) = (પ્રક્રિયાના ખર્ચા રૂ. ૩૬,૩૦,૯૦૦) - ૧૦૦ x

તેથી ૩૮,૬૭,૫૦૦ - ૪૨૫ x = ૩૬,૩૦,૯૦૦ - ૧૦૦ x

તેથી ૩૨૫ x = ૩૮,૬૭,૫૦૦ - ૩૬,૩૦,૯૦૦ = ૨,૩૬,૬૦૦

તેથી x = ૨,૩૬,૬૦૦/૩૨૫ = ૭૨૮ એકમો

તેથી સામાન્ય બગાડના એકમો ૭૨૮, જે ૯,૧૦૦ એકમો પર ૭૨૮x૧૦૦/૯૧૦૦ = ૮ % થશે.

## ૧૦. સ્વાધ્યાયના દાખલાઓ

દાઃ૦૧. એક વસ્તુ બનાવવા ઉત્પાદનને ત્રણ પ્રક્રિયામાંથી પસાર કરવું પડે છે. એક પ્રક્રિયામાંથી બનેલ માલ બીજી પ્રક્રિયામાં અને તે રીતે છેલ્લી પ્રક્રિયામાંથી તૈયાર માલ બને છે. નીચે દરેક પ્રક્રિયાને લગતી વિગત આપી છેઃ

| વિગત | પ્રક્રિયા ૧ (રૂ.) | પ્રક્રિયા ૨ (રૂ.) | પ્રક્રિયા ૩ (રૂ.) |
|---|---|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | ૧,૦૦,૦૦૦ | ૮૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | ૫૦,૦૦૦ | ૬૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| સીધા ખર્ચા | ૧૫,૦૦૦ | ૨૫,૦૦૦ | ૫૦,૦૦૦ |

દરેક પ્રક્રિયાનો શીરોપારી ખર્ચ મજુરીના ૨૦૦% ગણવાનો છે. દરેક પ્રક્રિયાની શરૂઆતમાં કે અંતે કોઈ સ્ટોક નથી. બગાડ પણ નથી. કુલ ૧૦,૦૦૦ એકમોનું ઉત્પાદન થયું છે.

તમારે દરેક પ્રક્રિયાની કુલ પડતર અને એકમદીઠ પ્રત્યેક ખર્ચની પડતર બતાવતાં ખાતાં તૈયાર કરો.

જવાબઃ૦૧. પ્રક્રિયા નં. ૧ ની પડતર રૂ. ૨,૬૫,૦૦૦, પ્રક્રિયા નં. ૨ ની પડતર રૂ. ૫,૫૦,૦૦૦, અને પ્રક્રિયા નં. ૩ ની પડતર રૂ. ૮,૩૦,૦૦૦

દાઃ૦૨. શ્રીજી લિમીટેડ એક વસ્તુનું ઉત્પાદન કરે છે. જે તૈયાર થઇ ગોડાઉનમાં જતા પહેલા ત્રણ પ્રક્રિયામાંથી પસાર થાય છે. ઉત્પાદન અંગેની માહિતી નીચે પ્રમાણે છે. તેના પરથી પ્રક્રિયા ખાતાઓ તથા અન્ય જરૂરી ખાતાઓ તૈયાર કરોઃ

| વિગત | પ્રક્રિયા ‘અ’ | પ્રક્રિયા ‘બ’ | પ્રક્રિયા ‘ક’ |
|---|---|---|---|
| પ્રક્રિયા ‘અ’ માં મુકેલ | -- | -- | -- |
| માલસામાન (૧૦,૦૦૦ યુનિટ) | ૬૦,૦૦૦ | -- | -- |
| દરેક પ્રક્રિયામાં વધારાનો મુકેલો માલ | ૮૫,૦૦૦ | ૯૫,૦૦૦ | ૫૫,૦૦૦ |
| સીધી મજૂરી | ૪૦,૦૦૦ | ૬૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચાઓ | ૧૨,૦૦૦ | ૯,૩૦૦ | ૧૩,૪૦૦ |

ઉત્પાદનના શીરોપારી ખર્ચાઓ રૂ. ૧,૬૫,૦૦૦ ના હતા, જે દરેક પ્રક્રિયા ખાતે સીધી મજુરીના પ્રમાણમાં ફાળવવાના છે.

| વિગત | પ્રક્રિયા ‘અ’ | પ્રક્રિયા ‘બ’ | પ્રક્રિયા ‘ક’ |
|---|---|---|---|
| ખરેખર ઉત્પાદન | ૯,૨૦૦ | ૮,૭૦૦ | ૭,૯૦૦ |
| દરેક પ્રક્રિયાનો સામાન્ય બગાડ | ૧૦% | ૫% | ૧૦% |
| સામાન્ય બગાડની વેચાણકિંમત | રૂ. ૨ | રૂ. ૫ | રૂ.૧૦ |

જવાબઃ૦૨. પ્રક્રિયા નં. અ ની એકમ પડતર રૂ. ૨૫ પ્રક્રિયા નં. બ ની એકમ પડતર રૂ. ૫૦, અને પ્રક્રિયા નં. ક ની એકમ પડતર રૂ. ૯૦.

દાઃ૦૩. શ્રી શારદા કંપની લી. નું ઉત્પાદન તૈયાર માલના સ્ટોક ખાતે લઇ ગયા જતા પહેલા ત્રણ પ્રક્રિયામાંથી પસાર થાય છે. માર્ચ ૨૦૨૦ દરમ્યાનના ઉત્પાદનને લગતી માહિતી નીચે મુજબ છે.

| વિગત | પ્રક્રિયા '૧' | પ્રક્રિયા '૨' | પ્રક્રિયા '૩' |
|---|---|---|---|
| વપરાયેલ કાચો માલ ટનમાં | ૧,૧૦૦ | ૬૫ | ૭૫ |
| ટનદીઠ માલની પડતર | ૧,૮૦૦ | ૧,૨૦૦ | ૩,૫૦૦ |
| પ્રત્યક્ષ મજુરી રૂ. | ૪,૬૦,૦૦૦ | ૫,૩૧,૦૦૦ | ૧,૮૦,૫૦૦ |
| ઉત્પાદન શીરોપારી ખર્ચા રૂ. | ૧,૨૩,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| પ્રક્રિયાને લીધે ટનેજમાં ખાધ (દાખલ કરેલ ટનના ટકા) | ૫% | ૫% | ૫% |
| પ્રક્રિયાને લીધે ભંગાર (દાખલ કરેલ ટનના ટકા) | ૧૦% | ૧૦% | ૧૦% |
| બગાડની વેચાણકિંમત ટનદીથ રૂ. | ૧,૨૦૦ | ૧,૮૦૦ | ૩,૦૦૦ |
| ખરેખર ઉત્પાદન ટનમાં | ૯૩૫ | ૮૨૫ | ૭૮૦ |

એક પ્રક્રિયાનો તૈયાર માલ બીજી પ્રક્રિયાના કાચા માલ તરીકે તબદીલ થાય છે. અને પ્રક્રિયા ત્રણનો માલ તૈયાર માલ ગોડાઉન ખાતે લઇ જવામાં આવે છે. એક પણ પ્રક્રિયામાં શરૂઆતનો કે આખરનો કોઈ સ્ટોક નથી.

ઉપરની માહિતી પથી પ્રક્રિયાનાં ખાતા તૈયાર કરો અને દરેક પ્રક્રિયાની એકમદીઠ પડતર કિંમત શોધી કાઢો. તદ્ઉપરાંત અસામાન્ય બગાડ અને વધારા અંગેના ખાતા તૈયાર કરો.

જવાબઃ૦૩. પ્રક્રિયા નં. ૧ ની ટન દીઠ રૂ. પડતર રૂ. ૨૬૦૦, પ્રક્રિયા નં. ૨ ની ટન દીઠ પડતર રૂ. ૩,૬૦૦, અને પ્રક્રિયા નં. ૩ટન દીઠ ની પડતર રૂ. ૪૨૦૦

દાઃ૦૪. નીચેની માહિતી માર્ચ ૨૦૨૦ ની એક વસ્તુનું ઉત્પાદન પ્રક્રિયાથી થાય છે તે અંગેની છે.

| વિગત | પ્રક્રિયા '૧' | પ્રક્રિયા '૨' | પ્રક્રિયા '૩' |
|---|---|---|---|
| પ્રત્યક્ષ માલસામાન (રૂ.) | ૨૬,૦૦૦ | ૧૯,૮૦૦ | ૨૯,૬૨૦ |
| પ્રત્યક્ષ મજુરી (રૂ.) | ૨૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| ઉત્પાદનનાં એકમો | ૯૫૦ | ૮૪૦ | ૭૫૦ |
| સામાન્ય બગાડ | ૫% | ૧૦% | ૧૫% |
| સામાન્ય બગાડની વેચાણ કિંમત (એકમ દીઠ રૂ.) | ૨૦ | ૪૦ | ૫૦ |

પ્રક્રિયા ૧ માં ૧,૦૦૦ એકમો રૂ. ૩૦ લેખે દાખલ કરવામાં આવ્યા હતા.

ઉત્પાદનના શીરોપારી ખર્ચા રૂ. ૯૦,૦૦૦ થયો હતો. જે પ્રત્યક્ષ મજુરીના ૧૦ % લેખે વસૂલવામાં આવ્યા છે.

ઉપરની માહિતી પરથી પ્રક્રિયાના ખાતા તૈયાર કરો તેમજ અસામાન્ય બગાડ અને વધારાનાં ખાતા તૈયાર કરો.

જવાબઃ૦૪. પ્રક્રિયા નં. ૧ ની ટન દીઠ રૂ. પડતર રૂ. ૧૫૦, પ્રક્રિયા નં. ૨ ની ટન દીઠ પડતર રૂ. ૬૦૦, અને પ્રક્રિયા નં. ૩ટન દીઠ ની પડતર રૂ. ૮૦૦

દા:૦૫. નીચેની માહિતી પ્રક્રિયા લક્ષ્મી ઉત્પાદનથી તૈયાર થાય છે. નીચેના ઉત્પાદનના આંકડા ૧ લી જાન્યુઆરી થી ૩૦મી જુન, ૨૦૧૯ સુધીના ૬ માસના સમયનાં છે.

| વિગત | પ્રક્રિયા 'અ' | પ્રક્રિયા 'બ' | પ્રક્રિયા 'ક' |
|---|---|---|---|
| વપરાયેલ માલસામાનની કિંમત (૧,૪૦૦ ટન) રૂ. | ૨,૮૦,૦૦૦ | -- | -- |
| પ્રત્યક્ષ મજુરી (રૂ.) | ૯૧,૩૫૦ | ૫૧,૪૦૮ | ૧૩,૪૯૬ |
| ઉત્પાદનના ખર્ચા (રૂ.) | ૧૦,૧૫૦ | ૫,૭૧૨ | ૧,૪૯૮ |
| ગુમાવેલું વજન | ૫% | ૧૦% | ૨૦% |
| ભંગારનું વેચાણ (ટનદીઠ રૂ. ૫૦ લેખે) | ૭૦ ટન | ૪૨ ટન | ૭૧ ટન |
| વેચાણકિંમત (ટનદીઠ) | ૪૯૦ | ૭૦૦ | ૧,૧૨૦ |

વહીવટી ખર્ચા રૂ. ૨૪,૫૦૦; વેચાણ ખર્ચા રૂ. ૧૪,૦૦૦ અને ઉછીની મૂડી પર વ્યાજ રૂ. ૫,૬૦૦હતું. 'અ' પ્રક્રિયાનો ૨/૩ અને 'બ' પ્રક્રિયાનો ૧/૨ ભાગ બીજી પ્રક્રિયામાં જાય છે. અને બાકીનો માલ વેચી દેવામાં આવે છે.

તમારે જરૂરી પ્રક્રિયા ખાતા તેમજ બગાડ અને વધારા અંગેના ખાતા તૈયાર કરી, પડતરની માહિતી સંચાલકોને જમા કરવાની છે.

જવાબ:૦૫. પ્રક્રિયા નં. અએકમદીઠ રૂ. પડતર રૂ. ૩૦૦, પ્રક્રિયા નં. બ ની એકમદીઠ પડતર રૂ. ૪૩૦, અને પ્રક્રિયા નં. ક એકમદીઠ ની પડતર રૂ. ૭૬૭.૨૩

દા:૦૬. એક વસ્તુ 'અ', 'બ' અને 'ક' નામની ત્રણ પ્રક્રિયામાંથી પસાર થાય છે. પ્રક્રિયા 'અ' માં ૧૦,૦૦૦ એકમો એકમદીઠ રૂ. ૫૦ ના ભાવે દાખલ કરવામાં આવે છે. પ્રત્યક્ષ ખર્ચા નીચે મુજબ છે.

| વિગત | પ્રક્રિયા 'અ' | પ્રક્રિયા 'બ' | પ્રક્રિયા 'ક' |
|---|---|---|---|
| પરચુરણ માલસામાન | ૫૦,૦૦૦ | ૭૫,૦૦૦ | ૨૫,૦૦૦ |
| પ્રત્યક્ષ મજુરી | ૨,૫૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | ૧,૨૫,૦૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચા | ૫૨,૫૦૦ | ૫૯,૩૭૫ | ૧,૦૦,૪૫૦ |
| વધારાની માહિતી: | | | |
| ખરેખર ઉત્પાદન (એકમોમાં) | ૯,૫૦૦ | ૯,૧૦૦ | ૮,૧૦૦ |
| સામાન્ય બગાડ | ૩ % | ૫ % | (?) |
| સામાન્ય બગાડના એકમદીઠ વેચાણ કિંમત | રૂ. ૧૨.૫૦ | ૨૫ | ૫૦ |

તૈયાર માલના સ્ટોકમાંથી એકમદીઠ રૂ. ૨૫૫ લેખે એકમો વેચવામાં આવે છે, જેથી વેચાણકિંમત પર ૧૬ ૨/૩% નફો મળી શકે. પ્રક્રિયાઓના ખાતા તૈયાર કરો અને પ્રક્રિયા 'ક' ના સામાન્ય બગાડની ટકાવારી શોધો.

જવાબ:૦૬. પ્રક્રિયા નં. અ એકમદીઠ રૂ. પડતર રૂ. ૧૫૦, પ્રક્રિયા નં. બ ની એકમદીઠ પડતર રૂ. ૨૦૦, અને પ્રક્રિયા નં. ક એકમદીઠ ની પડતર રૂ. ૧૪૦

## પ્રકરણઃ ૮

# સમાન પડતર અને સીમાંત પડતર

### (૧) સમાન પડતર (ફક્ત થીયરી)

- અર્થ, સમાન પડતરનું અમલીકરણ
- પડતર તફાવતનાં કારણો
- સમાન પડતરમાં જરૂરિયાતો
- લાભ અને મર્યાદાઓ

### (૨) સીમાંત પડતર (ફક્ત થીયરી)

- સીમાંત પડતર
- સ્વરૂપ અને અવકાશ
- ચલિત પડતર વિરૂદ્ધ સ્થિર પડતર
- સીમાંત પડતર નક્કી કરતા પરિબળો
- લાભ અને મર્યાદાઓ

**સ્વાધ્યાય**

## (૧) સમાન પડતર પદ્ધતિ

**પ્રસ્તાવનાઃ**

ઘણીવાર એક જ પ્રકારના ઉદ્યોગના અલગ-અલગ એકમો કે વેપારી કંપનીમાં જુદી-જુદી પડતર પદ્ધતિનો ઉપયોગ કરવાથી ઘણી મુશ્કેલીઓ ઉભી થઈ શકે છે. અલગ-અલગ પડતર પદ્ધતિઓ ના હિસાબી સિધ્ધાંતો તથા નિયમો હોવાથી પડતરની ગણતરી, તેનું વિશ્લેષણ એકમો માટેના તારણો, સુચનો ઘણીવાર બદલાઈ જાય છે. તેના બદલે કોઈ સમાન નિયમ અને સિદ્ધાંતો વાળી પડતર પદ્ધતિ ઉપરોક્ત સમસ્યાઓને ઘટાડી શકે છે.

**સમાન પડતર પદ્ધતિનો અર્થઃ**

સમાન પડતર પદ્ધતિ એ પડતર નક્કી કરવાની કોઈ સ્વતંત્ર પદ્ધતિ નથી, પરંતું બે કે વધુ ધંધાદારી એકમો એકસરખી પડતર પદ્ધતિઓનો ઉપયોગ કરે તેને સમાન પડતર પદ્ધતિ કહે છે. CIMA લંડનની આપેલ વ્યાખ્યા મુજબ 'કેટલાક સાહસો એકસરખા જ પડતરના સિદ્ધાંતો અને/અથવા કાર્યપ્રણાલીકાઓનો ઉપયોગ કરે છે તેને સમાન પડતર પદ્ધતિ કહેવાય છે.'

સમાન પડતર પદ્ધતિનો ઉપયોગ બે સંજોગોમાં કરી શકાય.

૧) એક જે જૂથની બધી કંપનીઓમાં એક જ માલિકીના જુદા જુદા ધંધાકિય એકમો હોય તો તે બધા માટે એકસરખી પડતર પદ્ધતિ નક્કી કરવામાં આવે. દા.ત., 'A' જુથની કાગળની બધી મિલો માટે સમાન પડતર અપનાવવામાં આવે.

૨) એક જ ઉદ્યોગના બધા ધંધાકિય એકમો માટે તેનું વેપારી મંડળ એકસરખી પડતર પદ્ધતિનો ઉપયોગ ક્રે. દા.ત., આણંદ મિલ ઓનર્સ એસોસિએશન આણંદની બધી જ કાગળની મિલો માટે એક સરખી પડતર પદ્ધતિનો ઉપયોગ કરવાનું નક્કી કરે તે એમ નક્કી કરે કે આણંદની બધી કાગળ મિલો કારખાનાના પરોક્ષ ખર્ચનો પડતરમાં સમાવેશ કરવા પ્રત્યક્ષ મજુરી પર ટકાવારી નો ઉપયોગ કરે. જો જુદી-જુદી મિલો અલગ-અલગ પડતર પદ્ધતિનો ઉપયોગ કરે તો દરેક મિલની પડતર જુદી જુદી આવે.

**સમાન પડતર પદ્ધતિના ઉદ્દેશોઃ**

૧. સમાન પડતર પદ્ધતિ પડતરની આંતર એકમ સરખામણી કરવા વિશ્વસનીય માહિતી પ્રદાન કરે છે.

૨. સમાન પડતર પદ્ધતિ જે તે ઉદ્યોગ તથા હરીફાઈને ધ્યાનમાં લઈને એકમની અયોગ્યતાઓ શોધી તેને દૂર કરી એકમની કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે.

૩. સમાન પડતર પદ્ધતિ શ્રમ, યંત્રની ઉત્પાદકતા તકનિક અને પદ્ધતિની ક્ષમતામાં સુધારો કરે છે.

૪. સમાન પડતર પદ્ધતિ સરકારને કરવેરા નીતિ, સબસિડી, છૂટ, પ્રતિબંધો વગેરે માટે સમાન માહિતી પ્રદાન કરે છે.

૫. સમાન પડતર પદ્ધતિ ઉત્પાદનની કિંમત અધિકૃત પડતર માહિતી પર આધારિત છે.

**સમાન પડતર પદ્ધતિનું અમલીકરણઃ**

સમાન પડતર પદ્ધતિનું અમલીકરણ નીચે મુજબના એકમોમાં થઈ શકે.

**૧. સમાન ઉત્પાદનો નું ઉત્પાદન કરતા એકમોઃ**

એક સરખા ઉત્પાદનો બનાવતા એકમો સમાન પડતર પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે. વ્યવસાયનો પ્રકાર સમાન હોવાથી વધુ મુશ્કેલીઓ ટાળી શકે છે.

### ૨. સમાન કામગીરી કરતા એકમોઃ

જે ઉદ્યોગો સરખી પ્રકારની સેવાઓ અથવા સુવિધાઓ હાથ ધરે છે ત્યાં સમાન પડતર પદ્ધતિ લાગું કરી શકાય છે. દા.ત., સેવા ઉદ્યોગો જેવા કે રેલ્વે પરિવહન કે માર્ગ પરિવહન, ગેસ ઉત્પાદન કરતી કંપનીઓ તથા વીજ કંપનીઓ સમાન પડતર પદ્ધતિનું અમલીકરણ કરી શકે છે.

### ૩. સમાન વેપારી સંઘ ના સભ્યોઃ

સમાન પડતર પદ્ધતિ કોઈ વેપારી સંઘ સાથે સંકળાયેલ કંપનીઓ કે એકમો અપનાવી શકે છે. જુદા જુદા એકમો એક મંડળની રચના કરી સમાન પડતરની પદ્ધતિને અપનાવી શકે છે.

ટૂંકમાં, જ્યારે બે અથવા વધુ એકમો સમાન પડતર પદ્ધતિનું પાલન કરવા ઈચ્છે ત્યારે સમાન પડતર પદ્ધતિનું અમલીકરણ ઉદ્ભવે છે. આવા એકમો એકસમાન પ્રવૃતિમાં રોકાયેલા હોવા જોઈએ. આ એકમો સમાન પ્રવૃતિમાં રોકાયેલા હોવા જરૂરી છે. આ એકમો કોઈ એક જુથ અથવા વિવિધ જુથોનાં મંડળ દ્વારા સંચાલિત હોઈ શકે. ઉદાહરણ તરીકે ખાંડ ઉદ્યોગ સાથે સંકળાયેલ વિવિધ મિલો કોઈ એક સંચાલક મંડળ દ્વારા સંચાલિત હોય અને આ મંડળ સમાન પડતર પદ્ધતિને અનુસરવા સંમત થઈ શકે.

### સમાન પડતર પદ્ધતિના અમલના પડકાર રૂપ પરિબળોઃ

નીચેના પરિબળો સમાન પડતર પદ્ધતિને અનુસરતા એકમોની કિંમત નિર્ધારણ માળખાને અસર કરે છે.

### ૧. ધંધાનું કે એકમનું કદઃ

એકમના વિવિધ વિભાગના કામનું વિભાજન અને ઉત્પાદન પ્રક્રિયાના તફાવત એકમના કદમાં અસમાનતાના પરિણામે હોઈ શકે. મોટા એકમોમાં નાના એકમોની સરખામણીએ વધુ કામ ના વિભાગો હોઈ શકે. તે જ રીતે વિભાગોની સંખ્યા અને સહાયક સેવાઓ નાના એકમની તુલનામાં મોટા એકમોમાં વધુ હોઈ શકે જે વ્યવસ્થા ખર્ચ વધારે છે. તદુપરાંત મોટા કદના એકમો જથ્થામાં ખરીદીના લાભો નાના એકમોની સરખામણી એ વધુ મેળવી શકે છે. જે નાના કદના એકમોમાં ઉપલબ્ધ ન હોઈ શકે.

### ૨. ટેકનોલોજીમાં તફાવતઃ

અસોસિયેશનના સભ્ય કંપનીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ટેકનોલાજીમાં તફાવત પડતરમાં તફાવતનું કારણ બની શકે. અત્યાધુનિક ટેકનાલોજીનો વપરાશ કરતા એકમો વધુ પ્રમાણમાં કાર્ય પુરૂ કરી શકે છે. જે તેમના કાર્ય નો અને કાર્યનો ક્રમ પણ ઓછી અત્યાધુનિક ટેકનોલોજી અપનાવતા એકમો કરતા અલગ પડે છે.

### ૩. ઉત્પાદન ની શ્રેણી મા તફાવતઃ

કેટલાક એકમો અમુક પસંદગીની જ વસ્તુઓનું ઉત્પાદન કરે છે. જ્યારે કેટલાક એકમો ના ઉત્પાદન ની શ્રેણી માં વિવિધ ઉત્પાદન એકમો હોય છે. વધુ વિવિધતા વાળા ઉત્પાદન કરતુ એકમ પડતર ના વિતરણ ને ધ્યાન માં લઈ ને બજારમાં ફાયદાકારક પદ મેળવી શકે છે.

### ૪. ઉત્પાદન અને કાર્યક્ષમતા ના સ્તર માં તફાવતઃ

કુશળ અને અનુભવી કર્મચારીઓ, તેમની દેખરેખ, તેમને મળતી કાર્ય માટેની પ્રેરણા તથા ટ્રેડ યુનિયન ના સહકાર ને આધારે કાર્યક્ષમતા અને ઉત્પાદન ના સ્તર એકમ દીઠ અલગ હોઈ શકે.

### ૫. સંચાલકીય આયોજન તથા વુધ્ધિદરમા તફાવતઃ

કોઈ એક મંડળના સભ્ય એકમોના વુધ્ધિદરમાં તફાવત હોઈ શકે. દરેક એકમના પરીણામો પરથી તેની પડતર કિંમતના આયોજન માં તફાવત મળી શકે જે સમાન પડતર પધ્ધતિ થી તદ્દન જુદુ પડે છે.

**૬. પડતર પધ્ધતિઓ અને સિધ્ધાંતો માં તફાવતઃ**

મંડળના સભ્ય એકમો દ્વારા અપનાવેલ પડતરના સિધ્ધાંતો અને કાર્યપ્રણાલી માં તફાવત આવી શકે છે. દા.ત. એક એકમ પ્રત્યક્ષ મજુરી પરથી પડતર ની ગણતરી કરી શકે જ્યારે બીજુ એકમ મજુરીના દર કે યંત્ર કલાક દર પરથી પડતર ની ગણતરી કરી શકે. આ ભિન્નતા સમાન ઉત્પાદન કરતી પ્રક્રિયામાં તફાવત લાવી શકે. સમાન પડતર પધ્ધતિ આવા તફાવતો ને દુર કરવા પર ભાર મૂકે છે.

**૭. ભૌગોલિક પરિસ્થિતિ માં તફાવતઃ**

મોટા દેશો માં ભૌગોલિક તફાવતો વિવિધ એકમોના પડતર ના માળખામાં તફાવત ઉત્પન્ન કરે છે.આવા દેશોમાં સસ્તો મજુર દર, કાચા માલની ઉપલબ્ધતા, બજારના લાભ અને અનુકુળ વાતાવરણ એકમ માટે લાભદાયી હોઇ શકે.

**સમાન પડતર પધ્ધતિ ની આવશ્યકતાઓઃ**

કેટલીક પૂર્વનિર્ધારીત શરતો સાથે સમાન પડતર પદ્ધતિને એકમ માટે અપનાવી શકાય છે. સમાન પડતર પદ્ધતિની સફળતાનો આધાર મુખ્યત્વે ઉધોગના એકમો અથવા મંડળના સહકાર પર રહે છે. પ્રત્યેક એકમ એ સમાન પડતર પદ્ધતિના અમલીકરણ માટે તેમના દ્વારા રચાયેલ સંસ્થાને છુપાવ્યા વગર જરૂરી હિસાબોની માહિતી આપવા સંમત થવુ જોઈએ. આ સંસ્થા એ વિવિધ એકમોમાંથી પ્રાપ્ત માહિતીને સુસંગત કરી તેનુ વિશ્લેષણ કરવુ પડે.

સમાન પડતર પદ્ધતિની આવશ્યકતાઓ નીચે મુજબ છે.

**૧. પરસ્પર વિશ્વાસ અને સમજણઃ**

સમાન પડતર પદ્ધતિની સફળતા કે નિષ્ફળતા તમામ સહભાગીઓમાંના પરસ્પર વિશ્વાસ, સહકાર અને સર્વ સામાન્ય સ્વિકારની ભાવના પર આધારીત છે.

**૨. હિસાબી સિદ્ધાંતો અને નીતિઓઃ**

પડતર પદ્ધતિની વિગતો, પડતર નિર્ધારણની કાર્ય પ્રણાલી અને સિદ્ધાંતો વગેરે માટે ઉધોગના બધા સભ્યોની સંમતિ અને સ્વીકૃતિ જરૂરી રહે છે.

**૩. વર્ગીકરણ અને સાંકેતીકરણઃ**

હિસાબોના વર્ગીકરણના પાયાની વિગતો તમામ સભ્યોની જરૂરિયાતો પર આધારીત હોવી જોઈએ. તે મોટા તથા નાના બન્ને એકમો માટે સમાન હોવા જોઈએ તથા હિસાબી પરંપરાઓ અને પ્રણાલીઓને ધ્યાનમાં લેતા તમામ સભ્યોની સંચાલકીય મુશ્કેલીઓનું ધ્યાન રાખવું જરૂરી છે.

**૪. ફાળવણી અને ફાળવણીના આધારોઃ**

વિવિધ હિસાબી બાબતોમાં પડતરની ગણતરીમાં તફાવત મૂળભૂત રીતે બે બાબતોને કારણે હોય છે. પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચનું કિંમતમાં વર્ગીકરણ અને ખર્ચની ફાળવણી અને વિભાજન માટે વિવિધ સિદ્ધાંતોનો ઉપયોગ. સમાન પડતર પદ્ધતિ આ માટે ઉપયોગી થઈ શકે. આથી સમાન સિદ્ધાંતને કાળજી પૂર્વક પસંદ કરવા અને પડતરના વ્યવહારોમાં લાગું કરવા જરૂરી છે.

**૫. માહિતી અને અનુભવની વહેંચણીઃ**

મોટા એકમો તેમના અનુભવોને નાના એકમો સાથે વહેંચવા માટે તૈયાર થવા જોઈએ. જેથી બાદમાં આ પ્રયોગોથી તેમને પડતરની જાણકારી મળે શકે તથા તેમની કામગીરીમાં સુધારો કરી શકે. આમ, નાના અને મોટા એકમો વચ્ચે વિચારો અને પદ્ધતિઓનું મફત વિનિમય થવુ જોઈએ.

**૬. પ્રતિસ્પર્ધી માટે અસહિષ્ણુતાઃ**

એસોસિયેશનના સભ્યો વચ્ચે કોઈ પણ પ્રકારની દુશ્મનાવટ અથવા ઈર્ષા ન હોવી જોઈએ. એસોસિયેશનના સભ્યો વચ્ચે અસહિષ્ણુતા હોવી જરૂરી છે.

**સમાન પડતર પદ્ધતિના લાભઃ**

સમાન પડતર પદ્ધતિનો વ્યવસ્થિત અમલ કરવામાં આવે તો તેનાં લાભ એકમને તથા ઉદ્યોગને મળી રહે છે. નીચે આપેલ લાભ સમાન પડતર પદ્ધતિના વ્યવસ્થિત અમલીકરણ દ્વારા શકય બને છે.

**(અ) મંડળના સભ્યો માટેઃ**

**૧. વેચાણ કિંમતનું નિર્ધારણઃ**

સુવ્યવસ્થિત સિદ્ધાંતો પર પડતરની માહિતીનો સંગ્રહ સહભાગી એકમોની જરૂરીયાતોને અનુરૂપ એકસરખા ધોરણો વેચાણ નક્કી કરવામાં મદદ કરે છે.

**૨. વ્યાજબી સ્પર્ધાઃ**

સમાન પડતર પદ્ધતિ સભ્ય એકમોમાં વિશ્વાસ વધારવામાં મદદ કરે છે. અને કિંમત કાપણી કે ઉગ્ર સ્પર્ધાની પ્રયુક્તિઓ બંધ કરે છે.

**૩. કાર્યક્ષમતામાં સુધારોઃ**

એકમની અંદરની અસમર્થતાઓ શોધીને સમાન પડતર પદ્ધતિ દ્વારા એકમની કાર્યક્ષમતામાં સુધારો કરી શકાય છે.

**૪. પડતરની તુલનાઃ**

સમાન પડતર પદ્ધતિની સફળ પ્રણાલી હંમેશા સભ્ય એકમોને ઉદ્યોગની તુલનામાં બિનકાર્યક્ષમતાના મુદ્દાને શોધવા માટે મદદ કરે છે. જેના કારણે કાર્યમાં સુધારણા અને સિધ્ધિ માટેનાં ધોરણો સ્થાપી શકાય છે.

**૫. નબળા એકમો માટે લાભદાયીઃ**

જે એકમો પાસે ઉત્પાદનોનું નિષ્ણાંત જ્ઞાન નથી તેઓ બીજા એકમો પાસેથી એ જ્ઞાન મેળવી શકે છે. મોટા એકમોનાં સંશોધન અને વિકાસ વિભાગ નાના એકમોને આવી ઉપયોગી માહિતી પ્રદાન કરે છે. જેથી નાના એકમો ની સ્પર્ધાત્મક્તા પણ સુધારી શકે છે.

**૬. સંચાલન અંકુશઃ**

પડતરની સરખામણી સંચાલક મંડળને તેમની ખામીઓના મુદ્દાઓ જાણવામાં મદદ કરે છે. જેથી તેઓ વ્યવસાયની કામગીરી પર વધુ સારી રીતે નિયંત્રણ રાખવા સક્ષમ બની શકે.

**૭. નફાકારકતાનું માપનઃ**

સમાન પડતર પદ્ધતિ દ્વારા નફાકારક સાહસો જાણી શકાય છે તથા નુકસાની નું સ્તર પણ એકમો માટે પ્રસ્થાપિત કરી શકાય છે. જેથી સમાન પડતર પદ્ધતિ નફાકારકતાના વીમાદાતા તરીકે પણ કામ કરે છે.

**૮. અર્થવ્યવસ્થા માટે લાભદાયીઃ**

એકમો પડતર નિષ્ણાતો અથવા સલાહકારોની સંયુક્ત રીતે નિમણૂક કરી તે ખર્ચાઓને સામાન્ય ધોરણે વહેંચી શકે છે. આમ, તે પડતર વિશે નિષ્ણાતોના સલાહ માટે ના ખર્ચને ઘટાડી શકે છે. દરેક એકમના સંચાલન મંડળ તેની પોતાની પડતરની પદ્ધતિ વિકસાવવા તથા રજુ કરવાની કવાયત માંથી બચી શકે.

**(બ) કામદારો માટેઃ**

૧. ઉદ્યોગોમાં સમાન, ન્યાયી અને ઉચિત વેતન માળખું તૈયાર કરે છે.

૨. તે મજુર ટર્નઓવર ઘટાડે છે.

૩. તે ઉચ્ચ ઉત્પાદન ના કારણે વધુ વેતન અને વધુ બોનસની ખાતરી કરે છે.

**(ક) ગ્રાહકો માટેઃ**

૧. સમાન પડતર પદ્ધતિને કારણે પડતરમાં ઘટાડો થાય છે. જેથી વસ્તુ કે સેવાની કિંમતમાં પણ ઘટાડો થાય છે.

૨. સમાન પડતર પદ્ધતિ દ્વારા વ્યાજબી ભાવ નિર્ધારણ શક્ય બને છે.

૩. સમાન પડતર પદ્ધતિ ઉત્પાદનો તથા સેવાઓને સુધારે છે.

૪. સમાન પડતર પદ્ધતિ ઉત્પાદન ની ગુણવત્તા અને વેચાણ પછીની સેવામાં સુધારો કરે છે.

**(ડ) ઉદ્યોગો માટેઃ**

૧. સમાન પડતર પદ્ધતિ દ્વારા માહિતી સરકારને પૂરી પાડી શકાય છે તથા વ્યાજબી-સરકારી નીતિઓ અપનાવી શકાય છે.

૨. સુધારેલી પદ્ધતિઓ અને ટેકનોલોજીઓનો ઉપયોગ કરવાથી તમામ પ્રકારના બગાડને દૂર કરી શકાય છે.

૩. સમાન પડતર પદ્ધતિ દ્વારા ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું યોગ્ય આયોજન કરી અર્થપૂર્ણ નિર્દેશન કરી શકાય છે.

**સમાન પડતર પદ્ધતિની મર્યાદાઓઃ**

૧. એક જ ઉદ્યોગમાં એકમોનું કદ જુદું હોય તો તેમની ઉત્પાદન પદ્ધતિ અલગ-અલગ હોઈ શકે. આમ, બધા જ એકમોની જરૂરીયાતને ધ્યાનમાં લઈ શકે એવી સમાન પડતર પદ્ધતિ વિકસાવવાનું કાર્ય મુશ્કેલ છે.

૨. સમાન પડતર પદ્ધતિનો અમલ ઉદ્યોગના મંડળ દ્વારા થતા તેની કિંમત પણ તેમના દ્વારા નક્કી થાય છે જેનો અમલ આખા ઉદ્યોગમાં થાય છે. આ પરિસ્થિતિ ગ્રાહકોના હિતમાં નથી હોતી કારણ કે આવી ભાવ પદ્ધતિ ઈજારાશાહી હોઈ શકે.

૩. નાના એકમો માટે સમાન પડતર પદ્ધતિ અપનાવવી ખર્ચાળ થઈ શકે. આમ છતાં ઓછા ખર્ચે નિંષ્ણાત દ્વારા નક્કી કરેલ પદ્ધતિનો અમલ કરવામાં આવે તો ખર્ચ કરતા લાભનું પ્રમાણ વધી શકે.

૪. સમાન પડતર પદ્ધતિને એક વખત દાખલ કરવામાં આવે પછી તેમાં જડતા દાખલ થાય છે. જેના કારણે સંજોગો પ્રમાણે તેમા ફેરફાર કરવો મુશ્કેલ બને છે. વળી જે બધા એકમો તેનું પુનરાવલોકન કરે તો પદ્ધતિ બદલાતા સમયને અનુરૂપ ન રહે.

૫. કેટલીક વાર કાર્યક્ષમ એકમો પોતાની પડતરને લગતી વિગતો છુપાવે છે તેમને પોતાના ધંધાના રહસ્યો બીજા એકમો જાણી જાય તેનો ભય રહે છે.

**૨. સીમાંત પડતરઃ**

**પ્રસ્તાવનાઃ**

સામાન્ય રીતે કોઈ પણ ઉત્પાદન કુલ પડતરમાં બે પ્રકારની પડતરનો સમાવેશ થાય છે. (૧) ચલિત પડતર અને (૨) સ્થિર પડતર. પરંતુ કેટલીક વાર અમુક સંચાલકિય નિર્ણયો કુલ પડતરના આધારે લઈ શકાતા નથી. તેના માટે ફક્ત ચલિત પડતરને ધ્યાને લેવી પડે છે. આવી પડતરને સીમાંત પડતર કહે છે. સીમાંત પડતર પદ્ધતિ એ ઉત્પાદન કે વેચાણના જથ્થામાં થતા ફેરફાર થી વેચાણમાં જે ફેરફાર થાય છે તે દર્શાવે

છે. આ પદ્ધતિ કોઈ એક જ ઉદ્યોગને લાગુ પડતી પદ્ધતિ નથી પરંતુ બધા ઉદ્યોગને ઉપયોગી થઈ શકે તેથી પદ્ધતિ છે. વળી, તે પડતરને અન્ય પદ્ધતિઓની સાથે જ ઉપયોગમાં લઈ શકાય દા.ત. જે ઉદ્યોગ માં પ્રક્રિયા પડતરનો ઉપયોગ થતો હોય ત્યાં સીમાત પડતર પદ્ધતિનો પણ ઉપયોગ કરી શકાય.

**સીમાંત પડતર પદ્ધતિનો અર્થઃ**

૧. ICWA, ઈગ્લેન્ડ ની વ્યાખ્યા મુજબ 'સીમાંત પડતર એટલે ઉત્પાદનની અમુક સપાટી એ જો કુલ ઉત્પાદનમાં એક એકમ વધારો કરવામાં આવે તો તેનાથી કુલ ઉત્પાદનમાં થતો ફેરફાર.'

૨. જે બેટ્ટીની આપેલ વ્યાખ્યા પ્રમાણે, 'સીમાંત પડતર એ ઉત્પાદન કે સેવાની એવી પડતર છે કે જે એ એક એકમનુ ઉત્પાદન થયુ ન હોય તો નિવારી શકાઈ હોત.'

આમ, ઉપરની સમજુતી પર થી સ્પષ્ટ થાય છે કે સીમાંત પડતર પદ્ધતિ એ સ્થિર ખર્ચ ને કારણે જુદા-જુદા સંજોગોમાં એકમદિઠ પડતર પર જો અસર થાય છે તેમાથી ઉત્પાદનની પડતરને મુક્ત કરવાની એક પદ્ધતિ છે. અહી ફ્કત ચલિત ખર્ચા ને જ ધ્યાનમાં લઈ ઉત્પાદનની એકમદિઠ પડતર શોધવામાં આવે છે. ઉત્પાદનની એકમદિઠ પડતરમાં જો સ્થિર ખર્ચા ઉમેરવામાં આવે તો જેમ ઉત્પાદન ના જથ્થામાં ફેરફાર થાય છે તેમ એકમદિઠ પડતરમાં પણ ફેરફાર થાય છે. દા.ત. એક ફેકટરીમાં સ્થિર ખર્ચ રૂ. ૨૦,૦૦૦ છે અને એકમદિઠ ચલિત ખર્ચ રૂ. ૫ છે. કુલ ૫,૦૦૦ એકમોનું ઉત્પાદન થાય તો કુલ પડતર રૂ. ૪૫,૦૦૦ થાય. એટલે કે પ્રતિ એકમદિઠ પડતર રૂ. ૯ આવે પરંતુ જો ઉત્પાદનમાં વધારો કરીએ તો એકમદિઠ પડતર ઓછી આવે જેનો અર્થ કાર્યક્ષમતા વધી છે તેવો થાય પરંતુ એ સાચી પરિસ્થિતી નથી અહી પ્રશ્ન એ થાય કે વેચાણકિંમત કેવી રીતે નક્કી કરવી ?

આ મુશ્કેલી દુર કરવા એવુ સૂચન કરવામાં આવે છે કે પડતરમાં સ્થિરખર્ચ ઉમેરવો નહી, પરંતુ ફક્ત ચલિતખર્ચને ધ્યાનમાં લઈ પડતરની ગણતરી કરવી. પડતરમાં ફક્ત પ્રત્યક્ષ માલસામાન, પ્રત્યક્ષ મજૂરી અને પરોક્ષખર્ચા પૈકી ચલિતખર્ચા જ ઉમેરવા, જ્યારે સ્થિરખર્ચા નફાનુકસાન ખાતે ઉધારવામાં આવે છે.

**ચલિત પડતર વિરૂદ્ધ સ્થિર પડતરઃ**

ચલિત પડતર અને સ્થિર પડતરની સમજ લેતા પહેલાં થોડોક ખ્યાલ સરળ કરવો મહત્વનો છે. સીમાંત પડતર પધ્ધતિને જ ચલિત પડતર પધ્ધતિ તરીકે સામાન્ય રીતે ઓળખવામાં આવે છે. સીમાંત પડતર પધ્ધતિમાં ફક્ત ચલિત પડતર ધ્યાનમાં લેવામાં આવે છે. જેથી સીમાંત પડતર પધ્ધતિ અને ચલિત પડતર પધ્ધતિ સમાન ગણવામાં આવે છે. પરંતુ ચલિત પડતર પધ્ધતિ સીમાંત પડતર પધ્ધતિ કરતાં થોડી અલગ છે. જો સ્થિરખર્ચને પ્રત્યક્ષ ખર્ચ ગણીને ચલિત પડતર પધ્ધતિમાં સમાવેશ થાય છે. જ્યારે સીમાંત પડતર પધ્ધતિમાં કોઈપણ સ્થિર ખર્ચને ગણતરીમાં લેવામાં આવતો નથી. અર્થાત્ સીમાંત પડતર પધ્ધતિમાં સ્પષ્ટ રીતે પડતરને બે ભાગમાં વહેંચવામાં આવી છે. ચલિત ખર્ચ અને સ્થિર ખર્ચ. આમ પ્રત્યક્ષ પડતર પધ્ધતિ સીમાંત પડતર પધ્ધતિથી અલગ છે.

ટૂંકમાં, સીમાંત પડતર પધ્ધતિનો ઉપયોગ કેટલાક અનુમાનો ઉપર આધારિત છે જેવા કે; બધાજ સ્થિર ખર્ચ અને ચલિત ખર્ચ વહેંચી શકાય છે, ઉત્પાદનની દરેક સપાટીએ સ્થિર ખર્ચ સ્થિર જ રહે છે, એકમદિઠ ચલિત ખર્ચ એક સરખો જ રહે છે, કાર્યક્ષમતામાં કોઈ જ ફેરફાર થતો નથી ફક્ત ઉત્પાદન એકમોમાં ફેરફાર કરવામાં આવે તો, ઉત્પાદનમાં મોટા ફેરફાર કરવાથી કિંમતમાં કોઈ જ ફેરફાર થતો નથી, કાર્યક્ષમતા એક સરખી જ રહે છે.

ઉપરોક્ત બાબતો ખરેખર સંપૂર્ણ સાચી નથી. ઘણાં બધા પરિબળો અસર કરતા જોવા મળે છે.

આમ ચલિત પડતર અને સ્થિર પડતરનાં લક્ષણો અલગ અલગ છે. ઉત્પાદનમાં સીધા જ ફેરફાર કરનાર બને છે જ્યારે સ્થિર ખર્ચા ટૂંકા ગાળા માટે સ્થિર રહેવાનું વલણ ધરાવે છે. આ એક અનુમાન છે તે સીમાંત પડતરનાં મહત્વનો પાયો છે.

**સીમાંત પડતર પદ્ધતિના લક્ષણોઃ**

જો એકમોમાં સીમાંત પડતર પદ્ધતિનો ઉપયોગ થતો હોય ત્યાં નીચે મુજબ લક્ષણો જોવા મળે છે.

૧. ઉત્પાદનની પડતર ફક્ત ચલિત ખર્ચાઓને ધ્યાનમા લઈને જ શોધવામાં આવે છે.

૨. સીમાંત પડતર પદ્ધતિમાં પડતર ને સંચાલકો કિંમત નિર્ધારણના નિણયો લઈ શકે તે રીતે રજુ કરવામાં આવે છે.

૩. આ પડતર પદ્ધાતિમાં નફો શોધવા માટે એક ખાસ પ્રકારનું નફા-નુકસાન ખાતુ તૈયાર કરવામાં આવે છે. જેને એકાઉન્ટ ની ભાષામાં સીમાંત નફા-નુકસાન ખાતું કહેવામાં આવે છે.

૪. સીમાંત પડતર પદ્ધતિમાં સ્ટોક ની ગણતરીમાં સીમાંત પડતર ને જ ધ્યાન માં લેવામા આવે છે.

૫. આ પદ્ધતિમાં વેચાણ કિંમત સીમાંત પડતર વત્તા ફાળાને આધારે નક્કી થાય છે.
ફાળો = વેચાણકિંમત - ચલિતખર્ચ

૬. આ પડતર પદ્ધતિને આધારે સીમાંત પડતરનો આલેખ/બિંદ કે જે ઉત્પાદન જથ્થાના વધારા કે ઘટાડા ની અસર સ્પષ્ટ કરી શકાય છે.

૭. આ પદ્ધતિમાં જુદા-જુદા ખાતાં કે વસ્તુની નફાકારકતાનો ખ્યાલ મેળવવા વેચાણમાંથી મળતો ફાળો સરખાવવામાં આવે છે.

**સીમાંત પડતર પદ્ધતિના અનુમાનોઃ**

સીમાંત પડતર પદ્ધતિનો ઉપયોગ નીચેના અનુમાનોના આધારે થાય છે. પરંતુ જો આ અનુમાનો ખોટાં પડે તો સીંમાત પડતર પદ્ધતિ માટેના અપેક્ષિત લાભ ન મળી શકે.

૧. બધા જ ખર્ચાઓને સ્થિર અને ચલિત ખર્ચમાં વર્ગીકૃત કરી શકાય છે. પરંતુ દરેક કિસ્સામાં યોગ્ય વર્ગીકરણ શક્ય હોતું નથી.

૨. સ્થિર ખર્ચ ઉત્પાદનની કોઈ પણ સપાટીએ સ્થિર રહે છે. તેમાં કોઈ ફેરફાર થતો નથી. આ અનુમાન ટૂંકા સમય માટે સાચુ નીવડે છે, પરંતુ લાંબા ગાળે તેમાં ફેરફાર થાય છે.

૩. ઉત્પાદન પ્રમાણે ચલિતખર્ચમાં ફેરફાર થાય છે. ઉત્પાદન વધે તેમ ચલિત ખર્ચ પણ ઉત્પાદનમાં થયેલ વધારાના પ્રમાણમાં વધે છે એટલ કે એકમદીઠ ચલિતખર્ચ સરખો જ રહે છે.

૪. સીમાંત પડતર પદ્ધતિમાં કામગીરીની કાર્યક્ષમતામાં ફેરફાર થતો નથી તેવું અનુમાન કરવામાં આવે છે કારણ કે જો કાર્યક્ષમતામા ફેરફાર થાય તો ઉત્પાદનની સપાટીમાં થતા ફેરફારના પ્રમાણ કરતા ચલિતખર્ચ વધુ થાય કે ઓછો થાય.

૫. બજારમાં હરિફાઈનું પ્રમાણ વધે કે ઘટે અથવા ઉત્પાદનમાં કોઈ મોટો ફેરફાર થાય તો પણ વેચાણ કિંમત સ્થિર રહેશે.

૬. સીંમાત પડતર પદ્ધતિમાં એવુ અનુમાન કરવામાં આવે છે કે ઉત્પાદનનો જથ્થો જ પડતર પર અસર કરે છે. જે પ્રમાણમાં ઉત્પાદન ના જથ્થામાં ફેરફાર થાય છે તે જ પ્રમાણમાં કુલ એકમદીઠ પડતરમાં પણ ફેરફાર થાય છે, જ્યારે એકમદીઠ સીમાંત પડતર બદલાતી નથી. વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે પડતરમાં ઉત્પાદનના જથ્થા ઉપરાંત બીજા ઘણા પરિબળો અસર કરે છે.

૭. ઉત્પાદન ના પરિબળોની કિંમતમાં કોઈ ફેરફાર થતો નથી એટલે કે માલસામાન, મજૂરી વગેરેમાં કોઈ ફેરફાર થતો નથી.

૮. સંચાલકિય નીતિ, ટેકનોલોજીકલ પદ્ધતિઓ અને માણસો, યંત્રો અને માલસામાનની કાર્યક્ષમતાની અસર સમાન જ રહે છે. તેમા કોઈ ફેરફાર થતો નથી.

**સીમાંત પડતર પદ્ધતિના લાભઃ**

સીમાંત પડતર પદ્ધતિ નીચે મુજબ લાભદાયી બની શકે છે.

**૧. એકમદીઠ એકસરખી પડતરઃ**

ઉત્પાદન વધે કે ઘટે તો પણ એકમદીઠ સીમાંત પડતર તો સરખી જ રહે છે. પરંતુ જો તેમાં સ્થાયી ખર્ચ ઉમેરાય તો ઉત્પાદનમાં વધ-ઘટ થાય જે એકમદીઠ કુલ પડતરમાં ફેરફાર કરે છે. એક માસમાં ઉત્પાદન વધે તો એકમદીઠ પડતર ઓછી આવે છે જ્યારે બીજા કોઈ માસમાં ઉત્પાદન ઘટતા એકમદીઠ પડતરમાં વધારો થાય છે.

**૨. પરોક્ષ ખર્ચની વસૂલાતમાં વધઘટ નહિઃ**

જ્યારે પરોક્ષ ખર્ચની વસૂલાત માટે અગાઉથી દર નક્કી કરવામાં આવ્યો હોય ત્યારે સ્થાયી ખર્ચનો સમાવેશ કરવામાં આવે તો ઉત્પાદનમાં થતી વધઘટના ના લીધે ખર્ચની ઓછી કે વધુ વસૂલાતનો પ્રશ્ન ઊભો થાય છે. સીમાંત પડતર પદ્ધતિમાં આ પ્રશ્ન ઉદ્ભવતો  નથી.

**૩. તેજીમાં ઉત્પાદનનો નિર્ણયઃ**

જ્યારે ધંધામાં તેજી હોય અને માંગને પહોચી ન શકાય તેવી પરિસ્થિતિ ઊભી થતી હોય ત્યારે જે ઓર્ડર સૌથી વધુ નફો આપી શકે તેવો વિકલ્પ પસંદ કરવો જોઈએ. આ પરિસ્થિતિમાં ઉત્પાદન ની સીમાંત પડતર નક્કી કરી તેને વેચાણ કિંમત સાથે સરખાવવી. જ્યાં વધુ 'ફાળો' મળે તેનું ઉત્પાદન કરવુ જોઈએ.

**૪. મંદીમાં ઉપયોગીઃ**

મંદીના સમયગાળા દરમિયાન સીમાંત પડતર પદ્ધતિ ઘણી જ ઉપયોગી પડે છે. જ્યારે કુલ  પડતર થી ઓછા ભાવે ઉત્પાદનનુ વેચાણ કરવું પડે ત્યારે સીમાંત પડતર કરતા થોડી વધુ કિંમત રાખવી જોઈએ. આમ, સીમાંત પડતર ઉપરાંત સ્થાયી ખર્ચ પ્રત્યે થોડો પણ ફાળો મળે તેમ વેચાણ કરવું જોઈએ.

**૫. છૂટા ભાગો ખરીદવા કે બનાવવાનો નિર્ણય લેવાઃ**

સીમાત પડતર પદ્ધતિ કારખાનામાં અમુક છુટા ભાગો બહારથી ખરીદવા કે કારખાનામાં જ ઉત્પાદન કરવુ તે નિર્ણય લેવામાં પણ લાભદાયી છે. દા.ત. અમુક ભાગની કુલ પડતર સ્થિર ખર્ચ રૂ. ૭ ઉત્પાદન થાય કે ન થાય તે ઉદ્ભવવાનો જ છે. આમ, જો વસ્તુ બજાર માંથી ખરીદાય તો રૂ. ૭ અને રૂ. ૨૧ કુલ રૂ. ૨૮ ચૂકવવાના આવે જ, એટલે વસ્તુનું ઉત્પાદન કરવુ જ વધુ ફાયદાકારક રહે.

**૬. વિદેશમાં ડમ્પિંગઃ**

વિદેશમાં ઘણી વાર બજારો મેળવવા માટે 'ડમ્પિંગ' કરવુ જરૂરી બને છે. ડમ્પિંગ કરવા માટે દેશનાં આંતરિક બજારોના વેચાણ દ્વારા સ્થાયી ખર્ચ પૂરેપરા વસૂલ થઈ શકવા જોઈએ. જેથી વિદેશના બજારમાં માલનું વેચાણ ફક્ત સીમાંત પડતર થી પણ થઈ શકે.

**૭. નફા-જથ્થા વચ્ચેના સંબંધનો ખ્યાલઃ**

સીમાંત પડતર પદ્ધતિ દ્વારા ઉત્પાદનનો જથ્થો વધે કે ઘટે તો એકમ પર તેની કેવી અસર થશે તે મુશ્કેલી વગર જાણી શકાય છે. આ ગણતરી સમતૂટ બિંદુની ગણતરી તથા સમતૂટ આલેખ માટે ઉપયોગી થાય છે.

**૮. તફાવત પડતર માટે ઉપયોગીઃ**

સ્થિર ખર્ચ ચલિત ખર્ચનો તફાવત પડતર નિયંત્રણ માટે ઉપયોગી છે. પરિવર્તનશીલ અંદાજપત્રની પદ્ધતિ ખર્ચના આ તફાવત પર આધારિત છે.

**૯. ખર્ચ પર અંકુશઃ**

કુલ ખર્ચના સ્થિર અને ચલિત એમ બે ભાગ પાડવાથી ખર્ચ પર અંકુશ રાખવો સરળ થાય છે. સ્થિર ખર્ચાઓ એ સંચાલકો દ્વારા નક્કી કરાતા હોવાથી આ ખર્ચ પર સંચાલકોનો અંકુશ રહે છે.

**૧૦. સેલ્સ મેનેજરને સરળતાઃ**

જો દર મહિને વેચાણના એકમદીઠ પડતર બદલાય તો સેલ્સ મેનેજર માટે વેચાણ કિંમત નક્કી કરવી જટીલ બને છે. પરંતુ જો દરેક મહિના માં વેચાણ કિંમત સરખી આવે તો વેચાણ કિંમત નિર્ધારણ સરળ બની શકે.

**સીમાંત પડતર પદ્ધતિની મર્યાદાઓઃ**

સીમાંત પડતર પદ્ધતિ લાભદાયી હોવા છતાં તેને કેટલીક મર્યાદાઓ નડે છે. પરંતુ એ આ મર્યાદાઓ દૂર કરી શકાય તો સીમાંત પડતર પદ્ધતિનો મહત્તમ લાભ એકમો મેળવી શકે છે.

૧. **લાંબા ગાળે સ્થિર ખર્ચની અવગણનાઃ**

સીમાંત પડતર પદ્ધતિ ટૂંકા સમયગાળા માટે ઉપયોગી નીવડે છે. પરંતુ લાંબા ગાળે સ્થિર ખર્ચને ધ્યાનમાં લેવામાં ન આવે તો વેચાણ કરવુ ધંધાને પરવડે તેમ નથી. ઘણા લેખકોએ આ બાબત માટે ગંભીર ચેતવણી આપી સ્થિર ખર્ચને પડતરની ગણતરીમાં ધ્યાનમા લેવા માટે ટકોર કરેલ છે. આમ, સીમાંત પડતર પદ્ધતિ કેટલાક અંશે ખામીવાળી પદ્ધતિ છે કારણ કે તેમાં સ્થિર ખર્ચાની અવગણના થાય છે.

૨. **સમયના પરિબળની અવગણનાઃ**

સીમાંત પડતર પદ્ધતિમાં સમયના પરિબળને અવગણવામાં આવે છે. બે જોબને પૂર્ણ કરતાં અલગ-અલગ સમય લાગતો હોય તેમ છતાં તેની સીમાંત પડતર એક સમાન જ આવે, કારણ કે સમયને કારણે ઉદ્ભવતા સ્થિર ખર્ચાઓને તેમા ગણવામાં આવતા નથી.

૩. **નુકશાન ની શક્યતાઃ**

ખૂબ ઓછા ભાવે ઉત્પાદનનું વેચાણ કરવાથી હરિફાઈ વધે છે જેના પરિણામે એકમને નુકશાન જાય છે.સીમાંત પડતર પધ્ધતિમાં વધુ સ્થિર ખર્ચા થવા છતાં તેની અવગણના કરી ફક્ત ચલિત ખર્ચને ધ્યાનમાં લઇ વેચાણ કિંમત નિર્ધારીત કરાતી હોવાથી આ પરીસ્થિતિ ઉદ્ભવી શકે છે.

૪. **ભાવઘટાડાની નકારાત્મક અસરઃ**

એક ગ્રાહક માટે ભાવમાં ઘટાડો કરવામાં આવે તો દરેક માટે ભાવમાં ઘટાડો કરવો પડે. આવી પરિસ્થિતિમાં કુલ નફો ટકાવી રાખવામાટે વેચાણમાં ખૂબ વધારો કરવો પડે, જે કેટલીક પરિસ્થિતિમાં શક્ય નથી.

૫. **ખર્ચનું દઢ અમલીકરણ મુશ્કેલઃ**

સ્થિર અને ચલિત ખર્ચાનું વિભાગીકરણ કરવું પ્રમાણમાં ઘણુ મુશ્કેલી ભર્યુ છે, કારણ કે સ્થિર ખર્ચા કાયમ માટે સ્થિર રહેતા નથી. લાંબા સમયે સ્થિર ખર્ચા પણ ચલિત બને છે.

૬. **સ્થિર ખર્ચા એ પડતરનો જ ભાગ છેઃ**

સ્થિર ખર્ચા ઉત્પાદનના જુદા-જુદા એકમો વચ્ચે વહેંચવા મુશ્કેલ છે, તેનો અર્થ એ નથી કે આ ખર્ચાને ધ્યાનમાં જ ન લેવા જોઈએ. જે રીતે ચલિત ખર્ચાઓ ઉત્પાદનનો ભાગ ગણાય છે તે જ રીતે સ્થિર ખર્ચાઓ પણ ઉત્પાદન પડતરનો જ એક ભાગ છે. જેમ જેમ ઉત્પાદન વધુને વધુ સ્વયંસંચાલિત યંત્રો પર આધારિત થશે તેમ તેમ સ્થિર ખર્ચ વધુ થશે તેથી તેને કિંમત નિર્ધારણમા ધ્યાને લેવા જ પડે.

**સીમાંત પડતર પદ્ધતિની ઉપયોગીતાઃ**

સીમાંત પડતર પદ્ધતિ નીચેની બાબતો કે પરિસ્થિતિમા નિર્ણય લેવામાં ઉપયોગી નિવડે છે.

૧. ચાવીરૂપ પરિબળ કે મર્યાદિત પરિબળનું વિશ્લેષણ અને પેદાશ મિશ્રની ઈષ્ટ સપાટી નક્કી કરવી.

૨. બનાવવું કે ખરીદવું અંગેનો નિર્ણય.

૩. ખાસ ઓફર સ્વીકારવી કે નકારવી.

૪. કામચલાઉ ઉત્પાદન થોડાક સમય માટે બંધ કરવું કે કાયમ માટે બંધ કરવું.

૫. કોઈ પેદાશનું ઉત્પાદન બંધ કરવુ કે વિવિધીકરણ કરવું.

**સ્વાધ્યાયઃ**

(૧) સમાન પડતર પદ્ધતિનો અર્થ સમજાવી તેના અમલીકરણની વિસ્તૃત ચર્ચા કરો.

(૨) પડતરમાં તફાવતનાં કારણો શું હોય છે ? સમાન પડતરની જરૂરિયાત, લાભ અને મર્યાદાઓ જણાવો.

(૩) સીમાંત પડતર શું છે ? તે સમજાવો અને ચલિત પડતર અને સ્થિર પડતર વચ્ચે તફાવત જણાવો.

(૪) સીમાંત પડતર નક્કી કરતા પરિબળોની ચર્ચા કરો અને સીમાંત પડતરના લાભ અને તેની મર્યાદાઓ જણાવો.